બળે ભોલે ભાલે બળે અલ્લાહવાલે
'રિયાઝ' આપ કો બસ હમીં જાનતે હૈં !

# તબ્લીગી જમાઅત
## સત્યના પ્રકાશમાં


લેખક : રઈસુલ કલમ હઝરત અલ્લામા
અર્શદુલ કાદરી-જમશેદપુરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان

અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા
(મુા. ઝંઘાર, તા. જિ ભરૂચ)



★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email ID : islamic@sancharnet.in

પ્રકાશન નં. : ૧૨૬ આવૃત્તિ-બીજી પ્રત : ૩૧૦૦
૬-રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૨૬ ઓગષ્ટ-૨૦૦૫

હદિયો : રૂા. ૪૦/-

નૂરાની આર્ટ–દયાદરા, ફોન : (૦૨૬૪૨)
૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


# અર્પણ...

તે ભોળાભાળા મુસલમાનોને
જેઓ પોતાના ભોળપણના
વાંકે ઈમાનના આ ડાકૂઓને
દીનના ખાદિમ સમજે છે, જેઓ
બિસ્તર ઉઠાવીને "તબ્લીગી ગશ્ત"
કરે છે અને કુર્આન તથા હદીષના
સ્થાને "તબ્લીગી નિસાબ"
(કિતાબ)ની તિલાવત કરાવતા ફરે છે.
ખુદા કરે આ કિતાબ તેઓને
હકીકતની સમજ અર્પે અને તેઓ
પોતાના શુભભરમોની કાલ્પનિક
જન્નતેથી પાછા વળે.

-પ્રકાશક

# અનુક્રમણિકા


➢ પ્રારંભિક વાત... *(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* 009

➢ અનુવાદકની કલમે 011

➢ પ્રસ્તાવના *(અઝ : બેહરુલ ઉલૂમ અલ્લામા અબ્દુલમન્નાન આ'ઝમી)* 016

➢ પ્રકાશનની સવારે 022

➢ **હદીષો થકી નિર્દેશ** 025

➢ જિંદગીના ત્રણ બનાવો 032

➢ એક સવાલ 051

➢ અલ્ જવાબ 052

(પ્રકરણ : ૧)

➢ **તબ્લીગી જમાઅતનો શરૂઆતનો સમય અને એના સ્થાપકની ઓળખાણ** 053

➢ એક સ્વપ્નની વાત 054

➢ ઈન્સાફ અને દયાનતદારીનું ખૂન 057

➢ મૌલાના ઈલ્યાસની ઓળખ 059

➢ પયગંબરી મર્તબા તરફ આગેકૂચ 060

➢ દાવો 061

➢ સચ્ચાઈ 063

➢ અંબિયાના દરજ્જા ઘટાડવા અને તે માટેનો જોશ આપવો 065

➢ અંબિયાના મર્તબામાં ઘટાડો કરવાના ઢંગમાં દેવબંદી હઝરાતની બહાદુરી 068

(પ્રકરણ : ૨)

➢ **તબ્લીગી જમાઅતના હેતુઓ** 071

➢ થાનવી સાહબની તા'લીમનો ફેલાવો તબ્લીગી જમાઅતનો મુખ્ય હેતુ 071




# અનુક્રમણિકા


➢ થાનવી સાહબની તા'લીમના થોડાક નમૂનાઓ 074

➢ તબ્લીગી જમાઅતનું બીજુ જંગી મેદાન 088

(પ્રકરણ : ૩)

➢ **ધાર્મિક કમનસીબીની એક દર્દનાક કહાણી** 101

➢ મિત્ર માટે મિત્રે કરેલો ઈકરાર 101

➢ દેવબંદના શેખની ઝબાની વહાબી ફિર્કાની કહાણી 102

➢ સન્નાટો ફેલાવે તેવો એક ખુલાસો ! 105

➢ જમીઅતે ઉલમાએ હિંદનો મુબારકબાદી આપતો પત્ર 106

➢ લંડનનો એક તાર 107

➢ ખિલાફત કમિટીના આ મંડળે આપેલો રિપોર્ટ 108

➢ ખિલાફત કમિટીના બીજા મંડળનો રિપોર્ટ 109

➢ મસ્જિદોની ઈજ્જત–અદબનું ખૂન 110

➢ તોડી પાડેલાં મઝાર શરીફો 112

➢ ઝખ્મોનું દર્દ 113

➢ નજરે જોનાર વ્યક્તિની રૂહાની બેચૈની ! 114

➢ નજદી જમાઅત સાથે તબ્લીગી જમાઅતનો સંબંધ 117

➢ તબ્લીગી જમાઅતના આલિમોનો પોતાના સંબંધમાં વહાબી હોવાનો એકરાર 118

➢ બુધ્ધિ અને હકીકતનો ફેંસલો 122

➢ નજદ અને દિલ્હીની દા'વતમાં સરખાપણુ 124

➢ ભારતની તબ્લીગી જમાઅત નજદના પગલે પગલે 127

➢ નજદી હુકૂમત સાથે તબ્લીગી જમાઅતના કરાર 128

➢ મૌલાના ઈલ્યાસ નજદના દરબારમાં 129

# અનુક્રમણિકા


➢ રિયાઝમાં તબ્લીગી જમાઅતનું મંડળ 131

➢ ચોખ્ખો ફેંસલો 133

(પ્રકરણ : ૪)

➢ **ઈસ્લામના દુશ્મનોની કાર્યવાહીનો ઈતિહાસ** 136

➢ એક સવાલનો જવાબ 138

➢ મૌલાના ઈલ્યાસની તબ્લીગી ચળવળને બ્રિટિશ સામ્રાજ્ય તરફથી મળતી આર્થિક મદદ 138

➢ સાહિત્યની તૈયારી માટે કલમનો સોદો 139

➢ એક જરૂરી નોંધ 141

➢ બંને એજન્ટોનો પરસ્પરનો સંબંધ 143

➢ ભારતના કોમવાદી બળો સાથે તબ્લીગી જમાઅતનો સંબંધ 145

➢ એક સફેદ ધોકાબાજીનો ખુલાસો 148

➢ એક મહત્વપૂર્ણ ભેદની જાહેરાત 148

➢ તબ્લીગી જમાઅતનાં આવક જાવકનાં સાધનો 150

➢ આવકનાં સાધનો 152

➢ પહેલો બનાવો 153

➢ બીજો બનાવ 154

➢ ત્રીજો બનાવ 155

➢ ચોથો બનાવ 155

➢ આર્થિક મદદનો ઈન્કાર અને તેનો રદિયો 156

➢ તબ્લીગી જમાઅતનો છુપો ખજાનો 157

(પ્રકરણ : ૫)

➢ **તબ્લીગી જમાઅતની જાહેરી ખૂબીઓનો અભ્યાસ** 159




# અનુક્રમણિકા


➢ મુસલમાનોમાં દીની જિંદગી પેદા કરવાની પ્રવૃત્તિઓ 159

➢ ઈન્સાફની પરીક્ષા 162

➢ મુકદ્દમાનો એક નમૂનો 163

➢ તમારો ફેંસલો 167

➢ ગેરસમજનો ખુલાસો 168

➢ બહારના દેશોમાં દીનની તબ્લીગ 170

➢ ખત્મે નબુવ્વતના ઈન્કાર પર તબ્લીગી જમાઅત અને કાદયાની જમાઅતનો એકમત 176

(પ્રકરણ : ૬)

➢ **એક મુંઝવણનો ઉકેલ** 181

➢ વિચારોને બદલવાની (બ્રેઈન વોશિંગની) અમુક વિવિધ પધ્ધતિઓ 182

➢ તબ્લીગી ગશ્ત 182

➢ ચિલ્લા તથા દિમાગી તતહીરનો અમલ 183

➢ અમીરે જમાઅતના નામે અતિ મહત્વનો પત્ર 185

➢ અમીરે જમાઅત મૌલાના મુહમ્મદ યૂસુફનો રહસ્યપૂર્ણ પત્ર 186

➢ આંગળી ચીંધવાની જગ્યાઓ 188

➢ આંખ ખોલો ! 189

➢ ઈમાનની ગૈરતને પુકાર 191

➢ બીજા બે દસ્તાવેજો 194

➢ જમશેદપૂરથી એક પ્રશ્નકર્તા પત્ર 194

➢ ખ્વાજા હસન નિઝામીનો જવાબ 196

➢ જ. સેક્રે. જમાઅતે નિઝામિયા દરગાહ નિઝામુદ્દીન દિલ્હીનો જવાબ 197

## અનુક્રમણિકા


- ➢ કલમનો હક્ક (અધિકાર) 197
- ➢ બેચૈનીની એક ઘડી 198
- ➢ તબ્લીગી જમાઅત વિશે આલિમોના બે ફત્વા 200
- ➢ ફત્વા વિભાગ દારુલ ઉલૂમ દેવબંદનો જવાબ 201
- ➢ જુલ્મની હદ 202
- ➢ બીજો ફત્વો 203
- ➢ કલમનો હક્ક 205
- ➢ તબ્લીગી જમાઅતની સેવાઓનો અભ્યાસ 207
- ➢ અમલી જિંદગી 209
- ➢ ચિત્રની બીજી બાજુ 211
- ➢ અસલ ફર્માંબરદારી 213
- ➢ ઝખ્મોનાં નિશાનો 216

(પ્રકરણ : ૭)

- ➢ **તબ્લીગી જમાઅત પોતાના વર્તુળમાં** <u>218</u>
- ➢ ભેદોનું જાહેર થવું 219
- ➢ વાર્તાની શરૂઆત 219
- ➢ બોધદાયક તમાશાઓ 225
- ➢ મુખાલિફતને ઉભારનાર માનસિક ખળભળાટ 226
- ➢ કમજોરીઓ તથા ખરાબીઓ તરફ ઈશારા 227
- ➢ સંકૂચિત માનસની બીમારી 230
- ➢ ધાર્મિક પેશ્વાઈનું માતમ 231
- ➢ બીજા કેટલાક ઝખ્મોનાં નિશાન 236
- ➢ તબ્લીગી જમાઅતની શરીઅતી હૈસિયત 239




## અનુક્રમણિકા


- ➢ જેનો કોઈ જવાબ નથી 240
- ➢ પોતાના ચહેરા પરથી પસીનો લૂછો ! 241
- ➢ અમલનો ઈન્કાર 243
- ➢ શું હજી પણ ભાગી છૂટવાની શક્યતા છે ?! 245
- ➢ આક્ષેપોની શીલાઓ 248
- ➢ આરંભથી અંત સુધી 251
- ➢ બીજી એક ચોટ 252
- ➢ તાકાતની હવસનો શૈતાન 253
- ➢ ધનુષનું છેલ્લુ બાણ 254
- ➢ ખુલ્લી હકીકત 256
- ➢ મેવાતમાં કાફિરગીરી 257
- ➢ મોલ્વી અબ્દુર્રહીમશાહના કેટલાક પત્રો 258
- ➢ આખરી નસીહત 261

(પ્રકરણ : ૮)

- ➢ **તબ્લીગી જમાઅત હદીષોની રોશનીમાં** <u>262</u>
- ➢ અભ્યાસનાં પરિણામો 272
- ➢ નિશાનીઓની શોધખોળ 273
- ➢ એક અજબ નુક્તો 276
- ➢ દિમાગમાં ખટકતો છેલ્લો કાંટો 283
- ➢ શિફાનો નુસ્ખો 284
- ➢ અંતરનો અવાજ 285
- ➢ છેવટના શબ્દો 286
- ➢ **સઊદીના જુલ્મ પહેલાં અને પછીના ફોટાઓ** A

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْم

# પ્રારંભિક વાત.....

સૈયદના હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ની રિવાયત છે કે, હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : **“રાતે એક પળ ઈલ્મેદીન શીખવું એ આખી રાતની ઈબાદતથી બેહતર છે.”** *–(મિશ્કાત શરીફ)*

પ્યારા ભાઈઓ તથા બહેનો ! અલ્લાહે તમને બુધ્ધિ આપી છે તો વિચારો કે આખી રાત ઈબાદત કરવી એ કેટલુ કઠીન કામ છે ?! આખી રાત જાગવું, વુઝૂ કરીને રહેવું, નમાઝમાં ઉભા રહેવું, રુકૂઅ કરવો, સિજદા કરવા, કાઈદામાં બેસવું, તિલાવત કરવી, વિર્દ તથા વઝીફા પઢવા.... અને જરા વાર પણ ઊંઘ ન લેવી ! એ કેટલુ કષ્ટિવાળુ કામ છે. એની સરખામણીમાં એક પળ કે એક ઘડી ઈલ્મની મેહફિલમાં બેસવું એ કેટલું સરળ છે ! કે ઈલ્મની મેહફિલમાં હાજરી આપી પછી નિરાંતે આખી રાત આરામ કરો ! છતાં આ સરળ કામ પેલા કઠીન તકલીફવાળા કામ કરતાં અફઝલ કેમ છે ?

તો સમજો કે એટલા જ માટે કે ઈલ્મની મેહફિલમાં માણસને ઈમાન શું છે ? અમલ શું છે ? નમાઝ તથા અન્ય ઈબાદતોનું શું મહત્વ છે ? કઈ રીતે નમાઝ પઢીએ તો ખુદાની બારગાહમાં કબૂલ થશે ? અને કઈ રીતે પઢીશું તો નમાઝ કબૂલ ન થશે ?.... વગેરે વગેરે મસઅલા મસાઈલ તેમજ અન્ય દિલની સફાઈ કરતી તથા ઈમાનને મજબૂત કરતી વાતો શીખવા મળશે અને એ પછી માણસ ઈબાદતો કરતો રહેશે તો એ સાવધાનીથી ઈબાદત કરશે કે જે રબની બારગાહમાં કબૂલ થાય. એટલા માટે હમેશાં રોજ બરોજ ઈલ્મી મેહફિલો કે ઈલ્મી કિતાબોનો અભ્યાસ જરૂરી છે.

માણસ પોતાના ધંધા વેપાર સંબંધે ખૂબ જ એલર્ટ રહે છે કે ક્યાં લાભ થશે અને ક્યાં નુકસાન થશે ? એના માટે ગમે તેટલો સમય કાઢવો પડે કાઢશે અને ભાગ દોડ કરવી પડે કરશે પણ નુકસાન વેઠવા તૈયાર થશે નહીં. **અલ્લાહ કરે કે આ જે ધગશ દુનિયાવી નુકસાનથી બચવાની માણસમાં હોય છે તેવી જ ધગશ આખેરતના, દીનના ઈમાનના નુકસાનથી બચવા માણસમાં જાગી જાય !** કારણ કે દુનિયાનું જીવન અનિશ્ચિત છે,



કોણ ક્યારે આંખ મીચી જશે નક્કી નથી, અને આખેરતનું જીવન તો હમેશાંનું છે, **તો આ ક્ષણિક જીવન માટે એટલી દોડધામ કરવી કે માણસ પાસે દીન શીખવા કે સત્ય સમજવા, હમેશાંના જીવનને આરામદાયક બનાવવા માટે કોઈ જ પ્રવૃત્તિનો સમય ન હોય ! તો એનાથી વધીને બદ્‌બખ્તી બીજી શું હોઈ શકે ?!** (અલ્લાહની પનાહ !)

કેટલાક ભાઈઓ **તબ્લીગી જમાઅત**ની જાહેરી હેરાફેરી તથા દાઢી જભ્ભામાં સજ્જ થઈને કરવામાં આવતી મીઠી મીઠી વાતો સાંભળી પોતે દાઢી વિનાના કે બેનમાઝી હોવાથી પોતે તુચ્છ સમજીને લઘુતાગ્રંથીથી પીડાયને તબ્લીગી જમાઅતવાળાની પ્રશંસા કરવા લાગી જાય છે કે, આપણા કરતાં સારા છે કે નમાઝો પઢે છે ! દાઢી રાખે છે ! વગેરે....

હે ભાઈઓ ! ઈલ્મ આટલા જ માટે જરૂરી છે ! ઉજળુ એટલુ દૂધ ન સમજો ! કોઈના ટીપટોપ કે ડેકોરેશનને જોઈને ભરમાઈ ન જાવ ! અહીં મોકો નથી, નહીં તો અસંખ્ય **તબ્લીગીઓના ઢોંગી જીવનની પોલ હું ખોલતે, પણ અસલમાં આ તબ્લીગી જમાઅત શું છે ? તેનો હેતુ શો છે ? જાહેરી દીઠે જોતાં ઉજળી લાગતી આ તબ્લીગી જમાઅતના ભીતરમાં કેટલો અંધકાર છવાયેલો છે ? કેટલી બનાવટો તેઓ કરે છે ?** તેને સમજવા માટે એકવાર જરૂર જરૂર આ કિતાબનો અભ્યાસ કરશો એવી મારી નમ્ર વિનંતિ છે. **દીન ઈમાનની સલામતી માટે આ કિતાબ વાંચવી જરૂરી છે, એના માટે સમય અવશ્ય કાઢો,** કશાય પક્ષપાત વિના એના વાસ્તવિક ચિત્રને અહીં રજૂ કરવામાં આવ્યું છે તેને વાંચો અને હક્કને સમજી ખોટા ભરમોને દૂર કરી સત્ય માર્ગ અપનાવી ગુમરાહીથી બચો અને તમારી ઔલાદને બચાવો.

મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં આ કિતાબના લેખક રઈસુલ કલમ, મુનાઝિરે અહલે સુન્નત **હઝરત અલ્લામા અર્શદુલ કાદરી** عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان ની કબર પર કિયામત સુધી રહમતનાં ફૂલો વરસાવે કે તેમણે કૌમને એક મહાન ફિત્નાથી બચાવવા અતિ મહેનતથી આ કિતાબ રચી છે. તેમજ અનુવાદક તથા પ્રકાશક તેમજ આ કામે સર્વ સહાય કર્તાઓની બંને દુનિયા આબાદ ફર્માવે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા –માસિક)*

# અનુવાદકની કલમે....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

મેરી આરઝૂએ નિગારિશ યેહી હૈ
નામસે ઈપ્તિદા કર રહા હૂં

લાખ લાખ શુક્ર છે તે પરવરદિગારે આલમના કે જેણે એક લફઝે કુનથી કુલ મખ્લૂકાતને અસ્તિત્વમાં આણી અને તમામ સૃષ્ટિ પર ઉમ્મતે મુહમ્મદીને અફઝલિયત અર્પી. બેહદ એહસાને અઝીમ છે તે મુખ્તારે કુલ, સરદારે અંબિયા, હાદિયે દો જહાં, રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم કે જેઓ સર્વ સૃષ્ટિ માટે રહમતુલ્લીલ આલમીનના લકબથી પુકારાયા અને ભટકી રહેલા માનવ પ્રાણીને સીધી રાહ પર લાવવા માટે જેઓ સાદિકુલ વઅદીલ–અમીન કહેવાયા અને જેઓ પૈગંબરે ખુદા બનીને શાકિયે કવસર, શાફએ મેહશરના નામે ઓળખાય છે. صلی اللہ تعالیٰ علیہ وسلم એ રસૂલે ખુદા, નબીયે બરહક પર મુઝ ગુનેહગારના લાખો સલામ અને લાખો દુરૂદ.

દીની ઈમારતના સ્તંભ ગણાતા હઝરત સૈયદેના ગૌષ્ષુષકલૈન મહબૂબે સુબ્હાની અબ્દુલકાદિર જીલાની رحمۃ اللہ علیہ અને ખ્વાજએ ખ્વાજગાં હુઝૂર ગરીબનવાઝ મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં આદાબો કદમ બોસી પેશ કર્યા બાદ.....

**વહાલા મુસ્લિમ બિરાદરો !**

બુઝુર્ગાને દીને ચેતાવેલ તૌહીદ, રિસાલત અને વિલાયતની મશાલને ચોગરદમ પ્રગટાવનાર મિલ્લતના નિગેહબાનોની સફના એક અદના ખાદિમ તરીકે મોકો પ્રાપ્ત થયો અને ‘‘તબ્લીગી જમાઅત’નું ભાષાંતર કરી દીની ખિદમત કરવા મારા જેવા અલ્પ અને નહીંવત પાંગળા ઈલ્મ ધરાવનારને ચૂંટી લીધો એને હું મારી ખુશનસીબી અને



બુઝુર્ગાને દીનની નિગાહે કરમનો નતીજો સમજું છું. બાકી આ કાર્ય મારું નથી તેમ એની પરિપૂર્ણતાની શક્તિ પણ મારામાં નથી એનો મને એહસાસ છે જ. પરંતુ કમઝોરને જ્યારે કોઈ જોરાવર સહારો પ્રાપ્ત થાય છે, રાહ ભૂલેલ રાહીને સીધી કેડીએ લઈ જનાર રાહબર મળે છે, માયૂસ ઈન્સાનને કોઈની હૂંફ સાંપડે છે ત્યારે તે એક વીરની છટાથી, જવાંમર્દની અદાથી, હિંમતના શસ્ત્રથી સજ્જ થઈ મજલ સર કરવા મેદાન સર કરીને જ જંપે છે.

આ રીતે આ અદના ખાદિમને એના પીરો મુર્શિદ હુઝૂર શિમ્મએ નૂર, ઝુબ્દતુલ મશાઈખ, પીરે તરીકત હઝરત સૈયદ શાહ મુહમ્મદ નૂરાનીમિયાં પેટલાદવાળા સાહબ મદ્દઝિલ્લહુલ આલીએ જ્યારે મઝકૂર કિતાબ "તબ્લીગી જમાઅત" (ઉર્દૂમાં) સુપ્રત કરી અને એના ગુજરાતી અનુવાદની આજ્ઞા આપી ત્યારે મને મારા જ્ઞાનની ઝાંખી થઈ, પણ તુર્તજ મારી આ મુંઝવણ મારા રોશન ઝમીર મુર્શિદે બરહક સમજી ગયા અને ઈર્શાદ ફર્માવ્યો કે :–

‘‘યાદ કરો તે મુબારક રાતને કે જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને صلی اللہ تعالیٰ علیہ وسلم ડંકા નિશાન સાથે તથા તેજ રફતાર સવારી સાથે ફર્શે ખાકથી અર્શે અઝીમ સુધી બોલાવી પ્રત્યક્ષમાં પોતાના મિલન માટે નોંતર્યા હતા. આજે પણ તે મુબારક રાત્રિ છે અર્થાત મેઅરાજ શરીફની રાત છે. (સન હિ. ૧૩૯૦) માટે આજે જ આપણે પણ એ કામનો આરંભ કરી દઈએ અને કિસ્વરે રિસાલત આકાની ઈહાનત કરનાર ઈમાનમાર ટોળકીના ઈહાનતે રસૂલના સર્વે મનોરથના ભૂક્કા કરી દેવા આજની પવિત્ર રાતથી જ મેદાને પડી જઈએ. ઈન્શાઅલ્લાહ જરૂર સફળતા મળશે.’’

મારા રૂહાની આકાની આજ્ઞાને "સરે તસ્લીમ ખમ હૈ, જો મિઝાજે યારમેં આએ" મુજબ સર આંખો પર ચઢાવી સ્વીકારી લઈ ગુજરાતીમાં અનુવાદ કરવાના કામની બિસ્મિલ્લાહ બોલી દીધી અને આ રીતે આ શુભ કાર્યની શરૂઆત પણ શુભ રાત્રિથી જ કરવામાં આવી.

કિનારા પરનો માનવી જેમ જેમ આગળને આગળ જઈ પાણીમાં

પગલાં ભરતો જાય છે તેમ તેમ તેને પાણીની ઊંડાઈનું ભાન થતું જાય છે. એ કુદરતી નિયમ મુજબ હું મારા આ કાર્યમાં જેમ જેમ આગળ વધતો ગયો ''સિતારોંસે આગે જહાં ઔર ભી હૈ.'' નો મને પ્રત્યક્ષ આભાસ થવા લાગ્યો. પરંતુ અલ્લાહ મુસબ્બેબુલ અસબાબ છે એણે મારા આ કામની સરળતા માટે કેટલાક સબબ પણ પેદા કરી આપ્યા જેમ કે મૂળ કિતાબની અણઉકલતી ઈબારતોના અનુવાદની મુંઝવણોથી જ્યારે પણ હું મુંઝવણ અનુભવતો ત્યારે મને મારા ફાઝિલ મિત્ર જનાબ મૌલ્વી મુહમ્મદ શરીફમિયાં સાહબનો સહકાર સારી રીતે મળી રહેતો. તદ્ઉપરાંત મારા આ પ્રથમ પ્રયાસમાં મદ્રસએ અવલીયુલ હુસૈની નબીપુરના મુદર્રેસીન ફાઝિલ ઉલમાએ કિરામ હઝરત મૌલાના મુસ્લિમ સાહબ તથા મૌલાના મોહંમદ યૂનુસ આલમ રઝવી સાહબની ખિદમત પણ નોંધપાત્ર છે તથા જનાબ હાફિઝ ઈસ્માઈલ મુન્શી (નબીપુર) સાહબ એમણે મારા આ પ્રથમ પ્રયાસને સફળ બનાવવા કાંઈ જ કચાશ રાખી નથી, માટે આ તકે હું આ સર્વે સહાયક મુરબ્બીઓનો અંતઃકરણથી શુક્રિયહ અદા કરું છું.

**સુન્ની બિરાદારો !**

અમારા હરીફ નવપંથીઓ, ઈમાનમારોની પાસે તન, મન અને ધનની શ્રેષ્ઠ સામગ્રી છે અને તે વડે તેઓ પોતાના ઈહાનતે રસૂલના ધંધાને વિકસાવી રહ્યા છે એટલું જ નહીં પણ પુરાણા શિકારીઓની નવી જાળ રૂપે કહેવાતી લૂંટના કાવત્રાને વધુ વિશાળ બનાવી રહ્યા છે. પરિણામે ભોળા મનના ગરીબ સુન્ની મુસ્લિમો એ સફેદ પોશ શૈતાનોની મીઠી વાણી અને બાહ્ય દેખાવથી અંજાઈ જાય છે અને ગુમરાહીના માર્ગે વળી જાય છે.

ખુદાએ બરતરનો શુક્ર છે કે એણે અમારા ગિરોહમાં હક્કાનિયત રજૂ કરનાર બુઝુર્ગોથી આપણને નવાઝયા છે અને જ્યારે જ્યારે આ ગુમરાહ ટોળકી બેદીનિયત અને બાતિલ પરસ્તીના પ્રચાર માટે માથું ઊંચકે છે ત્યારે ત્યારે અમારા ગિરોહના શેરો મેદાનમાં આવી પડી. ગુમરાહ ટોળકીના જૂઠાણા અને બાતિલ બોલીઓના દાંત ખાટા કરી દેવા



જડબાતોડ જવાબો આપી એમની ફાંદાજાળને ઉખાડી ફેંકી દે છે. આ રીતે કહેવાતી **તબ્લીગી જમાઅત**નાં કારસ્તાનો ઉઘાડાં પાડવા માટે અમારા ટોચના ઉલમાએ કિરામ અને મશાઈખએ પાછું ફરીને જોયું નથી. આમ નિઝામુદ્દીન બસ્તીથી ઊભો થએલ આ ફિત્નો ડામવામાં અમારો ગિરોહ પૂરી રીતે સજાગ છે એનો અમને સંતોષ છે.

અત્રે એ જણાવવાની ભાગ્યે જ જરૂર રહેશે કે કહેવાતી ''તબ્લીગી જમાઅત''નો જન્મ અને ઉછેર વહાબી દેવબંદી ફિર્કાના સ્થાપકોના ખોળામાં જ થયો છે. આ કિતાબનો અભ્યાસ એ બાબતને સારી પેઠે સમજાવી જાય છે. સુન્ની જગતના દરેક સાહિત્યમાં આ ટોળકી ઈમાનમાર છે એની પાયાદાર નોંધો આ કિતાબમાં મૌજૂદ છે. તદ્ઉપરાંત આ ગુમરાહ ટોળકીથી બચીને ચાલવા મુસલમાનોને માર્ગદર્શકરૂપ ઘણી બધી કિતાબો એહલે સુન્નતના ઉલમાએ કિરામે પ્રગટ કરીને સારી એવી ફર્જ અદા કરી છે.

હાથમાં આવેલી આ ગુજરાતી કિતાબ તબ્લીગી જમાઅત નામની મરદૂદ પાર્ટીના આદીથી અંત સુધીના ફરેબો, મુખ્ય ઉદ્દેશોને ઉઘાડા પાડી એનો આખો ઈતિહાસ નિષ્પક્ષપણે ચર્ચી જાય છે. અમારું સદ્ભાગ્ય છે કે અનુવાદ કાળમાંજ ઉર્દૂ કિતાબના મૂળ લેખક અને ભારતના સુન્ની ઉલમાના માયાનાઝ સાહિત્યકાર, પ્રથમ પંક્તિના મુનાઝિર અલ્લામહ અર્શદુલ કાદરી સાહબને ગુજરાતી અનુવાદ વાંચી સંભળાવવા તથા અમારી યોજના એમની સમક્ષ રજુ કરવાની સોનેરી ક્ષણો અમને નસીબ થઈ. એ સાથે હઝરત સૈયદશાહ રિફકાત હુસૈન સાહબ, મુફતીએ કાનપુરે પણ ભાષાંતર સાંભળીને ખૂબ સંતોષ વ્યકત કરીને પ્રોત્સાહિત કર્યા છે. હઝરત સૈયદ મદનીબાવા સાહબે પણ અનુવાદને ઝમાનાની જરૂરિયાત જણાવી છે અને તેથી આ કિતાબના પ્રકાશનની પળો એ મુજ નાચીજના સંતોષની બની રહે છે.

અનુવાદ સરળ બની રહે અને મૂળ લેખકના કથનનો ભાવ જળવાય રહે એ અંગે અમોએ ખૂબ ચીવટાઈ રાખી છે. તથા ઉર્દૂ કિતાબના અવતરણો લીપિયાંતર કરીને આબાધિત રખાયા છે. સઊદી હૂકુમતે

અરબસ્તાનના જે મુકદ્દસ મુકામોને શહીદ કરી દીધા છે અને જેને તબ્લીગી જમાઅતના કઠમુલ્લાઓએ બિરદાવ્યા છે એ શહીદ સ્થળોના ફોટાઓ આ કિતાબમાં અમે રજૂ કર્યા છે. તદ્ઉપરાંત અનુવાદની ભાષા સીધી, સાદી અને સરળ ઉપયોગવાળી લખાઈ હોઈ સુન્ની બિરદારો થોડો કંઈક સમય કાઢી આ કિતાબને ધ્યાનપૂર્વક વાંચી અક્કલના આ ઓથમીરો સીધા સાદા મુસલમાનોના ઈમાન પર કેવી રીતે ડાકુગીરી અને ચાંચિયાવૃત્તિથી ધાપ મારે છે તેનો સંપૂર્ણ અભ્યાસ કરશે તો અમે અમારી મહેનત લેખે લાગી માનીશું.

અંતમાં; સુન્ની બિરાદરોથી ઉમ્મીદ છે કે તેઓ આ ન્યાઝમંદની આ અદના ખિદમત બદલ બારગાહે ઈઝદીમાં તેના હબીબે પાક અને બુઝુર્ગોના વસીલામાં મારી તથા મારા કુટુંબીજનોની દીન દુનિયા ઉજ્જવળ કરવા તથા સુન્ની મુસ્લિમોને ઈમાનના લૂંટારાઓથી દામન બચાવવા દસ્ત બદુઆ બને. એ સાથે અલ્પ જ્ઞાનના કારણે અનુવાદમાં કોઈ ત્રુટી (ખામી) થઈ ગઈ હોય તો તેને માફ ફર્માવે તથા તે તરફ અમારૂં ધ્યાન કેન્દ્રિત કરે એજ અપેક્ષા.

મુ.પો. **ઝંઘાર** — ફકત વસ્સલામ.
જિ. ભરૂચ — લિ. આપનો : **ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા**
તા. ૧૧–૫–૧૯૭૨ — *(ખાદિમે એહલે સુન્નત વ જમાઅત)*



# પ્રસ્તાવના...

**અઝ :** બેહરૂલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલમન્નાન સાહેબ આઝમી, દારુલ ઉલૂમ અશરફિયહ્-મુબારકપુર

**"તબ્લીગી જમાઅત"** દિલ્હીની એક ગુમનામ મસ્જિદમાંથી વીજળીના ચમકારની જેમ ઉપસ્થિત થઈ અને હિન્દુસ્તાનની પૂરી ક્ષિતિજ ઉપર તુફાન બનીને છવાઈ ગઈ એની સર્વ માન્યતા પાછળ ક્યાંક તો "કલ્મા" અને "નમાઝ" ના ના'રાનું આકર્ષણ કામ કરી રહ્યું છે. ક્યાંક એના કાર્યકરોના અથાગ પ્રયત્નોની અસર છે અને ક્યાંક થોડા જાહિલો અને બે અમલ લોકોને (જેઓ એવા પ્રકારની શરમિંદગીના એહસાસના બોજ તળે દબાઈ રહ્યા હતા કે અમો ગુનેહગારો અને ઈલ્મ અમલથી કોરા નેકીઓથી ખાલી છે) આ હરયાળી ખેંચી રહી છે કે એક જ ચિલ્લાની ગરદિશથી આ બધા પછાતપણામાંથી બહાર નીકળી સહાબા અને અંબિયાઓની સફમાં ઊભા થઈ ગયા. જેમ કે :–

સદ સાલા વ દર ચર્ખ હૈ સાગરકા એક જામ
નિકલે જો મયકદેસે તો દુન્યા બદલ ગઈ

તેઓ સમજે છે કે આ "ચલત–ફિરત"માં તફરીહ (ફરવું) તો અલગ રહી, જન્નતનું રિઝર્વેશન પણ થઈ ગયું. આજથી જ જન્નતના દરવાજા ઉપર હૂરો અમારી રાહ જોઈ રહી છે !

પરંતુ જ્યાં સુધી આ ના'રાને સંબંધ છે ત્યાં સુધી તો આ ના'રો હમેશાંથી જ મુસ્લિમ કૌમ પાસે રહ્યો છે. એવી કઈ ઈસ્લામી જમાઅત છે કે જેનો મુખ્ય ઉદ્દેશ આ ના'રો નહીં હોય ? તો પછી આ સદીઓ પુરાણી મુદ્દતમાં કોઈપણ જમાઅતને આવા પૂરજોશ હિમાયતીઓ ન મળ્યા, જેઓ સમગ્ર હિન્દુસ્તાન પર આ ના'રાની રૂહ ફૂંકી શકે ! હા,

સંભવિત છે કેટલાક લોકો ''વહાબી ચળવળ''નો દાખલો આપે કે એ લોકો આજ ના'રાની સાથે સમગ્ર ભારતમાં એકદમ ઈન્ફલુએન્ઝાની જેમ ફેલાઈ ગયા અને એની તેજીની એ હાલત હતી કે ''ડબલ્યુ, ડબલ્યુ'' હંટરને પોતાના રિપોર્ટમાં એની અતિશય મુશ્કેલીઓનો સ્વીકાર કરવો પડયો.

પરંતુ આ હકીકત હવે છુપી નથી રહી કે ''વહાબી ચળવળ'' પણ ભારતમાં અંગ્રેજોનું દૂધ પીને જ જવાન થઈ છે. અંગ્રેજોનો જ રાજકીય સહકાર, આર્થિક સહાય મદદ પણ મેળવીને આ જમાઅત જિહાદનો સ્વાંગ રચી શકી અને મૌલાના ફઝલુલ્ હક્ક رحمۃ اللہ علیہ તથા એમના બીજા સ્નેહીઓ જ્યારે ભારતી મુસલમાનોની એક મહાન તાકાતને અંગ્રેજોની વિરૂદ્ધમાં ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે આ જમાઅત જિહાદના બહાને એમનું રૂખ અફઘાની મુસલમાનો તરફ ફેરવી શકી.

જો તબ્લીગી જમાઅત પણ એવી ચળવળ છે કે જેના તૌહીદના ના'રાનો તમામ ફાયદો બીજાઓને મળે છે અને જેના ઈખ્લાસના પ્રત્યેક સજદાની કિંમત પહેલેથી અદા કરી ચૂકી છે તો હવે ખુદાને ખાતર, બતાવી આપો કે એ જમાઅતને ઈસ્લામ અને મુસલમાનો સાથે શી લેવા દેવા ?

મતલબ કે ના'રાનું આકર્ષણ એની જગ્યા પર બરાબર અને એની અસરકારક તાકાત પણ માન્ય. પરંતુ અમારે ઊંડાણમાં ઊતરીને બીજી કોઈ એ દવાની શોધ કરવી પડશે કે જેણે આવી મુર્દા કૌમમાં અમલની રૂહ ફૂંકી દીધી. આમ તો દુનિયાની તમામ જમાઅતોમાં નિઃસ્વાર્થ કાર્યકરોની ખોટ નથી. કેટલીયે જમાઅતોમાં અથાગ મહેનત અને નિઃસ્વાર્થ માણસો મૌજૂદ છે પણ તબ્લીગી જમાઅતની કોશિષો, એના પ્રચાર તથા પકડમાં જે માણસો છે તે બીજાઓમાં ક્યાંથી ? કોઈએ કહ્યું છે કે :–

''મગર વો બાત કહાં મૌલ્વી મદનકી સી''

કહેવામાં આવે છે કે આ બધી કરામત એના નિઃસ્વાર્થ કાર્યકરોની છે ''જો કે હકીકત છે કે જેઓ અલ્લાહના નામ માટે નીકળે છે તેમના



હાથોથી કુદરત અજીબો ગરીબ કામો કરાવી દે છે જેને જોઈને દુનિયાદાર અચંબામાં પડી જાય છે.'' અને આજ કારણે તબ્લીગી પ્રવાસ દરમિયાન અસ્તિત્વ પામતા હજારો આશ્ચર્યજનક બનાવોના દાખલાઓને ખૂબ જ રૂપ રંગ આપી આ હકીકત સાથે ભારપૂર્વક વર્ણવામાં આવે છે અને તબ્લીગી જમાઅતના અમીરોની તસવ્વુરી ચળપળતાને સંપૂર્ણ રીતે કરામતો તરીકે ઓળખાવતાં થાકતા નથી. પરંતુ તદ્દન અદબ સાથે વિનંતી કરીશ કે આ ''કુફ્ર'' તબ્લીગી મુસલમાનોના મોઢે કયારથી નીકળવા લાગ્યું ?! આખરે તો એ તે જ લોકો છે કે જેમની જિંદગીઓ બુઝુર્ગોની કબરો ખોદતાં અને તેમની કરામતોના જનાઝા કાઢવામાં પસાર થઈ છે તો શું જે વાત સરકારે બગદાદ رحمۃ اللہ علیہ તરફ તદ્દન શિર્ક અને ગુમરાહી થઈ જતી હતી તે વીમા કંપનીઓમાંથી કમાએલા નફાઓ અને બેન્કના વ્યાજોના કારોબારથી મેળવેલી આવકના બળ ઉપર કરવામાં આવેલા તબ્લીગી દૌરાઓમાં આવીને ઈમાનિયતની વાત બની ગઈ ?

મુસલમાનોના ઠરેલ બુદ્ધિના વર્તુળને પરસ્પરના આ વિરોધભાસ તરફ હું કેન્દ્રિત કરવા ઈચ્છું છું કે તબ્લીગી જમાઅતની પૂરી કાર્યવાહી આ પ્રમાણેની વિચારસરણી ઉપર અંતઃકરણથી ઈમાન લાવી છે કે બુઝુર્ગોના મઝારો પર જઈને એમની પાસે કંઈ માંગવું તો એક બાજુ પર રહ્યું , તેમના વસીલાથી ખુદાની પાસે પણ માગવું શિર્ક અને ગુમરાહી ગણે છે ! અને આજે પણ આ કામની તબ્લીગ કરવામાં ઝબાન અને કલમની સંપૂર્ણ તાકાત ખર્ચાઈ રહી છે કે, એ બુઝુર્ગોના મઝારોમાં શું રહ્યું છે ? તેઓ તો આપણી દુઆઓના મોહતાજ છે ! તેમની પાસે શું માંગવું ? તેઓ શું કરી શકે છે ? જ્યારે તબ્લીગની આ બધી કરિશ્માસાઝ કામગીરી પાછળ ગેબી તાકાતોની જાદૂઈ અસરના દશ્યોને નજર સામે રાખવામાં આવે છે !!

બસ્તી નિઝામુદ્દીનના મર્કઝમાં દરરોજ સેંકડો આદમીઓ આવે છે, ખાય છે, જમાઅતોને મોકલવામાં આવે છે. આખરે એ હદ બહારનો ખર્ચ જે બાદશાહોથી પણ પૂરો ન થઈ શકે તે ક્યાંથી આવે છે ? બસ ! ''અલ્લાહ આપે છે,'' તમે નથી જાણતા ! ગવર્નમેન્ટ પણ હેરાન

છે ! ઘણીવાર સી. આઈ. ડી. ના માણસો તપાસ અર્થે આવ્યા તો હઝરતજીએ ગોડાઊનોની કૂંચીઓ એમના તરફ ફેંકી દીધી અને તેમણે દરેક સ્થળની તપાસ કરી તો એક દાણો પણ નજરે ન ચઢયો. હેરાન થઈને હઝરતજીની પાસે આવ્યા, તેમણે બીજી વાર કહ્યું કે તમે ફરીથી જઈને જુઓ અને જ્યારે બીજીવાર અંદર ગયા તો જોયું કે જ્યાં થોડીક મિનિટો પહેલાં એક દાણો પણ ન હતો ત્યાં હજારો ગુણોની લાઈનબંધ થપ્પીઓ પડેલી છે !!

નવાઈની વાત એ છે જે વાત દરગાહ નિઝામુદ્દીન رحمۃ اللہ علیہ ના તરફ સંબંધકર્તા ગણાવીને જો કહેવામાં આવે તો તૌહીદના મહેલમાં ધરતીકંપ આવી જાય છે ! અને એનાથી થોડાક કદમ આગળ બિલ્કુલ તૌહીદ બની જાય છે ! અને હઝરતજીના બારામાં તો હુબહુ ઈમાન બની જાય છે ! ક્યાંક અમને એવું તો નથી સમજાવવામાં આવતું કે વાતમાં કંઈ રાખ્યું જ નથી ? અસલ હકીકત તો એ છે કે જ્યાં સુધી ખાનકાહે નિઝામુદ્દીન વેરાન નહીં થાય ત્યાં સુધી બસ્તી નિઝામુદ્દીન આબાદ થઈ શકતી નથી.

વિચારવા માટેનું છેલ્લા પ્રકારનું મૂળ પાસું તો એ છે કે ખુદાના ખાસ બંદાઓની આ સાધનવિહીન જમાઅત દર ત્રણ કે છ મહિનાના અંતે ભારતના કોઈપણ ઈલાકામાં એક એટલી મોટી નમાઝ કોન્ફરન્સ યોજે છે કે એમાં ભાગ લેનારાઓની સંખ્યા ઓછામાં ઓછી ત્રીસ ચાલીસ હજારની થાય છે. જેને માટે નથી કોઈ પ્રોપેગન્ડા કરવામાં આવતો કે નથી જાહેરાત કરવી પડતી. હદની વાત તો એ છે કે પરચાની એક ચિઠ્ઠી પણ છાપવામાં આવતી નથી અને વ્યવસ્થા જુઓ તો રહેવા માટે એક નહીં પણ સેંકડો તંબુઓ, ખાવા પીવાનો વ્યવસ્થિત બંદોબસ્ત, દૂરથી આવનારાઓ માટે બસ સર્વિસો, જેમકે એક બનાવટી શહેર ઊભું થઈ જાય છે. કદાચ ! અમને અજ્ઞાની ગણીને મ્હેણું મારવામાં આવે કે ખાવાનો બંદોબસ્ત જમાઅત નથી કરતી, દુકાનો ખોલવામાં આવે છે અને ભાગ લેનારાઓ પોતે પૈસા આપી ખાય છે. એ જમાઅતનું સંપૂર્ણ રેકર્ડ છુપું રહે છે એટલે લેખિત સાબિતીની શક્યતા જ ક્યાં રહી ? પરંતુ એમાં



ભાગ લેનારાઓની જીભે અમે પોતે સાંભળ્યું છે કે આવી મોંઘવારીના સમયમાં પણ ઈજતેમાઅના માર્કેટનો ભાવ એ હતો કે ચાર પાંચ આનામાં એક માણસ ધરાઈને ખાય શકે છે એ જમાઅતના માલદાર માણસોની જાગૃતિનું કારણ છે અથવા તો જમાઅતની કરામતની જાહેરાત છે.

વુઝૂ કરવાની વ્યવસ્થા તો જમાઅત તરફથી જ થાય છે. લખનૌના ઈજતેમાઅની હકીકત એમ છે કે એમાં એવો બંદોબસ્ત રખાયો હતો કે એક સાથે ત્રીસ હજાર માણસો પંદર મિનિટમાં વુઝૂ કરી લેતા. આ સામાન્ય વ્યવસ્થા પાછળ આખર કંઈ ખર્ચ તો થતો હોય છે ! પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ બાદશાહી ખર્ચ કયાંથી પૂરો થાય છે ? નાણાં કોણ આપે છે ? જો આ બધા ખર્ચ પાછળ કુદરતી કારણ છે અથવા તો ઈન્સાની સાધનો છે તો પછી એને શા માટે છુપાવવામાં આવે છે ? ક્યાંક એવું તો નથી કે એની જાહેરાત કરવાથી પવિત્ર હસ્તીઓના હાથોની ધજાઓ ઊડી જતી હોય ? (આબરુને કલંક લાગતું હોય) અને જમાઅતના દીની ઈખ્લાસની કાંચળી ઉતરી જતી હોય ? આને માટે જમાઅતનો જાહેર જવાબ એવો છે કે, અલ્લાહ આપે છે ! ખુદાનું દેવું બરહક્ક (સત્ય) પણ એવી દેણનો સમગ્ર કોટો જમાઅત માટે કઈ રીતે રિઝર્વ થઈ ગયો ? હઝરતજીની કરામત છે ! પરંતુ બીજા બુઝુર્ગો માટે એવી કરામતો માનવી તો શિર્ક હતી ?!

ક્યાંક એવું તો નથી કે મુસ્લિમોની દુશ્મન કોમવાદી તાકતો જે થોડા થોડા સમયે ભારતના કોઈને કોઈ ખૂણામાં (ભાગમાં) જાહેર ફસાદ પેદા કરી લૂંટ, ફાટ તથા મારપીટ કરીને મુસલમાનોને ખારજી તોર પર બે રોજગાર કરી રહી છે, તેજ આ નાદાન વડીલો મારફત ઈસ્લામમાં એક નવી રેહબાનિયત દાખલ કરીને એમાં દાખલ થનાર મુસલમાનોને કામકાજથી બેપરવા કરી રહી છે ? કેમ કે એ તાલીમની હકીકી રૂહ અલ્લાહને માટે દુનિયા તર્ક કરવી, પોતાના વખતને દીનને માટે ખર્ચવો, બાળબચ્ચાંઓની જવાબદારીમાંથી બેપરવા થઈ ચિલ્લાઓ પર ચિલ્લાઓ ચલાવવાનો ઈજતેમાઈ પ્રોગ્રામ છે જેનું પરિણામ ખતરનાક

હોઈ શકે છે. અને એ ભય તો ત્યારે વધી જાય છે કે જ્યારે આપણે જોઈએ છીએ કે જેઓ મુસલમાનોના લોહી તરસ્યા હોય છે તેઓ જ બુઝુર્ગોને માટે ઈજતેમાઓમાં કમર કસી ઝાડુ વાળે છે, તંબુઓ બનાવે છે અને ખાવાનું ખવડાવે છે.

આ બધા એવા પ્રકારના વિવિધ સવાલો છે કે જેનો જવાબ આ જમાઅતના સાહિત્યમાં ભેદથી ભરપૂર અને પવિત્ર ચૂપકીદી સિવાય બીજો કંઈ નથી.

હઝરત મૌલાના અર્શદુલ કાદરી સાહેબ, કે જેમની આકર્ષક કલમ આવા અપારદર્શક છુપા પદડાઓ પાછળ પણ જોઈ લે છે અને ખૂબ જ ઊંડી નિગાહ સાથે સત્યતાને ઉઘાડી પાડવામાં લાજવાબ છે અને જેમની સુંદર લેખનવૃતિ હરકોઈ સત્યના શોધક માટે મહાન માર્ગદર્શક કરતાં ઓછી નથી. જમાઅતે ઈસ્લામીની ઓળખાણ મુસલમાનોને કરાવ્યા પછીથી આ (કહેવાતી) અલ્લાહવાળી ! જમાઅતના ‘‘પૂરનૂર’’ (હકીકતમાં બેડોળ) ચહેરાઓની ઓળખ આમ મુસલમાનોને કરાવી રહ્યા છે. તપાસ કરશો તો આ પાકીઝા જમાઅતના બારામાં ઉપસ્થિત થતા કેટલાયે સવાલોના જવાબ ઈન્શાઅલ્લાહ ! મૌલાનાના આ લખાણમાંથી મળી રહેશે.

મૌલાના મૌસૂફ અધોગતિના આ કાળમાં નવી નસલમાં હક્કપરસ્ત અને દીવાનાઓના કાફલાના સરદાર છે બલ્કે પોતે જ કાફલો પણ છે. છેલ્લે શરૂઆત અને અંત સર્વ એમના પર જ પૂર્ણ થાય છે અને એ કોઈ નવાઈની વાત નથી.

મેં અકેલા હી ચલા થા જાનિબ મંઝિલ મગર
લોગ સાથ આતે ગએ ઔર કારવાં બનતા ગયા

(સહી) **અબ્દુલ મન્નાન આઝમી**

*દારુલ ઉલૂમ અશરફિયહ્*

*હાલ : દારદ, અહાતએ નૂરાની, સીમુગર સીટી (મૈસૂર)*

*૧૭ જમા. આખર હીજરી ૧૩૮૯*



# પ્રકાશનની સવારે....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સુન્ની બિરાદારો ! અસ્સલામુ અલૈકુમ વરહ્મતુલ્લાહ !

ખુદાએ બરતરના એનેકાનેક શુક્ર અને તેના પ્યારા મેહબૂબ હુઝૂરે પૂરનૂર, સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેશુમાર રહમતો તથા બુઝુર્ગાને દીનના કોટિ કોટિ સહારાના પ્રતાપે અમે આપની ખિદમતમાં દીનના સફેદ ડાકૂઓની ઈમાનમાર પ્રવૃત્તિથી બચવા તેમજ ન્યાયની દષ્ટિએ ઈમાનની સાચી હકીકતો આપના વિચારોના એરણ ઉપર લાવવા માટે મઝહબે હક્કહ્, અહલે સુન્નત વલ જમાઅતનું એક કેન્દ્રિય પ્રકાશન ‘‘તબ્લીગી જમાઅત’’ ગુજરાતી ભાષાતંર રૂપે ઉપસ્થિત કરી રહ્યા છીએ.

આપણા બધા પર વિદીત છે તેમ મિલ્લત અને મઝહબના ઓઠા હેઠળ તેરસો વરસ પહેલાં પણ અબદકરાર આકાએ બેઝારી જાહેર કરવા જેટલી દુઆનો સાદ બુલંદ કરવો પડયો હતો. પરિણામે નજદથી શૈતાનનાં શિંગ ફૂટવાનો જીવતો જાગતો મોઅજિઝો આજે આપણી સમક્ષ મૌજૂદ છે. દરેક યુગમાં આ ઈમાનમાર ટોળકીઓ જુદા જુદા વેશમાં દર્શન આપી પોતાની પ્રવૃત્તિ ચલાવી ભોળા ભલા મુસલમાનના ઈમાનની ચાંચિયાગીરી કરે છે. એવી જ એક ટોળકી તે હાલની કહેવાતી ‘‘તબ્લીગી જમાઅત’’ મૌલ્વી ઈલ્યાસ કાંધલ્વીની ઈલ્યાસી ટોળી જ છે. જે ‘‘તબ્લીગ’’ જેવા સોનેરી નામ હેઠળ ઈહાનતે રસૂલ અને તનકીસે અંબિયાનો પ્રચાર કરી પોતાનો ઉલ્લૂ સીધો કરવાનો આડકતરો પ્રયાસ આદરી રહી છે.

તબ્લીગી જમાઅત ટોળકી વાસ્તવમાં હરમૈન શરીફના તેમ વિ□ના વિદ્વાન ઉલમાએ કિરામ તરફથી કુફ્રની સનદ મેળવનાર તૌહીને

રિસાલતના મુસન્નિફોની કાર્બન કોપીજ છે.

ઉપરનું દષ્ટિબિંદુ પૂરવાર કરવા ભારતના મહાન સુન્ની લેખક, ચિંતનકાર તથા પ્રથમ પંક્તિના મુનાઝિર અલ્લામહ્ અર્શદુલ કાદરી (જમશેદપુર) સાહબનું ''તબ્લીગી જમાઅત'' ઉર્દૂ પ્રકાશનનો ગુજરાતી અનુવાદ મારા વડીલબંધુ મોહતરમ ઈબ્રાહીમભાઈની યુવાન કલમને આભારી છે. સુન્ની ભાઈઓ માટે આ પ્રકાશનની આવશ્યકતા જોઈ એના પ્રકાશનની જવાબદારીનું સાહસ અમે વહોરી લીધું છે.

આ કાર્યમાં મારા પીરો મુર્શિદ, હઝરત પીરે તરીકત નાશિરે અહલે સુન્નત મૌલાના સૈયદ મુહમ્મદ નૂરાનીમિયાં સાહબની રૂહાની ઈમદાદને આવકારી ''પ્રકાશનની સવારે'' ગુજરાતી જાણનાર હરએક સુન્ની બિરાદરને અમારા આ અલ્પ સાહસને આવકારવા દિલી દાવત પેશ કરું છું.

પ્રકાશક : **મૂસાભાઈ ઝંઘારવી,** (સંચાલક) નૂરાની કુતુબખાના
C/o. ૩૧, બ્લેડસ સ્ટ્રીટ, લેન્કાસ્ટર (યુ.કે.) (હાલ : પ્રેસ્ટન)


**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨ મો. **૯૪૨૭૪ ૬૪૪૧૧**

**મસ્લકે આ'લા હઝરત** યા'ને **શુધ્ધ હનફી મસ્લક**નો ઝંડો લહેરાવવામાં પોતાનો કસ કાઢી રહેલ **અહલે સુન્નત વ જમાઅત**ની આ અજોડ સંસ્થા છે જે અહલે સુન્નત સામે ઉઠતા ગુમરાહોની ગરદનોને કલમની અણી વડે મરડી રહી છે, તે જ રીતે ઈસ્લામ વિરૂધ્ધ ઉઠતા સર્વ ગુમરાહિયતના તોફાનોનો જડબાતોડ જવાબ આપવામાં કાર્યરત છે. **ઈમાન** તથા **અમલ**ની ઈસ્લાહ તથા મજબૂતી ચાહનારાઓ ! આવો ! વરસમાં ફક્ત **રૂા. ૨૦૦/-** મેમ્બર ફી અથવા **રૂા. ૨૦૦/-** કે વિશેષ ડોનેશન **લિલ્લાહ, સદકા, ઝકાત, ઉશ્ર, ફિત્રા, બુઝુર્ગોની ન્યાઝની રકમો** વગેરે.... કિતાબો છપાવવાના કામે ઉપરોક્ત સરનામે રવાના કરો તો તમને ઘરે બેઠાં **અંજુમન** તરફથી છપાતી સર્વ કિતાબો ફ્રીમાં મળતી રહેશે. *-લિ. પ્રકાશક*




# નૂરાનીબાવા પેટલાદી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان ની બારગાહમાં નઝરાનાએ અકીદત

પ્રસ્તુત કિતાબ **તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં** આજથી થોડાક વરસો પહેલાં પીરે તરીકત મોહસિને સુન્નિયત હઝરત કિબ્લા **સૈયદ નૂરાનીબાવા સાહબ પેટલાદી** عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان એ મુઝ નાચીઝને આપના મુબારક હસ્તે સુપ્રત કરી પોતાની દિલી ખ્વાહિશ એને પ્રસિદ્ધ કરવા બાબતે પ્રદર્શિત કરી હતી.

તો જેમ કે આ'લા હઝરતે ફર્માવ્યું :–

અય 'રઝા' હર કામ કા એક વક્ત હૈ
દિલ કો ભી આરામ હો હી જાએગા

એ જ પ્રમાણે આ કિતાબને પ્રસિદ્ધ કરવાનું સદ્ભાગ્ય અત્યારે સાંપડયુ છે. સમયના અભાવે પ્રુફ રીડીંગ વગેરે કામોમાં ઢીલ થતી રહી. છેવટે આર્થિક સગવડ બાકી હતી જે **હઝરત સૈયદ નૂરાનીબાવા સાહબ પેટલાદી** عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان ના ખાસ ચાહક તથા મુરીદ **જનાબ મૂસાભાઈ નાથા સેગવાવાળા**એ કરી આપી છે. જઝાકલ્લાહ !

મૌલા કરીમ **હઝરત સૈયદ નૂરાનીબાવા સાહબ પેટલાદી** عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان ની કબર પર રહમતોની વર્ષા કરે અને **જનાબ મૂસા ભાઈ નાથા** તથા **ફેમિલીની** દુનિયવી ઉખરવી જિંદગીને આબાદ ફર્માવે. (આમીન)

-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(પ્રકાશક વતી)*

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

# હદીષો થકી નિર્દેશ

## સહીહ હદીષની ઝબાની મુદ્દાનો પ્રારંભ

### ★ નજદનો ફિત્નો ★

عن ابن عمرقال قال النبی صلی اللّٰه علیه وسلّم اللّٰهم بارك لنا فی شامنا اللّٰهم بارك لنا فی یمننا قالوا یارسول اللّٰه فی نجدنا قال اللّٰهم بارك لنا فی شامنا اللّٰهم بارك لنا فی یمننا قالوایارسول اللّٰه و فی نجدنا فاظنه قال فی الثا لثة هناك الزلازل والفتن وبها یطلع قرن الشیطٰن۔

–(બુખારી શરીફ)

**અર્થ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رَضِیَ اللّٰهُ عَنْهُمَا બયાન કરે છે કે એક દિવસ હુઝૂરે અન્વર صلی اللّٰہ تعالیٰ علیہ وسلم એ દુઆ ફર્માવી કે, ખુદાવંદા ! અમારા માટે મુલ્કે શામ અને મુલ્કે યમનમાં બરકત નાઝિલ ફર્માવ, ત્યાં નજદના કેટલાક લોકો બેઠા હતા. તેમણે કહ્યું કે, યા રસૂલલ્લાહ صلی اللّٰہ تعالیٰ علیہ وسلم ! અને અમારા માટે પણ, એ પછી હુઝૂરે બે વાર ફર્માવ્યું કે યા ખુદાવંદા ! અમારા માટે મુલ્કે શામ અને યમનમાં બરકત નાઝિલ ફર્માવ ! (આ સાંભળી) હાજર રહેલા માણસો (નજદવાસીઓ) એ ફરીથી બે વખત કહ્યું કે અમારા નજદ માટે પણ યા રસૂલુલ્લાહ ! صلی اللّٰہ تعالیٰ علیہ وسلم

રાવી રિવાયત કરે છે કે હુઝૂરે અન્વર صلی اللّٰہ تعالیٰ علیہ وسلم એ ત્રીજી વખતે ફર્માવ્યું કે, તે (નજદ પ્રવેશ) ઝલઝલા અને ફિત્નાઓની જગા છે અને ત્યાંથી શૈતાનનાં શિંગડા નીકળશે.



### ★ જાહેર થવું (પેદાઈશ) ★

તબ્લીગી જમાઅતના શૈખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ સાહબની ઝબાની :-

**મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી, ઈબ્તેદાએ તેરહવીં સદીમેં નજદે અરબસે જાહિર હુવા ઓર ચૂંકે ખયાલાતે બાતિલા ઔર અકાઈદે ફાસિદા રખતા થા. ઈસ લિએ ઉસને એહલે સુન્નત વલ જમાઅત સે કત્લો કતાલ કિયા, ઉનકો બિલ જબર અપને ખયાલાતકી તકલીફ દેતા રહા. ઉનકે અમવાલકો માલે ગનીમતકા ઔર હલાલ સમજા કિયા. ઉન્કો કત્લ કરનેકો બાઈષે સવાબ વ રહમત શુમાર કરતા રહા.** –*(અશ્શહાબુષ્ ષાકિબ, પેજ–૪૨)*

**તર્જુમો** : મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી તેરમી સદીની શરૂઆતમાં અરબસ્તાનના નજદ પ્રદેશમાંથી જાહેર થયો. તે ફાસિદ અકીદા અને બાતિલ ખયાલાત ધરાવતો હતો. એટલા માટે તેણે સુન્નત વલ જમાઅત સાથેના સંબંધો તોડીને કત્લેઆમ શરૂ કરી દીધી. અને એહલે સુન્નતની કત્લ કરવાના કામને સવાબ અને રહમતનું કામ સમજતો હતો. તેમને બળજબરીથી પોતાના ખયાલાતની તકલીફ આપતો રહ્યો, અને તેમના માલને ગનીમતનો માલ તથા હલાલ માલ સમજી બેઠો હતો.

### ★ નજદી ટોળકી ★

સહીહ હદીષની ઝબાની :-

عن شریك ابن شهاب (مرفوعًا الیٰ ان قال) ثم قال یخرج فی اٰخرالزماں قوم كانَّ هٰذا منهم یقرؤن القراٰن لَیجاوزتراقیهم یمرقون من الا سلام كما یمرق السهم من الرمیه سیماهم التحلیق لایزالون یخرجون حتّٰی یخرج اٰخرهم مع المسیح الدجال۔

–*(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૩૦૯)*

**અર્થ** : હઝરત શરીક ઈબ્ને શહાબ બયાન કરે છે કે હુઝૂર ﷺ એ એક સમય ફર્માવ્યું કે છેલ્લા જમાનામાં એક જમાઅત (ટોળકી) નીકળશે. જે કુર્આન તો પઢશે પણ એ કુર્આન એમના ગળાથી નીચે નહીં ઉતરે. તે લોકો ઈસ્લામના વર્તુળમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે ધનુષમાંથી બાણ છટકી જાય છે. અને માથું મૂંડાવવું એ લોકોની ખાસ નિશાની હશે. એ લોકો ટોળાબંધ એવી રીતે નીકળતા જ રહેશે ત્યાં સુધી કે એમની છેલ્લી જમાઅત મસીહો દજ્જાલની સાથે પણ નીકળશે.

## ★ નિશાનીની મજબૂતાઈ ★

અરબના મશ્હૂર ઈતિહાસકાર હઝરત અલ્લામા ઝયની દહલાન رحمۃ اللہ علیہ મક્કી ની ઝબાની :-

سيماهم التحليق تصريح بهٰذهِ الطائفةالنجديه لانهم كانوا يامرون كل من اتبعهم ان يحلق راسه ولم يكن هذالوصف لاحد من طوائف الخوارج والمبتدعةا الزين كانواقبل زمن هؤلاء۔

*–(અલફોતુહાતુલ ઈસ્લામીયા, જિ–૨, પેજ–૨૬૮)*

**સારાંશ** : આખર ઝમાનામાં ઉપસ્થિત થનારી જમાઅતની ઓળખની બાબતમાં હુઝૂરે અન્વર ﷺ નું આ ફર્માન કે તેઓની ખાસ નિશાની "માથુ મૂંડાવવાની" હશે તે નજદી જમાઅતને બંધ બેસતુ છે. કેમ કે માથું મૂંડાવવું એ જ લોકોની જમાઅતની ખાસિયત છે. આ પહેલાં દીનથી ખારિજ થએલા બેદીન ફિર્કાઓ પૈકી કોઈપણ ફિર્કામાં આ નિશાની હતી જ નહીં.

## ★ જમાઅતનું નામ ★

તબ્લીગી જમાઅતના પેશ્વાએ આઝમ મૌલાના રશીદ અહમદ સાહબ ગંગોહીની ઝબાની :-

**મોહંમદ ઈબ્ને અબ્દુલ વહહાબ કે મુકતદીયોં કો "વહાબી" કહા જાતા હૈ ઉનકે અકાઈદ ઉમદા થે.** *(ફતાવા રશીદિયહ્, જિ. ૧, પેજ–૧૧૧)*



**અર્થ** : ફતાવા રશીદીયહ્, જિ.૧, પેજ–૧૧૧ પર તબ્લીગી જમાઅતના પેશ્વા મૌલાના રશીદ અહમદ ગંગોહી સાહબ લખે છે કે મોહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબના અનુયાયીઓ "વહાબી" કહેવાય છે. તેમના અકાઈદ સારા હતા.

## ★ સંબંધ ★

(૧) તબ્લીગી જમાઅતના માર્ગદર્શક મૌલ્વી મન્ઝૂર નોઅમાનીનું મંતવ્ય :-

**"ઔર હમ ખૂદ અપને બારેમેં ભી સફાઈસે અર્ઝ કરતે હૈં કે હમ બળે સખ્ત "વહાબી" હૈં"** *(સવાનહે મૌલાના મુહમ્મદ યૂસુફ કાંધલવી, પેજ–૧૯૦)*

(૨) તબ્લીગી જમાઅતના પેશ્વા મૌલ્વી મુહમ્મદ ઝકરિયા કાંધલવીનું મંતવ્ય :-

**"મૌલ્વી સાહબ ! મૈં ખૂદ તુમસે બળા વહાબી હૂં !"**

*–(હવાલો ઉપર મુજબ, પેજ–૧૯૨)*

(૩) તબ્લીગી જમાઅતના રહબર મૌલાના અશરફઅલી થાનવીનું મંતવ્ય :-

**"ભાઈ ! યહાં "વહાબી" રહતે હૈં, યહાં ફાતેહા–નિયાઝ કે લિએ કુછ મત લાયા કરો."** *(અશરફુસ્ સવાનેહ, જિલ્દ–૧, પેજ–૪૫)*

ઉપર લખેલા તબ્લીગી જમાઅતના ત્રણેય પેશ્વાઓનાં મંતવ્યોનો અર્થ :–

**૧.** "અને અમે અમારા માટે સફાઈની સાથે જણાવીએ છીએ કે **અમે ચુસ્ત વહાબીઓ** છીએ.

**૨.** "મૌલ્વી સાહેબ ! હું પોતે તમારા કરતાં પણ **મોટો વહાબી** છું."

**૩.** "ભાઈ અહીં "**વહાબીઓ**" રહે છે. અહીં ફાતેહા નિયાઝ માટે કંઈ પણ લાવશો નહીં."

## ★ હિમાયત (તરફદારી) ★

અરબસ્તાનના શાહ સઊદે અબ્દુલ અઝીઝ જ્યારે ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે તબ્લીગી જમાઅતના શૈખુલ ઈસ્લામ મૌલ્વી હુસૈન અહમદ સાહેબે જમીઅતે ઉલ્માએ હિંદ તરફથી ૨૯ નવેમ્બર ૧૯૫૫ ના રોજ શાહની ખિદમતમાં એક સિફારિશ પત્ર રજૂ કર્યો હતો. જેમાંનો નીચે લખેલો ફકરો ખાસ ધ્યાનપૂર્વક વાંચવા લાયક છે.

**''યા સાહેબલ જલાલહ ! ખાસ હિજાઝે મુકદ્દસકે સિલસિલેમેં જબ જલાલતુલ મુલ્ક મર્હૂમ સુલતાન અબ્દુલ અઝીઝ ઈબ્ને સઊદી સુમ્મોહોમુલ્લાહને ફાતેહાના અકદામ કિયા. (યા'ની નજદી ફોજકી યલગાર કે ઝરિયા ઓહદે રિસાલતકે આસાર શરીફા ઔર હુઝૂરકી મકદ્દસ યાદગારોં કો મિટાયા, સહાબા ઔર એહલે બૈતકે મઝારાત ઢાએ, મક્કે ઔર મદીનેકી તારીખી મસ્જિદોંકો શહીદ કિયા, ઔર મુશ્રિક કરાર દે કર હજારોં મુસલમાન મર્દો જિનકા ખૂન બહાયા) તા જમીઅતે ઉલ્માએ હિંદ હી વો જમાઅત થી જિસને યૂરોપિયન ડિપ્લોમેસી કે ખિલાફ ઈસ ઈકદામ કો હિજાઝે મુકદ્દસ કે લિએ ખાલે નેક મુકદ્દસ ઔર સુલતાન મર્હૂમ કો મુબારક બાદ પેશ કી.''** (શાહ સઊદ વાલીએ અરબકા દૌરએ હિંદ, પેજ–૩૮, પ્રગટકર્તા : લાલરૂખ પબ્લીકેશન, શ્રી નગર)

**સારાંશ** : હે જલાલવાળા ! હિજાઝે મુકદસના બારામાં સુલતાન અબ્દુલ અઝીઝ ઈબ્ને સઊદી મર્હૂમ નજદી સૈન્યના સહકારથી રિસાલતની મુબારક નિશાનીઓ મિટાવી દીધી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર યાદગીરીઓને ભૂંસી નાંખી, સહાબા અને એહલે બૈતના મુબારક મઝારો તોડી પાડયા, મક્કા અને મદીનાની ઐતિહાસિક મસ્જિદો શહીદ કરી નાંખી, હજારો મુસલમાન મર્દ ઔરતોને મુશ્રિક ઠેરવી તેમની કત્લેઆમ કરી, આ રીતે જે વિજયી પગલાં ભર્યાં, તે સમયે જમીઅતે ઉલ્માએ હિંદ જ એક એવી જમાઅત હતી કે જેણે બ્રિટીશ ડિપલોમેસી (રાજકીય નીતિ) વિરૂદ્ધ આ વિજયી પગલાંઓને હિજાઝે મુકદ્દસ માટે યોગ્ય અને નેક કાર્યો ગણી મર્હૂમ સુલતાનને મુબારક બાદ આપી હતી.



## ★ પરસ્પરના કરાર ★

તબ્લીગી જમાઅતના મોહતમિમ મૌલ્વી અબ્દુલ હસન અલી સાહબ નદવીએ પોતાની કિતાબ ''મૌલાના ઈલ્યાસ ઔર ઉનકી દા'વત''માં નજદી હુકૂમત સાથે તબ્લીગી જમાઅતના થએલા પરસ્પરના કરારની નોંધ કરી છે. આ કરાર જમાઅતનો પાયો નાંખનાર મૌલ્વી ઈલ્યાસ સાહબ, ખાસ વિ□ાસપાત્ર મોલ્વી એહતેશામુલ હસન સાહબ અને નજદી હકુમતના શૈખુલ ઈસ્લામ કાઝિયુલ કુજ્જાત (ચીફ જસ્ટીસ) અબ્દુલ્લાહ ઈબ્ને હસન (જે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબની ઓલાદમાંથી છે)ની દરમિયાન અમલમાં આવ્યો હતો.

કરારનો ઉલ્લેખ નીચે જણાવ્યા મુજબના શબ્દોમાં કરવામાં આવ્યો છે.

**મૌલ્વી એહતેશામુલ હસન સાહબને મકાસિદે તબ્લીગકો ઈખ્તેસાર કે સાથ નોટ કરકે શૈખુલ ઈસ્લામ રઈસુલ કુજ્જાત અબ્દુલ્લાહ ઈબ્ને હસન કે યહાં પેશ કિયા મૌલાના (મુહમ્મદ ઈલ્યાસ) ઔર મૌલ્વી એહતેશામ સાહબ ઉનકે યહાં ખૂદ ભી ગએ ઉન્હોંને બહોત હી એઅજાઝો ઈકરામ કિયા ઔર હર બાત કી ખૂબ ખૂબ તાઈદ કી. ઔર ઝબાની પૂરી હમદર્દી વ ઈઆનતકા વાઅદા કિયા.** *(મૌલાના ઈલ્યાસ ઔર ઉનકી દા'વત, પેજ–૧૦૧)*

**સારાંશ** : મોલ્વી એહતેશામુલ હસન સાહબે એ તબ્લીગના ધ્યેય (હેતુઓ) ની સંક્ષિપ્ત નોંધ કરીને શૈખુલ ઈસ્લામ અબ્દુલ્લાહ ઈબ્ને હસન (ચીફ જસ્ટીસ) સમક્ષ રજુ કર્યા. મૌલાના (મોહમંદ ઈલ્યાસ) અને મૌલ્વી એહતેશામુલ હસન સાહબ પણ તેઓને ત્યાં ગયા હતા. તેમણે (શૈખુલ ઈસ્લામે) આ સાહબોની ખૂબ ખૂબ ઈજ્જત કરી. અને દરેક બાબતમાં ટેકો આપ્યો. અર્થાત ઘણી ઘણી મદદ કરી તથા પૂરી હમદર્દી અને સહાયનું મૌખિક વચન આપ્યું.

### ★ યોજના ★

તબ્લીગી જમાઅતના પીઢ મર્કઝી અમીર અને મૌલ્વી ઈલ્યાસ સાહબના ફરઝંદ (પુત્ર) અને જાનશીન મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહબે પોતાની એક કિતાબમાં તબ્લીગી જમાઅતની ધાર્મિક પોલીસીનું આ પ્રમાણેના શબ્દોમાં વર્ણન કર્યું છે :–

**હમારા તબ્લીગી કામ સિર્ફ અમલે સાલેહ નહીં હૈ. અવ્વલ યે ઈમાની તહરીક હૈ. અબ તક ૨૦–૨૫ સાલકે તજરબે સે માલૂમ હુવા કે ''શિર્કિયા રસ્મેં'' (યાની મીલાદ, કયામ, ફાતેહા, ઉર્સ વગેરે) ઔર ગુનાહોંકો છેળનેસે લોગ રસ્મોં ઔર ગુનાહોંકો છોળતે નહીં થે, લેકિન ઉનકો સાથ લેકર જમાઅતોંમેં ફિરાયા જાએ ઔર કલ્મા તય્યેબહ કા સહીહ મતલબ ઔર મુતાલેબા ઉનકે સામને આતા રહે તો રસ્મોં ઔર ગુનાહોં કો ખૂદ બખૂદ છોળ દેતે હૈં. યે હમારા તજરબા હૈ, ઉસકો કૈસે ઝુટલાવે !** (કલમી મક્તૂબ બકલમે મુહમ્મદ આશિક ઈલાહી, મદ્રસા કાશિફુલ ઉલૂમ, નિઝામુદ્દીન, દિલ્હી)

**સારાંશ :** અમારું તબ્લીગી કામ ફક્ત નેક અમલ માટે નથી પરંતુ પ્રથમ તો એ ઈમાની ચળવળ છે અને પછીથી નેક અમલ માટેની પ્રવૃત્તિઓ છે. આજ સુધીના ૨૦–૨૫ વર્ષના અનુભવથી જાણી શકાયું છે કે ''શિર્કિયા રિવાજો'' (જેમ કે મીલાદ, કયામ, ઉર્સ વગેરે) અને ગુનાહોને છોડવાની (ચર્ચા કરવાથી) લોકો એ કામો છોડતા નથી. પણ એમને જમાઅતમાં સાથે લઈને ફેરવવામાં આવે અને કલમએ તૈયબહનો સાચો અર્થ એમને સમજાવી દેવામાં આવે તો એ રિવાજો અને ગુનાહિત કાર્યોને આપમેળે જ છોડી દે છે એ અમારો અનુભવ છે. એને કઈ રીતે જૂઠું સાબિત કરી શકાય !

આ બધા નવ (૯) ઈશારાઓ (નિર્દેશો) હતા. હવે વિસ્તૃત માહિતી માટે આ કિતાબ ખોલો અને નિષ્પક્ષ દષ્ટિએ કિતાબ વાંચો અને જો આપના વિરૂદ્ધ પણ ફેંસલો કરવો પડે તો કોઈ ખોટો જઝબો અવરોધક ન બને (એ રીતે નિષ્પક્ષ બનીને વાંચો.) –લેખક



بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# જિંદગીના ત્રણ બનાવો

### ★ એક આપવીતી ★

**તબ્લીગી જમાઅત અંગે મારી જિંદગીમાં ત્રણ એવા બનાવો મેં અનુભવ્યા કે જેને આ કિતાબ લખવાની પ્રેરણા સમજી રહ્યો છું. મારી જાણકારીના આ મહત્વપૂર્ણ ભાગને કિતાબના પાન પર રજૂ કરતાં હુ મારી નૈતિક ફરજમાંથી મુક્ત થવાની ખુશી અનુભવું છું.** –લેખક

### ★ પહેલો બનાવ ★

આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાંની વાત છે. મારા વિદ્યાર્થી જીવનની એક સાંજ હતી. દારુલ ઉલૂમ અશરફિયહ, મુબારકપુરના મુખ્ય દરવાજા પર અમે થોડા વિદ્યાર્થીઓ ઊભા હતા. સામેથી એક સફેદ દાઢીવાળા બુઝુર્ગ આવતા નજરે પડયા. મુખ પર પવિત્રતાનો દેખાવ, હાથમાં યાકૂતની તસ્બીહ, ઘૂંટી સુધીનો કુરતો, ઉપર ખાદીની બંડી, મતલબ કે નીચેથી ઉપર સુધી તમામ પ્રકારે સજ્જ હતા. એમની આગળ પાછળ થોડાક માણસો હાથ બાંધી નીચી નજરે કંઈ પઢતા પઢતા ચાલતા હતા.

અમારા માટે આ નવી જ વસ્તુ હતી ! પૂછવાથી જાણવા મળ્યું કે એ તબ્લીગી જમાઅતના લોકો છે અને દિલ્હીથી મુબારકપુરના મુસલમાનોને કલ્મો પઢાવવા આવ્યા છે ! પેલા જે આગળ આગળ ચાલતા સફેદ દાઢીવાળા બુઝુર્ગ છે તે જમાઅતના અમીર છે. આ વાતથી તો અમોને ખૂબ જ આશ્ચર્ય થયું. અમારી જાણ મુજબ મુબારકપુરના

મુસલમાનો જન્મથી જ મુસલમાન હતા. મસ્જિદોને બદલે મંદિરો તરફ તેમને જતા કદી અમે જોયા નથી. ઈસ્લામથી ખારિજ થવા અંગેની કોઈ પણ વાત એમના બારામાં અમે કદી સાંભળી નથી.

આમ હોવા છતાં તેઓને કલમો પઢાવવાનો છે ! આ વાત બિલકુલ અમારી સમજ બહારની વાત હતી. આશ્ચર્ય અને નવાઈના પરિણામે અમારામાંથી એક વિદ્યાર્થી ભાઈએ પેલા કહેનાર ભાઈને સવાલ કર્યો કે, શું એ લોકોની નજરમાં અહીંના મુસલમાનો મુસલમાન નથી ? દિલ્હીથી ચાલીને અહીં મુબારકપુર સુધી કલ્મો પઢાવવા આવ્યા છે ?

પોતાની વાતચીત પરથી પેલા ભાઈ પણ એ જ ટોળકીના જણાતા હતા, અને તેથી જ તે ભાઈ ગરમ થઈને કહેવા લાગ્યા, ''કલ્મો પઢાવવાનો હેતુ તમે લોકો ખોટી રીતે સમજો છો ! કલ્મો હમેશાં મુસલમાન બનાવવા માટે જ નથી પઢાવવામાં આવતો, કલ્મો પઢાવીને એ લોકો ખુદાના ઝિક્રની ચર્ચા કરે છે. મુસલમાન બનાવવાનો હેતુ નથી.''

તે ભાઈના આ જવાબથી અમારા દિમાગમાંની ઉલ્ઝન ઘણે ભાગે દૂર થઈ ગઈ પરંતુ તે જ ક્ષણે અમારામાંથી એક સાથીદારે ફરીથી અમોને એ જ પ્રથમ જગા પર લાવી દીધા અને કહ્યું કે, ''જ્યાં સુધી હું પોતે અનુભવ કરીશ નહીં ત્યાં સુધી મને આ જવાબથી સંતોષ થશે નહીં.''

અમારો સાથીદાર કઈ રીતે અનુભવ કરવા માંગે છે એ જાણવા અમે ખૂબ યત્નો પ્રયત્નો કર્યા પણ સાથીદાર પાસેથી એક જ જવાબ મળતો કે, ''તમે લોકો ચૂપચાપ તમાશો જોયા કરજો.''

બીજે દિવસે સાંજના ચાર વાગે ફરીથી તે તબ્લીગી જમાઅતનું ટોળું ફરતું ફરતું અને કલ્મો પઢાવતું મદ્રસાની સામેથી પસાર થયું. અમે બધા રાહ જોઈને જ ઊભા હતા. અમારા સાથીદારે બે કદમ આગળ જઈને તબ્લીગી જમાઅતના અમીર સાહેબને બૂમ પાડીને કહ્યું, ''મૌલાના ! જરા એક ઘડી માટે તસ્દી લેશો ?''

આ અવાજ સાંભળી અમીર સાહેબે પાછું ફરીને જોયું અને ઊભા રહ્યા. એટલે વિનયપૂર્વક પૂછયું કે, ''મૌલાના ! દીનના કામ અંગે હું આપને તકલીફ આપી રહ્યો છું, ખોટું ન લગાડતા.'' મૌલાના ધીમી ગતિએ



પેશાની તંગ કરતા જરા નજીક આવ્યા અને નાપસંદગીના ઢંગથી બોલ્યા, ''કહો ! મારા લાયક દીનનું એવું કયું કામ છે ?'' સાથીદારે કહ્યું કે, ''જરા, આપ કલ્મો પઢશો ? ''

આ સાંભળતાની સાથે જ મૌલાના સાહેબ ખૂબ લાલ પીળા થઈ ગયા. ગુસ્સાથી આખોં લાલઘૂમ થઈ ગઈ. આંખોમાંથી ગુસ્સાની આગ ઝરવા લાગી અને ગરદનની નસો ખેંચાવા લાગી. ખૂબ ગુસ્સામાં બોલ્યા ''તમને શરમ નથી આવતી? વિદ્યાર્થી થઈને વડીલોની મશ્કરી કરો છો ?! અગર જો અલ્લાહ ચાહશે તો આ ગુસ્તાખીનો બદલો ખુદાપાક તમને આ દુનિયામાં જ બતાવી દેશે.'' આમ કહીને તેઓ પાછા વળવાની તૈયારી કરતા હતા કે અમારા સાથીદારે રસ્તો રોકીને કહ્યું કે,

વગર કારણે તમે તો ગુસ્સે થઈ રહ્યા છો. મારી વાતમાં તમને કઈ વાત મશ્કરીની વાત લાગે છે. આ કામ (કલમો પઢાવવાનું) તો તમે ગઈ કાલના કરી રહ્યા છો ! શું ઝિક્રે ઈલાહીનો સવાબ મેળવવાનો હક્ક અમોને નથી ?! અને જો તમારા કહેવા પ્રમાણે એ મજાક (મશ્કરી) નું કામ છે તો ગઈ કાલથી તમે અહીંના મુસ્લિમોની મજાક કરી રહ્યા છો અને એ ગુસ્તાખીની સજા માટે આપે શું વિચાર્યું છે ?''

અમારા સાથીદારની અવાજ ધીમે ધીમે જોર પકડી રહી હતી. જેમ કે કોઈ ચોરને મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યો હોય. થોડીક વારમાં તમાશો જોનારાઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. આદત મુજબ કેટલાક લોકો નવાઈ પામી પૂછવા લાગ્યા કે ''કેમ શું વાત છે ? શું બન્યું છે ?''

સાથીદારે કહ્યું કે ''વાત કંઈ નથી પણ હકીકત એમ છે કે ગઈ કાલથી આ લોકો મુબારકપુરના મુસ્લિમોને કલમો પઢાવતા ફરી રહ્યા છે. જ્યારે અમે એમને પૂછયું કે, ''શું તમે લોકો મુબારકપુરના મુસલમાનોને મુસલમાન નથી સમજતા કે તેમને કલ્મો પઢાવી રહ્યા છો ? ત્યારે જવાબમાં એમણે કહ્યું કે કલમો પઢવો એ એક ઝિક્રે ઈલાહી છે અને અલ્લાહનો ઝિક્ર કરવો કરાવવો દરેક મુસલમાનનો દીની હક્ક છે.

હવે નવાઈની વાત એ છે કે આ દીની હક્કનો મેં ઉપયોગ કરવા

ધાર્યું અને આ વડીલથી કહ્યું કે, ''જરા કલમો પઢશો ?'' બસ આટલી જ વાતમાં વડીલ ગુસ્સે થઈ ગયા. ઉલ્ટા મને દોષિત ઠેરવી કહેવા લાગ્યા ''મે એમની મજાક મશ્કરી કરી છે તો પછી અહીંના મુસલમાનો સાથે ગઈ કાલથી એઓ કેમ મજાક કરી રહ્યા છે ?''

સાથીદારની વાત સાંભળી ટોળાના બધા માણસો એક સાથે બોલી ઉઠયા,''આ નાના મૌલ્વી સાહબની વાત સાચી છે !''

જમાઅતના અમીરે ગુસ્સે થઈને ફર્માવ્યું, ''બરાબર કહેતા નથી પણ હકીકતમાં એમણે અમારી મશ્કરી કરી છે. બાકી ગુસ્સે થવાનું કોઈ કારણ ન હતું, જ્યાં સુધી કલ્મો પઢવો પઢાવવાનો પ્રશ્ન છે તો એ કામ તો હું પોતે કરી રહ્યો છું ભલા એનાથી કોણ ઈન્કાર કરી શકે છે ?''

જમાઅતના અમીરનો આ જવાબ સાંભળી એક ભાઈએ દરમિયાનગીરી કરતાં કહ્યું કે, ''મૌલાના ! જે કામ આપ કરી રહ્યા છો એ કામ આ ભાઈએ પણ કર્યું, પછી એના કામને મશ્કરી કેમ સમજી રહ્યા છો ?!''

આ સાંભળી અમીર સાહબ ગુસ્સે થઈ કહેવા લાગ્યા, કે હું એમના કામને મજાક મશ્કરી એટલા માટે કહી રહ્યો છું, કે એ ભાઈની નિય્યત જ ઝિક્રે ઈલાહીની નહીં બલ્કે અમારી મશ્કરી કરવાની હતી.

અમીર સાહબની વાત હજુ પૂરી થઈ ન હતી કે એક વયોવૃદ્ધ વ્યકિતએ આગળ વધી જોરથી કહ્યું ''મૌલાના ! જ્યારે નિય્યતની વાત આવી પહોંચી છે તો પછી મારે બોલવું પડશે કે કલમા પઢાવવાની આપની નિય્યત પણ ઝિક્રે ખૈરની નથી હોતી પણ મુસલમાનોને નવેસરથી મુસલમાન બનાવવાની નિય્યત હોય છે. કેમ કે જે લોકો મંદિરોમાં જઈ મૂર્તિઓની પૂજા કરતા હોય, જેઓ જાહેરમાં કુર્આન ઈસ્લામ અને તૌહીદ તથા રિસાલતના અકીદાથી અલગ થઈ ગયા હોય એવા લોકો જ તમારી આગળ કાફિર–મુશ્રિક નથી પણ જેઓ ઈસ્લામ, કુર્આન અને તૌહીદ તથા રિસાલત પર પૂરેપૂરો અકીદો રાખતા હોય, અને ફક્ત ''યા રસૂલુલ્લાહ'' બોલતા હોય, રસૂલ صلی اللہ تعالیٰ علیہ والہ وسلم ને ઈલ્મે ગૈબ હોવાનો અકીદો



ધરાવતા હોય, અલ્લાહની દૈનથી રસૂલને શફાઅત કરવાવાળી માનતા હોય તથા બંને દુનિયાની કાર્યવાહીમાં ફેરફાર કરાવવાનો ઈખ્તિયાર પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ والہ وسلم ને છે એવું માનતા હોય એ બધા પણ તમારી દૃષ્ટિએ તો અબૂજહલ તથા અબૂલહબની જેમ કાફિર મુશ્રિક છે. જે લોકો તમારા મઝહબના જાણકાર નથી હોતા તેઓ ભલે તમારા જવાબોથી સંતોષ પામે પરંતુ જેઓ તમારા મઝહબી શજરાથી જાણકાર છે તેઓ તો તમારી આ બધી વાતોથી તમને સારી પેઠે ઓળખી શકે છે.

પરંતુ અલ્લાહપાકનો શુક્ર છે કે ફક્ત મુબારકપુરમાં જ નહીં બલ્કે આખા દેશમાં આ રીતના (તમારા ખયાલો પ્રમાણેના) ''મુશ્રિકો''ની સંખ્યા ૯૯ ટકા છે. હવે એ લોકોને મુસલમાન બનાવવાનો આ સિવાય બીજો કયો માર્ગ છે કે તમે પાછલા દરવાજેથી આવી, કલમો પઢાવી માની લો કે જાણે કુફ્રના એક ઘણા મોટા ''પહાડ'' પર તમે વિજય મેળવી લીધો અને એ રીતે તમે લોકો સંતોષ માની રહ્યા છો.

પોતાની વાતને આગળ વધારતાં તેમણે જોરદાર શબ્દોમાં કહ્યું કે, મૌલાના ! શું આ બાળકો તમારી મજાક કરી શકે એમ છે ? હજુ તો તમે એમના દીની મિત્રો છો કે દીની હરીફો છો એ હકીકતથી પણ એઓ અજાણ છે. અલબત્ત, કલમો પઢાવીને તમે લોકો જરૂર અમારા ઈમાનની મજાક ઉડાવી રહ્યા છો.

કલમના ''નશ્તર''થી તમે અમારી અકીદતની લાગણીઓને જે રીતે ઘાયલ કરી છે તે હૃદયને તકલીફ પહોંચાડવા માટે શું ઓછી છે કે હવે દરેક જગ્યાએ ફરી ફરીને અમારા જખ્મો પર મીઠું ભભરાવી રહ્યા છો ? મૌલાના ! કયા કમનસીબ મુસલમાનને કલમો પઢવાથી ઈન્કાર હોઈ શકે છે ? પરંતુ અમારા મઝહબી એહસાસો પર કુફ્ર અને શિર્કની તોહમત મૂક્યા પછી જ્યારે તમો કલમો પઢવાનું કહી રહ્યા છો ત્યારે બિલ્કુલ એમ લાગે છે કે કોઈ નિર્દોષ પર તોહમત લગાડી પછી તેને તલ્કીન કરવામાં આવે કે ''તૌબા કર.'' જો કે તૌબા કોઈ મોટી વાત નથી પરંતુ આવા પ્રકારની હાલતમાં તેને તૌબા કરવાની તલ્કીન કરવી એ તો બીજા અર્થમાં જોઈએ તો જે ગુનોહ તેણે નથી કર્યો તેની કબૂલાત કરાવવા જેવું થયું.

આ પછી આવેશમય અવાજથી કહ્યું કે મૌલાના ! આ તો તમારા લોકોના પથ્થર હૃદયની એક બાજુ છે. તમારા લોકોની દીની કમનસીબીની બીજી બાજુ તો આનાથી પણ વધારે ભયાનક અને ધ્રુજાવી નાંખે એવી છે. તમારા વડીલોએ રસૂલે અરબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાને મુબારકમાં તૌહીન અને ગુસ્તાખીની વાતો લખીને જે દર્દનાક મુસીબતમાં ઉમ્મતને ધકેલી દીધી છે તે તો આ યુગના સર્વે બનાવો કરતાં કયામત તૂટી પડવા જેવો બનાવ છે ! લખનારાઓ લખી ગયા અને મુદ્દતથી ધૂળમાં મળી ગયા પરંતુ એમણે લગાડેલી આગના ધુમાડાઓ આજે પણ મુસલમાનોની આબાદીમાંથી નીકળી રહયા છે.

એનાથી વધારે નવાઈની વાત હોઈ શકે છે કે એક તરફ તો તમે લોકો નબીની તૌહીન કરી રહ્યા છો તથા એમના માન મર્તબાને ઘટાડી રહ્યા છો અને બીજી તરફ એજ નબીનો કલ્મો પઢી પઢાવી રહ્યા છો ! ન્યાયની વાત એ છે કે કલ્મો પઢવો અને પઢાવવાનો હક્ક તો તેને જ છે કે જે નબીને નબી માનતો હોય, બાકી નબીઓ માટે બુરું ભલું કહેનારાઓને કલ્માથી શો મતલબ ?! બુરા ભલા કહેવાની સાથે કલ્મો પઢવો એ તો ઈસ્લામની મજાક કરવા બરાબર છે. આ બધું પેલા બુઝુર્ગ કહી રહ્યા હતા અને મૌલાના સાહબનું લોહી સૂકાતું જતું હતું. છેવટે જેમ તેમ કરી એમ કહીને છૂટકારો મેળવ્યો કે " હું અમારી જમાઅતનો કઈ મોટો અમીર નથી." જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે ટોળામાંથી અમુક લોકોએ કહ્યું કે "ભલે તમે જવાબ ન આપતા પણ આ ભાઈએ તમારા લોકો માટે જે કંઈક કહ્યું છે તે કયાં સુધી સાચું છે તે તો કહો ? આ પ્રશ્નથી તેમના સાથીદારો ભડકી ઉઠયા અને મૌલાનાને લઈને આગળ ચાલતા થયા !

થોડીવારની આ હકીકતથી દરેક માણસના દિલમાં એવી અસર થઈ ગઈ કે તબ્લીગી જમાઅત ઉપરથી જેટલી સાફ ચોખ્ખી દેખાઈ રહી છે તેટલી અંદરથી નથી (માટે) જરૂર દાળમાં કંઈક કાળું છે.

## ★ બીજો બનાવ ★

લગભગ ઈ.સ. ૧૯૫૬ નું વર્ષ હશે. એ વખતે મદ્રસા ફૈઝુલ



ઉલૂમ જમશેદપુરની દર્સગાહ ખુલા આસમાનની નીચે હતી એટલે એની ઈમારત માટે તાતા સ્ટીલ કંપની પાસેથી જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ હતા અને એ માટે ડો. સૈયદ મેહમૂદ સાહેબ સાથે સંબંધ જોડવો પડયો. આ સૈયદ મેહમૂદ સાહબ તે સમયે વિદેશ પ્રધાન હતા. એમણે મને જરૂરી કાગળો લઈને દિલ્હી બોલાવ્યો. એમણે આપેલા સમય કરતાં એક દિવસ અગાઉથી કાળજીપૂર્વક હું દિલ્હી પહોંચી ગયો.

ત્યાં ગયા પછીથી પહેલી રાત સરકાર મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ ના દરબારમાં વિતાવવાનો મારા હૃદયે ફેંસલો કર્યો એટલે હું મારા ઉતારાની જગ્યાએ મારો માલસામાન મૂકીને સીધો બસ્તી નિઝામુદ્દીન જવા રવાના થયો. સાંજના ચાર વાગ્યાનો સમય થયો હશે કે બસમાંથી નીચે ઉતરી જેવો હું બસ્તી નિઝામુદ્દીનમાં દાખલ થયો કે ત્યાં જ મને થોડે દૂર બે માણસો દેખાયા તેઓ બંને જાણે મને સારી રીતે ઓળખતા હોય અને મારી જ રાહ જોઈ રહ્યા હોય એ રીતે મારા તરફ ખૂબ ધ્યાનપૂર્વક એકીટસે જોઈ રહ્યા હતા.

જ્યારે હું એમની પાસે પહોંચ્યો તો એમની દાઢીનો ભરાવો જોઈ હું તો હેરાન રહી ગયો. કારણ કે એમના જેવી લાંબી અને ભરાવદાર દાઢી અને પેશાની પરના ડાઘ જેવો મોટો ડાઘ આજ સુધી મેં મારી ઉંમરમાં કયારેય જોયો ન હતો ! એ બંને એકદમ જલ્દીથી મારા તરફ આવીને રસ્તો રોકી ખૂબ આજીજીપૂર્વક કહેવા લાગ્યા :

"હજ્જત (હઝરત) ! આ તબ્લીગી જમાઅતનું તે કેન્દ્ર છે જ્યાંથી આખી દુનિયામાં ઈસ્લામ ફેલાઈ "રીયો" (રહ્યો) છે અગર કોઈ તકલીફ ન હોય તો આપ થોડીવાર માટે અંદર ચાલો અને જાતે જ આપની આંખોથી જોઈ લો કે કેવી રીતે મઝહબ ઝિંદા થઈ રહ્યો છે. ઘણા લાંબા સમય પહેલાં દીનના એક નિખાલસ ખિદમત ગુઝાર સેવકે અહીંયા પોતાની રૂહાનિયતનો એક છોડ રોપ્યો હતો તે આજે જવાન થઈ ગયો છે અને એની બરકતોથી આખી દુનિયા ફાયદો મેળવી રહી છે. બસ ફક્ત આપ જોઈ લે જો કે મુરઝાઈ ગએલા ઈસ્લામને દીનના સેવકોએ કેવો ખિલાવી દીધો છે."

હું પોતે પણ ઘણા દિવસથી એમ ઈચ્છતો હતો કે મોકો મળે તો કોઈ દિવસ તબ્લીગી જમાઅતના કારોબારને બિલ્કુલ નજીકથી નિહાળી લેવો, આજે ''મોં માંગી મુરાદ'' સમજીને એમની સાથે હું ચાલવા માંડયો.

મુખ્ય દરવાજામાંથી અંદર દાખલ થતાં એક મોટા મકાનમાં આઘેડ ઉંમરના કેટલાક માણસો પારએ અમ્મ (૩૦ મો સીપારો) પઢી રહ્યા હતા, એમના વિષે સમજાવતાં મને પેલા બંને જણે કહેવા માંડયું કે :–

આ લોકો મેવાત ઈલાકાના નવમુસ્લિમ છે. જો કે એમના બાપદાદા પણ મુસ્લિમો જ હતા, તેમ છતાં આ લોકો પણ પોતાને મુસ્લિમો કહેવડાવતા હતા પરંતુ એઓ કુફ્રિયા શિર્કિયા રસ્મો રિવાજમાં એટલા બધા ડૂબેલા હતા કે એમને ઈસ્લામ સાથે દૂરનો પણ સંબંધ ન હતો. તબ્લીગી જમાઅતના પાક દિલ માર્ગદર્શકોનાં અમલી કાર્યો અને લગાતાર પ્રયત્નોના પ્રતાપે એમનો જૂનો પૂરાનો મઝહબ છોડીને હકીકી ઈસ્લામથી સરફરાઝ (પાવન) થયા છે. હવે આ લોકો રાત દિવસ અહીં જ રહીને દીન શીખે છે. જ્યારે બરાબર પારંગત થઈ જશે ત્યારે એ લોકો પોતે જ પોતાનો વિસ્તાર (ડિસ્ટ્રીકટ) સંભાળી લેશે.

પાછળથી મને એમ જાણવા મળ્યું કે એ લોકો તો વર્ષોથી અહીં રહીને પારએ અમ્મ પઢી રહયા છે અને તબ્લીગી જમાઅતવાળાઓએ એમને પોતાની તબ્લીગી દુકાનમાં નમૂનાના માલની જેમ સજાવી રાખી મૂકયા છે અને બહારથી આવનાર વ્યકિતને સૌ પ્રથમ એ જ માલ બતાવવામાં આવે છે જેથી આવનારના દિમાગમાં પહેલું જ ઓપરેશન અસરકારક થઈ પડે. થોડીવાર પછી એક ઓરડાની સામે લઈ જઈને અટકી ગયા અને ઓરડામાં બેઠેલી વ્યક્તિઓની ઓળખાણ કરાવતાં એ લોકોએ મને કહ્યું કે :–

આ લોકો તબ્લીગી જમાઅતના ખાસ રોશન દિમાગ અને વિશાળ અનુભવી આલિમો છે. દિમાગની પાકીઝગીની આવડત માટે એ લોકો ખૂબ પારંગત છે. ખયાલો (માન્યતાઓ) ના પ્રવાહને બદલીને દીનના તરફ લગાડી દેવો એ તો એમનો નિત્યક્રમ થઈ ગયો છે. આપ એમની પાસે થોડીવાર બેસો કેમ કે ખયાલોના સંતોષ માટે એમની સોહબત



અકસીર છે. આટલું કહી તે બંને જણ બહાર જતા રહ્યા. બલ્કે ફરીથી પોતાના શિકાર કરવાના સ્થાન ઉપર જઈને ઊભા રહયા.

એમના ચાલ્યા ગયા પછીથી પેલા તબ્લીગી મૌલ્વીઓએ મને ખૂબ માન પાન સાથે એમની પાસે બેસાડયો, એમને એ ખબર ન હતી કે મને તો રસ્તામાંથી જ ઊંચકી લેવામાં આવ્યો છે બલ્કે એ (મૌલ્વીઓ) તો એમ જ સમજી બેઠા હતા કે હું ખાસ ઈચ્છાપૂર્વક જ મારા વતનથી એમની પાસે આવી પહોંચ્યો છું.

હું અહીં શા માટે આવ્યો છું એ જાણવા માટે એ લોકોએ મને ખૂબ આગ્રહ કરી જોયો. પણ તે જ ક્ષણે મને એ ખ્યાલ આવ્યો કે જો તબ્લીગી જમાઅતની અંદરનો માહોલ જાણવો હોય તો આ જ સોનેરી તક હાથ લાગી છે એને શા માટે જતી કરી દઉં? અને તેથી મેં કહ્યું કે હું જમશેદપુરથી આવ્યો છું. ત્યાંની તબ્લીગી જમાઅત વિષે એક ખાસ જરૂરી વાત ''હઝરતજી'' સાથે કરવી છે. આ સમયે હઝરતજીના હોદ્દા પર મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહબ બિરાજમાન હતા. જમશેદપુરની તબ્લીગી જમાઅત વિષે મારે શું કહેવું છે એ જાણવા મૌલ્વીઓએ ખૂબ પ્રયત્નો કર્યા પણ દરેક વખત મેં એ જ જવાબ દીધો કે એ વાતચીત તો મારે હઝરતજીની સાથે જ કરવી છે અને તેમને જ કહીશ.

જ્યારે એ લોકો મારા તરફથી નિરાશ થઈ ગયા , ત્યારે મને કહ્યું કે, હઝરતજી તો તબ્લીગ માટે શહેરમાં ગયા છે અને તબ્લીગી કાર્યવાહીથી પરવારીને મોડી રાતે પાછા ફરશે. માટે એમની મુલાકાત તો ફજરની નમાઝ પછી જ થઈ શકશે. આ સાંભળી હું ખામોશ થઈ ગયો અને થોડીવાર પછીથી મોકો જોઈને ચૂપકીદીથી દરગાહ શરીફમાં ચાલી નીકળ્યો. અલ્લાહપાકનો શુક્ર છે કે એ આખી રાત દરગાહ શરીફની ચોખટ પર પસાર થઈ ગઈ. સવારની નમાઝ પઢીને પાર્લામેન્ટ હાઉસ તરફ જવા માટે જેવો હું દરગાહ શરીફમાંથી નીકળ્યો તેવા જ પેલા બે ''શિકારી'' મને સામા મળ્યા. અને થોડે દૂરથી જ મને આવાજ દીધો (બોલાવ્યો), જ્યારે હું એમની પાસે પહોંચ્યો તો એ બંનેએ મને ખુશખબરીના અંદાઝમાં જણાવ્યું કે :–

‘‘મૌલ્વી સાહેબ ! તમો ક્યાં જતા રહ્યા હતા ? હઝરતજી સવારના તમને શોધી રહ્યા છે. ચાલો ચાલો, જલ્દી ચાલો.’’

જેવો હું એમની સાથે અંદર દાખલ થયો કે પહેલા દિવસવાળા પેલા મૌલ્વી લોકોની મુલાકાત થઈ. એમણે કહ્યું કે મૌલ્વી સાહેબ ! તમે કાલે સાંજના ચૂપકીદીથી ક્યાં જતા રહ્યા હતા ? અમે લોકો તો તમને શોધી શોધીને પરેશાન થઈ ગયા. મેં જવાબ દીધો કે દરગાહ શરીફમાં ગયો હતો અને ત્યાં જ રાત પણ પસાર કરી. આ સાંભળતાં એમાંના એક મૌલ્વી સાહેબને મારી વાત નાપસંદ પડી હોય એવા પોતાના ચહેરા પર ચિહ્નો જાહેર કરીને બોલ્યા, ‘‘તમે આખી રાત એ બિદઅતખાનામાં શું કરતા રહ્યા ?! શું જમાઅતમાં તમે હમણાં નવા જ દાખલ થયા છો ? આવવા જવામાં ઓછામાં ઓછુ અમને તો પૂછવું હતું ? આ તો દિલ્હી છે. અહીં તો એકથી એક તમાશો હોય છે પણ દીનના માર્ગે નીકળવાવાળા તમાશામાં જવા માટે થોડા આવતા હોય છે ? અહીં આવ્યા પછીથી પણ જાઈઝ અને નાજાઈઝ કામોના તફાવતને સલામત રાખવામાં ન આવે તો અહીં આવવું શું કામનું ? ’’

વાતને ટાળી દેતાં મેં કહ્યું કે; ‘‘આમ જ, જરા જોવા જતો રહ્યો હતો. કેમ કે જોઉં તો ખરો કે ત્યાં શું શું થાય છે ? બાકી બસ ખૈરિયત છે.’’ મારી વાત સાંભળી એક સાહેબ મોં બગાડતાં બોલ્યા, ‘‘ખૈર, એમ જ હોય તો કંઈ વાંધો નથી.’’ પછીથી તે લોકો મને હઝરતજીના દિવાનખાનામાં લઈ ગયા.

એ વખતે હઝરતજી પોતાની ફૌજના કમાન્ડરોને કેક (એક પ્રકારની બિસ્કીટ) વહેંચી રહ્યા હતાં. મને જોતાં જ પૂછયું, આ કોણ સાહેબ છે ? ક્યાંથી આવે છે ? પ્રશ્નના ઉત્તરમાં મૌલ્વી સાહેબે માથું નમાવીને કહ્યું કે :–

‘‘હઝરત ! આ મૌલ્વી સાહબ જમશેદપુરથી આવ્યા છે. ત્યાંની તબ્લીગી જમાઅત સંબંધે આપ હુઝૂર સમક્ષ જરૂરી વાતો કરવા માંગે છે.’’ પછી મારા તરફ ઈશારો કરીને કહ્યું, ‘‘કહો, આપને શું કહેવું છે ? જમશેદપુરની તબ્લીગી જમાઅતની કાર્યવાહી રજૂ કરતાં મેં કહ્યું કે, ત્યાં



આરંભમાં તો તબ્લીગી જમાઅતની સારી અસર થઈ ગઈ હતી. તથા તબ્લીગની કાર્યવાહીથી લોકો ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. અને જમાઅત વિષે સારા એવા ખયાલો ધરાવતા હતા. પણ જ્યારથી કેટલાક લોકો (તબ્લીગી કાર્યકર્તાઓએ) એ મીલાદ, કયામ, ફાતેહા તથા ઈલ્મે ગૈબ જેવા મતભેદી મસ્લાઓ અંગે પોતાના અકીદાઓ જાહેર કરી દીધા છે ત્યારથી  ઘણા લોકો અલગ થઈ ગયા છે. પરિણામે ઘણી ખરી મસ્જિદોમાં તબ્લીગનું કામકાજ બંધ થઈ ગયું છે. હજુ હું આટલું જ બોલી ચૂક્યો હતો ત્યાં તો હઝરતજીના ચેહરાનો રંગ બદલાઈ ગયો. તેઓ લાલ પીળા થઈ ગુસ્સાના આવેશમાં આવી પોતાની જાંઘ પર હાથ પછાડી જોરથી બૂમ પાડી ઉઠયા; અને પોતાની સમક્ષ મને તબ્લીગનો બિન અનુભવી કારકુન સમજીને ઠપકો આપવા માંડયાં કે, ‘‘જ્યારે લોકો તબ્લીગ કરવાનો તરીકો નથી જાણતા તો પછી એમને કોણ કહે છે કે તેઓ તબ્લીગ કરે ! મને અહિંયાં તબ્લીગનું કામ કરતાં વીસ વર્ષ થયાં છે. આજ સુધી મેં કોઈને પણ મીલાદ, કયામ, ફાતેહા વિગેરે છોડી દેવાનું કહ્યું નથી. જો કે લોકો લગભગ જાણે જ છે કે મારા અકીદા પણ તે જ છે કે જે દેવબંદી આલિમોના છે, હા, મેં સારી રીતે અનુભવ કરી લીધો છે કે આવી બાબતોથી સીધી રીતે લોકોને રોકવા કરતાં પ્રથમ તો લોકોના માનસને બદલવાની જરૂર હોય છે. તબ્લીગમાં ફરવું તથા કેન્દ્રમાં રહીને ચિલ્લા કસી કરવાનો મુખ્ય હેતુ પણ એ જ છે કે લોકોને આપણા આલિમોની સોહબતમાં ઉઠવા બેસવાના મૌકા આપવામાં આવે. અહીંના વાતાવરણમાં ભળી જવા પછીથી લોકો આપમેળે જ એવી બધી બાબતોને સમજી લે છે અને છોડી દે છે અને પોતાના ખયાલાત અકીદાઓમાં એટલા બધા ચુસ્ત બની જાય છે કે બીજાઓને સીધા રસ્તા પર લાવવાનું કામ પણ પોતે જ કરતા થઈ જાય છે.

હઝરતજીએ મારા તરફ જોઈને કહ્યું, ‘‘મૌલાના સાહબ ! તમો સારી પેઠે જાણી લો કે આ દેશમાં આપણે લઘુમતીમાં છીએ, જ્યારે બિદઅતીઓની સંખ્યા ઘણી વધારે છે. આ સંજોગોમાં આપણા મઝહબને ફેલાવવા માટે આપણી પાસે આ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી કે

આપણે એ લોકોની સાથે થોડી ધોકાબાજીથી કામ લઈએ. છેવટે તો ધોકાબાજી પણ એક ચીજ છે. કુફ્ર શિર્કથી બચાવવા માટે ધોકાબાજી અપનાવીશું તો એ કોઈ ગુનાહનું કામ નથી. બાકી સચ્ચાઈના આવેશમાં આવીને આપણે જો ''તકવિયતુલ ઈમાન'' અને ''બહિશ્તી ઝેવર''ના અકાઈદ ખુલ્લી રીતે કહી દઈશું તો પરિણામ એ આવશે કે લોકો આપણને મસ્જિદોમાં દાખલ પણ થવા દેશે નહીં.

એટલા માટે હું તમામ તબ્લીગી કારકુનોને સખત સૂચના કરું છું કે તેઓ બિદઅતી સાથે ધોકાબાજીથી કામ લે. અને સંજોગો એવા હોય તો મીલાદ, કયામ પણ અદા કરી લે. તથા જરૂર જણાય તો આપણા આલિમોને ભલા બુરા પણ કહી નાંખે....હર હાલમાં તેમની સાથે લાગેલા રહો. તેમને આપણી સાથે જમાઅતોમાં ફેરવો, ક્યારેક તો એમનામાંથી અમુક લોકો જુદા થઈને આપણામાં આવી લાગશે. જુઓ, મૌલ્વી સાહેબ ! અહીં મને તબ્લીગનું કામ કરતાં કરતાં વીસ વર્ષ થયાં છે. મતભેદવાળા મસઅલા બતાવવા તો મોટી વાત છે, મેં એની ગંધ સુધ્ધાં પણ કોઈને આવવા દીધી નથી.

ફક્ત અહીં તબ્લીગી ગશ્ત, લગાતાર ચિલ્લાકસી અને જલ્સાઓ કરીને મેં આપણા બુઝુર્ગોની અકીદત લોકોના દિલોમાં બેસાડી દીધી છે. કોઈને દેવબંદ લઈ જઈને હઝરત શૈખુલ ઈસ્લામના મુરીદ બનાવી દીધા તો વળી કોઈને હઝરત શૈખુલ હદીષ મૌલાના મુહમ્મદ ઝકરિયા સાહબના મુરીદ બનાવી દીધા. જેને જેવો જોયો તેવો તેની સાથે વર્તાવ કરી લીધો.

આજે તમે જે રાત દિવસ તબ્લીગી કામમાં લાગેલા હજારો માણસોને જોઈ રહ્યા છો એમાંના ઘણા ખરા તો કટ્ટર બિદઅતી અને કબ્ર પરસ્ત હતા. પરંતુ આપણા આલિમો પ્રત્યેની અકીદતની અસરથી આપમેળે જ તેઓનાં માનસ બદલાઈ ગયાં. એટલે સુધી કે જે શિર્કિયા આદતોને તેઓ કહેવા સમજાવવાથી પણ છોડવા તૈયાર ન હતા તે કહ્યા સમજાવ્યા વિના પોતે છોડી દીધી છે. તબ્લીગી જમાઅતે આ રાઝ સમજી લીધો છે કે જેની અકીદત જે ઈન્સાનના દિલમાં પ્રવેશી જાય છે તેનો ધર્મ પણ તે ઈન્સાન સ્વીકારી લે છે.



હઝરતજી પોતાનું બોલવું બંધ કરી ખામોશ થઈ ગયા ત્યારે મેં કહ્યું કે તમારી આ બધી શિખામણોને જો તમો કિતાબીરૂપમાં પ્રગટ કરી દો તો લોકો સુધી તમારો આ સંદેશ પહોંચાડવામાં ઘણી સહુલત થઈ પડે. મારી આ વાત સાંભળી હઝરતજીએ ચેહરાનો રંગ બદલીને કહ્યું કે ફરી તમે ખોટો સવાલ ઉભો કર્યો ! જાણી લો કે અમારે ત્યાં સઘળું કામ કાજ ઝબાનથી જ કરવામાં આવે છે. કલમનો ઉપયોગ કરવામાં આવતો નથી. ફકત કારકુનો અને તબ્લીગી વિદ્યાર્થીઓના પત્રોના ઉત્તરો જ લેખિત રીતે અપાય છે. તબ્લીગી જમાઅતની કાર્યવાહી કેટલી પ્રસરી રહેલી છે તે જણાવવાની જરૂર નથી. તેમ તમને લખવા કે વાંચવા માટે એક રજિસ્ટર્ડ પણ અહીં જોવા મળશે નહીં.''

આટલું બોલીને હઝરતજી બીજી તરફ ફરી ગયા અને હું બહાર નીકળી ગયો.

## ★ એક દર્દનાક ચોટ ★

અહીં સુધી તો હું મારા અંતરને શાંત રાખીને બેસી રહ્યો કાશ ! તે વેળા મારી પાસે ટેપરેકોર્ડર હોત તો તેમાં હઝરતજીની આ બધી અવાજને કેદ કરી દેતો. પરિણામે તબ્લીગી જમાઅતની ઓળખ કરાવવા માટે મારે આજે આ આખી કિતાબ લખવાની જરૂરત ઊભી ન થાત. અને એ બે ઈંચની પટ્ટી (ટેપરેકોર્ડર) આખી દુનિયાને આ મોટામાં મોટા ધોકાબાઝ મર્કઝથી સાવધાન કરી આપવામાં સહાયરૂપ થાત.

હઝરતજીના બોલેલા શબ્દો વાક્યો માટે અલ્લાહ પાક સિવાય મારી પાસે બીજો કોઈ સાક્ષી નથી. હા, ફરિશ્તાઓએ કરેલી નોંધ જરૂર છે. પણ અફસોસ છે કે એ નોંધ તે મેદાનમાં જ ખોલાશે કે જ્યાં તબ્લીગી જમાઅતનું પરિણામ જાણવા કોઈ પણ પ્રકારની દલીલની જરૂરિયાત બાકી રહેશે નહીં.

જે લોકો મારી પોતાની લખેલી આ આપવીતી પર ભરોસો કરી શકે તેઓને હું વિનંતી કરું છું કે તબ્લીગી જમાઅતની સાચી તાબીર જાણવા માટે તમો પોતે જોડણી કોશમાંથી યોગ્ય શબ્દ શોધી કાઢજો. બાકી ખૂબ

શોધ અને વિચાર કર્યા પછી પણ મને તો હજુ સુધી એવો કોઈ શબ્દ મળ્યો નથી કે જેમાં ‘‘માર્ગદર્શક’’ અને ‘‘લૂંટારુ’’ એમ બંને ભાવાર્થ સમાયેલા હોય.

હવે તે લોકો રહ્યા કે જેઓ મારા આ લખાણને વાંચીને એક જ અવાજે બોલી ઊઠશે કે આ બધું તો સોએ સો ટકા ખોટું છે, નખશીખ જૂઠાણું છે, તદ્દન પાયા વગરનું છે. તો એ લોકોને હું વિનંતી કરું છું કે મારા આ લખાણમાંની કોઈ પણ વિગત પર વિ□ાસ કરવા માટે દાર્શનિક સાક્ષી સિવાય અહીં સુધી જેટલાં સાધનો મારાથી જણાવી શકાયાં છે તે બધાને આપના હૃદયને વિ□ાસ અપાવવા ઉપયોગમાં લે જો. હું વચન આપું છું કે એની સત્યતા માટે કોઈ પણ કસોટીનો સામનો કરવા માટે હું હમેશાં તૈયાર જ છું.

મર્કઝે નિઝામુદ્દીન (તબ્લીગી જમાઅતનું કેન્દ્ર)થી પાછા ફર્યા બાદ હઝરતજીની શિખામણોના વિરોધ કરવા માટેના વિચારોની મનોમન મારા મગજ પર એટલી બધી અસર થઈ ગઈ કે કેટલાય દિવસો સુધી મારી હાલત બેહોશી જેવી રહી. હું વારંવાર વિચારતો રહ્યો કે અહલે સુન્નતના મઝહબનું હવે પછી શું થશે ? ઝબાન કલમ ઈલ્મ કે દલીલોથી લડાઈ કરવાની હોય તો મેદાન જીતી શકાય. પણ મકરો ફરેબ ધોકા બાજીના આ હથિયારોના આપણી પાસે શા જવાબો છે ? આપણો દીની મિજાઝ તો આ વર્તાવને એક ક્ષણ માટે પણ સાંખી શક્તો નથી કે ધોકાબાજીનો માર્ગ અપનાવી બીજાઓને આપણા મઝહબી સાથીદાર બનાવી દઈએ અથવા તો ઈસ્લામની તબ્લીગ માટે કુફ્રનો ધંધો પણ સ્વીકારી લઈએ. અને તેથી જ તો તે જ સમયથી આ પ્રશ્ન મારા દિલમાં એક દુઃખદાયક કાંટો બની ચૂક્યો છે કે ભોળા મુસલમાનોને આ લોકોની ધોકાબાજીની જાળથી કઈ રીતે બચાવી શકાય ! જો કે શિકારીઓને એમના ધંધામાંથી હું પોતે તો રોકી શકતો ન હતો જેથી હવે મારા કાબૂની વાત તો ફક્ત એ જ રહી હતી કે બીજાું તો કાંઈ નહીં પણ બૂમ બરાડા પાડીને મુસલમાનોને ખબરદાર કરી દઉં કે તેઓ તબ્લીગી જમાઅતની ફરેબી જાળથી પોતે પોતાને બચાવી લે આપણા ભાઈઓનાં દીન ઈમાનની સલામતી માટે



મારી રૂહ તો બેચેન હતી અને છે જ કેમ કે **ચોરને દિવાલમાં કાણું પાડતો જોઈને બૂમો પાડવામાં ન આવે તો એ ઈન્સાનિયત સાથે યુદ્ધ કરવા સમાન છે.**

## ★ ત્રીજો બનાવ ★

ત્રિચીનાપલ્લી (મદ્રાસ)ના મિત્રોએ આપેલા આમંત્રણ પર મેં ઈ.સ. ૧૯૬૯માં દક્ષિણ ભારતની સફર કરી. પાછા ફરતાં એક દિવસ માટે હૈદ્રાબાદ રોકાવાનો પ્રોગ્રામ હતો તેથી બંગલોર થઈ સિકંદરામેલમાં હું પાછો ફર્યો. કમનસીબે તે સમયે તેલંગાનાની ચળવળ ખૂબ જ જોર પર હતી. રાજ્યના મોટા ભાગમાં દેખાવકારોએ આગ સળગાવી દીધી હતી. શહેરી જીવનનો બધો બંદોબસ્ત અસ્ત વ્યસ્ત થઈ ગયો હતો. રાતના સમયે મારી ટ્રેઈન દેખાવકારોના ખાસ કેન્દ્ર સમા પ્રદેશમાં થઈને પસાર થઈ રહી હતી. એકાએક એક જ આંચકા સાથે ઓચિંતી ટ્રેઈન રોકાઈ ગઈ અંદરના બધા મુસાફરો ચોંકીને ઊઠી પડયા. તપાસ કરતાં માલૂમ પડયું કે, આગળ રેલ્વેના પાટા ઉખાડી નાખવામાં આવ્યા છે લગભગ ૧૮ કલાક સુધી લાઈનના સમારકામ અંગે અમારે ત્યાં જ રોકાવું પડયું.

સવારના સમયે (નીચે ઉતરીને હું એક વૃક્ષના છાંયડામાં બેઠો હતો. તેવામાં આધેડ ઉંમરનો મૌલ્વી જેવો જણાતો એક માણસ મારા તરફ આવતો જણાયો એમની સાથે એક નાની ઉંમરનો નવજવાન પણ હતો. તે મારી પાસે આવીને બેસી ગયા અને મારા વિષે એઓ જાણવા માંગતા હતા કે, હું ક્યાંથી આવી રહ્યો છું અને ક્યાં જવા ઈચ્છું છું. વાતચીત દરમિયાન મેં એમની ઓળખાણ માંગી તો તેમણે જણાવ્યું કે, તેઓ પોતે તબ્લીગી જમાઅત, હૈદ્રાબાદના અમીર છે. કેરાલા એક ઈજતેમાઅમાં ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા હતા અને સાથેનો નવજુવાન એક ધનાઢય કુટુંબનો બાળક છે જે હમણાં જ તબ્લીગી જમાઅતમાં દાખલ થયો છે. એમ તેઓએ જણાવ્યું.

હવે એમની સાથે વાતચીતમાં રસ લેતાં હું શાંતિથી બેઠો. તેઓ તબ્લીગી જમાઅતની વાતો કહી રહ્યા હતા અને હું તે સાંભળી રહ્યો હતા.

તબ્લીગી જમાઅત સંબંધી મારા વિચારોથી તે અજાણ હતા અને તેથી તેઓ વિના સંકોચે બોલતા હતા. આ વાતચીતમાં તેમણે હૈદ્રાબાદની તબ્લીગી જમાઅતની કાર્યવાહી પણ કહી દીધી. જ્યારે તેઓ કહી રહ્યા ત્યારે મેં તેમને સવાલ કર્યો :–

"હૈદ્રાબાદ તો દરગાહો, ખાનકાહો અને મઝારોનો ગઢ હતો ત્યાં તબ્લીગી જમાઅતને પગ પસારો કરવાનો મોકો કઈ રીતે મળ્યો ?

આ સવાલથી તેઓ એટલા બધા ખુશ થઈ ગયા કે જાણે તેમનાં સુંદર કાર્યો અને તેમની હોશિયારીથી હું પ્રભાવિત ગઈ ગયો છું એવું માની બેઠા. ત્યાર પછી એ જ ખુશીના આવેશમાં તેમણે કહ્યું કે, "એમાં કોઈ શક નથી કે હૈદ્રાબાદ જૂના વખતથી બિદઅતીઓનું મોટું કેન્દ્ર (ધામ) હતું, ડગલે ને પગલે કુફ્ર શિર્કના બેશુમાર અડ્ડાઓ હતા. ત્યાંની ૯૦ ટકા મુસલમાન વસ્તી બિદઅતીયા અને શિર્કિયા રિવાજોને ઈસ્લામ સમજતી હતી. પરિણામે ઘણી હોશિયારી અને ચાલાકીથી અમારે આ મામલામાંથી પસાર થવું પડયું.

ઉર્સ ફાતેહાનો વિરોધ કરવાને બદલે અમે એવી રીત અજમાવી કે જ્યાં પણ કોઈ ઉર્સ કે મેળો હોય ત્યાં અમારું તબ્લીગી ટોળું લઈ પહોંચી જતા અને લોકોને કલ્મા અને નમાઝની તબ્લીગ કરતા. જેઓ ઉર્સમાં ભાગ લેતા હતા તેમનામાંથી અમુક લોકોને ખૂબ જ કાલાવાલા (આગ્રહ) કરીને અમારી સાથે ગશ્તમાં રાખતા હતા. આમ કરવાથી અમને બે ફાયદાઓ થયા : પહેલો ફાયદો એ થયો કે, એક અજાણ ટોળામાં અમારો અવાજ પહોંચ્યો અને બીજો સૌથી મોટો ફાયદો એ થયો કે, જ્યારે કોઈ વખત બિદઅતી મૌલ્વીઓ પોતાના માણસોને અમારા તરફથી મુખ ફેરવવા માટે એમ કહે કે, "એ લોકો ખરાબ અકીદાવાળા અને ઉર્સ ફાતેહાના વિરોધીઓ છે." તો જવાબમાં તેમના જ માણસોએ કહેવા માંડયું કે એ લોકો જો ઉર્સ ફાતેહાના વિરોધી હોત તો ફલાણા ફલાણા ઉર્સમાં કેમ જોવામાં આવતા હતા ?

પોતાનાં કાર્યોની વિગતો જણાવતાં તેમણે કહ્યું કે, **અમને અમારા આ કાર્યમાં એવા કેટલાક ગાદીનશીન પીરોથી પણ ઘણી મદદ**



**મળી કે જેઓ બરેલ્વીઓની જેમ પોતાના રસ્તા (તરીકા) પર ચુસ્ત નથી !** અમે તેમની ખાનકાહોમાં હાજરી આપી. અને અકીદતમંદની જેમ તેમના હાથ ચૂમ્યા. અને તેઓને અમારા ઈજતેમાઅમાં ભાગ લેવા આમંત્રણો આપ્યાં. ઘણા વખતની આવ જા પછી જ્યારે તેઓ આવવા માટે તૈયાર થયા ત્યારે તેમને માન મર્તબા સાથે અમે અમારા ઈજતેમાઅમાં લઈ આવ્યા. જે મુરીદો તેમની સાથે આવ્યા હતા તેમણે પોતાના પીર સાથેનો અમારો ન્યાઝમંદાના વર્તાવ જોયો તેનાથી તેઓ અમારી સાથે ખૂબ જ ભળી ગયા. અને તે પણ એટલી હદ સુધી કે પોતાના પીરભાઈઓ અને દોસ્તોમાં અમારી સારી અકીદતમંદીના પ્રચારક બની ગયા !

આ પ્રમાણે અમે ધીરે ધીરે કોઈ પણ પ્રકારની ફિકર ચિંતા વગર ત્યાંના અજાણ વિસ્તારમાં દાખલ થતા ગયા. આજે એ વિસ્તારમાંની ઘણી મોટી સંખ્યા તબ્લીગી જમાઅતને ફક્ત માનનારી નથી પરંતુ એમના માનસને અમે એટલી હદ સુધી બદલી નાંખ્યું છે કે, હવે જો **એમના પીર સાહેબો અમારી સાથેના સંબંધો તોડવા માટે એમને કહે તો તેઓ પોતાના એ પીર સાહેબો સાથેના સંબંધ તોડી શકે છે પણ જમાઅત વિરૂદ્ધ કંઈ પણ સાંભળવાનું સાંખી શક્શે નહીં.**

પછી તેમણે પોતાનો બોલવાનો ઢંગ બદલી વિજયી અંદાજે કહેવા માંડયું કે, "મૌલાના ! અલ્લાહનો શુક્ર છે કે, તબ્લીગી જમાઅતની આ ખામોશ દોડધામથી હવે ત્યાં કુફ્રો શિર્કનાં કેન્દ્રોની ધૂમધામ બાકી રહી નથી. મીલાદ, ફાતેહા અને બિદઅતી રોનક પણ દિવસે દિવસે મંદ પડી રહી છે. જો અમારો આ જેહાદી જઝબો આજ પ્રમાણે રહેશે તો તે દિવસો દૂર નથી કે જ્યારે **આ મઝારો ઉપર માખીઓ બણબણશે અને અમે બુતખાનાની વેરાની જોઈને શુક્રાનાની નમાઝ અદા કરીશું."**

વાતચીતના આ અંત ભાગમાં મારી ધીરજનો પણ અંત આવી ગયો. મેં ગુસ્સાના આવેશમાં આવી તેમને કહ્યું કે, "તમારી કાર્યવાહીની હકીકત સાંભળ્યા પછી મને તો અમે લાગે છે કે, આ દુનિયામાં દજ્જાલી ફરેબની આખરી (છેલ્લી) તઅલીમગાહનું નામ તબ્લીગી જમાઅત છે.

આ દુનિયા પોતાની ઉમ્રના આખરી ભાગમાંથી પસાર થઈ રહી છે. બનવા જોગ છે કે દજ્જાલનો તંબુ કુદરતી રીતે તમારા લોકોના હાથે જ તૈયાર કરાવવામાં આવતો હોય. (આવી રહ્યો હોય)'' આ જવાબથી તેઓ ગભરાઈ ગયા. અને ઊભા થતા કહેવા લાગ્યા કે, ''હું તમને મારામાંનો સમજી રહ્યો હતો અને એ હિસાબે ધોકો (ગફલત) ખાઈ ગયો.''

## ★ કલમરૂપી તલવાર ઉઠાવવાનો ઈરાદો ★

તબ્લીગી જમાઅતથી માનસિક રીતે બેચેન તો હતો જ તેમાં વળી આ હકીકતે મારી ધાર્મિક લાગણીઓને છંછેડી જેથી તેજ વખતે મેં નિર્ણય કરી લીધો કે આ જમાઅત અંગે મારે કિતાબ લખી પ્રગટ કરી દેવી. પરિણામે જમશેદપુર પહોંચી મેં પહેલું કામ એ કર્યું કે આ વિષય સંબંધી જેટલી પણ માહિતી આમ તેમ પડી હતી તેને એકત્ર કરી. શરૂઆતમાં વિષયનો જે નકશો મગજમાં હતો તે સો પેઈજથી વધારે ન હતો. પરંતુ એક પછી એક ગોઠવણીનું કામ શરૂ કર્યા પછી આશરે ૨૫૦ પેઈજની કિતાબ તમારા હાથોમાં મૂકી છે.

કામોની ભીડ, કેટલાંક વિધ્ન તેમજ દિમાગ પર ખૂબ જ વજનને કારણે ભાગ્યે જ આ કિતાબ આટલી જલ્દી લોકો સમક્ષ હાજર થઈ શકી હોત. પરંતુ કિતાબના શરૂઆતના હિસ્સા મેં મારા વડીલો અને મિત્રોમાં જે કોઈને પણ સંભળાવ્યા તેમણે સૌએ એ ભાગોને ખૂબ જ પસંદ કર્યા અને જેમ બને તેમ જલ્દીથી આ કિતાબને પૂરી કરી લોકો આગળ રજૂ કરવા માટેના આગ્રહો કર્યા.

ખાસ કરીને સૈયદી હુઝૂર બુરહાનુલ મિલ્લત સરકારે જબલપુર દામત બરકતોહુમ, હઝરત સૈયદુલ ઉલ્મા (પ્રેસિડન્ટ ઓલ ઈન્ડિયા સુન્ની જમીયતુલ ઉલ્મા, મુંબઈ) હઝરત ઉસ્તાદુલ ઉલ્મા, શેખુલ હદીષ અશરફિયહ્, મુબારકપુર, હઝરત સુલ્તાનુલ મુતકલ્લેમીન મુફતીએ આઝમ કાનપુર, હઝરત મુજાહિદે મિલ્લત રઈસે આઝમ ઓરિસ્સા, હઝરત અલ્લામા શાહ અબ્દુલ મુસ્તફા સાહબ આઝમી, હઝરત મૌલાના સૈયદ શાહ અબ્દુલહક્ક સાહબ ચિશ્તી, હઝરત મૌલાના સૈયદ



મુઝફફરહુસેન સાહબ કછોછવી, હઝરત મૌલાના મુશ્તાક અહમદ નિઝામી સાહબ, હઝરત મૌલાના અબુલવફા સાહબ ફસીહી, હઝરત મૌલાના શાહ ગુલામ આસી સાહબ અબુલ ઉલાઈ, હઝરત મૌલાના મુફતી અબ્દુલ મન્નાન સાહબ આઝમી હઝરત મૌલાના ઈસરારુલ્ હક્ક સાહબ, હઝરત મૌલાના મુફતી શરીફુલ હક્ક સાહબ અમજદી, હઝરત મૌલના અનીસ આલમ સાહબ કાદરી અને એક સાહબે ખૈરના નિખાલસ આગ્રહો આ કિતાબને પૂરી કરવામાં સારામાં સારી રીતે સહાયરૂપ સાબિત થયા છે,

આ કિતાબની છપાઈ અંગે હું મારા મદ્રસાના વ્યવસ્થાપક સેક્રેટરી જનાબ અહમદ બક્ષ સાહબ અને નાયબ મોહતમિમ મૌલાના ઈરફાન સાહબના માટે દિલથી દુઆગીર છું. આ બંને હઝરત સાહેબોને કારણે મને આ કિતાબની વ્યવસ્થા કરવામાં ફુરસદની ઘડીઓ પ્રાપ્ત થઈ.

હુ ંમારા આ વિષય પર કિતાબના ફાયદાઓ અંગે કહી શકતો નથી કેમ કે એ તો વાંચકોનો અધિકાર છે. અલબત્ત, એટલું જરૂર કહીશ કે કિતાબના અભ્યાસથી આપના પર પડેલી છાપ તેમજ અભિપ્રાય દર્શાવી આભારી કરશો. આપની દુઆઓ અમારા કાર્યની સાથે રહેશે તો ''ઝલ્ઝલા''નામની એક મહાન ક્રાન્તિકારી કિતાબ પ્રગટ થવાની આશા છે.

*(નાચીઝ)* **અર્શદુલ કાદરી**

*મક્તબે જામે નૂર ફૈઝુલ ઉલૂમ, જમશેદપુર*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# એક સવાલ

જનાબ મોહતરમ અલ્લામા અર્શદુલ કાદરી સાહબ

તંત્રી : ''જામે નૂર'', કલકત્તા

**અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહૂ,**

ખાસ બેચેનીની હાલતમાં આપને એક તકલીફ આપી રહ્યો છું અને આશા રાખું છું કે દીની ખિદમતના સંબંધમાં આ તકલીફ આપના સ્વભાવની વિરૂદ્ધ નહીં હોય.

બસ્તી નિઝામુદ્દીન દિલ્હીની તબ્લીગી જમાઅત વિષે હું જાણવા ઈચ્છું છુ કે તે કેવા પ્રકારની જમાઅત છે ? એની તબ્લીગી પ્રવૃત્તિઓનો હેતુ શો છે ? જમાઅતની નિગેહબાની કરનારા લોકો કેવા ખયાલો તથા અકાઈદવાળા છે ? બીજું કે આ જમાઅત સાથે દીની ફાયદા થવાની આશા રાખી શકાય કે કેમ ?

મહેરબાની કરી આ વિષય પર સંતોષપૂર્વક અને સાફ સાફ દલીલો સાથે જવાબ આપી અમો ગુજરાતના મુસલમાનો પર એહસાન કરશો.

*આપનો મુખ્લિસ*

**કારી ઈસ્માઈલ ટંકારવી**

અમદાવાદ (ગુજરાત)



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْم

# અલ જવાબ

ઉપરોક્ત સવાલનો જવાબ જો કે ખૂબ જ સફાઈનો તલબગાર છે એટલા માટે હું મારા જવાબને ૮ (આઠ) વિભાગમાં વહેંચી રહ્યો છું કારણ કે જવાબનો દરેક ભાગ ખૂબ સારા અંદાઝથી થઈ શકે.

જવાબને શરૂ કરું તે પહેલાં હું મારા વાચક બંધુઓને જરૂર ભલામણ કરૂં છું કે તેઓ નિષ્પક્ષ રીતે મારા લખાણનો અભ્યાસ કરે. સંભવ છે કે તબ્લીગી જમાઅતના બારામાં પહેલેથી જ કોઈ ખયાલ (માન્યતા) ઘર કરી બેઠો હોય (તે સાથે) મારો આ જવાબ ટકરાઈ પણ જાય. તેમ છતાં અરજ કરું છું કે, આ તે જગા છે કે જ્યાં ઈન્સાફની કિંમત વધારે અંકાશે અને કોઈપણ વ્યક્તિને વિરોધાભાસી હાલતની પકડમાંથી પોતાની જાતને બચાવી લેવાનો મોકો મળી રહે છે. દુનિયામાં કોઈપણ માણસ એવો દાવો કરી શકતો નથી કે પોતાનો ઈલ્મ તથા દિમાગનો ફેંસલો બદલી શકવાને લાયક નથી. પરિણામે મેલું હૃદય કરીને કિતાબ મૂકી દેવાને બદલે એની પ્રત્યેક લીટી વાંચી જવી. એ સત્યતા તરફ પગલું મૂકવા સમાન ગણાશે.

હું મારા વાંચક બિરદારોને વિ□ાસ આપું છું કે મેં તબ્લીગી જમાઅત સંબંધમાં સત્યતાને જાહેર કરવામાં ઈન્સાફી ભાવાનાની પકડથી મારી કલમને જરા પણ આઝાદી આપી નથી. ખુદાએ કદીર આપણા બંનેને ઈન્સાફી દૃષ્ટિ અને સચ્ચાઈની કબૂલિયતની તૌફીક આપે.

[પ્રકરણ : ૧]

# તબ્લીગી જમાઅતનો શરૂઆતનો સમય અને એના સ્થાપકની ઓળખાણ

કોઈપણ જમાઅતના સાચા કરાર, હેતુઓ તથા તેની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા માટે એના સ્થાપકની સમજ (કાબેલિયત)થી વાકેફ થવું ખાસ જરૂરી છે. કારણ કે અમલી પરિણામોના એતબારથી **દરેક જમાઅતે પોતાના સ્થાપકની વિચારસરણીના તાબે રહેવું એ એક એવી કુદરતી ચીજ છે કે જેનો ઈન્કાર કરવાની જરા પણ ગુંજાઈશ નથી.**

ખૂદ દેવબંદી જમાઅતના શૈખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ સાહેબે પણ જમાઅતે ઈસ્લામી હિંદના અમીરના નામે પોતે લેખલા એક પત્રમાં સ્પષ્ટપણે એ જ હકીકતોનો સ્વીકાર કર્યો છે. એમણે જમાઅતે ઈસ્લામી માટે જે કસોટીની તજવીઝ ફર્માવી છે એ જ કસોટી તબ્લીગી જમાઅતને માટે પણ પસંદ કરવી પડશે.

મૌસૂફના શબ્દો નીચે પ્રમાણે હતા :–

**મોહતરમ ! જબ કોઈ તહરીક કિસી શખ્સકી તરફ મનસૂબ હોગી તો વો કિબ્લએ તવજ્જોહ્ હોગા ઔર ઉસ શખ્સ કે અકાઈદ વ અખ્લાક કા અસર મેમ્બરોં પર કતઈ તૌર પર પડેગા.** *(મક્તૂબાતે શૈખુલ ઈસ્લામ, જિ. ૨, પેજ–૩૭૭)*

**ભાવાર્થ** : (અય મોહતરમ !) જ્યારે કોઈ ચળવળ કોઈ વ્યક્તિના તરફ સંબંધ ધરાવતી હોય તો તે વ્યક્તિ ધ્યાન આપવાને લાયક હશે અને તેના અકાઈદ તથા અખ્લાકની અસર સભ્યો ઉપર જરૂર પડશે.



આ વાત મગજમાં આવ્યા પછી હવે તબ્લીગી જમાઅતના સ્થાપક અને એ ચળવળની શરૂઆત ખુલાસાવાર સાંભળો અને ખૂબ યાદ રાખજો કે સઘળી વાતો તબ્લીગી જમાઅતના સાહિત્ય ઉપરથી જ એકત્ર કરવામાં આવી છે.

## ★ એક સ્વપ્નની વાત ★

તબ્લીગી જમાઅતના માર્ગદર્શક મૌલ્વી મન્ઝૂર નોઅમાની પોતાની કિતાબ ''મલ્ફૂઝાતે મૌલાના ઈલ્યાસ''માં મૌલાના ઈલ્યાસના આ બયાનનું વર્ણન કરતાં એ હકીકત તરફ ધ્યાન દોરે છે :–

**''એક બાર ફર્માયા કે, ખ્વાબ નબુવ્વતકા છિયાલીસવાં હિસ્સા હૈ, બાઅ્ઝ લોગોંકો ખ્વાબમેં ઐસી તરક્કી હોતી હૈ કે રિયાજતો મુજાહિદહસે નહીં હોતી, ક્યૂં કે ખ્વાબમેં ઉલૂમે સહીહા ઈલ્કા હોતે હૈં, જો નબુવ્વતકા હિસ્સા હૈ, ફિર તરક્કી ક્યૂં ન હોગી ?** *(મલફૂઝાતે મૌલાના ઈલ્યાસ, પેજ–૫૧)*

**ભાવાર્થ** : એક વખત ફર્માવ્યું કે, સ્વપ્નુ નબુવ્વતનો ૪૬ મો ભાગ છે. અમુક લોકોની સ્વપ્નામાં એવી ઉન્નતિ થાય છે કે જે પરહેઝગારી અને નફ્સકુશીથી થતી નથી કેમ કે સ્વપ્નામાં સહી (સાચા) ઈલ્મની દેણ અલ્લાહ તરફથી થાય છે જે નબુવ્વતનો ભાગ છે પછી ઉન્નતિ કેમ ન થાય ?

આટલા સુધી તો તે ફક્ત શરૂઆત હતી જેના વડે ખુલાસા કરનારના માનસને બરાબર કરી આપ્યું. હવે વિષયનો શરૂઆતનો ભાગ સાંભળો.

**''ફિર ફર્માયા, આજ ખ્વાબમેં મુઝ પર ઉલૂમે સહીહાકા ઈલ્કા હોતા હૈ ઈસ લિએ કોશિશ કરો કે, મુઝે નીંદ ઝયાદા આએ.''** (મલ્ફૂઝાતે મૌલાના ઈલ્યાસ, પેજ–૫૧)

**ભાવાર્થ** : પછીથી કહ્યું કે, આજ કાલ સ્વપ્નમાં મારા પર સહીહ ઈલ્મોની દેણ અલ્લાહ તરફથી થાય છે. પરિણામે મને ઊંઘ વધારે આવે એવી કોશિશ કરો. આ જગ્યા પર મલફૂઝાતની તરતીબ આપનાર મૌલ્વી મન્ઝૂર નોઅમાનીનું બયાન દિલ ચસ્પીથી ખાલી નહીં ગણાય. તેઓ

લખે છે કે :–

**''ખુશ્કી કી વજહસે નીંદ કમ હોને લગી થી તો મૈંને હકીમ સાહબ ઔર દાકતર કે મશ્વરે સે સર મેં તેલકી માલિશ કરાઈ જિસસે નીંદમેં તરક્કી હો ગઈ.''** *(મલ્ફૂઝાતે મૌલાના ઈલ્યાસ, પેજ–૫૧)*

**ભાવાર્થ** : ખુશ્કીની લીધે મને ઊંઘ ઓછી આવવા લાગી હતી એટલે મેં હકીમ તથા દાકતરની સલાહથી માથામાં તેલનું માલિશ કરાવ્યું જેના કારણે ઊંઘમાં પ્રગતિ થઈ.

ઊંઘના વધારાને ''પ્રગતિ'' તરીકે ઓળખાવતી વખતે જરા એમની અકીદતની લાગણીને ધ્યાનથી જુઓ, જે ફકત થાકેલા હૃદયનો ભાગ છે. હવે અસલ વાત સાંભળો કે જેના વર્ણન માટે આટલી મોટી શરૂઆત કરવામાં આવી છે. મલ્ફૂઝાતના લેખક લખે છે કે :–

**''આપ (મૌલાના ઈલ્યાસ)ને ફર્માયા કે ઈસ તબ્લીગકા તરીકા ભી મુઝ પર ખ્વાબમેં મુન્કશિફ હુઆ.''** *(મલફૂઝાત, પેજ–૫૧)*

**ભાવાર્થ** : મૌલાના ઈલ્યાસે કહ્યું કે, આ તબ્લીગનો તરીકો પણ મારા સ્વપ્નામાં ખૂલ્યો. (મળ્યો)

મગજ પર જરા જોર દીધા પછી તમે પોતે અનુભવશો કે, મૌલાના ઈલ્યાસની આ એક હકીકતે અચાનક ઘણી બધી સત્યતાઓનો પર્દો દૂર કરી દીધો અને ઘણી છુપી વાતો એકદમ જાહેરમાં આવી ગઈ.

પહેલી વાત તો એ જાણવામાં આવી કે તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસ છે અને બીજો ભેદ એ જાહેર થયો કે તબ્લીગી જમાઅતના પ્રચારકો જે સીધા સાદા મુસલમાનોને પોતાના તરફ વાળવા કહ્યા કરે છે કે, તબ્લીગી જમાઅતનો હાલનો તરીકો અંબિયા અને સહાબાનો તરીકો છે. તો એ સો એ સો ટકા જૂઠુ છે ! સફેદ જૂઠ છે, શરમનાક દગાબાજી છે. કેમ કે તબ્લીગી જમાઅતનો હાલનો તરીકો જો અંબિયા અને સહાબાનો તરીકો હોત તો એ કુર્આન હદીષ અને કિતાબોથી



ખબર પડત. સ્વપ્નાથી ખબર પડવાનો અર્થ એ જ હોઈ શકે છે કે એ તરીકો બિલ્કુલ ''બંદાનો'' (માણસનો બનાવેલો) છે. સ્વપ્નાના આધાર પર કોઈ ધાર્મિક કામની માન્યતા તે જ રાખી શકે છે કે જે કુર્આન અને હદીષની દોરવણીથી બેપરવા થઈ જાય.

આ જગ્યાએ બીજો પણ એક ભેદ (રહસ્ય) જાણવા જેવો છે કે મૌલાના ઈલ્યાસે પોતે આ ''ઈલ્હામી સ્વપ્નુ'' હોવા છતાં હાલના તબ્લીગી તરીકાને પોતાના તરફ સંબંધકર્તા બતાવ્યો છે. એનાથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે એમને પોતાને પણ આ ઈલ્હામ પર યકીન ન હતું. જેમ કે મલ્ફૂઝાતે ઈલ્યાસમાં મૌલ્વી મન્ઝૂર નોઅમાની એમનું આ બયાન નકલ કરે છે કે,

**''એક બાર ફર્માયા, હઝરત મૌલાના થાનવી (રહ.)ને બહોત બળા કામ કિયા હે, બસ મેરા દિલ યે ચાહતા હે કે તાલીમ તો ઉનકી હો ઔર તરીકએ તબ્લીગ મેરા હો કે ઈસ તરહ ઉનકી તાઅલીમ આમ હો જાએગી.''** *–(મલ્ફૂઝાત, પેજ–૫૭)*

**ભાવાર્થ** : એક વખતે કહ્યું કે, હઝરત મૌલાના થાનવી (રહ.) એ ઘણું મોટું કામ કર્યુ છે. મારૂ દિલ તો એ ચાહે છે કે તેમની તાલીમ હોય અને તબ્લીગી તરીકો મારો હોય એ રીતે તેમની તાલીમનો પ્રચાર થઈ જાય.

ઉપરોક્ત લખાણને ધ્યાનથી વાંચો. એક વખત નહીં પણ અનેકવાર વાંચો અને ઈન્સાફ અને દયાનતદારીથી બતાવો કે હાલનો તબ્લીગીનો તરીકો બંદાએ ઉપસ્થિત કરેલો હોવામાં શું હવે પણ કોઈ શક બાકી રહે છે ખરો ? એ સિવાય તબ્લીગી જમાઅતના આલિમો પોતે પણ પોતાની તકરીરો અને લખાણોમાં વારંવાર એ હકીકતને દોહરાવે છે કે તબ્લીગી જમાઅતનો હાલનો તરીકો મૌલાના ઈલ્યાસે બનાવેલો છે અને તેઓ જ એના સ્થાપક છે. પરિણામે આ દાવાની સાબિતી માટે હવે બીજી વિશેષ દલીલની જરૂર રહેતી નથી કે ''આ ચૌદમી સદી''ની શોધ છે.

## ★ ઈન્સાફ અને દયાનતદારીનું ખૂન ★

જ્યારે આ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે તબ્લીગી જમાઅતનો હાલનો તરીકો અંબિયા અને સહાબાના તરીકા મુજબ નથી બલ્કે ચૌદમી સદીમાં ખૂદ મૌલાના ઈલ્યાસે એ તરીકો બનાવેલો છે. તો હવે એ વિષય અંગે એક ખાસ વાત લખવા માગું છું અને આશા રાખું છું કે પ્યારા વાંચકો સચ્ચાઈની સાથે કંજૂસાઈથી કામ નહીં લે. મઝહબી જોશો શબાબની મંદતા આવ્યા પછી હિંદુસ્તાન અને તમામ મુસ્લિમ દેશોમાં મઝહબથી જાણકાર થવા માટે ચાર (૪) વસ્તુઓ મુસ્લિમો પાસે રહી ગઈ હતી એ એક ઐતિહાસિક હકીકત છે. ખાસ લોકો માટે દીની મદ્રસાઓ આમ લોકો માટે મીલાદની મેહફિલો અને વાઅઝો, મસ્જિદો અને ખાનકાહો.

મીલાદની મેહફિલોએ તમામ મુસલમાન મર્દ–ઔરતો, શહેરો અને ગામડાઓના તમામ મુસલમાનોની તબ્લીગ કરીને મહાન ધાર્મિક સેવા કરી છે અને મોટા પાયા પર તેઓના માનસોને દીન સાથે લગાડી દીધા છે એનો ઈન્કાર થઈ શકે એમ નથી. પરંતુ સમયનું સૌથી મોટુ રૂદન એ છે કે પ્રેસ, લિટરેચર (સાહિત્ય) અને નિત નવી પ્રવૃત્તિઓ રૂપી વરસાદની સીઝન પહેલાં જે મેહફિલે મીલાદે વર્ષો સુધી ઈસ્લામની તબ્લીગી જરૂરતો પૂરી કરી છે અને ઉમ્મતને ઈસ્લામ અને પૈગમ્બરે ઈસ્લામની સાથે લગાવ રાખવામાં એક મહોબ્બત ભર્યા કાર્યનો ઈતિહાસ સર્જ્યો છે, તે મેહફિલે મીલાદને તબ્લીગી જમાઅતના આલિમો ફક્ત એટલા માટે હરામ કહી રહ્યા છે કે એનું નામ તબ્લીગી જમાઅત નથી પણ "મેહફિલે મીલાદ" છે અથવા એટલા માટે કે એની પૈદાઈશ ચૌદવી સદીમાં નહીં પણ પાંચવી સદીમાં થઈ છે. આ વાતની સાબિતી માટે જુઓ, તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસના પીરો મુર્શિદ મૌલાના રશીદ અહમદ ગંગોહીનો આ ફત્વો કે કોઈએ સવાલ કર્યો :–

**ઈન્એકાદ મજલિસે મીલાદ બદૂં કયામ બ રિવાયત સહીહ દુરસ્ત હૈ યા નહીં? જવાબ મહરમત ફર્માયા, "ઈન્એકાદે મજલિસે મૌલૂદ હર હાલમેં નાજાઈઝ હૈ."** *–(ફતાવા રશીદિયહ્, જિ–૨, પેજ–૮૩)*



**ભાવાર્થ** : કયામ વગરની મજલિસે મીલાદ કરવી રિવાયતથી સાબિત છે કે નહીં ? જવાબ આપ્યો કે મૌલૂદની મજલિસ કરવી હર હાલમાં નાજાઈઝ છે.

જ્યાં સુધી દીની મસ્અલાઓની તબ્લીગ અને બંદાઓને ખુદા અને તેના રસૂલ સાથે લગાવ રાખવા માટે સંબંધ છે ત્યાં સુધી ખુદા ગવાહ છે કે, મેહફિલે મીલાદ કરવાથી હમેશાં એ જ ગરજો (નિય્યતો) નજર સમક્ષ રહી છે અને આજે પણ મેહફિલે મીલાદના નામ પર જ્યાં કંઈ પણ ઈજતેમાઅ થાય છે ત્યાં સમય સાક્ષી આપે છે કે, ભલાઈ અને સારી વાતોની લોકોને દાવત આપવામાં આવે છે. કોઈપણ એવો દાખલો જોવામાં નથી આવતો કે, લોકોને બદમાશી અને ગુનાહિત કામો માટે બોલવવામાં આવ્યા હોય.

પરંતુ દિમાગની કમજોરી સમજમાં નથી આવતી કે **નવસો વરસના તબ્લીગના તરીકાને ખુલ્લી રીતે હરામ અને અયોગ્ય કહેવામાં આવે છે એને બદલે આ ચૌદવીં સદીમાં ઉપસ્થિત કરેલા તબ્લીગના તરીકાને ધર્મનું અગત્યનું કામ ગણવામાં આવી રહ્યું છે.**

કોઈપણ બિદઅતથી જો એટલા માટે નફરત કરવામાં આવતી હોય કે તે સહાબાઓના સમય દરમ્યાન ન હતી તો તે ચાહે નવસો વરસની જૂની બિદઅત હોય અથવા પચાસ વરસની નવી હોય પણ શરીઅતનો ફૈંસલો બંને માટે એક સરખો હોવો જોઈએ. પછીથી પચાસ વરસની બિદઅતને જો એટલા માટે કબૂલ કરવામાં આવી છે કે એમાં ધાર્મિક ફાયદો છે તો એ જ ધાર્મિક ફાયદાના પાયા ઉપર નવસો વરસની બિદઅતને પણ પસંદ (કબૂલ કરવામાં કોઈ વાંધો નથી.) તદ્દન એકજ પ્રકારના મુકદ્દમામાં જુદી જુદી રીતે વિચાર કરવાની રીત સ્પષ્ટણે બતાવે છે કે વિચારવાવાળાઓ ધર્મની રીતે એને વિચારતા નથી પરંતુ પોતાના જાતિ અને સંઘના ફાયદાની રીતે વિચારે છે નહીં તો આ એક સંગીન પુરાવો છે કે, ધર્મનો ફાયદો આ હઝરત સાહેબોની નજર સમક્ષ હોત તો મેહફિલે મીલાદના પ્રશ્ન પર લડવાને બદલે તેને પોતાની ધોરી નસથી પણ વધુ પ્રિય રાખતે.

ટૂંકમાં આ હઝરાત દિલની ચોખ્ખાઈ સાથે ઈન્સાફ અને દયાનતદારીથી આ ખૂનને કબૂલ કરી શકતા ન હોય તો ઓછામાં ઓછી તેમનાથી મારી આ માગણી અયોગ્ય નહીં ગણાય કે બીજાઓની આંખમાં કમળો જોતાં પહેલાં અરીસામાં પોતાની આંખની કીકીઓ જોઈ લો. નિર્દોષ ભાઈચારામાં તકલીફ પહોંચાડવામાંથી છૂટવાનો આનાથી વધારે સારો ઈલાજ હજુ સુધી મળી શક્યો નથી.

## ★ મૌલાના ઈલ્યાસની ઓળખ ★

અહીં સુધી તો તબ્લીગી જમાઅતના પૈદાઈશના ઈતિહાસની ચર્ચા કરી. હવે એ જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસ સાહેબની ઓળખ જુઓ. તબ્લીગી જમાઅતના બીજા મોટા આલિમ મૌલાના અબુલ હસન નદવીએ લખેલી કિતાબ ''મૌલાના ઈલ્યાસ ઓર ઉનકી દાઅ્વત''માં મૌલાના ઈલ્યાસનું પૂરેપૂરું જીવનચરિત્ર લખેલું છે. નીચે લખેલી હકીકત તેમની જ કિતાબમાંથી લેવામાં આવી છે. મૌલાના ઈલ્યાસ સંબંધી તેમણે બતાવ્યું છે કે, તેમનું મૂળ નામ ''ઈલ્યાસ અખ્તર'' છે.

કિતાબ લખનાર તેમના બાળપણનો એક પ્રસંગ વર્ણવતાં લખે છે કે :–

**''ઉમ્મી બી (મૌલાના ઈલ્યાસ)કી નાની મૌલાના પર બહોત શફીક થીં કે અખ્તર ! મુઝે તુઝસે સહાબા કી ખૂશ્બુ આતી હૈ ! કભી પીઠ પર મહોબ્બતસે હાથ ફેર કર ફર્માતી, ક્યા બાત હૈ ? કે તેરે સાથ મુઝે સહાબાકી સી સૂરતેં ચલતી ફિરતી નઝર આતી હૈં.''** *–(દીની દા'વત, પેજ–૪૨)*

**ભાવાર્થ** : મૌલાના ઈલ્યાસની નાની મૌલાના પ્રત્યે ખૂબ હેત રાખતાં હતાં. તેઓ કહ્યાં કરતાં કે અખ્તર ! મને તારામાંથી સહાબાઓની સુગંધ આવી રહી છે કોઈ વખત પ્રેમથી પીઠ પર હાથ ફેરવતાં કહેતાં કે શું વાત છે કે તારી સાથે સહાબાઓની સૂરતો હરતી ફરતી મને દેખાય છે. *(દીની દા'વત, પેજ–૪૨)*

ગોદમેં આલમે શબાબ હાલે શબાબ કુછ ન પૂછ



હવે અહીંથી અંદાજો લગાડો કે જ્યારે બાળપણમાં જ સહાબાઓની રૂહો તેમની આજુબાજુ ફરતી હતી તો તેમની જવાનીની શી હાલત હશે ? હવે એ સમજવું મુશ્કેલ નથી કે ''દીની દાઅ્વત''ના લેખક જવાનીની હાલતમાં એમને કયા મર્તબા સુધી પહોંચાડવા માગે છે !

## ★ પૈગમ્બરી મર્તબા તરફ આગેકૂચ ★

મજબૂત રીતે એવું કહી શકાય નહીં કે નબુવ્વતનો દરજ્જો એમનું છેલ્લું નિશાન છે પરંતુ એ મર્તબા તરફ આગેકૂચ કરવામાં આવી છે જેમ કે એના પછી તેમણે (મૌલાનાએ) મૌલાના ઈલ્યાસની હકીકતનું વર્ણન કર્યું છે જે નુઝૂલે વહીથી સંબંધ ધરાવે છે. તેઓ લખે છે કે,

**મૌલાના ઈલ્યાસ ફર્માતે થે કે જબ મેં ઝિક્ર કરતા થા તો મુઝે એક બોજ સા મહસૂસ હોતા થા. હઝરત (ગંગોહી)સે કહા તો હઝરત થર્રા ગએ ઔર ફર્માયા કે મૌલાના મુહમ્મદ કાસિમને યેહી શિકાયત હાજી સાહબ (અપને પીરો મુર્શિદ) સે ફર્માઈ તો હાજી સાહબને ફર્માયા કે અલ્લાહ આપસે કોઈ કામ લેગા.** *(દીની દા'વત, પેજ–૪૫)*

**ભાવાર્થ** : મૌલાના (ઈલ્યાસ) કહેતા હતા કે જ્યારે હું ઝિક્ર કરતો હતો તે વખતે મારા પર કંઈ બોજ (વજન) હોય એમ લાગતુ હતું. હઝરત (ગંગોહી) ને કહ્યું, તો તેઓ ધ્રૂજી ઊઠયા કહેવા લાગ્યા કે, મૌલાના મુહમ્મદ કાસિમે પણ આ જ પ્રકારની ફરિયાદ હાજી સાહબ (પોતાના પીરો મુર્શિદ)ને કરી તો હાજી સાહેબે કહ્યું કે, અલ્લાહ તમારી પાસેથી કોઈ કામ લેશે. *(દીની દા'વત પેજ–૪૫)*

મને સમજ નથી પડતી કે મૌલાના અબુલ હસન નદવી જેવા પ્રખ્યાત લેખકે આ જગ્યાએ અસલ હકીકતની નકલ કરવામાં ખયાનત કેમ કરી ? હાજી સાહબનો જવાબ એ પ્રમાણે ન હતો કે અલ્લાહ તમારાથી કોઈ કામ લેશે. પરંતુ અસલ હકીકત આ પ્રમાણે છે કે, મૌલાના કાસિમ નાનોત્વીએ જ્યારે હાજી સાહબથી ફરિયાદ કરી કે :–

**જહાં તસ્બીહ લે કર બૈઠા, એક મુસીબત હોતી હૈ, ઈસ**

**કદ્ર ગિરાની કે જૈસે સો સો મન કે પથ્થર કિસીને રખ દિયે. ઝબાનો કલ્બ સબ બસ્તા હો જાતે હૈં.** *(સવાનેહે કાસિમી, જિ.–૧, પાન–૨૫૮, પ્રગટ કર્તા : દારુલ ઉલૂમ દેવબંદ)*

**સારાંશ :** જ્યારે હું તસ્બીહ લઈને બેસતો કે એક મુસીબત થઈ જાય છે કે જાણે સો સો મણના પથ્થરનો વજન કોઈએ મારા પર મૂકી દીધો. જીભ, દિલ બધું જ બંધાઈ જાય છે.

આ સાંભળી હાજી સાહેબે તેમને સંબોધી કહ્યું કે :–

**યે નબુવ્વતકા આપકે કલ્બ પર ફૈઝાન હોતા હૈ. ઔર યે દેહશકલ (બોઝ) હૈ. જો હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **કો વહી કે વક્ત મહસૂસ હોતા થા. તુમ સે હક તઆલાકો વો કામ લેના હૈ જો નબીયોંસે લિયા જાતા હૈ.** *(સવાનેહે કાસિમી, જિ–૧, પેજ–૨૫૯)*

**સારાંશ :** તમારા દિલ પર એ નબુવ્વતનો ફૈઝાન થઈ રહ્યો છે. અને જે બોજ તમને લાગે છે તેવો જ બોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ "વહી"ના સમયે લાગતો હતો. અલ્લાહ તઆલાને તમારી પાસેથી તે કામ લેવું છે જે કામ નબીયોથી લેવામાં આવે છે.

આ ખુલાસાની રોશનીમાં મૌલાના અબુલ હસન નદવીના લખવા પ્રમાણે જાણવા મળ્યું કે મૌલાના ઈલ્યાસ સાથે આબેહુબ આજ પ્રકારની હકીકત થઈ હતી. એટલે કે એમના દિલ ઉપર પણ નબુવ્વતનો ફૈઝ થતો હતો ! અને તેમને પણ મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) રસૂલે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જેમ નુઝૂલે વહીના બોજનો અનુભવ થયા કરતો હતો.

## ★ દાવો ★

અહીં સુધી તો પૈગમ્બરી દરજ્જા તરફ એક ખામોશ કદમનો પ્રવેશ હતો. હવે અંબિયા علیہم السلام જેવા થઈ લોકોમાં જાહેર થવાનો દાવો પણ જોઈ લો. મલફૂઝાતે ઈલ્યાસને તરતીબ દેનાર પોતાની કિતાબમાં એમના એ દાવાની નોંધ કરતાં લખે છે કે :–

**(આપને ફર્માયા કે,) અલ્લાહ તઆલાકા ઈર્શાદ :–**



**كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ**

**કી તફસીર ખ્વાબમેં યે ઈલ્કા હૂઈ કે તુમ મિષ્લે અંબિયા** علیہم السلام **કે લોગોં કે વાસ્તે ઝાહિર કિયે ગએ હૈં.** *(મલ્ફૂઝાત, પેજ–૫૧)*

**ભાવાર્થ :** કુર્આન શરીફના ચોથા સીપારાના ત્રીજા રુકૂઅની શરૂઆતની આયત બયાન કરતાં આપે ફર્માવ્યું કે, એ આયતની તફસીર સ્વપ્નમાં અલ્લાહ તઆલાએ મારા દિલમાં ઉતારતાં મને કહ્યું કે તમને અંબિયા علیہم السلام ની જેમ લોકો માટે જાહેર કરવામાં આવ્યા છે.

**લાઈલાહ ઈલ્લલ્લાહ !** જરા ગઝબ તો જુઓ, કે આયત શરીફ પણ ખુદા પાક તરફથી નાઝિલ થઈ ચૂકેલી છે. અને એની તફસીર પણ અલ્લાહ તઆલા ઈલ્હામરૂપે ખ્વાબમાં કરી રહ્યો છે. ફક્ત ફેર એટલો જ છે કે આ આયત હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થઈ હતી અને એની તફસીર મૌલાના ઈલ્યાસ પર ઉતરી રહી છે ! બસ, ખુદાના તરફથી આયત અને એની તફસીર બંનેનું ઉતરાણ થાય ત્યારે એવો કોણ અલ્લાહનો બાગી હશે કે એક પર ઈમાન લાવે અને બીજાનો ઈન્કાર કરે.

આપ જોઈ રહ્યા છો ને ! પૈગમ્બરી દરજ્જા તરફ કેટલી બધી સજાવટ કરીને કદમ પ્રવેશ થઈ રહ્યો છે ? કે અગર જો કોઈ આદમી એનો ઈન્કાર કરવાનો પ્રયાસ પણ કરે તો પણ તે કરી શકે નહીં કારણ કે એમની રજુઆત કરવાનો ઢંગ જ એવા પ્રકારનો છે કે ઈન્કાર કરનાર પણ ડરી જાય. લગભગ ૧૪૦૦ વર્ષથી ઈસ્લામી જગતમાં આ આયત પઢાઈ રહી છે. અને એના મફહૂમ પણ બધા સમજી ચૂક્યા છે કે આ આયત તો ઉમ્મતે મોહમ્મદીના હકમાં નાઝિલ થઈ ચૂકેલી છે કે તમે સર્વશ્રેષ્ઠ ઉમ્મત છો અને તમારી ખાસ ફરજ એ છે કે તમો લોકોને ભલાઈ તરફ બોલાવો અને બુરાઈથી રોકો. પરંતુ આજે ૧૪૦૦ વર્ષ પછી આજે પહેલી જ વાર આ વાત જાહેર થઈ કે મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) આ આયતે કરીમા મૌલાના ઈલ્યાસની શાનમાં નાઝિલ થઈ છે. અને તેનો સારાંશ એ છે કે મૌલાના ઈલ્યાસ અંબિયા علیہم السلام ની જેમ લોકો માટે જાહેર થયા છે.

ખુદાની પનાહ ! આદમી જ્યારે બદબખ્તી પર આવે છે ત્યારે કેવી કેવી ધ્રુજારી ઉત્પન્ન કરે તેવી બહાદુરી બતાવે છે ! કહે છે કે કુર્આન શરીફની એક આયતે કરીમા સાથે મિર્ઝા ગુલામ અહમદ કાદિયાનીએ પણ આ રીતે મજાક કરી હતી.

કે ઈલ્હામ મેં મુહમ્મદ સે મુરાદ صلی اللہ تعالیٰ علیہ وسلم મૈં હૂં. (મઆઝલ્લાહ !) *(અખ્બાર અલફઝલે કાદિયાન, ૧૫–૭–૧૯૨૫)*

**સારાંશ** : مُحَمَّدٌرَّسُوْلُ اللّٰهِ وَالَّذِيْنَ مَعَهٗ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِرُحَمَاءُ بَيْنَهُمْ۔ કુર્આન શરીફની આયતે કરીમા છે. તેના ઈલ્હામમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ શબ્દ મારા અર્થમાં (મારા માટે) વપરાયો છે. (અલ્લાહની પનાહ !)

જરા વિચારો કરો ! ધર્મની સાબિત થએલી હકીકતોથી બગાવત કરવા માટે અંબિયા عَلَیْہِمُ السَّلَام ની જેવો હોવાનો દાવો શું ઓછો પડતો હતો કે આ આયતને દાવાની તફસીર બનાવવામાં આવી અને એના પર સૌથી જાુલમ તો એ કરવામાં આવ્યો કે એને ખુદાના તરફથી નાઝિલ થયેલો ઈલ્હામ ગણવામાં આવ્યો.

એક બાજુ નબુવ્વતની જેમ દાવો, બીજી બાજાુ આયતના અર્થમાં મનઘડત ફેરફાર અને ત્રીજી વાત એ કે ખુદાની જાત પર જૂઠ રૂપી તોહમત ! જરા વિચારો ! એક જ નિશાનમાં કેટલા પ્રકારની ઈજ્જત આબરૂનું ખૂન કરવામાં આવ્યુ છે.

## ★ સચ્ચાઈ ★

આ ખુલાસા પછી એક નજર એના પર નાખી દઈએ કે મૌલાના ઈલ્યાસ પર નાઝિલ થનારા આ ઈલ્હામોને એમના માનવાવાળાઓએ કેવી રીતે કબૂલ કર્યા છે. આ અંગે ફક્ત બે દાખલા આપવા ચાહું છું.

મૌલાના અબુલહસન નદવીએ કિતાબ ''દીની દઅ્વત''માં લખ્યું છે કે, એક વખત દિલ્હીમાં ખોટી અફવા ફેલાઈ ગઈ કે મૌલ્વી ઈલ્યાસ ગુજરી ગયા છે. અફવા ફેલતાંની સાથે ઘણા લોકો એકઠા થઈ ગયા. લખે



છે કે એ અફવાને જૂઠી સાબિત કરવા માટે એક તકરીર કરવાની જરૂરત દેખાઈ. આ પછીની વાત તેમની પોતાની ઝબાનથી સાંભળો. લખે છે કે :–

**મૌલાના મન્ઝૂર સાહબ નોઅમાનીને મસ્જિદ કે નીચે દરખ્ત કે તલે وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْخَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُل۔ કે મઝમૂન પર એક બરમહલ ઔર મોઅષ્ષિર તકરીર કી.** *(દીની દા'વત, પેજ–૧૮૧)*

**સારાંશ** : મૌલાના મન્ઝૂર નોઅમાનીએ મસ્જિદ નીચે એક ઝાડની નીચે ઉપર જણાવેલી આયતે કરીમાના વિષય પર એક મોકાસર તથા અસરકારક તકરીર કરી.

એ પછી એ જ આયત તે દિવસે પણ તિલાવત કરી જે દિવસે સાચેસાચ મૌલાના ઈલ્યાસનો ઈન્તેકાલ થઈ ગયો હતો. જેમ કે આ અલીમિયાં લખે છે કે, જ્યારે એમનો જનાઝો મેદાનમાં લાવીને રાખવામાં આવ્યો તો તે મોકા પર :– مُحَمَّدٌرَّسُوْلُ اللّٰهِ وَالَّذِيْنَ مَعَهٗ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِرُحَمَاءُ بَيْنَهُمْ۔

**શેખુલ હદીષ મૌલાના ઝકરિયા ઔર મૌલાના યૂસુફ સાહબકા હુકમ હુવા કે લોગોંકો મેદાનકે નીચે જમા કિયે જાએ ઔર ઉનસે ખિતાબ કિયા જાએ وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْخَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُل۔ કે મઝમૂનસે બળ્હકર ઈસ મૌકાકે લિએ તાઝીયત વ મવએઝત કયા હો સકતી હૈ ?** *(દીની દા'વત, પેજ–૧૮૬)*

**સારાંશ** : મૌલાના ઝકરિયા અને મૌલાના યૂસુફ સાહબે હુકમ કર્યો કે સર્વે લોકોને મેદાનમાં નીચેના (ભાગે) એકત્ર કરવામાં આવે અને એ સર્વેને وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْخَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُل۔ ની આયતના મઝમૂનથી ખિતાબ કરવામાં આવે કારણ કે એથી વધીને શ્રેષ્ઠ આ મોકા પર માતમપુરસી અને નસીહત બીજી શી હોઈ શકે ?

વાંચકો જાણી લો ! કે ઉપર જણાવેલી કુર્આની આયત તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના વિસાલ મુબારકના મોકા પર પઢયા હતા અને આ આયતની રોશની દ્વારા સહાબાએ કિરામને

એ વાતની ખાત્રી કરી આપી હતી કે હુઝૂર ﷺ વિસાલ ફર્માવી ગયા છે. આયતનો તર્જુમો આ છે કે :–

**અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. એમનાથી પહેલાં રસૂલ થઈ ચૂક્યા છે.**

આયતે કરીમા સમજી લીધા પછી તેમજ તે કઈ જગ્યાએ ઉપયોગમાં લેવાઈ છે તે સાફ સ્પષ્ટ થઈ ગયા પછી હવે વિચારવાની વાત તો એ છે કે મૌલાના ઈલ્યાસની વફાત પર વારંવાર આ આયતની તિલાવત કરવાનો શો હેતુ હતો ? જ્યારે કે મૌતના વિષય પર કુર્આન શરીફમાં એ સિવાયની ઘણી બધી આયતો મૌજૂદ છે.

આનાથી સાફ જણાય આવે છે કે મૌલાના ઈલ્યાસનો દરજ્જો એમના માનવાવાળાઓની નજરમાં કોઈપણ રીતે એક રસૂલના મર્તબાથી ઓછો ન હતો ! અને એટલા માટે જ તો, જે આયતે કરીમા પૈગમ્બરે ખુદા ﷺ ના હકમાં નાઝિલ થઈ હતી તેમજ જેને સહાબાએ કિરામ પૈગમ્બરે ખુદા ﷺ ના વિસાલે મુબારકના પ્રસંગે તિલાવત કરી હતી તે આયત મૌલાના ઈલ્યાસના મૃત્યુવેળા એમના માનનારાઓએ તિલાવત કરી હતી.

૧૪૦૦ વર્ષના લાંબા કાળમાં ઉમ્મતના લાખો આલિમો અને ઔલિયા અલ્લાહોએ આ ફાની દુનિયાથી સફર કરી પણ કોઈપણ સ્થળ થી એ સાબિતી મળતી નથી કે કોઈ મહાન બુઝુર્ગના વિસાલ પર આ આયત પઢવામાં આવી હોય.

એટલા માટે ઉપરના દાખલાઓની રોશનીમાં આ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે મૌલાના ઈલ્યાસના ઈલ્હામી દાવાઓથી જમાઅતના લોકો એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે તેઓની નજરમાં ઈલ્યાસનો મર્તબો યકીનન એક પૈગમ્બરના દરજ્જાની બરાબર હતો.

## ★ અંબિયા عَلَيْهِمُ السَّلَام ના દરજ્જા ઘટાડવા અને તે માટેનો જોશ આપવો ★

અહીંયા સુધી તો મૌલાના ઈલ્યાસની બુઝુર્ગી અથવા શાનો



શૌકતને જાહેર કરવા માટેના ખૂબ જ તરીકા હતા. હવે ચિત્રની બીજી બાજુ જુઓ. આ હકીકતથી આપ અજાણ નહીં હોઉ કે કેટલીકવાર બીજાઓના મર્તબા હલકા પાડી કયારેક પોતાની મોટાઈને જાહેર કરવામાં આવે છે. મૌલાના ઈલ્યાસની ખુશનસીબી ગણો કે મૌલાનાએ આ કામમાં પણ મહેરબાનીના ભૂખ્યા નથી રાખ્યા. જેમ કે તબ્લીગી કારકુનોની બરાબરી અંબિયાએ કિરામની સાથે કરતાં તેઓ પોતાના એક ફરતા પત્રમાં લખે છે કે :–

**અગર હક તઆલા કિસી કામ કો લેના નહીં ચાહતે તો ચાહે અંબિયા ભી કિતની કોશિશ કરેં તબ ભી ઝર્રા નહીં હિલ સકતા. ઔર કરના ચાહે તો તુમ જૈસે ઝઈફસે ભી વો કામ લે લે જો અંબિયાસે ભી ન હો સકેં.** *(પેજ– ૧૦૭, ૧૦૮)*

**સારાંશ** : જો અલ્લાહ પાક કોઈ કામ કરવા ન ચાહે તો પછી અંબિયા عَلَيْهِمُ السَّلَام ની લાખ કોશિશ હોવા છતાં ઝર્રા બરાબર પણ હાલી શકે નહીં અને જો કોઈ કામ કરવાની ઈચ્છા રાખે તો તે તમારા જેવા કમઝોર માણસથી પણ તે કામ લઈ લે જે અંબિયાઓથી ન થઈ શકે.

કસમ છે તમને અલ્લાહના જલાલની ! જરા ઉપરોકત ઈબારત (લખાણ)ના જુસ્સા પર ધ્યાનપૂર્વક વિચાર કરો અને નિષ્પક્ષ રીતે ફેંસલો કરજો કે, શું આ વાકયોમાં અંબિયાઓના મુકાબલામાં પોતાની અને પોતાના તબ્લીગી કારકુનોની મોટાઈનો ભાવ જોવામાં નથી આવતો ? દીનનું એવું તે કયું કામ છે જે ખુદાની મરજી વગર થતું હોય છે. પરંતુ ન કરી શકે તેવાઓના મુકાબલામાં, કરી શકનારાઓની મોટાઈ તો દરેક રીતે સાબિત થઈ જાય છે.

એટલા માટે મને કહેવા દો કે આ તૌહીનથી ભરપુર બયાનોનો હેતુ એના સિવાય બીજો શું હોઈ શકે છે, જે અંબિયાએ કિરામ પોતાના તબ્લીગી કાળમાં વર્ષો વર્ષની મહેનતના પરિણામે પણ અમુક ગણત્રીના જ માણસોને સીધી રાહ પર લાવી શકયા હતા એના મુકાબલામાં આજના એ તબ્લીગી કારકુનોની મોટાઈ સાબિત કરી દેવામાં આવે, જેઓ પોતાની

માન્યતા પ્રમાણે સમગ્ર વિ□ને સીધે રસ્તે લાવી ચૂક્યા છે. અને ત્યારબાદ તેઓને એવા વિનાશક ઘમંડમાં સપડાવવામાં આવે કે જે કામ અંબિયાઓથી થઈ ન શક્યું તે કામ અમે પાર પાડી દીધું ! અલ્લાહની પનાહ ! જરા વિચાર તો કરો કે, શું ફક્ત એક જ રોગ આખી તબ્લીગી જમાઅતની બર્બાદી માટે પૂરતો નથી ?

અને આ વાત પણ સાંભળી લો કે, અંબિયા علیہم السلام ના મુકાબલામાં ઉમ્મતીને આગળ વધારવાનો આ જુસ્સો કંઈ ઓચિંતો કે પહેલ વહેલો નથી કે જેથી એને કલમની ભૂલ ગણી કાઢવામાં આવે પરંતુ તે હઝરાતનો સ્વભાવ જ એવો છે. જેમ કે મૌલાના ઈલ્યાસના શૈખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ સાહેબ દેવબંદી પોતાની એક વાઅઝમાં ફર્માવે છે :–

**પૈગમ્બરોંકો અમલકી વજહસે ફઝીલત નહીં. અમલમેં તો બાઅ્ઝ ઉમ્મતી પૈગમ્બર સે બળ્હ જાતે હૈં.** *(''મદીના'', બિજનોર, ૧ જુલાઈ ૧૯૫૮ , પાન–૩, કો–૩)*

**સારાંશ :** પૈગમ્બરોને પોતાના અમલને કારણે ફઝીલત નથી હોતી કેમ કે કેટલાક ઉમ્મતીઓ અમલમાં પૈગમ્બરોથી પણ વધારે ચઢી જાય છે.

એ જ પ્રમાણેના અકીદાથી એ ટોળીના ઈમામ મૌલાના કાસિમ નાનોત્વી પણ ઘણા સમય પહેલાં પોતાની કિતાબ ''તેહઝીરુન્નાસ''માં લખી ગયા છે. તેમના શબ્દો આ પ્રમાણે છે :–

**અંબિયા અપની ઉમ્મતસે અગર મુમતાઝ હોતે હૈં તો ઉલૂમ હી મેં મુમતાઝ હોતે હૈં, બાકી રહા અમલ ઉસમેં બસા ઔકાત બ ઝાહિર ઉમ્મતી મસાવી હો જાતે હૈં બલ્કે બળ્હ જાતે હૈં.** *–(તહઝીરુન્નાસ, પેજ નં. ૫)*

**સારાંશ :** અંબિયાઓ પોતાની ઉમ્મતમાં મોટા હોય તો તે પોતાના ઈલ્મના કારણે જ. બાકી રહી અમલની વાત, તો ઘણીવાર ઉમ્મતી દેખીતી રીતે બરાબર થઈ જાય છે બલ્કે આગળ પણ વધી જાય છે.

હવે તમે પોતે જ ઈન્સાફ કરો કે મૌલાના ઈલ્યાસથી લઈ મૌલાના



હુસૈન અહમદ અને મૌલાના કાસિમ નાનોત્વી સુધી બધાને માટે અલગ અલગ રીતે કલમની લગાતાર ભૂલોનું ગુમાન કઈ રીતે કરી શકાય ? એક જ પ્રકારના મઝહબી ખયાલાતવાળા ત્રણ પેશવાઓના લખાણો અને વિચારોનો ઢંગ શું સ્પષ્ટપણે આ કાર્યોનો દાવો નથી કે એ કલમના કોઈ આકસ્મિક બનાવ નથી પણ પૈગમ્બરોના મર્તબાઓ ઘટાડવા તરફ એ સાહેબોનું વિચારપૂર્વકનું અને સમજદારીભર્યું કાયદેસરનું પગલું છે.

## ★ અંબિયાના મર્તબામાં ઘટાડો કરવાના ઢંગમાં દેવબંદી હઝરાતની બહાદુરી ★

આ વાત જાણીને તમે આશ્ચર્યમાં ન પડતા કે અંબિયાઓના મર્તબાને ઘટાડવાની રીતમાં એ હઝરતોને એક ખાસ પ્રકારની બહાદુરી પ્રાપ્ત થઈ છે અને તે એ છે કે, જ્યારે આ સાહેબો અંબિયાઓના મર્તબાને હલ્કા પાડવા ચાહે છે ત્યારે સીધી રીતે એમની બુઝુર્ગી (શાન) પર હુમ્લો કરવાને બદલે એ લોકો પ્રથમ ખુદાની સાથે અંબિયાના મુકાબલાનો એક કાલ્પનિક માહોલ બનાવે છે. અને એના પછી અંબિયાઓને ખુદાના મુકાબલામાં રાખીને જે ચાહે છે તે નીડરપણે કહી નાખે છે. જેમ કે મૌલાના ઈલ્યાસે પણ અંબિયાના મર્તબાને ઘટાડવા માટે પોતાના પત્રોમાં આજ ઢંગ ચાલુ કરી દીધો છે. વળી કલમના ચાબખા તો જુઓ :–

અંબિયાઓના દરજ્જાને ઘટાડવાના વિષયમાં જ્યારે એમનાથી કોઈ પૂછપરછ કરે છે તો જૂઠું શરીઅતી બહાનુ બતાવે છે કે અમે તો ખુદાની કુદરત અને તેની મોટાઈ અને એની જલાલી શાનનું અંગ ચોક્કસ કર્યું છે. અમે અંબિયાઓના મર્તબાને ક્યાં ઘટાડયા છે ? ખરેખર કલમના આ ચાબખા એમના ઢંગની બહાદુરીનો મોટામાં મોટો ભેદ છે.

દાખલા તરીકે આ ઢંગના ઈમામ મૌલ્વી ઈસ્માઈલ દહેલવી પોતાની કિતાબ તકવિયતુલ ઈમાનમાં ખુદાની શાન જણાવતાં એક સ્થળે લખે છે.

**ઉસ શહેનશાહકી તો યે શાન હૈ કે એક આનમેં એક હુકમે 'કુન' સે ચાહે તો કરોડો નબી ઔર વલી ઔર જિન્નો**

**ફરિશ્તા, જિબ્રઈલ ઔર મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કે મિષ્લ પેદા કર ડાલે.** *(તકવિયતુલ્ ઈમાન, પેજ–૩૧)*

**સારાંશ** : એ શહેનશાહની (અલ્લાહની) તો એ શાન છે કે એક "કુન" હુકમ કરી ઘડીમાં ચાહે તો કરોડો અંબિયા, વલીઓ, ફરિશ્તાઓ પેદા કરી શકે છે. બલ્કે કરોડો જિબ્રઈલ અને હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم જેવા પૈગમ્બર પેદા કરી શકે છે.

અલ્લાહ તઆલાની બુઝુર્ગીભરી શાનનો ઈન્કાર ક્યો કાફિર કરી શકે છે. પરંતુ ખરી રીતે વિચારવાની વાત તો એ છે કે અલ્લાહની બુઝુર્ગીને જાહેર કરવા માટે જે પધ્ધતિ અપનાવેલી છે તે કેવી છે ? અને કોની છે ? અંબિયાને ખુદાની બુઝુર્ગીના નિશાના ઉપર રાખ્યા વગર ખુદાની અઝમતને વર્ણવવા માટે શું બીજો કોઈ માર્ગ (તરીકો) હોઈ શકે છે કે નહીં ?

હું કહું છું કે બયાન કરવાની પધ્ધતિના સારા નરસાપણા તરફ આંખો બંધ કરી લેવામાં આવે તો ખુદાની કુદરતને દરમિયાનમાં રાખી દરેક ઈન્સાનની ઈજ્જતની મજાક સહેલાઈથી ઉડાવી શકાય છે. બલ્કે એ વિષય ઉપર અલ્લાહ તઆલાની એક ભારે હમ્દ તૈયાર કરી શકાય છે.

દાખલા તરીકે, નિઃશંક ! અલ્લાહ તઆલા એ વાત પર કાદિર છે કે તે પોતાના કોઈ પણ બંદાને સુવ્વરની માટીમાં બદલી નાખી તેને દોઝખમાં સ્થાન આપી શકે છે. પરંતુ આ બયાન કરવાના ઢંગ (પધ્ધતિ) માં જો કોઈ બંદાને મૌલાના ઈલ્યાસનું નામ લઈ અલ્લાહની કુદરતનું વર્ણન કરે તો ઈન્સાફથી બતાવો કે મૌલાના ઈલ્યાસના અનુયાયીઓ બૂમ બરાડા પાડી ઉઠશે કે નહીં ? અથવા તો ''તકવિયતુલ્ ઈમાન''ના લેખકની લખવાની પધ્ધતિમાં જો કોઈ એવી રીતે અલ્લાહની શાનનું વર્ણન કરે કે, ''તે શહેનશાહની તો એ શાન છે કે એક ઘડીમાં એક હુકમે ''કુન'' વડે ચાહે તો બધા જ તબ્લીગી મૌલ્વીઓને કાળા મોં વાળા વાંદરા બનાવી દે !'' તો તમે ઈન્સાફથી કહો કે, વાત સો એ સો ટકા સાચી હોવા છતાં આ રીતે કહેવાથી (વર્ણન કરવાથી) તબ્લીગી જમાઅતના લોકોનાં દિલો દુભાશે કે નહીં ?



સાચે જ ! કહેવાની નિય્યતથી મેં આ બધી વાતો નથી કહી. પરંતુ આ બધા દાખલાઓ વડે એટલું જ જણાવવા માંગું છું કે, બીજાઓની અકીદતની લાગણીઓને લાગેલી ઠેસ કેટલી બધી દર્દનાક હોય છે.

આ વિભાગની સમાપ્તિ પર ફરીથી હું તબ્લીગી જમાઅતના શૈખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ સાહબનું તે બયાન દોહરાવી રહ્યો છું : ''જ્યારે કોઈ પ્રવૃત્તિ કોઈ માણસના તરફ સંબંધકર્તા હશે ત્યારે તે ધ્યાન આપવા લાયક હશે, અને તે માણસના અખ્લાક અકીદાની અસર સભ્યો પર ચોક્કસ રીત પડશે.''

અગાઉનાં પાનાંઓ ઉપરની હકીકતના આધારે તબ્લીગી જમાઅતનું મૌલાના ઈલ્યાસ તરફ સંબંધિત હોવું સૂર્ય કરતાં પણ વધારે પ્રકાશિત થઈ ગયું. અને એ હકીકત પણ જાહેર થઈ ગઈ કે તે કોણ હતા ? અને શું ઈચ્છતા હતા ? અને કેવી રીતે તબ્લીગી દાવતના પડદામાં પૈગમ્બરી મર્તબા તરફ પગલાં માંડયાં છે. તેમજ ફક્ત પગલું ભર્યું નથી પરંતુ કૂદકો મારીને અંબિયાઓથી પણ આગળ નીકળી જવાની કોશિશ કરી છે. અને એટલું જ નથી કર્યું બલ્કે પોતાના અનુયાયીઓમાં અંબિયાના મર્તબાને ઘટાડવા માટેની જે ભાવનાઓ છે તેને પણ સહકાર આપ્યો છે.

આટલી દલીલો પછી હવે તબ્લીગી જમાઅતના દિમાગી વાતાવરણનો અંદાઝ કાઢવો કંઈ મુશ્કેલ વાત નથી. હું નથી સમજતો કે આવા ખરાબ વાતાવરણમાં એક સાચો મુસલમાન અને જાહેર તથા બાતિનનો વફાદાર મોમિન કેવી રીતે □ાસ લઈ શકે છે ? અમારું કામ હકીકતોના ચહેરા પરથી પડદો હટાવવાનું હતું તે અમે હરેક રીતે કરી દીધું. એનો ફેંસલો કરવાની જવાબદારી વાંચકોની છે. હવે એના પરથી વાંચકોએ જ સમજી લેવાનુ કે પોતાના ઈમાનની પરવરિશ માટે કેવી જગ્યા જોઈએ ? કાજલની કોઠડીમાં પહોંચીને તે પોતાના સફેદ દૂધ જેવા દિલના દામનને ડાઘ લાગવાથી બચાવી શકશે કે નહીં ? તબ્લીગી જમાઅતની વિનાશક પ્રવૃત્તિઓનો અનુભવ કરવા માટે હજુ પણ તમારા દિમાગનો કોઈ ખૂણો અંધારામાં રહી ગયો હોય તો આગળ વધો અને બીજા પ્રકરણનો અભ્યાસ કરો.

[પ્રકરણ : ૨]

# તબ્લીગી જમાઅતના હેતુઓ

આ એક સર્વસામાન્ય હકીકત છે કે, જમાઅતો અને ચળવળોની પસંદગી કે નાપસંદગી સંબંધી નિર્ણય કરવાનો આધાર તેના મકસદો હેતુઓ પર હોય છે, નહીં તો જમાઅત ગમે એટલી હરકત કરનાર અથવા તો અસરકારક સાધનો કે કાર્યોથી ભરપુર હોય પરંતુ એના મકસદ નાપસંદ હોય તો એવી જમાઅતને કોઈપણ માન્ય રાખશે નહીં. પરિણામે તબ્લીગી જમાઅત માટે કોઈ છેવટનો નિર્ણય લેવા માટે જરૂરી છે કે એના તે હેતુઓની ઊંડી તપાસ કરવામાં આવે કે જે હેતુઓ એ જમાઅતના સ્થાપકના દિમાગમાં હતા.

## ★ થાનવી સાહેબની તાલીમનો ફેલાવો તબ્લીગી જમાઅતનો મુખ્ય હેતુ ★

આ સંબંધમાં અમે મૌલાના મન્ઝૂર નોઅમાનીના શુક્ર ગુજાર છીએ કે તેમણે ''મલ્ફૂઝાતે ઈલ્યાસ''માં જમાઅતના સ્થાપકની ઝબાની વડે ઈશારો કરી દીધો છે. એમના એક ફકરાની નોંધ કરતાં નોઅમાની સાહબ લખે છે કે :–

**એક બાર ફર્માયા, હઝરત મૌલાના થાનવી (રહ.) ને બહોત બળા કામ કિયા હૈ. બસ મેરા દિલ ચાહતા હૈ કે તા'લીમ તો ઉનકી હો ઔર તરીકએ તબ્લીગ મેરા હો ઈસ તરહ ઉનકી તા'લીમ આમ હો જાએગી.** *(મલ્ફૂઝાત, પેજ–૫૭)*

**સારાંશ :** એક વખત કહ્યું કે, હઝરત મૌલાના થાનવી (રહ.) એ ઘણું મોટું કામ કર્યું છે. બસ મારું દિલ ચાહે છે કે તા'લીમ તેમની હોય



અને તબ્લીગનો તરીકો મારો હોય કે જેથી આ રીતે તેમની તા'લીમનો પ્રચાર થઈ જાય.

કોઈપણ તબ્લીગી કમિટીના ઢાંચાના બે ભાગો હોય છે. એક તા'લીમ બીજો ભાગ તબ્લીગની રીત. આ બે પૈકીમાંથી એક ભાગ જો ઈસ્લામ તરફ સંબંધિત હોય તો હકીકતમાં એ કમિટીને ઈસ્લામી કમિટી કહી શકાય છે. પરંતુ મૌલાના ઈલ્યાસના ઉપરોક્ત બયાનમાં ચોંકાવનારી હકીકત તો એ છે કે આ બંને ભાગોમાંથી કોઈપણ એક ભાગ ખુદા અને તેના રસૂલ તરફ તાલ્લુક રાખનાર નથી. તા'લીમ થાનવી સાહબની અને તબ્લીગનો તરીકો મૌલાના ઈલ્યાસનો છે.

આ બયાનથી સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે કે તબ્લીગી જમાઅતનો અસલ મકસદ ખુદા અને તેના રસૂલની તા'લીમનો ફેલાવો કરવાનો નથી પરંતુ થાનવી સાહબની તા'લીમનો આમ પ્રચાર થાય તે છે. મને એનાથી કોઈ વાંધો નથી કે તબ્લીગી જમાઅતે પોતાના મકસદને તબ્લીગ તરીકે કેમ ગણ્યો. કેમ કે દરેક માણસ પોતાની પસંદગી પ્રમાણે જ હેતુ નક્કી કરે છે. હકીકતમાં વાંધો ઉપસ્થિત કરવાની જગ્યા તો એ છે કે તબ્લીગી જમાઅતના લોકો પોતાના આ હેતુને શા માટે છુપાવે છે ? તેઓ ખુલ્લી રીતે એવું કેમ કહેતા નથી કે અમે મૌલાના થાનવીની તબ્લીગનો પ્રચાર કરવા માગીએ છીએ અને તે માટે જ કટીબધ્ધ થયા છીએ, જે એમની તાલીમ સાથે હમદર્દી રાખતો હોય તે અમારી સાથે આવી જાય.

પરંતુ આ કેટલો મોટો ધોકો છે કે મુસલમાનો સામે આવે છે ત્યારે કહે છે કે અમે ખુદા અને રસૂલના દીનને ફેલાવવા નીકળ્યા છીએ. જ્યારે એમનો હેતુ તો જુદો જ છે **જે જમાઅતની તબ્લીગી રીત અને ચળવળની શરૂઆત જ જૂઠથી થતી હોય તો વિચારી લેજો કે એનો અંત કેવો હશે !** જે કાફલાનો અમીર પહેલા ડગલે જ દગો દે, તેનાથી શું એવી આશા રાખી શકાશે કે તે સલામતી સાથે મંઝિલે મકસૂદ સુધી પોતાના કાફલાને પહોંચાડશે ?

હવે આ વિષયની બીજી ઈબારત તરફ ધ્યાન આપો. મલ્ફૂઝાતના

લેખક લખે છે :–

**મૌલાના ઈલ્યાસને ફર્માયા કે, હઝરત થાનવી (રહ.) સે તઆલ્લુક બળહાને, હઝરતકી બરકાતસે ઈસ્તેફાદા કરને ઔર સાથ હી તરક્કીએ દરજાતકી કોશિશોંમેં હિસ્સા લેને, હઝરતકી રૂહ કી મસર્રતોંકો બળ્હાનેકા સબસે આઅલા ઔર સબસે મુહકમ ઝરિઆ યે હૈ કે હઝરતકી તા'લીમાતે હક્કા ઔર હિદાયત પર ઈસ્તેકામત કી જાએ ઔર ઇનકો ઝયાદા ફૈલાનેકી કોશિષ કી જાએ.** *(મલ્ફૂઝાત, પેજ–૬૭)*

**સારાંશ** : (મૌલાના ઈલ્યાસે ફમાવ્યું કે) હઝરત થાનવી (રહ.) થી સંબંધ વધારવા તેમની બરકતોથી ફાયદા મેળવવા અને સાથે જ દરજ્જાઓની પ્રગતિ માટેની કોશિશોમાં ભાગ લેવો અને હઝરતના આત્માની ખુશીઓ વધારવાનો સર્વશ્રેષ્ઠ અને મજબૂત રસ્તો એ છે કે હઝરતની સાચી તાલીમ અને હિદાયતોની મજબૂતાઈ કરી લેવામાં આવે અને એને વધારેમાં વધારે ફેલાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે.

ઈબારતની પ્રત્યેક લીટી પોકારી રહી છે કે, તબ્લીગી જમાઅતની કાર્યવાહીનો મૂળ હેતુ ખુદા અને તેના રસૂલની ખૂશનૂદી હાંસલ કરવાનો નથી. પરંતુ થાનવી સાહેબના આત્માની ખૂશનૂદી હાંસલ કરવાનો છે. હવે વાત ત્યાં આવી કે થાનવી સાહેબની તાલીમ અને શિખામણોનો વધારો ફેલાવો કરવાનો પ્રયત્ન કોણ કરશે ? તબ્લીગી જમાઅત !

હવે મેવાતના તબ્લીગી કારકુનોના નામે મૌલાના ઈલ્યાસે એક ફરતો પત્ર લખેલો તેનો એક ભાગ જુઓ. તેઓને પોતાના તબ્લીગના હેતુની લાલચ દેતાં મૌલાના ઈલ્યાસ લખે છે કે :–

**હઝરત થાનવી (રહ.) સે મુનફતઅ હોને કે લિએ ઝરૂરી હૈ કે ઉનકી મહબ્બત હો, ઔર ઉનકે આદમીયોંસે, ઔર ઉનકી કિતાબોંકે મુતાલેઆસે મુનફતઅ હુવા જાએ. ઉનકી કિતાબોંસે ઇલ્મ આયેગા ઔર ઉનકે આદમીયોંસે અમલ.** *(મકાતિબે ઈલ્યાસ, પેજ–૧૩૮)*



**સારાંશ** : હઝરત થાનવી (રહ.) થી ફાયદો હાંસલ કરવા માટે જરૂરી છે કે તેમની મહોબ્બત રાખે, અને તેમના અનુયાયીઓથી. તેમજ તેમની કિતાબોનો વિચારપૂર્વક અભ્યાસ કરે અને તેનાથી ફાયદો હાંસલ કરે. તેમની કિતાબોથી ઈલ્મ હાંસલ થશે અને તેમના અનુયાયીઓથી અમલ નસીબ થશે.

ઉપરની ઈબારતો દ્વારા થાનવી સાહેબ અને તબ્લીગી જમાઅત બંને વચ્ચે કાયમ થનારા મકસદી સંબંધો ઉપર ઠીક ઠીક પ્રકાશ ફેંકાયો છે. હવે થાનવી સાહેબની તાલીમનો પ્રચાર અને તેમની કિતાબોથી ફાયદો હાંસલ કરવા માટે કોઈ ચળવળ ઊભી કરવાનો સવાલ છે, તો એ ચળવળની નુકસાની આપણા મગજમાં (સમજમાં) ત્યાં સુધી આવી શકશે નહીં કે જ્યાં સુધી આપણે મૌલાના થાનવી સાહેબની તાલીમ અને તેમની કિતાબોનો નિષ્પક્ષ રીતે અભ્યાસ કરીશું નહીં.

જો હકીકતમાં તેમની તાલીમ અને તેમની કિતાબોથી ઉમ્મતના ઈત્તેહાદી સંબંધ અને ઈમાનની સલામતીને કોઈપણ પ્રકારનું દુઃખ પહોંચે તો બેશક ! ઉમ્મતે મુહમ્મદીના હક્કમાં તબ્લીગી જમાઅતની આ કોશિશ એક કાતિલ હુમલાથી ઓછી નહીં લેખાય.

## ★ થાનવી સાહેબની તાલીમના થોડા નમૂનાઓ ★

થાનવી સાહેબની તાલીમ અને શિખામણોના થોડા નમૂનાઓ નીચે રજુ કરું છું કે જેનાથી આપ તબ્લીગી જમાઅતની દીની નુકસાનીનો ખરેખરો સત્ય અંદાઝ કાઢી શકો.

**પહેલો નમૂનો** : દારુલ ઉલૂમ દેવબંદની કારોબારી સમિતિના સભ્ય મૌલાના અહમદ સઈદ અકબરાબાદી પોતાના માસિક "બુરહાન"માં થાનવી સાહેબ વિષે લખે છે :–

**અપને મુઆમલાતમેં તાવીલ વ તવજીહ ઔર અગ્માઝો મસામેહત (ચશ્મપોશી) કરનેકી મૌલાના થાનવી મેં જો ખૂ થી ઉસકા અંદાઝા ઈસ એક વાકેઆસે ભી હો સકતા હૈ કે એક મર્તબા કિસી મુરીદને મૌલાના કો લિખા કે મૈંને રાત ખ્વાબમેં**

**અપને આપકો દેખા કે હર ચંદ કલ્મએ તશહહુદ સહી કરનેકી કોશિશ કરતા હૂં લેકિન હર બાર હોતા યે હે કે લાઈલાહ ઈલ્લલ્લાહ કે બાદ "અશરફઅલી રસૂલુલ્લાહ" મુંહસે નિકલ જાતા હૈ.**

**ઝાહિર હૈ કે ઈસકા સાફ ઔર સીધા જવાબ યે થા કે યે કલ્મએ કુફ્ર હૈ શૈતાન કા ફરેબ ઔર નફ્સકા ધોકા હૈ. તુમ ફૌરન તૌબા કરો ઔર ઈસ્તેગફાર કરો. લેકિન મૌલાના થાનવી સિર્ફ યે ફર્માકર બાત આઈ ગઈ કર દેતે હૈં કે તુમકો મુઝસે ગાયત મહબ્બત હૈ ઔર યે સબ કુછ ઈસીકા નતીજા ઔર અમર હૈં.** –*("બુરહાન" ફેબ્રુઆરી, ૧૯૫૨, પેજ–૧૦૭)*

**સારાંશ** : પોતાના સંબંધમાં બયાન કરવાનો ઢંગ અને આંખ આડા કાન કરવાની મૌલાના થાનવીમાં જે આદત હતી એનો અંદાઝ ફક્ત આ એક બયાનથી પણ થઈ શકે છે. એક વખત મુરીદે મૌલાનાને લખ્યું કે, મેં રાત્રે સ્વપ્નામાં મને પોતાને જોયો કે હું ઘણી વાર કલ્મએ શહાદત સહી રીતે પઢવાની કોશિષ કરતો હતો છતાં પણ એવું બનતું રહ્યું કે **લાઈલાહ ઈલ્લલ્લાહ** પછી **અશરફઅલી રસૂલુલ્લાહ** પઢાઈ જવાતું હતું.

સ્પષ્ટ તો એ છે કે એને સીધો અને ચોખ્ખો જવાબ એવો આપવાનો હતો કે એ કુફ્રનો કલ્મો છે, શૈતાની ધોકો છે, તમે જલદીથી તૌબા અને ઈસ્તિગફાર કરી લો. પરંતુ મૌલાના થાનવી આ વાત સાંભળી ન સાંભળી કરીને ફક્ત એટલું જ કહી દે છે કે તમોને મારાથી બેહદ મહોબ્બત છે અને એનું જ આ પરિણામ અને ફળ છે.

આ બનાવ ઉપર ઘરના માણસનો કરેલો ખુલાસો ખૂબ પૂરતો છે એટલે હવે એ અંગે વધુ બીજા કોઈ ખુલાસાની જરૂર જોતો નથી. અલબત્ત ! આ બનાવના બાકીના ભાગની સમાપ્તિ માટે એટલું બતાવી દેવાનું જરૂરી સમજું છું કે, આ વાત સ્વપ્નામાં જ પૂરી થઈ ન હતી પરંતુ જાગૃત થયા પછી પણ મુરીદની જબાન ઉપર તેમની નબુવ્વતનો એકરાર ચાલુ હતો. જેમ કે થાનવી સાહેબને લખેલા પત્રમાં મુરીદે પોતે જ એનો



સ્વીકાર કર્યો છે. સ્વપ્નાની વાતનું બયાન કર્યા પછી આગળ લખે છે કે,

**ઈતનેમેં બંદા ખ્વાબસે બેદાર હો ગયા લેકિન બદનમેં બદસ્તૂર હિસ્સી થી ઔર વો અસરે ના તાકતી ભી બદસ્તૂર થા લેકિન હાલતે ખ્વાબ ઔર બેદારીમેં હુઝૂરકા ખ્યાલ થા. લેકિન હાલતે બેદારીમેં કલ્મા શરીફકી ગલતી પર જબ ખ્યાલ આયા તો ઈસ બાતકા ઈરાદા હુઆ કે ઈસ ખ્યાલકો દિલસે દૂર કિયા જાએ. બંઈ ખ્યાલ બંદા બૈઠ ગયા ઔર ફિર દુસરી કરવત લે કર કલ્મા શરીફકી ગલતી કે તદારૂકમેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ શરીફ પળ્હતા હૂં લેકિન ફિર કહતા હૂં અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના વ નબીયિના વ મૌલાના અશરફઅલી હાલાંકે અબ બે દાર હૂં, ખ્વાબ નહીં લેકિન બે ઈખ્તિયાર હૂં, મજબૂર હૂં, ઝબાન અપને કાબૂમેં નહીં.** *(રિસાલા અલઈમ્દાદ, મતબૂઆ થાનાભુવન, શવ્વાલ હીજરી ૧૩૫૫, પેજ–૩૪)*

**ભાવાર્થ** : એટલામાં હું સ્વપ્નમાંથી જાગૃત થયો, પરંતુ શરીરમાં તેવી જ રીતની હેરાનિયત ચાલુ હતી તેમજ કમજોરીની અસર પણ દેખાતી હતી. પરંતુ સ્વપ્નાની હાલતમાં તથા જાગૃત અવસ્થામાં (હુઝૂર થાનવી)નો જ ખ્યાલ ચાલુ હતો. જાગૃત હાલતમાં કલ્માશરીફની ભૂલનો જ્યારે ખ્યાલ આવ્યો ત્યારે મેં એવો ઈરાદો કર્યો કે આ વિચારને દિલથી ભૂલી જવો. પરિણામે એવા જ ઈરાદાથી હું પાસુ ફેરવી ગયો અને કલ્માશરીફની ભૂલના બદલામાં હું રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ શરીફ પઢવા લાગ્યો છતાં પણ ફરીથી **અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના વ નબીયિના વ મૌલાના અશરફઅલી** કહી રહ્યો છું. જો કે તે વખતે હું જાગૃત હાલતમાં જ હતો સ્વપ્નામાં ન હતો છતાં પણ શું કરવું ? બેઈખ્તિયાર અને લાચાર છું, ઝબાન મારા કાબૂમાં નથી.

કમબખ્ત તે જીભ પણ કેટલી બધી ચાલાક છે કે જે પોતાના પીરના દરજ્જાને ઘટાડવા માટેના કલામો બોલતી વખતે બેકાબૂ બની જતી નથી ! જ્યારે એની નબુવ્વતનો ઈકરાર કરવા માટે બેકાબૂ બની જાય છે, આ લૂ લૂં બહાનું જો સ્વીકારી લેવામાં આવે તો દુનિયામાંથી સલામતી જ

ઊઠી જાય. મોટામાં મોટો બુરું ભલું કહેનારો માણસ એમ કહીને છટકી શકે છે કે શું કરું ? હું લાચાર છું, બે ઈખ્તિયાર છું, ઝબાન મારા કાબૂમાં નથી.

આ બનાવનો સૌથી ઈબ્રતનાક તમાશો તો એ છે કે ''પીરે મુંગા'' આ તદ્દન કુફ્રી કલ્મા પર રોક ટોક કરવાને બદલે પોતાના મુરીદને તેના જુસ્સાને વધુ વેગ આપતો જવાબ લખી મોકલે છે.

**ઈસ વાકેઆમેં તસલ્લી થી કે જિસકી તરફ તુમ રુજૂઅ કરતે હો વો બેઐનેહી મુત્તબએ સુન્નત હૈ.** *(અલઈમ્દાદ, પેજ–૩૪)*

**સાર** : આ બનાવમાં તસલ્લી આપવામાં આવી હતી કે જેના તરફ તમે ધ્યાન ધરો છો તે અલ્લાહની મદદથી સુન્નતની તાબેદારીવાળો છે.

જે આનંદી તબિયતથી એક ચોખ્ખા કુફ્રને સારું ગણવામાં આવ્યું છે. મુરીદો તથા એ'તેકાદ રાખવાવાળાઓ માટે આ જવાબમાં કેટલા ખામોશ છુપા ઈશારાઓ સમાયેલ છે તેને જાહેર કરવાની જરૂર નથી, છતાં પણ પ્રશ્ન એ થાય છે કે, માની લઈએ કે મુરીદની જબાન બેકાબુ થઈ ગઈ હતી પણ ''પીરે મુંગા''ની કલમ તો પોતાના કાબૂમાં હતી જ. તેમણે હોશમાં હોવા છતાં એક કુફ્રી કલ્માને ટેકો કેમ આપ્યો ? પરિણામે કહેવું પડે છે કે, પીર અને મુરીદ બંનેમાંથી એક પણ બેઈખ્તિયાર ન હતા. આ બનાવ બંને જણાની પરપસ્પરની સમજૂતિ તથા ઈરાદાપૂર્વક ઉપસ્થિત કરવામાં આવ્યો હતો.

હવે તમે પોતે જ ઈન્સાફથી બતાવો કે આ પ્રમાણેની કુફ્ર તાલીમનો તબ્લીગી જમાઅતે મુસલમાનોમાં ફેલાવો કર્યો તો એમનાં ઈમાન તથા ઈસ્લામનો શું હશ્ર થશે ? પરંતુ નવાઈની વાત છે કે આટલી ખુલ્લી ગુમરાહી પછી પણ તબ્લીગી જમાઅતનો આગ્રહ છે કે થાનવી સાહેબની એ તાલીમને મુસલમાનોમાં ફેલાવશે. મારી સમજમાં નથી આવતું કે તે દીનની સલામતી વિરૂદ્ધ આવું ખતરનાક પગલું કેમ ભરી રહી છે. હું એમ નથી કહી શકતો કે તે થાનવી સાહબનો કલ્મો પઢાવવા માગે છે પરંતુ એની તબ્લીગી કાર્યવાહીમાં એક નવા કાદિયાનીનાં ચિન્હો તો સ્પષ્ટ દેખાઈ જ રહ્યાં છે.



**બીજો નમૂનો** : મૌલાના અહમદ સઈદ અકબરાબાદીએ થાનવી સાહેબની જે ફિતરતો તરફ પોતાના માસિક 'બુરહાન'માં ખૂબ જ સ્પષ્ટ ઈશારો કર્યો છે એના સ્વીકાર માટે ખૂદ થાનવી સાહેબની જીભે સાંભળો. એમની મલ્ફૂઝાતના એકત્ર કરનાર ખ્વાજા અઝીઝુલહસન લખે છે કે :–

**હઝરત (થાનવી)ને અહકરકો મુખાતબ કરકે ફર્માયા કે દેખિયે ! મેરા માદ્દએ તારીખી (તારીખી નામ) ''મકરે અઝીમ'' ઠીક હૈ યા નહીં ? મૈં આખિર શૈખઝાદા હૂં, શૈખઝાદે બળે ફિતરતી હોતે હૈં, મુઝે ભી ફિતરતેં બહોત આતી હૈં.** *(મક્તબએ તજલ્લી દેવબંદ, હસનુલ અઝીઝ, જિ. ૧, પેજ–૧૩)*

**સારાંશ** : હઝરત થાનવીએ નાચીઝને સંબોધીને કહ્યું કે, જુઓ ! મારું ઐતિહાસિક નામ ''મકરે અઝીમ'' યોગ્ય છે કે નહીં ? છેવટે હું શેખની ઔલાદ છું અને શેખની ઔલાદ ખૂબ જ ચાલાક હોય છે, મને ઘણી ચાલાકી આવડે છે.

કોઈ પણ ધોકાબાજ અને ચાલાક માણસની તાલીમ અને તેની જિંદગીની ''બરકતો'' થી મુસલમાનોને કયા પ્રકારના ફાયદાઓ હાંસલ થઈ શકે ? એ બતાવવાની જરૂર નથી. તેમ છતાં એટલી વાત જરૂર કહીશ કે, ''મકર'' (ધોકાબાજીનો દુર્ગુણ) એ માણસનો સૌથી મોટો દુર્ગુણ ગણાય છે તેમ છતાં થાનવી સાહેબ ખૂબ જ અભિમાનપૂર્વક પોતાના આ દુર્ગુણનો સ્વીકાર કરે છે.

હવે તમે જ ઈન્સાફ કરજો કે તલ્લીગી જમાઅત આ રીતની શરમનાક તાલીમનો મુસલમાનોમાં ફેલાવો કરશે તો મુસ્લિમ સમાજનો શો હાલ થશે ? નફસની પવિત્રતાના જે કાંઈ ચિન્હો આજે ચારે કોર વેરાયેલાં દ્દષ્ટિગોચર થાય છે તે પણ બર્બાદ થઈને રહેશે.

આ સાથે થાનવી સાહેબની તાલીમનો એક વિશેષ નમૂનો પણ જોઈ લો. એમના મલ્ફૂઝાતના એકત્ર કરનાર લખે છે કે :–

એક વખત થાનવી સાહેબ કોઈ માણસથી નારાજ થઈ ગયા. અને

એમના માનવાવાળાઓને હુકમ કર્યો કે એનાથી સલામ કલામ બંધ કરી દો. જ્યારે એણે આવીને માફી માંગી તો વળતો હુકમ કરવામાં આવ્યો કે, દરરોજ મગરિબની નમાઝ પછી આ પ્રમાણેનું એલાન કરો, ત્યાર પછી તમારી ભૂલ માફ થશે. હવે દિલ પર હાથ રાખીને એ શરમનાક એલાનના શબ્દો વાંચો કે જે શબ્દો તે ગરીબની જીભે કહેડાવવામાં આવ્યા :–

**સાહેબો ! ચૂંકે મૈં ફલાં કૌમકા હૂં ઈસ લિએ કમહોશ લગી કે સબબ અપને મુરબ્બી (થાનવી સાહબ.)કી ઈનાયતોં પર અપને આપકો બળા સમઝને લગા જિસકી સજામેં ગિરફતાર હૂં.** *–(મક્તબે તજલ્લી દેવબંદ, કમાલાતે અશ્રફીયહ્, પેજ–૧૬૯)*

**ભાવાર્થ** : સાહેબો ! હું ફલાણી કોમનો માણસ છું એના કારણે મારામાં રહેલી ઓછી સમજને લીધે હું આપણા મુરબ્બી થાનવી સાહેબની મહેરબાની ઉપર મારી જાતને મોટી સમજવા લાગ્યો, એના કારણે હું સજામાં સપડાયો છું.

કોઈ ગુનેહગાર પાસે પોતે કરેલી ભૂલનો સ્વીકાર કરાવવો એ કોઈ ગુનોહ નથી પરંતુ ''હું ફલાણી કૌમનો છું, એટલા માટે જ મારાથી આ ભૂલ થઈ છે.'' એમ કહેવડાવવું એ આખી કૌમને ઝલીલ કરવા બરાબર છે.

આ તે જ જહાલત છે કે જેને ઈસ્લામે કચડી નાંખી હતી. પરંતુ થાનવી સાહબની તા'લીમના વસીલાથી તબ્લીગી જમાઅત એ મરી ચૂકેલી જહાલતને મુસલમાનોમાં ફરીથી જીવંત કરવા ધારે છે.

છેવટમાં થાનવી સાહેબની તાલીમનો એક શાનદાર નમૂનો વાંચી જુઓ. એમના મલ્ફૂઝાતના એકત્ર કરનાર એમના મોઢેથી બોલેલી હકીકતની નોંધ કરે છે :–

**ફર્માયા કે મૈં દાવત ઔર હદિયામેં હરામ વ હલાલ કો ઝયાદા નહીં દેખતા ક્યૂં કે મૈં મુત્તકી નહીં હૂં.** *(કમાલાતે અશ્રફીયહ્, પેજ–૪)*



**સારાંશ** : (થાનવી સાહબ)એ ફર્માવ્યું કે હું દાવત અને હદિયામાં હરામ હલાલ કંઈ ખાસ જોતો નથી કેમ કે હું પરહેઝગાર નથી.

આ પ્રમાણેની તાલીમ અગર તબ્લીગી જમાઅત મુસલમાનોમાં ફેલાવવા ચાહે છે તો ખુદા જ હિફાઝત કરે તે કૌમની . એની અખ્લાકી ભાવના અને તેમનાં સાચાં કામોથી કોઈ પણ પ્રકારની રૂહાની તરક્કી તો શું ખાક થશે ? ઉલ્ટું એ ગુમરાહ કરી નાખનાર તાલીમના પરિણામે અખ્લાક અને પરેહઝગારીની વધેલી પૂંજી પણ બર્બાદ થઈ જશે.

**ત્રીજો નમૂનો** : થાનવી સાહેબ અને તમામ દેવબંદી આલિમોનો સર્વાનુમતી અકીદો છે કે, નમાઝની હાલતમાં હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખ્યાલ લાવવો ગધેડા અને બળદના ખ્યાલમાં ડૂબવા કરતાં વધારે ખરાબ છે. હુઝૂરનો ખ્યાલ આવતાં જ નમાઝ તૂટી જશે. તેમજ નમાઝી પણ શિર્ક કરનાર તરીકે ગુનેહગાર ગણાશે. પોતાના આ અકીદાના ટેકામાં એ હઝરાતોની દલીલ એવી છે કે,

હુઝુરનો ખ્યાલ તાઝીમ સાથે આવશે અને નમાઝની હાલતમાં અલ્લાહ સિવાય બીજા કોઈનો ખ્યાલ કરવો એ શિર્કની તરફ ખેંચી લઈ જશે. આ વાતની સાબિતી માટે જુઓ, દેવબંદી ધર્મની વિ□ાસપાત્ર કિતાબ ''સિરાતે મુસ્તકીમ'' ના પાન ૭૮ નું લખાણ જે ઘણું જ પ્રખ્યાત છે.

આ અકીદો તો એ હઝરાતોનો સરકારે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم ના બારામાં છે પરંતુ પોતાના તસવ્વુરના બારામાં થાનવી સાહેબની શું શીખામણ છે તેને જરા ધ્યાનમાં લઈ લઈએ. મને વિ□ાસ છે કે ઘણી વાર સુધી તમારા પર બેહોશીની હાલત છવાઈ જશે.

મૌલ્વી અબ્દુલ માજિદ દર્યાબાદી (દફતરે સિદકે જદીદ) જે થાનવી સાહેબના ખાસ ખલીફા છે. એમણે થાનવી સાહેબ ઉપર એક પત્ર લખ્યો કે :–

**નમાઝ મેં જી ન લગને કા મર્ઝ બહોત પુરાના હૈ લેકિન કભી યે તજરબા હુઆ કે ઐન હાલતે નમાઝ મેં જબ કભી બજાએ અપને જનાબે (વાલા) કો યા...... કો ફર્ઝ કર લિયા તો**

**ઈતની દેર તક નમાઝ મેં દિલ લગ ગયા. લેકિન મુસીબત યે હૈ કે ખૂદ યે તસવ્વુર ભી અરસા તક કાયમ નહીં રહતા. બહર હાલ યે અમલ અગર મહમૂદ હો તો તસ્વીબ ફર્માઈ જાએ. વરના આઈન્દા એહતેયાત રખુંગા.** *(હકીમુલ ઉમ્મત, પેજ–૫૪)*

**સારાંશ** : નમાઝમાં દિલ નહીં લાગવાની બિમારી ઘણી જૂની છે. પરંતુ ક્યારેક એવો અનુભવ થયો કે નમાઝની હાલતમાં મારા પોતાના સિવાય આપનું ધ્યાન ધરી લઉં તો એટલી વાર સુધી નમાઝની હાલતમાં દિલ લાગી જતું. પરંતુ મુસીબત એ છે કે એ ખ્યાલ પણ વધુ સમય સુધી ટકતો નથી. કોઈ પણ રીતે જો આ અમલ નેક હોય તો તે માટેની સમજણ આપશો. નહીં તો પછી હવેથી એ માટેની તકેદારી રાખીશ. મૌલ્વી અબ્દુલ માજિદ સાહેબની આ ગુઝારિશનો જવાબ મૌલ્વી થાનવી સાહેબે શું આપ્યો તે સાંભળો :–

**ફર્માયા, ''મહમૂદ હૈ જબ કે દૂસરોં કો ઈત્તેલાઅ ન હો.''** *(હકીમુલ ઉમ્મત, પેજ–૫૪)*

**સારાંશ** : તેમણે જવાબ આપ્યો કે, એ કામ નેક છે પણ બીજાઓને જાણ ન થવી જોઈએ. હવે તમે જ ઈન્સાફની ભાવના પેદા કરી કહો કે માનસ અને દિમાગની આ બે ધારી નીતિને '' રસૂલ દુશ્મની'' તથા '' શેખ પરસ્તી'' ની તાલીમ સિવાય બીજું શું કહી શકાશે ?

''બીજાઓને જાણ ન થાય !'' એ શબ્દોવાળી વાત તો એટલી બધી આશ્ચર્યજનક છે કે આ એક જ વાકય વડે મઝહબી દયાનતનો બધો હાલ જણાય આવે છે. અહીંયાથી દિલની એ ચોરી માલૂમ પડી જાય છે કે બહાર તૌહીદના ઝંડાધારી બનીને ફરો અને ઘરમાં પોતાની પૂજા કરાવો !

હવે અલ્લાહના ડરને દરમિયાનમાં રાખીને ખુદાથી ડરનાર દરેક મુસલમાનને પૂછવા માગું છું કે, આ પ્રકારની ''રસૂલ દુશ્મન'' તથા મુશ્રિક ઢબની તાલીમ મુસલમાનોમાં ફેલાવવામાં આવશે તો તમે બતાવો કે આખેરતની તબાહી સિવાય મુસલમાનોના હિસ્સામાં બીજી કઈ વસ્તુ આવશે ?



## ★ એક જરૂરી સવાલ ★

બીજો સવાલ એ છે કે, તબ્લીગી જમાઅતના અકીદામાં નમાઝની હાલતમાં સરકારે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખ્યાલ લાવવો શિર્ક છે. તો પછી નમાઝની તબ્લીગથી તે કઈ રીતે જવાબદારીથી મુક્ત થઈ શકશે ? કેમ કે નમાઝમાં **અત્તહિય્યાત** પઢવું વાજિબ છે. અને એને પઢતી વેળા જ્યારે **અસ્સલામુ અલૈક અય્યુહન્નબી** કહેશે તો નબીનો ખ્યાલ જરૂર આવશે. હવે એની બે જ સૂરતો છે યા તો તા'ઝીમ (અદબ)ની સાથે આવશે અથવા તો તૌહીનની સાથે આવશે જો અદબની સાથે આવશે તો દેવબંદી ધર્મ પર **શિર્ક** થઈ જશે અને જો તૌહીનની સાથે આવશે તો નબીની તૌહીન સર્વાનુમતે **કુફ્ર** છે ! હવે આ મુશ્કેલીમાંથી બચવા માટેના બે રસ્તાઓ છે : એક તો નમાઝમાં અત્તહિય્યાત છોડી દેવામાં આવે. પણ મુશ્કેલી એ વાતની છે કે નમાઝમાં એનું પઢવું વાજિબ છે અને વાજિબના છોડવાથી નમાઝ સહી થતી નથી. બીજો માર્ગ એ છે કે અત્તહિયાત તો પઢવામાં આવે પણ હુઝૂરે પાક સાહેબે લવલાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખ્યાલ જ દિલમાં ન લાવવામાં આવે ! પરંતુ ફરી પાછી મુશ્કેલી એ છે કે, આ સંબંધમાં **ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ નો આ ઈર્શાદ નમાઝીઓને ખબરદાર કરે છે કે, **અહઝીર ફી કલ્બે કન્નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم **વ કુલ અસ્સલામુ અલૈક.** એટલે કે **પ્રથમ પોતાના દિલમાં નબીયે કરીમ**صلی اللہ تعالیٰ علیہ وسلم**ને જલ્વાગર હોવાનો ખ્યાલ બાંધો ત્યાર પછી જ કહો કે અસ્સલામુ અલૈક અય્યુહન્નબી.**

મતલબ કે કોઈ પણ રીતે તબ્લીગી જમાઅતવાળાઓ માટે નમાઝની અદાયગીની જવાબદારીમાંથી મુક્ત થવું શક્ય નથી એ સિવાય કે તેઓ પોતાના આ અકીદાથી તૌબા કરી લે જેને ''સિરાતે મુસ્તકીમ''ના હવાલાથી હું આગળ નોંધી ચૂક્યો છું. જ્યારે તબ્લીગી જમાઅતવાળાઓને માટે ખૂદ પોતાની નમાઝની અદાયગીથી ખરી રીતે જવાબદારી મુકત થવું શક્ય નથી તો પછી તે બીજાઓને શું નમાઝની તાલીમ આપી શકશે ?

**ચોથો નમૂનો** : કહે છે કે થાનવી સાહેબને એક માણસે સવાલ કર્યો કે, હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતે પાક (જન્મ મુબારક)ની ખુશીમાં લોંડી આઝાદ કરવા બદલ જ્યાં અબૂ લહબ જેવા નામચીન કાફિરને પણ આખેરતમાં બદલો મળ્યો છે. તો મુસલમાન અગર જો પોતાના સરકારે નામદાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતે પાકની ખુશી મનાવે તો એને કોઈ બદલો કે સવાબ મળશે કે નહીં ? થાનવી સાહેબે એનો જવાબ આ રીતે આપ્યો કે :–

**હમારી યે ખૂશી જાઈઝ હોતી અગર દલાઈલે શરઈય્યહ મુન્કિરાતકો મના ન કરતે ઔર ઝાહિર હૈ કે મુબાહ વ ગૈર મુબાહ કા મજમૂઆ ગૈર મુબાહ હોતા હૈં.** *(મક્તબે તજલ્લી, દેવબંદ, કમાલાતે અશ્રફિયહ, પેજ–૪૪૪)*

**સારાંશ** : થાનવી સાહેબનું કહેવું છે કે જો કે શરીઅતની દલીલો આવી મુનકિરાતની મના ન કરતી હોત તો એ ખુશી અમારા માટે જાઈઝ હોત. અને સાફ તેમજ ચોખ્ખું છે કે જાઈઝ નાજાઈઝના એકત્ર થવા પર જાઈઝને છોડી દઈ નાજાઈઝને ચાલુ રાખવામાં આવે છે.

મતલબ કે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતે પાક પર ખુશી મનાવવી જાઈઝ નથી. અને જ્યારે જાઈઝ નથી તો પછી સ્પષ્ટ જ છે કે આખેરતમાં એ કામ બદલ કોઈ સવાબ નથી મળવાનો.

આ તો રહ્યો ખુદાના પ્યારા પૈગમ્બર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંબંધમાં થાનવી સાહેબનો ફતવો. હવે ખાસ પોતાના બારામાં એમના એક ફતવા તરફ ધ્યાન આપો.

"અશરફુસ્સવાનેહ" નામની કિતાબના લેખક ખ્વાજા અઝીઝુલ હસન એ થાનવી સાહેબના ખાસ પ્રિય મુરીદ હતા. તેમણે પોતાના સંબંધમાં લખ્યું છે કે એક વખત મેં પોતે શરમાતાં શરમાતાં હઝરતને અરજ કરી :–

**મેરે દિલમેં બાર બાર યે ખ્યાલ આતા હૈ કે કાશ ! મૈં ઔરત હોતા આપકે નિકાહમેં. ઈસ ઈઝહારે મહોબ્બત પર**



**હઝરતેવાલા ગાયત દરજા મસ્રૂર હોકર બે ઈખ્તિયાર હસને લગે. ઔર યે ફર્માતે હુએ મસ્જિદ કે અંદર તશરીફ લે ગએ. યે આપકી મહોબ્બત હૈ, સવાબ મિલેગા, સવાબ મિલેગા.** *(અશરફુસ્સવાનેહ, જિલ્દ–૨, પેજ–૨૮)*

**સારાંશ** : મારા દિલમાં ઘણી વાર આવો વિચાર આવતો કે કાશ ! હું હુઝૂરના (થાનવીના) નિકાહમાં ઔરત હોત તો ? આ પ્રકારની જાહેરાત કરવા પર હઝરતે વાલા થાનવી ઘણા ખુશ થઈ ગયા અને બેઈખ્તિયાર હસવા લાગ્યા તથા મસ્જિદની અંદર તશરીફ લઈ જતાં કહેતા ગયા કે એ તમારી મહોબ્બત છે ! તમને સવાબ મળશે, જરૂર સવાબ મળશે !

તમે જોઈ રહ્યા છો ને ! થાનવી સાહેબના ઘમંડ અને અભિમાનનો આ તમાશો ! ઈદે મિલાદુન્નબી ઉજવી અગર મુસલમાન પોતાના પ્યારા પૈગમ્બરની સાથેની મહોબ્બતનો ઈઝહાર કરે તો તેમના માટે કોઈ ભલાઈ નથી કે સવાબ નથી, પરંતુ થાનવી સાહેબનો મુરીદ ઔરત બનવાની તમન્ના કરે તથા તેમનાથી મહોબ્બતનો ઈઝહાર કરે તો આ શરમજનક ખ્યાલ ઉપર પણ તેને "સવાબ મળશે, સવાબ મળશે !" અલ્લાહની કસમ ! હદ આવી ગઈ રસૂલની દુશ્મનીની. ખ્યાલમાં પણ નથી આવી શકતું કે કોઈનું દિલ પોતાના નબી પ્રત્યે આટલી હદે કાળુ થઈ શકે છે ? હવે તમે ઈન્સાફથી બતાવશો કે આ પ્રમાણેની "રસૂલ દુશ્મન" તાલીમને જો તબ્લીગી જમાઅતે મુસલમાનોમાં ફેલાવી તો નમાઝી બન્યા પછી પણ નજાત માટે તેમની પાસે શું રહ્યું હશે ?

આદમી અમલથી કોરો રહે તો તેનો ઈલાજ થઈ શકે છે, પણ જો પોતાના નબીના તરફથી તંગદિલ થઈ જાય તો કોઈ પણ પ્રકારની નેકી કામમાં આવી શકતી નથી.

**પાંચમો નમૂનો** : મુસલમાનોની સામાજિક હકીકત અને જીવનની રીતભાત સંબંધી થાનવી સાહેબની તાલીમ અને શીખામણના થોડા નમૂનાઓ તરફ લક્ષ આપો. મર્દોને શીખામણ આપતાં લખે છે કે,

**અકીકા વ ખત્ના બિસ્મિલ્લાહ કે મકતબ મેં જમા હોના, યે સબ તર્ક કર દો. ન અપને ઘર કરો, ન દૂસરે કે યહાં**

**શરીક હો. ગમીં મેં તીજા, દસવાં, ચાલીસવાં વગેરહ્, શબે બરાતકા હલવા યા મોહરમકા તહેવાર ન ખૂદ કરો ન દુસરોં કે યહાં જાકર ઈન કામોમેં શરીક હો.** *(કસ્દુસ્સબીલ, પેજ–૨૫)*

**સારાંશ** : અકીકા ખત્ના અને બિસ્મિલ્લાહના પ્રસંગે એકઠા થવું છોડી દો. તમારા ઘરે પણ ન કરો અને બીજાને ત્યાં પણ જાઓ નહીં. ગમી જાહેર કરતા ત્રીજું, ચોથીયું, ચાલીસમું વગેરે તથા શબે બરાતનું ન્યાઝ અથવા મહોરમનો તહેવાર તમે પોતે ઉજવો નહીં અને બીજાઓને ત્યાં આવા પ્રસંગોએ હાજરી આપશો નહીં.

હવે ઔરતના નામે થાનવી સાહેબનું હિદાયતનમું વાંચો :–

**ફાતેહા ન્યાઝ વલીયોંકી મત કરો. બુઝુર્ગોંકી મન્નત મત માનો, શબે બરાતકા હલવા, મોહર્રમ, અરફા, તબારકકી રોટી કુછ મત કરો.** *(કસ્દુસ્સબીલ, પાન ૨૯)*

**ભાવાર્થ** : ફાતેહા, ન્યાઝ ન કરો, બુઝુર્ગોની મન્નત માનો નહીં. તેમજ સબે બરાતનો હલવો મોહર્રમ, અરફા, તબારકની રોટી વગેરે રિવાજો પણ કરવા નહીં, એને છોડી દો. એના પછી લખે છે કે :–

**કહીં બ્યાહ શાદી, મુન્ડન, ચિલ્લા, છટ્ઠી, અકીકા, મંગની, ચોથી વગેરહ્ મેં મત જાઓ. ન અપને યહાં કિસીકો બુલાઓ. બહિશ્તી ઝેવર એક કિતાબ હૈ. ઉસ્કો યા તો પળ્હલો યા સુન લિયા કરો. ઔર ઉસ પર ચલા કરો.** *(કસ્દુસ્સબીલ, પેજ–૨૯)*

**ભાવાર્થ** : લગ્ન પ્રસંગે, બાબરી ઉતારવાના પ્રસંગે, ચિલ્લા, છટ્ઠી, કે અકીકાના અવસર પર, મંગની કે ચોથ પ્રસંગે કોઈપણ જગ્યાએ જાઓ નહીં, અને તમારે ત્યાં પણ કોઈને આવા પ્રસંગો ઊભા કરી બોલાવો નહીં. બહેશ્તી ઝેવર નામની એક કિતાબ છે તેને તમે જાતે પઢી લો અથવા તો બીજા પાસે પઢાવી લો. તેમજ તેમનાં કહ્યા મુજબ ચાલ્યા કરો.

હવે તે કામોની નામાવલિ જુઓ કે જે કામોને થાનવી સાહેબથી સંબંધ કરવા માટે અને તેમની ''બરકતો''થી ફાયદો હાસિલ કરવા માટે આપણે છોડવા પડશે. લખે છે કે :–



**મુર્દા કા તીજા દસવાં, બીસવાં, ચાલીસવાં કરના, ઉર્સમેં જાના, બુઝુર્ગોંકી મન્નત માનના, ફાતેહા, ન્યાઝ, ગ્યારહવી વગેરહ્. મુતઆરિફ કરના, રિવાજ કે મુવાફિક મૌલૂદ શરીફ કરના, શબે બરાતકા હલવા પકાના, રમઝાનમેં ખત્મે કુર્આન કે મોકે પર શીરીની ઝરૂર કરકે બાંટના.** –*(કસ્દુસ્સબીલ, પેજ–૩૧)*

**સારાંશ** : ઉપર જણાવેલાં કામોને થાનવી સાહેબે કસ્દુસ્સબીલના પાન ૩૧ પર છોડી આપવા લખ્યું છે.

કસમ છે તમને શર્મો હયાની ! અહીં થોડી વાર માટે થોભી જાઓ, અને વિચારો કે થાનવી સાહબની આ બધી તાલીમ અને શીખામણો ઉપર અમલ કર્યા પછી મુસ્લિમ સમાજની શી હાલત થશે ? જિંદગીના તે મોકાઓ કે જે પ્રસંગે એકત્ર (ભેગા) થવું જરૂરી બને છે તે કઈ રીતે અસ્તિત્વમાં આવી શકશે ? ખાનદાનોના પરસ્પર સંબંધો, કુટુંબોના અંદર અંદરના સંબંધો કેવી રીતે કાયમ રહી શકશે ?! જ્યારે કે ગમી અને ખુશીના મોકા પર પણ કોઈ કાઈનાથી સંબંધ નહીં રાખે.

જો ઈસ્લામની પણ એ જ પ્રમાણેની અમને સૂચના હોત. તો અમે એને પણ માની લેત પરંતુ જ્યારે ખુદા અને રસૂલ ﷺ એ અમને એ બધા કામોથી રોક્યા નથી તો પછી થાનવી સાહેબને શું અધિકાર છે કે તે અમારા સામાજિક રિવાજોને ફક્ત પોતાની હલકી મનોવૃત્તિના જોર પર બરબાદ કરી દે.

હવે થાનવી સાહેબે જે ''બહિશ્તી ઝેવર'' ઉપર ચાલવાની હિદાયત કરી છે તો તેની પણ જરા એક ઝલક ધ્યાનમાં રાખી લો. જે કામો કરવાથી તેમના નજીક એક મુસલમાન કાફિર મુશ્રિક થઈ જાય છે તે કામોની નામાવલિ રજૂ કરતાં લખે છે કે :–

**કિસીકો દૂર સે પુકારના, ઔર યે સમઝના કે ઉસકો ખબર હો ગઈ. કિસીસે મુરાદેં માંગના, કિસી કે સામને ઝુકના, યા તસ્વીર કી તરહ ખળા રહેના, સેહરા બાંધના, અલીબક્ષ, હુસૈનબક્ષ, અબ્દુન્નબી વગેરહ્ નામ રખના યૂં કહના કે ખુદા વ રસૂલ અગર ચાહે તો ફુલાં કામ હો જાએગા.** *(બહિશ્તી ઝેવર,*

*પેજ–૩૭, કુફ્રો શિર્કકી બાતોંકા બયાન)*

**સારાંશ** : કોઈને દૂરથી પુકારવો અને એમ સમજવું કે તેને ખબર થઈ ગઈ. કોઈની પાસે મુરાદો માંગવી, કોઈની સામે ઝુકવું અથવા ચિત્રની માફક ઊભા રહેવું, સેહરો બાંધવો, અલીબક્ષ, હુસૈનબક્ષ, અબ્દુન્નબી વગેરે નામો રાખવાં, એમ કહેવું કે ખુદા અને રસૂલ અગર ઈચ્છે તો ફલાણું કામ થઈ જશે.

ધ્યાનથી વિચારો ! થાનવી સાહેબના આ ફર્માનો જો સાચાં માની લેવામાં આવે તો ભારત પાકિસ્તાનના ૨૦ કરોડ મુસલમાનોમાંથી ભાગ્યે જ થોડા લાખ માણસો બાકી રહેશે જે મુસલમાન કહેવાને લાયક ગણી શકાશે. નહીં તો બધા જ મુસલમાનો ઈસ્લામના વર્તુળમાંથી નીકળી જશે. કદાચ ! આજ કારણે તબ્લીગી જમાઅત મુસલમાનોને કલ્મો પઢાવી નવેનામથી મુસલમાન બનાવતી ફરે છે. નહીં તો દેખીતી વાત એ છે કે એક કલ્મા પઢનારને ફરીથી કલ્મો પઢાવવાનો કોઈ સવાલ ઊભો થતો નથી.

**પરિણામો** : હવે આ દલીલોની સમાપ્તિ કરતાં હું તમને ઈમાન અને દયાનતના જોશથી અપીલ કરું છું કે, અગાઉનાં પૃષ્ઠો ઉપર થાનવી સાહેબની તાલીમ અને હિદાયતોના થોડા નમૂનાઓ મેં એમની પોતાની કિતાબોના હવાલા આપીને રજૂ કર્યા છે. એના ઉપર નિષ્પક્ષ રીતે અને શુદ્ધ ભાવનાથી વિચાર કરો. એની અંદર તે વાતો પણ છે કે જેનાથી રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન કરવાના જોશને વધારે ઉભરો ચડે છે. અને થાનવી સાહેબના પૈગમ્બરીના મર્તબાને વિ□ાસ અપાવવા બુદ્ધિનો રસ્તો ખુલી જાય છે. અને એમની તાલીમના તે ભાગો પણ છે કે જ્યાંથી અખ્લાક અને પરહેઝગારીના સ્વભાવ પર ધોકાબાજી અને નફરત પરસ્તીનો રંગ ચઢે છે. ઉપરાંત એમની તાલીમનો તે ભાગ ખૂબ જ સ્પષ્ટ છે કે જેના વડે મુસલમાનોની સામાજિક જિંદગી અને ધાર્મિક રિવાજોનો બધો કારોબાર વેરવિખેર થઈ જાય છે. અને તે એટલે સુધી કે કોઈ મુસલમાન જ નથી રહેતો.

હવે આ સંજોગોમાં તમે પોતે જ ફેંસલો કરો કે, તબ્લીગી જમાઅત



મુસલમાનોમાં આવા પ્રકારની વસવસાઓવાળી તથા ગુમરાહ કરનાર તાલીમ ફેલાવી એના સિવાય બીજા કયા પરિણામો પેદા કરશે કે પ્રત્યેક ઘરમાં અકીદા અને ખ્યાલોના મતભેદની લડાઈ શરૂ થાય ? તેમજ એમનું જૂનું પૂરાણું સંગઠન તથા ધાર્મિક ઐક્યતાના ટુકડે ટુકડા કરીને એમને આખેરતની શર્મિંદગી અને નિરાશાઓના તોફાનમાં સપડાવી દેવામાં આવે ? એટલું જ નહીં પણ એમને પૈગમ્બરોના બારામાં એટલા બધા બેઅદબ અને સંકૂચિત માનસવાળા બનાવી દેવામાં આવે કે નજાતની છેલ્લી આશા પણ બાકી ન રહેવા પામે.

આ બધા ખુલાસાઓ પછી હવે એ બતાવવાની જરૂર બાકી રહેતી નથી કે જે જમાઅતના ફિકી અને ઈલ્મી સાધનો આટલી હદ સુધી બર્બાદ કરી નાખે તેવા અને ઝેરીલા હોય તે જમાઅત સાથે સહાય અને ભાગીદારીના કોઈ સંબંધ કઈ રીતે કાયમ રાખી શકાય કે નહીં ? એક વ્યક્તિનું નુકસાન હોય તો તેને સહન કરી શકાય, પણ આખી કૌમના આત્માની શાંતિનો ખતરો કદી પણ સાંખી શકાય નહીં. મારા આ લખાણોની સત્યતામાં કોઈ પણ પ્રકારનો શક ઊભો થતો હોય તો બિલ્કુલ નિષ્પક્ષ બનીને તમે તે સ્થળોની મુલાકાત લેજો કે જ્યાં તબ્લીગી જમાઅતના ''મુબારક કદમ'' પહોંચી ગયા હોય અને એવા સ્થળોની કમી પણ નથી કે જ્યાં આ પ્રકારની તાલીમના પ્રતાપે વાતાવરણમાં મતભેદવાળા વિચારો ફેલાએલા છે અને નફરતની આગ ઝળકી રહી છે.

## ★ તબ્લીગી જમાઅતનું બીજું જંગી મેદાન ★

(મૌલાના રશીદ અહમદ ગંગોહીનાં નવા કાર્યોની સંપૂર્ણતા)

તબ્લીગી જમાઅતના એક મેદાનની સફર કર્યા પછી હવે બીજું મેદાન જોઈએ. પ્રથમ મૌલાના ઈલ્યાસના તબ્લીગી પ્લાનનો બાકીનો ભાગ પઢી લેજો, કેમ કે તમારી સમક્ષ એમના મકસદોનો પ્લાન અધુરો રહી ન જાય.

મૌસૂફ પોતાના પીરો મુર્શિદ મૌલાના રશીદ અહમદ ગંગોહીની અઝમતે શાનનો ખુત્બો પઢતાં ઈર્શાદ ફર્માવે છે :–

**હઝરતે ગંગોહી રહમતુલ્લાહ અલૈહ ઈસ દૌર કે કુતુબે ઈર્શાદ ઔર મુજદ્દિદ થે, ઔર મુજદ્દિદ કે લિએ જરૂરી નહીં કે સારા તજદીદી કામ ઉસી કે હાથ પર ઝાહિર હો બલ્કે ઉસ્કે આદમિયોં કે ઝરિયા જો કામ હો વો સબ ભી બિલવાસ્તા ઉસીકા હૈ.** *(મલ્ફૂઝાત ઈલ્યાસ, પેજ–૧૨૩)*

**સારાંશ :** હઝરત ગંગોહી સાહબ આ યુગના કુતુબ મુજદ્દિદ હતા. અને મુજદ્દિદ માટે એ જરૂરી નથી કે બધાં જ રચનાત્મક કામો એમના જ હાથે થાય, બલ્કે એમના માણસોના મારફત જે કામ થતાં હોય તે બધાનો સંબંધ તેમનાથી જ ગણાશે.

શું સમજ્યા તમે ? એમ કહેવા ઈચ્છે છે કે એમનાં રચનાત્મક કામોમાં જે અધુરાપણું રહ્યું છે તે હવે અમારા હાથો વડે પૂરુ થશે. પરિણામે એમનાં બાકી રહેલાં કામોને જોવા સમજવા માટે જરૂરી છે કે, પ્રથમ આપણે ગંગોહી સાહબના તજદીદી કામોનો અભ્યાસ કરીએ. કારણ કે એ વાત સ્પષ્ટ જ છે કે પાછળથી આવનાર મુજદ્દિદ એમનાં કાયમ કરેલાં કામોનો પ્લાન કાગળ પર દોરી લેશે જેથી ગંગોહી સાહેબનાં તજદીદી કામોના થોડા નમૂનાઓ જોઈ લઈએ :–

**પ્રથમ કાર્ય :** ૧૪૦૦ વર્ષથી તમામ ઉમ્મતનો સર્વાનુમતી અકીદો છે કે ખુદા તઆલાએ કુર્આન શરીફમાં સરવરે કાએનાત ﷺ ને રહમતુલ્ લિલ્ આલમીનના લકબથી નવાજયા છે અને તે લકબ એમના માટે જ ખાસ છે. હવે પછી દુનિયામાં બીજો કોઈ ''રહમતુલ્ લિલ્ આલમીન'' થઈ શકશે નહીં. પરંતુ ગંગોહી સાહેબનું કહેવું છે કે ''રહમતુલ્ લિલ આલમીન'' ની શ્રેષ્ઠતા ખાસ હુઝૂર ﷺ માટે નથી, બીજા પણ ''રહમતુલ્ લિલ્ આલમીન'' થઈ શકે છે. આ નવી શોધ તેમના જ શબ્દોમાં સમજીએ.

**કિસીને ઉનસે સવાલ કિયા કે, લફ્ઝે ''રહમતુલ્ લિલ્ આલમીન'' મખસૂસ આં હઝરત ﷺ સે હૈ યા હર શખ્સ કો કહ સકતે હૈં ? જવાબ મરહમત ફર્માયા : લફ્ઝે રહમતુલ્ લિલ્ આલમીન સિફતે ખાસ્સા ﷺ કી નહીં હૈ.** *(ફતાવા*



*રશીદીયહ, જિલ્દ–૨ ,ભા–૨, પેજ–૯)*

**સારાંશ :** કોઈ માણસે એમને સવાલ કર્યો કે, ''રહમતુલ્ લિલ્ આલમીન'' શબ્દ ખાસ હુઝૂર ﷺ માટે છે કે પછી બીજો કોઈ પણ રહમતુલ્ લિલ્ આલમીન થઈ શકે છે ? ગંગોહી સાહેબે જવાબ આપ્યો કે, ''રહમતુલ્ લિલ્ આલમીન'' શબ્દ રસૂલુલ્લાહ ﷺ ની ખાસ સિફત માટે નથી.

ગંગોહી સાહેબનો આ જવાબ ફક્ત જવાબ પૂરતો જ મર્યાદિત નથી રહ્યો, બલ્કે એમણે એના પર અમલ કરીને બતાવ્યો છે. જેને હવે વાંચો જેમ કે, અશરફુસ્સવાનેહના લેખક થાનવી સાહેબ વિષે લખે છે, દિલની એક ભયંકર ચોટ સાથે ધ્રૂજાવી નાખે તેવી આ કહાણી છે તેને સાંભળો :–

**હઝરતેવાલા (થાનવી સાહબ)કી સરાપા રહમત શખ્સિયત પર બિલા મુબાલિગા ''વકફા બિલ્લાહિ શહીદા'' જો લકબ સાદિક આતા હૈ. જિસસે હઝરત મૌલાના ગંગોહી કુદ્દેસસિર્રહુલ અઝીઝને શૈખુલ અરબ વલ અજમ આ'લા હઝરત હાજી સાહબ કુદ્દેસસિસર્રહુલ અઝીઝ યાને અપને પીરો મુર્શિદ કો બાદ વફાત હઝરત હાજી સાહબ મમદૂહને યાદ ફર્માયા થા. યાની બાર બાર ફર્માતે થે, હાય ! રહમતુલલ્ લિલ આલમીન! હાય ! રહમતુલ્ લીલ આલમીન !** *(અશરફૂસ્સવાનેહ ભાગ–૩, પેજ–૧૫૩)*

**સારાંશ :** હઝરતે થાનવીની નખશીખ રહમતવાળી જાત પર કોઈ પણ જાતનું વધારે પડતું કહ્યા વિના ''વકફા બિલ્લાહિ શહીદા'' (કાફી કે અલ્લાહ ગવાહી દેનેવાલા)નો ઈર્શાદ સાચો ઠરે છે. જેનાથી હઝરત મૌલાના ગંગોહીએ પોતાના પીરો મુર્શિદ હઝરત હાજી સાહેબને (વફાત પછી) તારીફ સાથે યાદ કર્યા હતા. એટલે કે વારંવાર બોલતા હતા કે હાય ! રહમતુલ્ લિલ આલમીન, હાય ! રહમતુલ્ લિલ્ આલમીન.

ખુદાની પનાહ ! સરકારે મુહમ્મદ ﷺ ની એક ખાસ સિફતમાં કદમથી કદમ મિલાવી ભાગીદાર બનવાના આ દાવાને જરા ધ્યાનપૂર્વક સમજી લો.

પ્રથમ તો ગંગોહી સાહેબે પોતાના પીરને ''રહમતુલ્ લિલ્ આલમીન,'' ''રહમતલ્ લિલ્ આલમીન'' કહીને પુકાર્યા અને હવે અશરફુસ્સવાનેહના લેખક ખુદાને સાક્ષી રાખીને કહે છે કે રહમતુલ્ લિલ્ આલમીનનો લકબ થાનવી સાહેબ પર કોઈપણ પ્રકારની હુજ્જત વિના સાચો ઠરે છે. અને ગજબ તો એ છે કે જાલિમ આ શબ્દને વાપરવામાં હુજ્જત કે વધારેપણું પણ સ્વીકારતો નથી. કહેવાનો આશય એ છે કે, હકીકતમાં થાનવી સાહેબ રહમતુલ્ લિલ્ આલમીન છે. અને એ પછી પણ બારગાહે ઈલાહીમાં આ શૈતાની હિમ્મત તરફ પણ જરા લક્ષ આપો કે, ખુદાના પ્યારાની બેહુર્મતી અને એમની સાથે થાનવી સાહેબની બરાબરી કરવા ઉપર ખુદાને ગવાહ બનાવી રહ્યો છે.

અલ્લાહની પનાહ ! હબીબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની અનોખી શાન ઉપર આનાથી વિશેષ મજબૂત બીજો કયો હુમ્લો થઈ શકે છે ?

આ સ્થળે મારે એનાથી વધારે બીજું કંઈ કહેવું નથી કે, રસૂલે અરબીની વફાદાર ઉમ્મત સહેજ સરખું પણ ઈમાન અને મહોબ્બતની ગૈરત ધરાવતી હોય તો તેઓ પોતાના આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત અઝમતની વિરૂદ્ધની તબ્લીગી જમાઅતની આ શરમજનક ઈરાદાઓને ધૂળમાં મેળવી દો.

તબ્લીગી જમાઅત પોતાની અથાગ પ્રવૃત્તિઓ વડે જો આ રીતે તજદીદી કામોને સંપૂર્ણ કરવા ચાહે છે તો એણે ખબરદાર થઈ જવું પડશે કે આજે પણ રસૂલે અરબીના દીવાનાઓ પોતાની જાન કુર્બાન કરવાની જગ્યા જાણે છે. પોતાની હયાતી છે ત્યાં સુધી તેઓ બીજા કોઈને રહમતુલ્ લિલ્ આલમીન નહીં બનવા દે !

**બીજી કારકિર્દી** : ચૌદસો વર્ષથી મુસલમાનોનો સર્વાનુમતી અકીદો છે કે, જે કમનસીબ કોઈ સહાબીને કાફિર કહે તો તે યકીનન ઈસ્લામથી ખારિજ થઈ જાય છે. પરંતુ ગંગોહી સાહેબનું કહેવું છે કે, ઈસ્લામથી ખારિજ થવું તો મોટી વાત છે પણ તે સુન્ની જમાઅતમાંથી પણ નીકળી શકતો નથી ! તેમના જ શબ્દોથી આ વાત ધ્યાનથી જુઓ. લખે છે કે :–



**જો શખ્સ સહાબાએ કિરામમેં સે કિસી કી તકફીર કરે. (કિસી સહાબી કો મઆઝલ્લાહ કાફિર કહે) વો મલઊન હૈ. ઐસે શખ્સ કો ઈમામે મસ્જિદ બનાના હરામ હૈ. ઔર વો અપને ઈસ કબીરા કે સબબ સુન્નત જમાઅતસે ખારિજ ન હોગા.**
*(ફતાવા રશીદિયહ્, ભાગ–૨, પેજ–૧૪૧)*

**સારાંશ** : જે માણસ સહાબાએ કિરામમાંથી કોઈને કાફિર કહેતો તે મલ્ઊન લાનતી છે, એવા માણસને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે. અને તે પોતાના આ ગુનાહને કારણે સુન્નત જમાઅતમાંથી ખારિજ નહીં થઈ જાય,

''તે મલ્ઊન છે, એવા માણસોને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે.'' આ વાકયથી ધોકામાં પડશો નહીં. કારણ કે મલ્ઊન તો કુર્આનની ભાષામાં એક જૂઠો આદમી પણ ગણાય છે અને તેને પણ મસ્જિદનો ઈમામ બનાવવો જાઈઝ નથી. જો કે આમ હોવા છતાં તેના મુસલમાન હોવામાં કોઈ શક નથી.

હકીકતમાં કલેજાને ચીરી નાખનારી વાત તો એ છે કે, સરકારે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم એ હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે, જો કોઈ મુસલમાન કોઈને કાફિર કહે અને જો હકીકતમાં તે કાફિર હોય તો કહેનાર માટે કોઈ વાંધો નથી, નહીં તો કુફ્રનો ફત્વો ખૂદ કહેનારને જ લાગુ પડશે.

હવે જ્યારે સહાબાએ કિરામને કાફિર કહેનાર જો ઈસ્લામ અને સુન્નતથી ખારિજ થઈ જતો નથી તો એનો અર્થ એ થયો કે, મઆઝલ્લાહ ! એની આ કાફિર કહેવાની વાત સાચી, અને ખરી છે. કારણ કે જો એની કાફિર કહેવાની વાત સાચી ન હોત તો નબવી ફર્માનાનુસાર પોતાના કુફ્રના ફત્વાનું નિશાન પોતાને જ બનવું પડત.

તમે જ ઈન્સાફથી કહેજો કે ગંગોહી સાહેબનું આ એક કાળુ કૃત્ય એક સાચા મુસલમાનને ધ્રુજાવી નાખવા માટે પૂરતું છે કે નહીં ? કયો બદનસીબ મુસલમાન હશે કે જે ઈમાનની ગૈરત રાખવા સાથે સહાબાએ કિરામના ઈસ્લામ પરના આ નાપાક હુમ્લાને સહન કરી શકશે ?

આ જગ્યાએ આ વાત પણ યાદ રાખવા લાયક છે કે, જ્યારે એ

સાહેબોની નજીક સહાબાએ કિરામને કાફિર કહેવાવાળા સુન્નત જમાઅતથી પણ ખારિજ થતા નથી તો હવે અહીં આપણે કહીશું કે એ લોકો પોતાની જાતને વખતો વખત ''સુન્ની'' કહ્યા કરે છે તો એ કઈ જાતના ''સુન્ની'' છે ? માટે તબ્લીગી જમાઅત આવા પ્રકારની દુઃખદાયક કાર્યવાહી કરીને, મુસલમાનોની ધાર્મિક શાંતિ સાથે ઘવાયેલાઓની જેમ છેડતી કરવામાં આવે અને તેમના દીની જઝબાઓને એટલા પ્રમાણમાં ઝખ્મી કરી દેવામાં આવે કે તેઓ હંમેશા ધગધગતા અંગારાઓ ઉપર સૂતા રહે, એ સિવાય બીજાું શું ઈચ્છે ? એનો ઈન્સાફ કરજો.

**ત્રીજો નમૂનો** : ચૌદસો વર્ષથી ઈસ્લામનો આ સર્વમાન્ય અકીદો રહ્યો છે કે સરકારે કૌનેન ﷺ અલ્લાહના આખરી પૈગમ્બર છે. અને એમની જ તાબેદારી પર આદમ જાતની હિદાયત તથા નજાત આધારિત છે. પરંતુ મૌલાના ગંગોહીનો દાવો છે કે આ ઝમાનામાં હિદાયત અને નજાત મારી તાબેદારી પર આધાર રાખે છે. મૌલાનાનો આ નવો દાવો એમના જ શબ્દોમાં સાંભળો. એમની જીવનકથામાં લેખક લખે છે કે વખતો વખત મૌલાના ગંગોહી સાહબને એમની ફૈઝવાળી મુબારક ઝબાનથી આ પ્રમાણે બોલતા સાંભળ્યા છે કે :–

**સુન લો ! હક્ક વોહી હૈ જો રશીદ અહમદકી ઝબાનસે નિકલતા હૈ ! ઔર બકસમ કહતા હૂં કે મૈં કુછ નહીં હૂં મગર ઈસ ઝમાનેમેં હિદાયત વ નજાત મૌકૂફ હૈ મેરે ઈત્તેબાઅ પર.** *(તઝકિરતુર્રશીદ, જિ. ૨, પેજ–૧૭)*

**સારાંશ** : સાંભળી લો ! જે રશીદ અહમદ ઝબાનથી નીકળે છે તે જ સાચુ છે ! અને કસમ ખાઈને કહું છું કે હું કંઈ નથી, તેમ છતાં આ ઝમાનામાં હિદાયત તથા નજાત મારી ફર્માંબરદારી પર જ આધારિત છે.

અહીં એક ક્ષણ માટે નિષ્પક્ષ થઈને વિચારી લો કે **''આ ઝમાનામાં હિદાયત અને નજાતનો આધાર મારી તાબેદારી પર છે.''** આ પ્રકારનો મૌલાનાનો દાવો પૈગમ્બરી દાવા કરતા શું કોઈ પણ રીતે ઓછો ગણી શકાય એમ છે ? કેમ કે જેમની તાબેદારી પર નજાતનો આધાર છે તેવી નિશાનીઓ તો પૈગમ્બરોની જ છે. તો અહીં મૌલાનાના દાવાનો બીજી રીતે



અર્થ એમ પણ થઈ શકે છે કે નજાત મેળવવા માટે ''મઆઝલ્લાહ'' હવે રસૂલે અરબી ﷺ નો જમાનો ખતમ થઈ ગયો છે અને હવે નજાતનો દારોમદાર ફક્ત આ ''નવા હિદાયતકાર''ની જ તાબેદારી પર છે !

આ સ્થળે વિચારવાની વાત એ છે કે નાઈબે રસૂલની હૈસિયતથી આલિમોનો અધિકાર ફકત એ જ છે કે પોતે લોકોને રસૂલની પૈરવી કરવાની દા'વત આપે. બાકી પોતે પોતાની જાતની તાબેદારી કરવાની દા'વત લોકોને આપે એ જરા પણ એમનો અધિકાર નથી, પણ ગંગોહી સાહેબના આ દાવાથી સાફ દેખાય આવે છે કે તેઓ પણ ઉમ્મતી હોવાના હોદ્દાથી સંતોષિત નથી બલ્કે પૈગમ્બરનું સ્થાન લેવાની આકાંક્ષાઓ પણ રાખે છે.

આ જગાએ મારી ભાવનાના તોફાનનો અજબ હાલ છે ! વિચારું છું તો બેચેનીની ગરમીથી આંખોમાં લોહી તરવા માંડે છે. લોકો કહે છે કે કોઈની નિય્યત પર તરાપ નહીં મારવી જોઈએ પરંતુ જ્યારે તબ્લીગી જમાઅત મૌલાના ઈલ્યાસથી લઈ થાનવી સાહેબ અને ગંગોહી સાહેબ સુધી બધાઓએ જ બરાબર રીતે નબુવ્વતના દરજ્જા તરફ કદમ ઉપાડયા છે ત્યારે એને શું કહેવું ! કોઈ એકની વાત હોય તો નિય્યતોની ચોખવટ રજુ કરી શકાતી હતી પણ એક જ જમાઅતના ત્રણ પેશવાઓના ભાગીદારી ભર્યા પગલાંઓનું શરીઅતની રૂએ શું બહાનું હોઈ શકે ? જ્યારે કે અમે જોઈ રહ્યા છીએ કે એમનામાંથી જે ઊઠે છે તે જરૂર બે પ્રકારની સેવાની ગરજ પૂરી પાડી રહેતો હોય છે.

એક તરફથી પૈગમ્બરને ઉમ્મતની સપાટી પર લાવવા ધારે છે જ્યારે બીજી તરફ પોતે પોતાની જાતને પૈગમ્બરી મર્તબા તરફ લઈ જવાની કોશિષ કરતા હોય છે. હવે આપ ખૂદ ફૈસલો કરજો કે તબ્લીગી જમાઅત આ પ્રકારની તજદીદી કામોની સંપૂર્ણતા કરવાનું ચાહે છે તો પછી હિન્દુસ્તાનમાં કાદિયાનીનો એક જ ફિત્નો શું ઓછો છે ? કે પછી આ એક નવા ફિત્નાને દૂધ પાઈને મોટો કરવામાં આવે !

**ચોથો નમૂનો** : અગર મારો અંદાઝ જો ખોટો ન હોય તો હિંદ પાકિસ્તાનમાં એવા મુસલમાનોની ૯૦ ટકા બહુમતી છે જેઓ ઉર્સ,

ફાતિહા તથા મઝારાતે ઔલિયાના સંબંધે ખાનકાહી રિવાયતો પર ખુલ્લા દિલથી અકીદો રાખે છે. આ મુસલમાનોને આખી ઈસ્લામી દુનિયા મુસલમાન સમજે છે. બલ્કે સમજે છે એટલું જ નહીં પણ એમની સાથે ભાઈચારો સામાજિક, તથા ધાર્મિક સંબંધો પણ વર્ષોથી કાયમ રાખ્યા છે. પરંતુ મૌલાના ગંગોહીનો આગ્રહ છે કે એવા લોકોની સાથે કોઈપણ પ્રકારનો ઈસ્લામી ધાર્મિક સંબંધ રાખવો જાઈઝ નથી. દિકરી વહેવારથી લઈને સલામ કલામ, કફન દફનમાં અને બિમારપુરસી તેમજ અન્ય પ્રકારની લાગણીઓ સુધ્ધાં બધું જ એક ક્ષણમાં ત્યજી દેવું જોઈએ.

એમનું આ તજદીદી કામ એમના જ શબ્દોએ સાંભળો. કોઈએ એમને સવાલ કર્યો કે :–

**અગર કોઈ શખ્સ કબ્રોં પર ચાદરેં ચળ્હાતા હો, ઔર મદદ બુઝુર્ગોં સે માંગતા હો, યા બિદઅતી મિસ્લ જવાઝે ઉર્સો, રૂસૂમ વગૈરા હો, ઔર યે જાનતા હો કે યે અફઆલ અચ્છે હૈં તો ઐસે શખ્સસે અકદે નિકાહ જાઈઝ હે યા નહીં ?**

જવાબ ઈર્શાદ ફમાર્યા :–

**જો શખ્સ ઐસે અફઆલ કરતા હૈ વો કત્અન ફાસિક હૈ ઔર એહતેમાલ કુફ્રકા હે. ઐસે સે નિકાહ કરના દુખ્તરે મુસ્લિમહ ઈસ વાસ્તે ના જાઈઝ હે કે કુશશાકસે રબ્ત ઝબ્ત કરના હરામ હૈ. ઔર ઐસે શખ્સસે ઈબ્તિદાએ સલામ દુરસ્ત નહીં. ઔર અગર ફસાદકા અંદેશા હો તો કરેં, ઔર ઈયાદત (બિમારપુર્સી) ઔર જનાઝા કે લીએ ભી વોહી હાલ હૈ અગર ફિત્નાકા અંદેશા હો તે કર લેં વરના નહીં.** *(ફતાવા રશીદિયહ્, ભાગ–ર, પેજ–૧૪૩)*

**પ્રશ્નનો સાર** : જો કોઈ માણસ કબરો પર ગિલાફ ચઢાવતો હોય, અને બુઝુર્ગોને દીનથી મદદ માગતો હોય યા ઉર્સ જેવી બિદઅતી રસમોને જાઈઝ ગણતો હોય અને એ બધાં કામોને સારાં માનતો હોય એવા માણસની સાથે દિકરી વહેવાર (નિકાહમાં આપવી) જાઈઝ છે કે નહીં ?



**ઉત્તરનો સાર** : જે માણસ એવાં કામો કરે છે (પ્રશ્નમાં જણાવેલાં કામ) તે ચોક્કસ ફાસિક છે. અને કુફ્રનો સંભવ છે. એવાની સાથે મુસ્લિમ છોકરીનો નિકાહ એટલા માટે જાઈઝ નથી કે ફાસિકોની સાથે મેળમિલાપ હરામ છે. અને એવા માણસની સાથે સલામ કરવાની પહેલ પણ યોગ્ય નથી. હા, અગર ઝઘડા ફસાદનો ડર હોય તો તે કરી લેવું. અને બિમારપુરસી તથા જનાઝા માટે પણ એ જ પ્રમાણે છે. જો ફિત્નો થવાનો ભય હોય તો એમાં ભાગ લેવો, બાકી નહીં.

તે જ જઝબાતની સપાટીથી ઉપરવટ થઈને સચ્ચાઈની બુનિયાદ પર ફેંસલો કરો કે તબ્લીગી જમાઅત મારફત મુસ્લિમ સમાજમાં પરસ્પર નફરતનું આ ઝેર જો ફેલાવવામાં આવશે તો આજના વિખરાયેલા મુસલમાનોની શી હાલત થઈ જશે ? આ રીતે જ પરસ્પર અંતર વધતું જાય છે. આ વ્યવસ્થિત ચળવળો પછી એકબીજાની વચ્ચે આવતી દિવાલોને કોણ તોડી શકશે ?

**પાંચમી કારકિર્દી** : મુસલમાનોની રિવાયતી સામાજિક અને સંગઠિત જિંદગી પર પોતાની તજદીદી કાર્યવાહી મારફત ગંગોહી સાહેબે જે કયામત ઊભી કરી છે તેની પણ જરા એક યાદી તપાસી લઈએ.

**(૧)** કહે છે કે :–

**મોહર્રમમેં ઝિક્રે શહાદતે હુસૈન અલૈહિમુસ્સલામ કરના અગર ચે બરિવાયતે સહીહા હો. સબીલ લગાના, શરબત પિલાના, ચંદા સબીલ ઔર શરબતમેં દેના, યા દૂધ પિલાના સબ નાદુરસ્ત ઔર તશબ્બુહે રવાફિઝકી વજહસે હરામ હૈ.** *(ફતાવા રશીદિયહ્, ભાગ–૩, પેજ–૧૧)*

**સાર** : મોર્હરમમાં ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામની શહાદતનો ઝિક્ર કરવો ભલે સાચી રિવાયતોના આધારે હોય. મોહર્રમની સબીલ લગાડવી, શરબત પીવડાવવું તથા એ કામમાં ચંદો આપવો તેમજ દૂધ પીવડાવવું આ બધું ના દુરસ્ત અયોગ્ય છે. બલ્કે રાફઝીઓની નકલ અનુકરણને લીધે તે **હરામ** છે.

જરા વિચાર તો કરો કે આજે ભારત અને પાકિસ્તાનમાં એવી કઈ મુસ્લિમ વસ્તી હશે જ્યાં મોહર્રમના પ્રસંગે પર શહાદતે હુસૈન (અલૈહિમુસ્સલામ) ના ઝિક્રની મજલિસો ભરવામાં આવતી ન હોય !

કરબલાના શહીદો, ઈમામ હુસૈન (અલૈહિમુસ્સલામ)ની મઝલૂમી, જાંનિષારી, હકપરસ્તી, તેમજ મઝહબના પોષણ કરવાના બનાવોથી સાચી રિવાયતોને આધારે મુસલમાનોને વાકિફ કરવામાં આવે એ વાત પણ ગંગોહી સાહબ સ્વીકારવા તૈયાર નથી. જરા એમની આ તંગદિલી તરફ તો લક્ષ કેન્દ્રિત કરો. અને ઈન્સાફ કરો કે શું અહીં છેડચોક યઝીદની સહાય અને સરકારે દો જહાં ﷺ ના જિગરના ટૂકડા (અહલે બૈત)ઓની સાથે દુશ્મની અને ઉશ્કેરણી જનક જઝબો કામ કરી રહ્યો છે કે નહીં ?

**(૨)** હવે એમના દિલોની સખ્તાઈનો આ બીજો તમાશો ધ્યાનમાં રાખો :–

આલે નબી ﷺ ના ઝિક્રનું શરબત પીવું, પીવડાવવું એ આ હઝરતોની સમક્ષ હરામ છે. (આપણે ઉપર વાંચી ગયા તેમ) જ્યારે વસ્તીમાં ફરનાર આવારા કાગડો ખાવો એ લોકો જાઈઝ અને સવાબનું કામ ગણે છે. ગંગોહી સાહબનું આ તજદીદી કામ એમના જ શબ્દોમાં સાંભળો .

કોઈએ મૌલાનાને પ્રશ્ન પૂછયો કે :–

**જિસ ઝાગે મઅરૂફા (કાગડો) કો અકસર હરામ જાનતે હોં ઔર ખાનેવાલેકો બૂરા કહતે હોં ઐસી જગા ઈસ કવ્વાખાનેવાલેકો કુછ સવાબ હોગા ? યા ન સવાબ હોગા, ન અઝાબ ?**

જવાબ આપ્યો :– સવાબ હોગા ! *(ફતાવા રશીદિયહ્, ભાગ–૨, પેજ–૧૩૦)*

**સમજૂતી** : જે જગાએ કાગડને ઘણા લોકો ખાસ કરીને હરામ ગણતા હોય અને એના ખાનારને ખરાબ ગણવામાં આવતો હોય એવા સ્થળે આ કાગડાને ખાનારને કંઈ સવાબ થાય ખરો ? કે પછી સવાબ



પણ નહીં, અને અઝાબ પણ નહીં ? આ પ્રશ્નનો ઉત્તર મૌલાનાએ વાળ્યો છે કે ‘‘સવાબ થશે.’’

દોસ્તો ! જરા વિચારો તો ખરા કે તબ્લીગી જમાઅતવાળા પોતાની આ પ્રવૃત્તિઓમાં અને આ ‘‘સવાબી કામમાં’’ જ્યારે આખી મુસ્લિમ આબાદીઓને ભેગી કરી દેશે ત્યારે આ મુસ્લિમ વસતીની રોનકની શી દશા થશે ! સવાબના ભંડારમાં એ હઝરતોને આના કરતાં ઉત્તમ નુસ્ખો બીજો ક્યાં મળી શકશે ? ‘‘હમ શોરબા વ હમ સવાબ ?’’

**(૩)** હવે આગળ ચાલો અને ગંગોહી સાહબની વધુ એક આ નવી શોધ તરફ દ્રષ્ટિ કરી લઈ હમેશાં ધ્યાનમાં રાખો :–

મૌલાના સાહબ ઈર્શાદ ફર્માવે છે કે મનીઓર્ડર મારફતે રૂપિયા મોકલવા વ્યાજમાં ગણાય છે, આ અંગે એમના જ શબ્દો તપાસીએ.

**બઝરીયએ મનીઓર્ડર રૂપિયા ભેજના નાદુરસ્ત ઔર દાખિલે રિબા (સૂદ) હૈં.** *(ફતાવા રશીદિયહ્ ભાગ–૨, પેજ–૧૨૮)*

હવે આ ફત્વાની રોશનીમાં જરા એહસાસ રાખીને બતાવો કે ભારત પાકિસ્તાનમાં એવા કેટલા મુસલમાનો હશે જેઓ વ્યાજના આ કબીરા ગુનાહના કામથી અળગા રહ્યા હશે !

અને અહીં આ પણ એક નવો પ્રશ્ન ઉભો થાય છે કે જો સાચે જ મનીઓર્ડર દ્વારા રૂપીયા મોકલવા એને વ્યાજમાં ગણી લેવાય તો પછી મુસલમાનોની આર્થિક જિંદગીની બધી મુંઝવણો–અગવડો કઈ રીતે ઉકેલી શકાશે ?

ત્યારે હવે અમારે કહેવું પડશે કે તબ્લીગી જમાઅત આ રીતના તજદીદી કામોની પૂર્ણતા કરીને આ સિવાય બીજું કંઈ નથી ઈચ્છતી કે ધાર્મિક જીવનની સાથે સાથે મુસલમાનની આર્થિક જિંદગી પણ અંધેર થઈ જાય, તથા એમને કંઈને કંઈ મુશ્કેલીમાં સપડાવીને કાયમ માટે છોડી દેવામાં આવે.

**(૪)** હવે બીજા એક તજદીદી કાર્ય તરફ ધ્યાન આપો :–

**કિસીને આપસે દર્યાફ્ત કિયા કે ઈદૈનમેં મુઆનેકા કરના ઔર બગલગીર હોના કૈસા હૈ ?**

ઈર્શાદ ફર્માયા :– **ઈદૈનમેં મુઆનેકા કરના બિદઅત હૈ.** *(ફતાવા રશીદિયહ્‌, ભાગ–૨, પેજ–૧૫૪)*

**સાર** : કોઈએ આપને પૂછયું કે ઈદના દિવસે ગળે મળવું તેમ ભેટવું કેવું છે ? જવાબમાં મૌલાનાએ કહ્યું કે ઈદના દિવસે એ રીતે ગળે મળવું તેમ ભેટવું બિદઅત છે.

હદીષ શરીફમાં બિદઅતીઓ માટે જહન્નમની સજા નક્કી કરવામાં આવેલી છે, હવે મૌલાનાના આ ફર્માનાનુસાર અંદાઝ લગાડો કે ઈદોના દિવસોએ કેટલા કરોડો મુસલમાનો ઈદગાહથી બહાર નીકળતી વખતે જહન્નમના દરવાજા સુધી પહોંચી જતા હશે ? તબ્લીગી જમાઅત જો આજ કાર્યને પરિપૂર્ણ કરવા ઉપસ્થિત થઈ છે તો જહન્નમની માર્ગદર્શિકા એમને મુબારક હજો.

**(૫)** હવે બીજી એક અનોખી પણ આશ્ચર્યજનક વાત સાંભળો :–

ઈસ્લામી શરીઅતે મસ્જિદોની ઈજ્જત અદબ કરવા માટેનો કેટલો બધો બંદોબસ્ત કરેલો છે તે જો કે બતાવવાની જરૂર નથી પરંતુ ગંગોહી સાહબ ફર્માવે છે કે,

**મસ્જિદમેં ચાર પાઈ બિછાના, મુસાફિર ઔર મુકીમ દોનોંકો દુરસ્ત હૈ.** *(ફતાવા રશીદિયહ્‌, ભાગ–૨, પેજ–૮૯)*

**સાર** : મસ્જિદમાં ખાટલો બિછાવવો એ મુસાફર હોય કે કાયમ રહેનાર હોય બંનેને માટે દુરસ્ત (યોગ્ય) છે.

જાહેર છે કે હેતુ ફક્ત ખાટલો બિછાવવાનો નથી પરંતુ એના પર સૂવાનો છે. અલ્લાહ સારું કરે કે હમણાં સુધી તો તબ્લીગી જમાઅતવાળા ખાવા પીવા અને રાત પસાર કરવા માટે મસ્જિદોનો ઉપયોગ કરે છે પરંતુ જે દિવસે મસ્જિદોમાં ખાટલાઓ બિછાવવા માંડશે તે દિવસે મસ્જિદો અને રહેવા માટેનાં ઘરો વચ્ચે શો તફાવત બાકી રહેશે ?

વાંચક બંધુઓ, તબ્લીગી જમાઅતના ધ્યેય, ઉદ્દેશો, વિશે



લંબાણપૂર્વક હકીકત આ અગાઉ આપને જણાવવામાં આવી છે.

તબ્લીગી જમાઅત આપને કયા પ્રકારના વાતાવરણમાં સંડોવી દેવા ઈચ્છે છે ? એની કાર્યવાહીનો અસલ ધ્યેય શો છે ? કયા પ્રકારના મકસદ તેની નજર સમક્ષ છે ? કયા લોકોની તાલીમ અને હિદાયત તે ફેલાવવા ચાહે છે ? તમારા વિચારોના સંબંધ કયા પ્રકારના લોકો સાથે તે જોડવા માંગે છે ? આ બધા પ્રશ્નોના ઉત્તર આપને અગાઉના પાનોમાં અમે જણાવી દીધા છે. હવે તમારે સ્પષ્ટપણે ફેંસલો કરવાનો છે કે તબ્લીગી જમાઅતના મકસદો, હેતુઓ સાથે તમે કેટલી હદે એકમત થાઓ છો ? તાલીમ અને હિદાયતના છ નમૂનાઓ તમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે તેને પ્રોત્સાહન આપીશું તમે તમારા દિલને રાજી કરી શકશો ? તમારા ઈમાની જઝબાને જરા પણ ઠેસ પહોંચાડયા વગર શું તમે એક ઘડી માટે પણ એ વાતાવરણમાં □ાસ લઈ શકશો ? કે જ્યાં ખુલ્લી રીતે અંબિયાએ કિરામની તૌહીન કરી, પોતાની માની લીધેલી ઈજ્જત પર ઈમાન લાવવાની દા'વત અપાતી હોય ?

જો આ પ્રશ્નો માટેનો તમારો જવાબ ''હા'' માં હોય તો હવે તબ્લીગી જમાઅત સાથેથી સંબંધ તોડવા માટે અમારે કંઈ કહેવા સાંભળવાની જરૂરત રહેતી નથી. તમારા દિલે કરેલો ફેંસલો ખૂબ જ પૂરતો છે. અલબત્ત ! આ જગ્યાએ એક વાતનો ખુલાસો કરવા ઈચ્છું છું કે (દુનિયામાં એવી કોઈ પણ જમાઅત નથી કે જેમાં બુરાઈઓની સાથે કંઈ સારાપણું (ભલાઈઓ) ન હોય, પરંતુ પસંદ કે નાપસંદ કરવા માટેનો ફેંસલો કરતી વેળા ઉપર–ઉપરના એટલે કે બાહ્ય દેખાવના સારાપણાને પાયામાં રહેલી બુરાઈઓ સાથે સરખાવતાં ચઢિયાતું ગણી શકાય નહીં. અકીદાની ખરાબી જાહેર થઈ ગયા પછી અમલનો સારો દેખાવ તદ્દન અનાકર્ષક (અમાન્ય) બની જાય છે.

તબ્લીગી જમાઅતની નુકસાનકારક કાર્યવાહીનો અનુભવ કરવા માટે હજુ પણ દિમાગનો કોઈ ખૂણો અંધારામાં રહી ગયો હોય તો આગળ વધો અને ત્રીજા પ્રકરણને ધ્યાનથી વાંચો.

[પ્રકરણ : ૩]

# ધાર્મિક કમનસીબીની એક દર્દનાક કહાણી

ધાર્મિક જીવનમાં ઈમાન અને અકાઈદની મહત્વતા છે જેનો ઈન્કાર કરી શકાશે નહીં. કુર્આન શરીફમાં દરેક સ્થળે અમલે સાલેહ (નેક અમલ)થી પહેલાં ઈમાનની કેદ લગાડેલી છે. કુર્આને કરીમની દૃષ્ટિએ ઈમાન અને અકાઈદની સલામતી વિના અમલના અસ્તિત્વની કોઈ કિંમત નથી.

જ્યારે અકાઈદના મતભેદનું આ ફળ તો જુઓ કે મુસલમાનોનું ધાર્મિક સંગઠિતપણું આજે જુદા જુદા ફિર્કાઓમાં વહેંચાઈ ગયું છે અને દરેક ફિર્કો પોત પોતાના અકાઈદના બળ પર એક બીજાથી અલગ અલગ થઈ ગયો છે. હાલના જમાનાના ફિર્કાઓ પૈકી ''વહાબી ફિર્કા'' એ ઈસ્લામની ઈજ્જત પર જે કાળો કેર વર્તાવ્યો છે તથા જે બેદર્દી સાથે આ ફિર્કાએ ચૌદસો વરસ પૂરાની ઈસ્લામી હકીકતોને બદલી નાખી છે તે ખરેખર ઈતિહાસના ઘણા જ દુ:ખદાયક બનાવોમાંથી ગણી શકાશે.

દિમાગ પર બોજ ન હોય તો એ કિર્ફાના બેહદ જુલમો સિતમના ઈતિહાસનો થોડો ભાગ કોઈ દુશ્મનની ઝબાનથી નહીં પણ ખૂદ એમના જ મિત્રની ઝબાનેથી સાંભળો :–

## ★ મિત્ર માટે મિત્રે કરેલો ઈકરાર ★

દેવબંદી જમાઅતના શયખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ સાહેબે એ ફિર્કા અને એના સ્થાપક મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના સંબંધમાં કેટલીક સંગીન અને કંપાવનારી વિગતો વર્ણવી છે,



જેમ કે તેઓ લખે છે કે :–

**મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદી ઈબ્તેદાએ તેરહવીં સદીમેં નજ્દે અરબસે ઝાહિર હુવા ઔર ચૂં કે ખયાલાતે બાતિલા ઔર અકાઈદે ફાસિદા રખતા થા. ઈસ લીએ ઉસને એહલે સુન્નત વલ જમાઅતસે કત્લો કિતાલ કિયા. ઉનકો બિલજબ્ર અપને ખયાલાતકી તકલીફ દેતા રહા ઔર ઉનકે અમવાલકો ગનીમતકા માલ ઔર હલાલ માલ સમઝા કિયા. ઉનકો કત્લ કરનેકો બાઈષે રહમત શુમાર કરતા રહા.** *(અશ્શહાબુષ્ષાકિબ, પાન ૪૨)*

ઉપર્યુકત ફકરાનો સાર પાન નં. ૨૬માં આપેલો છે.

એ પછી આગળ મૌલવી સાહબ લખે છે કે :–

**મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબકા અકીદા થા કે જુમ્લા એહલે આલમ ઔર તમામ મુસલમાનાને દિયાર મુશ્રિક વ કાફિર હૈં ઔર ઉનસે કત્લો કિતાલ કરના ઔર ઉનકે અમવાલકો ઉનસે છીન લેના હલાલ ઔર જાઈઝ બલ્કે વાજિબ હૈ.** *(અશ્શહાબ, પેજ–૪૩)*

**સમજૂતી** : મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબનો એવો અકીદો હતો કે તમામ દુનિયાવાળા તથા સર્વ મુસલમાનો કાફિર મુશ્રિક છે. એમની કત્લ કરવી તેમજ એમની માલ મિલકત છીનવી લેવી હલાલ, જાઈઝ તેમજ વાજિબ છે.

## ★ દેવબંદના શૈખની ઝબાની વહાબી ફિર્કાની કહાણી ★

વહાબી નજદી ફિર્કાની તફસીલ દેવબંદના શૈખની કલમથી વર્ણવાયેલી છે તે જોઈએ. કોઈ કોઈ જગાએ એમના ગુસ્સાનો અંદાઝ પણ જોવા જેવો છે કે જેને લોકો ''ગાળો'' સમજે છે.

લખે છે કે :–

**૧. શાને નબુવ્વત વ હઝરત રિસાલત અલા સાહેબ હસ્સલાતો વસ્સલામમેં વહાબિયા નિહાયત ગુસ્તાખી કે કલમાત ઈસ્તેમાલ કરતે હૈં, ઔર અપને આપકો મમાષિલ ઝાતે સરવરે કાએનાત ખયાલ કરતે હૈં ઔર નિહાયત થોડીસી ફઝીલત ઝમાનએ તબ્લીગકી માનતે હૈં ઔર અપની શકાવતે કલ્બી ઔર ઝોઅફે એતેકાદીકી વજહસે જાનતે હૈં કે હમ આલમકો હિદાયત કરકે રાહ પર લા રહે હૈં, ઈનકા ખયાલ હૈ કે રસૂલે મકબૂલ અલૈહિસ્સલામકા કોઈ હક અબ હમ પર નહીં ઔર ન કોઈ એહસાન ઔર ફાઈદા આપકી ઝાતે પાકસે બાદ વફાત હૈ.** *(અશ્શહાબ, પેજ–૪૭)*

**સારાંશ :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં વહાબી લોકો ઘણા જ ગુસ્તાખીભર્યા કલમાઓનો (વાકયોનો) ઉપયોગ કરતા રહે છે અને પોત પોતાની જાતને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરાબર માને છે. ફક્ત તબ્લીગી યુગની કંઈક ફઝીલત માને છે તથા એમના પોતાના અકીદાઓની કમજોરીને લીધે તેમજ કાળાં હૃદયને લીધે એવું સમજે છે કે અમે તો દુનિયાવાળાઓને હિદાયતો આપી સીધી રાહ પર લાવી રહ્યા છીએ. આ વહાબીઓનો ખયાલ છે કે હુઝૂરની વફાત પછી હવે આપણા ઉપર એમનો કોઈ હક્ક બાકી રહેતો નથી અને હુઝૂરના ઈન્તેકાલ પછી હવે એમની ઝાતે પાકથી કોઈ ફાયદો પહોંચતો તથા હવે એમનું કોઈ એહસાન પણ નથી.

**૨. નજદી ઔર ઉન્કે ઈત્તેબાઅ (માનનેવાલોં) કા અબ તક યેહી અકીદા હૈ કે અંબિયા** علیہم السلام **કી હયાત ફકત ઉસી ઝમાને તક થી જબ તક વો દુનિયામેં થે. બાદ અઝ આં વો ઔર દીગર મો'મેનીન મૌતમેં બરાબર હૈં.** *(અશ્શહાબ, પેજ–૪૫)*

**સારાંશ :** નજદીઓ તથા એમના માનવાવાળઓનો આજ સુધી એવો અકીદો રહ્યો છે કે અંબિયા علیہم السلام ની જિંદગી તેઓ દુનિયામાં જીવતા હોય છે ત્યાં સુધી જ હોય છે. તેઓ ઈન્તેકાલ કરી ગયા પછી એમની એ હાલત હોય છે જે અન્ય મો'મિન લોકોના મરણ પછી હોય



છે એટલે કે અન્ય મોમિનની મૌત અને અંબિયાની મૌતમાં કંઈ ફર્ક નથી.

**૩. વહાબિયાએ અરબકી ઝુબાનસે બારહા સુના ગયા હે કે ''અસ્સલાતુ વસ્સલામુ અલયક યા રસૂલુલ્લાહ'' કો સખ્ત મના કરતે હૈં ઔર એહલે હરમૈન પર સખ્ત નફરીન ઈસ નિદા અ. વ. ખિતાબ પર કરતે હૈં ઔર ઉનકા ઈશ્તિહઝા ઉળાતે હૈં.** *–(અશ્શહાબ, પેજ–૬૫)*

**સારાંશ :** અરબસ્તાનના વહાબી લોકોના મોઢેથી ઘણીવાર એમ સાંભળાવામાં આવ્યું છે કે તેઓ અસ્સલાતો વસ્સલામુ અલૈક યા રસૂલુલ્લાહ કહેવાને સખ્ત રીતે મનાઈ કરી રહ્યા છે અને એ પ્રમાણેના બોલવા પર હરમ શરીફવાળાઓ તરફ ખુબ જ નફરત કરે છે તેમ તેઓની મશ્કરી કરે છે.

**૪. વહાબિયા નજદિયા યે ભી એ'તેકાદ રખતે હૈં ઔર બરમલા કેહતે હૈં કે ''યા રસૂલુલ્લાહ'' મેં ઈસ્તેઆનત બેગયરિલ્લાહ હૈ ઔર વો શિર્ક હૈ.** *(અશ્શહાબ, પેજ–૬૫)*

**સારાંશ :** નજદના વહાબીઓ એમ પણ માને છે કે યા રસૂલુલ્લાહ કહેવું એ ગયરુલ્લાહને પુકારવા બરાબર છે તેથી એવું કહેવું શિર્ક છે.

**૫. વહાબિયા ખબીષિયા કરસતે સલાતો સલામ, દુરૂદ બખયરુલ અનામ અલૈહિસ્સલામ ઔર કિર્અતે દલાઈલુ ખયરાત વ કસીદહ બુરદહ, કસીદહ્ હમઝીયહ્, ઔર ઉસ્કે પળહને ઔર ઉસ્કે ઈસ્તેમાલ કરનેસે વ વિર્દ બનાનેકો સખ્ત કબીહ વ મકરૂહ જાનતે હૈં.** *(અશ્શહાબ, પેજ–૨૬)*

**સારાંશ :** કસરતથી (પુષ્કળ પ્રમાણમાં) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર સલામ અર્ઝ કરવી, દુરૂદ શરીફ મોકલવું તેમજ દલાઈલુલ્ ખૈરાત પઢવી, કસીદહ્ હમઝીયહ્ પઢવો તથા એનો ઉપયોગ કરવો તેમજ તેનો વિર્દ બાંધવો, આ બધા અમલને વહાબી ખબીષ લોકો એકદમ બુરું અને સખત મકરૂહ માને છે.

**૬. વહાબીયહ અમરે શફાઅતમેં ઈસ કદ્ર તંગી કરતે હૈં**

**કે બ મંઝિલએ અદમ કે (ન હોને કે બરાબર પહોંચા દેતે હૈં.)** *(અશ્શહાબ, પેજ–૬૭)*

**સારાંશ :** શફાઅતના વિષયમાં વહાબી લોકો એટલું બધું સંકુચિતપણું ધરાવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅતી સિફતને પણ તેઓ મુર્દા બનાવી રહ્યા છે.

**૭. વહાબિયહ્; સિવાએ ઈલ્મે અહકામે અશ્રાઈઅ જુમ્લા અસરારે હક્કાની વગૈરાસે ઝાતે સરવરે કાએનાત ખાતમુન્નબીય્યીન અલૈહિસ્સલાતુ વસ્સલામકો ખાલી જાનત હૈં.** *(અશ્શહાબ, પેજ–૬૭)*

**સારાંશ :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શરીઅતી ઈલ્મ સિવાય બાકી બધા અન્ય પ્રકારના સાચા ભેદો જાણવા તથા બતાવવાના ઈલ્મથી બિલ્કુલ ખાલી સમજે છે. એટલે કે હુઝૂરને શરીઅતના ઈલ્મ સિવાય બીજો કંઈ ઈલ્મ હતો નહીં એવું સમજે છે.

**૮. વહાબિયહ્ નફ્સે ઝિક્રે વિલાદત હુઝૂર સરવરે કાએનાત અલૈહિસ્સલામકો કબીહ વ બિદઅત કહતે હૈં. ઔર અલા હાઝલ્ કિયાસ અઝકારે ઔલિયાએ કિરામ રહ્મહુમુલ્લાહ તઆલાકો ભી બુરા સમઝતે હૈં.** –*(અશ્શહાબ, પેજ–૬૭)*

**સારાંશ :** વહાબી લોકો, હુઝૂર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પૈદાઈશ મુબારકના ઝિક્ર કરવાના કાર્યને બુરું માને છે તેમજ બિદઅત કહે છે. અને એ જ પ્રમાણે ઔલિયાએ કિરામના સંબંધે પણ તેઓ એવું જ માને છે.

## ★ સન્નાટો ફેલાવે તેવો એક ખુલાસો ! ★

હું અગાઉ લખી ચૂક્યો છું કે વહાબી નજદી ફિર્કાના આ અકીદા કોઈ દુશ્મન મારફત અમારા સુધી આવ્યા નથી. પણ એ ફિર્કાના ખાસ મિત્ર મારફત આવ્યા છે. અને તેથી જ કોઈ ખોટી વાત તેમજ શક વહેમને અહીં સ્થાન મળશે નહીં.

મૌલાના હુસૈન અહમદ સાહેબને મેં દોસ્ત એટલા માટે વર્ણવ્યા છે કે નજદના બાદશાહ શાહ સઊદ ઈબ્ને અબ્દુલ અઝીઝ ઈ.સ. ૧૯૫૫



ના નવેમ્બર માસમાં જ્યારે ભારતના પ્રવાસે આવ્યા હતા ત્યારે મૌલાના હુસૈન અહમદે ૨૯, નવેમ્બર, ૧૯૫૫ માં જમીઅતે ઉલ્માએ હિન્દ તરફથી શાહ સઊદને મુબારકબાદી આપતો એક પત્ર શાહની સેવામાં અર્પણ કર્યો હતો. જે જલ્સામાં આ પત્ર રજૂ કરવામાં આવ્યો હતો તેમાં પંડિત જવાહરલાલ નેહરૂ પણ હાજર હતા.

એ મહત્વપૂર્ણ પત્રનો થોડોક ભાગ હું અત્રે રજૂ કરૂં છું જે વિચારો કે "વહાબિયહ ખબીષિયહ" નામના જે બેઅદબ ફિર્કાની બુરાઈ કરવામાં જે લોકોએ પાનાનાં પાનાં લખી નાખ્યાં છે તેજ લોકો હવે એજ ખબીષ ફિર્કાની સાથે પોતાના એક તરફી વિચારો અને ધાર્મિક મૈત્રીની તવારીખ વર્ણવી રહ્યા છે છતાં એમને જરા પણ શરમ કે સંકોચ નથી નડતો !

## ★ જમીઅતે ઉલમાએ હિંદનો મુબારકબાદી આપતો પત્ર ★

આ પત્રમાં શાહ સઊદને સંબોધીને લખવામાં આવે છે કે :–

**યા સાહેબલ જલાલહ્ ! ખાસ હિજાઝે મુકદ્દસકે સિલસિલ્મેં જબ જલાલતુલ્ મુલ્ક મર્હૂમ સુલતાન અબ્દુલ અઝીઝ ઈબ્ને સઊદ રહમહુ મુલ્લાહને ફાતેહાના ઈકદામ કિયા તો જમીઅતે ઉલમાએ હિંદ હી વો જમાઅતથી જિસને યૂરોપીયન ડિપ્લોમીસીકે ખિલાફ ઈસ ઈકદામકો હિજાઝે મુકદ્દસ કે લિએ ફાલે નેક સમઝા ઔર સુલ્તાન મર્હૂમકો મુબારકબાદ પેશ કી. ફિર અપને ખુસૂસી નુમાઈન્દોં કે ઝરીયા મૌકા બ મૌકા સુલતાન મર્હૂમકી ખિદમતમેં મુફીદ મશ્વરે પેશ કરતી રહી ઔર જમીઅતે ઉલમાએ મઝકૂરકો ફખ્ર હૈ કે મર્હૂમને ઈસકે મશ્વરોંકો શર્ફે કબૂલિયત અતા ફર્માયા. જિસસે મુખાલેફીનકી ઝબાન ભી બંદ હુઈ ઔર ઈસ્લાહી મકાસિદ ભી કામયાબ હુએ.**

**હુકૂમતે આલે સઊદકે ઈસ્તિકબાલકે બાદ હજ્જે અવ્વલકે મોકા પર જમીઅતે ઉલમાએ હિંદ હી વો કાબિલે ઝિક્ર મઝહબી ઔર સિયાસી જમાઅતથી જિસને અપના નુમાઈન્દા ભેજકર**

**ઈત્મિનાન વ મસર્રતકા ઈઝહાર કિયા.** *(શાહ સઊદ વાલીએ અરબકા દૌરએ હિંદ, પેજ–૩૮, પ્રગટ કરનાર લાલરુખ પબ્લિકેશન, શ્રીનગર, કાશ્મીર)*

**સારાંશ :** બાદશાહની શાન શૌકતને જાહેર કરતા શબ્દોનો ઉપયોગ કરી શાહને સંબોધન કરીને આગળ જણાવે છે કે :–

હિજાઝ શરીફમાં જ્યારે સુલ્તાન (મર્હૂમે) વિજયી પગલાં ભર્યાં ત્યારે જમીઅતે ઉલમાએ હિંદ જ એક એવી જમાઅત હતી કે જેણે યૂરોપિયન રાજકિય કપટનીતિના વિરોધમાં આ પગલાંને હિજાઝ શરીફ માટે નેક કાર્ય ગણીને સલ્તાનને મુબારકબાદી (અભિનંદન) આપી હતી. આ પછી આ જમાઅતે પોતાના ખાસ એલચીઓ મારફત અવાર–નવાર સુલ્તાન (મર્હૂમ)ની ખિદમતમાં કેટલાક જરૂરી સલાહ સૂચનો આપ્યાં હતાં. આ જમાઅતને એનો ગર્વ છે કે સુલ્તાન સાહેબે એણે આપેલી સલાહોને માનપૂર્વક સ્વીકારી છે. જેના કારણે વિરોધીઓની બોલતી બંધ ગઈ અને અમારા વ્યવસ્થિત હેતુઓ પણ સફળ થયા.

સઊદી હુકૂમતનો પાયો મજબૂત થયા પછી બાદશાહની પહેલી હજ્જના પ્રસંગે જમીઅતે ઉલમાએ હિંદ જ તે ઉલ્લેખને પાત્ર ધાર્મિક અને રાજદ્વારી જમાઅત હતી જેણે પોતાનો એલચી મોકલીને ખુશી–સંતોષ દર્શાવ્યો હતો.

નજદીઓનાં જે ''વિજયી પગલાં'' પર જમીઅતે ઉલમાએ હિંદ અભિનંદન આપ્યા હતા અને જે ''ઈસ્લાહી મકાસિદ''ની કામયાબી પર પોતે સંતોષ અને ખુશી વ્યક્ત કરી હતી તે જ્યાં સુધી એમની આ બધી હૃદય કંપાવી દેનાર કારકિર્દી આપણી નજર સમક્ષ ન આવે ત્યાં સુધી આ મુબાકરબાદી પત્રનો મુખ્ય ઉદ્દેશ પણ સમજમાં નહીં આવી શકે. એમની આ બધી કાર્યવાહીના પૂરાવા પણ આપણને એમના વિ□ાસ પાત્ર વ્યક્તિઓ મારફત મળી આવે છે એ બદલ અલ્લાહનો શુક્ર છે.

## ★ લંડનનો એક તાર ★

કયામત ઊભી કરે દે તેવી આ કહાણીની વિગત એવી છે કે ૨૨ મી ઓગષ્ટ ૧૯૨૫ ના રોજ લંડનથી કોઈ એક પ્રેસ રિપોર્ટરે હિંદુસ્તાનની



ખબર એજન્સીને એક તાર મોકલ્યો હતો જેનો વિષય હતો કે,

**બાવષુક ઝરાએઅ્સે ઈત્તિલાઅ મૌસૂલ હૂઈ હે કે વહાબીયોંને મદીને પર હમલા શુરૂ કર દિયા હે, જિસસે મસ્જિદે નબવી કે કુબ્બેકો જિસમેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી કબ્ર હૈ, સદમા પહોંચા હૈ ઔર સૈયેદના હમઝાકી મસ્જિદ શહીદ કર દી ગઈ હૈ.** *(રિપોર્ટર ખિલાફત કમિટી, પેજ–૩૦)*

**સમજૂતી :** વિ□ાસપાત્ર સાધનો દ્વારા જાણવા મળ્યું છે કે વહાબી લોકોએ મદીના શરીફ પર હુમલો કર્યો છે અને એ વડે મસ્જિદે નબવીની તે જગાને જ્યાં નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુંબદ મુબારક છે, નુકસાન પહોંચ્યું છે. તેમજ સૈયદેના હમ્ઝાની મસ્જિદ પણ શહીદ કરી દીધી છે, રુંવાં ઊભાં કરી દે તેવી આ ખબરથી હિંદુસ્તાનમાં ચારે કોર રંજ અને શોકનું વાતાવરણ ફેલાઈ ગયું અને લાગણીઓની ભરતી એટલી હદ સુધી તોફાને ચડી કે તે સમયની ખિલાફત કમીટીને પોતાનું એક મંડળ આ બનાવોની તપાસ કરવા માટે ત્યાં મોકલવું પડયું.

આ મંડળમાં જનાર વ્યક્તિઓ ખિલાફત કમીટીના રિપોર્ટના આધારે આ મુજબ હતી :–

| | |
|---|---|
| ૧. સૈયદ સુલેમાન નદવી | ૪. સૈયદ ખુર્શિદ હુસૈન |
| ૨. મૌલાના મુહમ્મદ ઈરફાન | ૫. મૌલાના અબ્દુલ માજિદ બદાયુની |
| ૩. મૌલાના ઝફરઅલી ખાન | ૬. મિસ્ટર શોએબ કુરૈશી |

## ★ ખિલાફત કમિટીના આ મંડળે આપેલો રિપોર્ટ ★

ઉપર દર્શાવેલ નામાંકિત વ્યક્તિઓના બનેલા મંડળે ત્યાં જઈને હિંદના મુસલમાનોને ખબર આપી કે :–

**મક્કામેં જન્નતુલ મોઅલ્લાકે મઝારાત શહીદ કર દીયે ગએ હૈં; મૌલૂદુન્નબી જિસ મકાનમેં સરકારે દો જહાંકી વિલાદત હૂઈ થી તૌળ દિયા ગયા હૈ લેકિન નજદી હુકૂમતને યકીન દિલાયા હૈ કે મદીને કે મઝારાત વ મઆશીરકે સાથ યે સુલૂક નહીં કિયા જાએગા.** –*(રિપોર્ટ ખિલાફત કમિટી, પેજ–૩૩)*

**સારાંશ** : મક્કા શરીફમાં જન્નતુલ મોઅલ્લાના મઝારો શહીદ કરી દેવામાં આવ્યાં છે. અને જે મકાનમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેદાઈશ મુબારક થઈ હતી. તે મકાનને પણ તોડી નાખવામાં આવ્યું છે. જો કે નજદી સરકારે ખાતરી આપી છે કે મદીના શરીફના મઝાર અને ઐતિહાસિક યાદગારોની સાથે હવે પછી આ વર્તાવ કરવામાં નહીં આવે.

હિજાઝ પર નજદી સરકારે ગુજારેલા આ જાલિમ કાર્યો અંગે વિચારણા કરવા માટે એક વર્ષ પછી એટલે કે ઈ.સ. ૧૯૨૬ માં જ્યારે હજ્જના મોકા પર ''આલમે ઈસ્લામી'' નામની એક કોન્ફરન્સ ભરાઈ હતી. તેમાં ભાગ લેવા માટે ખિલાફત કમીટી તરફથી પણ એક મંડળ ત્યાં મોકલવામાં આવ્યું હતું.

## ★ ખિલાફત કમીટીના બીજા મંડળનો રિપોર્ટ ★

આ વેળા મંડળે પોતાની આંખોએ દેખેલા બનાવ અને અસરોનું વર્ણન કરતો જે રિપોર્ટ મોકલ્યો હતો તેનો આ ભાગ ખાસ કરીને વાંચવા લાયક છે :–

**૨૨ મૈ કો અકબરી જહાઝ સાહિલ પર લંગર અંદાઝ હુવા. ઉસ વક્ત સબસે પેહલી વેહશતનાક ઔર જિગર ગુદાઝ ખબર હમેં મૌસૂલ હૂઈ વો મદીનેકે જન્નતુલ બકીઅ ઔર દીગર મકામાત કે ઈન્હિદામ કી થી. લેકિન હમને ઈસ ખબરકે કુબૂલ કરનેમેં તામ્મુલ કિયા. ઈસ લીએ કે સુલતાન ઈબ્ને સઊદ ખિલાફત કમીટી કે દૂસરે વફદકો તહરીરી વા'દે દે ચુકે થે કે વો મદીના મુનવ્વરાકે મઝારાત વ મઆસીરકો અપની અસ્લ હાલત પર રખ્ખેંગે.**

**લેકિન જિદ્દા પહોંચ કર સબસે પહલે હમને એક રુકને હુકૂમત શૈખ અબ્દુલ અઝીઝ અકીકીસે જબ ઈસ ખબર કી હકીકત દર્યાફ્ત કી તો ઉન્હોંને તસ્દીક કી ઔર યે ફર્માયા કે નજદી કૌમ બિદઅત ઔર કુફ્ર કે ઈસ તીસાલકો અપના પહલા ફર્ઝ ખયાલ કરતી હૈ ઔર ઈસ મસ્અલેમેં વો દુન્યાએ ઈસ્લામકે**



**મસાલેહ કી કોઈ પરવા નહીં કરેગી. ખ્વાહ દુનિયાએ ઈસ્લામ ખૂશ હો યા નારાઝ !**

એના પછી આગળ લખે છે કે :–

**બહરહાલ ! હાલાતો વાકેઆત કુછ ભી હોં સુલ્તાન અબ્દુલ અઝીઝ કે તમામ હતમી ઔર વાજિબુલ ઈફાઅકે વાઅદોંકે બાવજૂદ મદીના મુન્નવરાકે તમામ કુબ્બે ગિરા દિએ ગએ.** *(રિપોર્ટ, પેજ–૮૮)*

**સમજૂતી** : મે મહીનાની ૨૨ મી તારીખે અકબરી જહાઝ (સ્ટીમર) જ્યારે કિનારા પર લાંગરવામાં આવ્યું ત્યારે સૌથી પ્રથમ જે વાત અમારા સાંભળવામાં આવી તે એ હતી કે મદીનામાં જન્નતુલ બકીઅ અને બીજા સ્થળોનો નાશ કરી દેવામાં આવ્યો છે. આ વાત સાંભળ્યા પછીથી પણ એને અમો સાચી માનવામાં આનાકાની કરતા હતા તથા સાચી હોવામાં અમોને શંકા હતી કારણ કે સુલ્તાન ઈબ્ને સઊદે હિંદની ખિલાફત કમીટીના મંડળને લેખિત વાયદો લખી આપ્યો હતો જેમાં ઉલ્લેખ હતો કે મદીના શરીફના સર્વે સ્થળો અને યાદગારોને પોતે આંચ આવવા દેશે નહીં.

જિદ્દા પહોંચીને અમે પ્રથમ એક અધિકારીને (સરકારી અધિકારી) મળ્યા અને અમે સાંભળેલી આ વાતની રજુઆત કરી તો તેમણે પણ એ વાત સત્ય હોવાનો ઈકરાર કર્યો અને એમ પણ કહ્યું કે નજદી કૌમ કુફ્ર બિદઅતના તત્વોને જડમૂળથી ઉખાડી નાખવા માંગે છે એ કામ કરવામાં ઈસ્લામી દુનિયાના સલાહકારોની કોઈ પણ પરવા કરશે નહીં, ભલે પછી ઈસ્લામી દુનિયા એમનાથી ખુશ રહે કે નારાજ !

ગમે તેમ હોય પણ સ્થિતિ એમ છે કે સુલતાનના બધા મજબૂત અને મક્કમ વાયદાઓ હોવા છતાં મદીનાનાં મઝાર શરીફો તોડી પાડવામાં આવ્યાં છે.

## ★ મસ્જિદોની ઈજ્જત–અદબનું ખૂન ★

કોમી તોફાનોમાં કોમવાદી જંગલી જાનવરો થકી તથા ઈસ્લામના દુશ્મનોના હાથે આપણી મસ્જિદોની બેઈજ્જતી તથા તોડી પાડવાના

ભયાનક તમાશાઓ તો જોયા હશે. પણ હવે ખાસ હિજાઝની પાક ભૂમિ પર ઈસ્લામના દાવેદારોના હાથો વડે બનેલા ભયંકર અને શરમજનક બનાવને પણ નિહાળી લેજો.

ગુનોહ સાચે જ ગુનોહ હોય ત્યારે ઈન્સાફની તલવાર પોતાનામાં અને પરાયામાં કોઈ દરકાર રાખતી નથી. જોઉં છું હવે તમો આ કસોટીમાં ક્યાં સુધી અડગ રહો છો.

મંડળના સભ્યોમાંના દાર્શનિક પુરાવા જણાવે છે તે વાંચો અને લોહીનાં આંસૂ પાડો અને વિચારો કે નજદી હૈવાનોની માથા ફરેલ કુફ્રી પ્રવૃત્તિઓની આગળ ઈસ્લામની હુજ્જતને પોતાના ઘરમાં પણ રક્ષણ મળી ન શક્યું :–

**ઈસસે ભી ઝયાદા અફસોસનાક ચીઝ યે હૈ કે મક્કએ મોઅઝ્ઝમાકી તરહ મદીના મુન્વ્વરાકી બા'ઝ મસાજિદ ભી ન બચ સકી ઔર મઝારાતકી કબ્રોંકી તરહ યે મસાજિદ ભી તોળ દી ગઈ. મદીનેમેં મુન્હદિમ કરદા મસાજિદકી તફસીલ યે હૈ :–**

**૧. મસ્જિદે ફાતેમા, મુત્તસિલ મસ્જિદે કુબા.**

**૨. મસ્જિદે સનાયા. (મેદાને ઓહદ જહાં સરકાર કે દન્દાને મુબારક શહીદ હુવે થે.)**

**૩. મસ્જિદે મનાઝેતીન.**

**૪. મસ્જિદે માએદા. (જહાં સૂરએ માએદહ્ નાઝિલ હુઈ થી.**

**૫. મસ્જિદે ઈજાબા (જહાં સરકારકી એક નિહાયત અહમ દુઆ કુબૂલ હુઈ થી.)** *(રિપોર્ટર :– ખિલાફત કમિટી, પેજ–૮૮)*

**સારાંશ :** એનાથી પણ અફસોસજનક વાત એ છે કે મક્કા શરીફની જેમ મદીના શરીફની અમુક મસ્જિદો પણ ન બચી શકી. બીજી મસ્જિદોના કુબ્બાઓની જેમ આ મસ્જિદો પણ તોડી નાખવામાં આવી છે. (આટલું લખ્યા પછી મંડળે પોતાના રિપોર્ટમાં મદીનામાં તોડી નાખેલી મસ્જિદોની યાદી દર્શાવેલી છે. જેનાં નામો ઉપર દર્શાવ્યા છે તે છે.



# તોડી પાડેલાં મઝાર શરીફો

મદીના શરીફના તોડી નાંખવામાં આવેલા મઝાર શરીફોની જે નામાવલિ મંડળે તૈયાર કરી છે તેની એક ઝલક છાતી પર હાથ મૂકીને તપાસી જુઓ.

હાય રે ! અફસોસ ! કેવા કેવા ગુલાબી મેહરાબી આરામગાહોને આ જાલિમોએ એક પલકારામાં વેરાન કરી દીધા ?!

## ★ ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત ★

૧. રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાહઝાદી હઝરત સૈયદા ફાતેમા رضی اللہ عنہا

૨. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઝૈનબ رضی اللہ عنہا

૩. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا

૪. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે રુકૈયા رضی اللہ عنہا

૫. હઝરતે ફાતેમા સુગરા (બિન્તે હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہا )

## ★ ઉમ્મતની પાકદામન માં ઓનાં મઝાર ★

૧. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا

૨. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે ઝૈનબ رضی اللہ عنہا

૩. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે સૌદા رضی اللہ عنہا

૪. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે હફસા رضی اللہ عنہا

★ કુલ ૯ અજવાઝે તય્યેબાતનાં મઝારાત

## ★ મશ્હૂર એહલે બૈતનાં મઝાર શરીફ ★

૧. શાહઝાદએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરતે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ

૨. સરે મુબારક હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہ

૩. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ

૪. જિગર ગોશએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ

૫. ઉમ્મુન્નબી (હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ

૬. હઝરત ઈમામ જા'ફર સાદિક رضی اللہ عنہ

૭. હઝરત ઈમામ મુહમ્મદ બાકર رضی اللہ عنہ

## ★ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારહ ★

૧. અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ

૨. હઝરત સૈયેદેના ઉષ્માન ઈબ્ને મજઊન رضی اللہ عنہ

૩. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ

૪. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ

૫. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ

૬. હઝરત ઈમામ નાફિઅ્ رضی اللہ عنہ

*–(રિપોર્ટ ખિલાફત કમીટી, પાન ૮૦ થી ૮૯)*

## ★ ઝખ્મોનું દર્દ ★

આ હતાં નજદી કૌમનાં તે ''વિજયી પગલાં'' જેના પર દેવબંદી જમાઅતના ઉલમાએ સુલતાન સઊદને મુબારકબાદીનો તોહફો અર્પણ કર્યો હતો અને એમની પાસે પોતાના ખાસ એલચી મોકલીને સંતોષ અને અનહદ આનંદ વ્યકત કર્યો હતો !! જો કે મહોબ્બતની જે નિશાનીઓને ઉમ્મતે મર્હૂમાએ ૧૩૦૦ વર્ષથી કાળચક્રના ખપ્પરમાંથી બચાવી બચાવીને આજ પર્યંત સલામત રાખ્યાં હતા અને જેના પુરકૈફ મંઝરથી ઈશ્ક અને ઈમાનની આંખો ઠંડી રહ્યા કરતી હતી તે સર્વ નિશાનીઓ તથા સ્થળો રિયાસત રૂપી બાગના આ દ્રોહીઓના અંતરમાં કાંટાની જેમ ખટકતાં હતાં અને તેથી જ એમનાં સળગતાં દિલોને તે દિવસે સંતોષ પ્રાપ્ત થયો. જે દિવસે જમીન પરથી ઈશ્ક તથા ઈમાનની



પેહચાનની આ સર્વે યાદગારો મટાડી (પાયમાલ) કરી દેવામાં આવી. એમની ખુશીઓનો સંદેશ પહોંચાડનાર આ ક્ષણોની રાહ જોઈને રોકાયલો જ હતો કે જ્યાં સુધી રસૂલે મુજતબાના લાડલાઓની આરામગાહોને પગની ઠોકરો વડે એક ક્ષણમાં પાયમાલ ન કરી દેવામાં આવી અને જ્યાં સુધી દુનિયાના ૮૦ કરોડ મુસ્લિમોની આંખોમાંથી લોહીનાં અશ્રુ ટપકતાં ન થયાં ! અને ખરેખર આ બધું કરીને જ આ બદબખ્તોએ શાંતિનો □ાસ લીધો.

હવે અત્રે હું મારા વાંચક બિરદારોને ફક્ત એટલું કહેવા માગું છું કે લોહીની સગાઈના દર્દની લાગણી જન્માવીને બતાવો કે તમારા લાડલાઓની કબ્રો સાથે જો કોઈ આવા પ્રકારનો વર્તાવ વર્તી જાય તો તમારી રૂહની બેચેનીની શી હાલત થાય ?

નજદના રણપ્રદેશના જે જંગલી જાનવરોએ સરકારે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم ના લાડલાઓ લાડલીઓ, અજવાઝે તૈયેબાત અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મેહબૂબ સહાબાઓની મુબારક લાશો પર જે હથિયારો ચલાવ્યાં, તેમનાં મઝારાતની ઈજ્જતને ખાક તથા ખૂનમાં રગદોળી, આ કાર્યોને કારણે જિંદગીની કોઈ ક્ષણે પણ તમો એ લોકોને માફ કરી શકો ખરા ?

બિરાદરો ! જવાબ આપો કે આજે ૧૩૦૦ વર્ષનાં વહાણાં વીતી ગયાં પણ યઝીદને માફ નથી કર્યો તો પછી શું **આ સંગદિલોને માફ કરી શકો છો ? કે જેમણે કરબલાનું પુનરાવર્તન કરાવતા આ ઈતિહાસ પર નજ્દના જાલિમ બાદશાહના નામે જેમણે હિંદથી મુબારકબાદીનો પત્ર પાઠવ્યો હતો ?!** ફાતમાના બાગને વેરાન કરવા માટે અંતે યઝીદ પણ પોતાની જાતે થોડો કરબલા ગયો હતો ! તેમ છતાં તેને પણ ત્યાં સુધી સંતોષ નસીબ ન થયો જ્યારે કે ખાનદાને નબુવ્વતના રોશન ચહેરાઓ ખાકો ખૂનમાં ન રગદોળાયા.

## ★ નજરે જોનાર વ્યક્તિની રૂહની બેચૈની ! ★

કયામતખેઝ આ બનાવોને પોતાના ચક્ષુ વડે જોઈ આવેલ એક વ્યક્તિની રૂહની બેચૈની જાણવા ચાહતા હોઉ તો મિ. મુહમ્મદ અલી

જૌહરની હિજાઝથી પાછા ફર્યા બાદ દિલ્હીની જુમા મસ્જિદમાં કરેલી તકરીર સાંભળો, કેટલાક સાફ અને અસરકારક શબ્દોમાં કહ્યું છે કે :–

**મૈં ખુદા કે ઘરમેં બૈઠા હૂં ઔર ઉસ્કો હાઝિર નાઝિર જાન કર કહતા હૂં ! મુઝે ઈબ્ને સઊદસે ઝાતી અદાવત નહીં, ન મેરી મુખાલિફત ઝાતી ગરઝ પર હૈ. જો કુછ મૈંને દેખા હૈ વોહી કહુંગા ઔર સાફ સાફ કહુંગા, ખ્વાહ ઈસ્સે કોઈ જમાઅત ખૂશ હો યા નાખૂશ !**

**સુલ્તાન ઈબ્ને સઊદ ઔર અરાકિને હુકૂમત બાર બાર કિતાબુલ્લાહ ઔર સુન્નતે રસૂલુલ્લાહકી રટ લગાતે થે મૈંને તો યે પાયા કે ઉન્હોંને કિતાબુલ્લાહ ઔર સુન્નતે રસૂલુલ્લાહકો દુન્યા કમાને કે લિએ આલા બના રખ્ખા હૈ, જો લોગ ડાકા ડાલતે હૈં, ચોરી કરતે હૈં, બુરા કરતે હૈં, લેકિન જો લોગ કુર્આન ઔર હદીષકો આળ બના કર દુન્યવી હુકૂમત હાસિલ કરતે હૈં, ચોરોં, ડાકૂઓંસે ભી બુરા કરતે હૈં.** *(મકાલાતે મુહમ્મદ અલી, જિલ્દ ૧, પેજ–૯૫, ૯૬)*

**સારાંશ** : હું અલ્લાહના ઘરમાં બેઠો છું અને અલ્લાહને હાઝિર નાઝિર સમજીને કહું છું કે મારે ઈબ્ને સઊદ સાથે ન તો વ્યક્તિગત દુશ્મની છે તેમ ન કોઈ વેરભાવ, તથા અત્રે જે કંઈ કહીશ તે મારી અંગત સ્વાર્થ માટે પણ નથી. મેં જે કંઈ જોયું છે તે જ સાફ સાફ શબ્દોમાં કહીશ પછી ભલે એ કહેવાથી કોઈ જમાઅત મારાથી ખુશ થાય કે નારાજ !

સુલ્તાન ઈબ્ને સઊદ અને એની સરકારના અધિકારીઓ વારંવાર કુર્આન અને સુન્નતે રસૂલની રટ લગાવતા રહ્યા, પણ મેં તો એ જોયું કે એ લોકોને કુર્આન અને સુન્નતે રસૂલને તો દુનિયા કમાવા માટેનું સાધન બનાવી રાખ્યું છે. **જે લોકો લૂંટ ચલાવે છે તથા ચોરી કરે છે તેઓ જો કે બુરું કામ કરી રહ્યા છે પણ જેઓ કુર્આન અને હદીષની ઓથ લઈને દુનિયાની જાહોજલાલી પ્રાપ્ત કરે છે તેઓ પેલા ડાકૂઓ અને ચોર લોકો કરતાં પણ બુરા છે !**



જનાબ મુહમ્મદ અલીના બયાનનો આ પણ એક ભાગ છે જે આંખોને અશ્રુઓથી ભરીને વાંચો :–

**નજ્દ ઔર નજદીયોંકા યેહી કારનામા હૈ કે મુસલમાનોં ઔર સિર્ફ મુસલમાનોં કે ખૂન મેં ઉનકે હાથ રંગે હુએ હૈં.** *(મકાલાત, પેજ–૩૭)*

આ જાણ્યા બાદ ખિલાફત કમીટીના રિપોર્ટનો આ ફકરો પણ વાંચી લો. જેમાં મદીના મુનવ્વરાના એક જલ્સામાં નજદના કાઝીએ મદીનાના આલિમોને સંબોધી જે કંઈ કહ્યું હતું તેનું આંખે જોયેલું વર્ણન આલેખવામાં આવ્યું છે, આ બયાનથી આમ મુસલમાનોના સંબંધમાં નજદી ટોળકીનું ધાર્મિક માનસ સંપૂર્ણ રીતે ખુલ્લું પડી જાય છે :–

**یا اهل حجاز انتم اشد کفرا من هامان و فرعون نحن قاتلناکم مقاتلة المسلمین مع الکفار انتم عباد حمزه وعبدالقادر۔**

**તર્જુમા : અય બાશિંદગાને હિજાઝ ! તુમ ફિરઔન ઔર હામાન સે ભી બળ્કર કાફિર હો. હમ તુમ્હારે સાથ ઈસી તરહ કિતાલ કરેંગે જિસ તરહ કાફિરોંકે સાથ કિયા જાતા હૈ. તુમ અમીર હમ્ઝા ઔર અબ્દુલ કાદિર જીલાની કે પૂજારી હો.** *(રિપોર્ટ, પેજ–૮૫)*

**સારાંશ** : હે હિજાઝવાસીઓ ! તમે હામાન અને ફિરઔન કરતાં પણ વધીને કાફિર છો. અમે તમારી સાથે એવી રીતે યુધ્ધે ચડીશું જેવી રીતે કાફિરોની સાથે કરવામાં આવે છે. તમે લોકો અમીર હમઝા તથા હઝરત અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ ના પૂજારીઓ છો.

નજદીઓના સંબંધે મંડળના સભ્યોની આ જાણકારી પણ યાદ રાખવા જેવી છે. તેઓ જણાવે છે કે :–

**મુલ્કગીરી કે લિએ જો આલા ઉનકે પાસ હૈ, યા નજ્દી કૌમે ઉસ્કો એક સદીસે ઝયાદાસે યેહી સિખાયા ગયા હૈ કે ઉસકે અલાવા સબ મુસલમાન મુશ્રિક હૈં. ઔર નજદિયોંકી ગુઝિશ્તા તવારીખ ભી યેહી બતાતી હૈ કે ઉનકે હાથ કુફ્ફાર કે ખૂનસે કભી નહીં રંગે ગએ, જિસ કદર ખૂનરેજી ઉન્હોંને કી**

**હૈ વો સિર્ફ મુસલમાનોંકી કી હૈં.** *(રિપોર્ટ વફદ ખિલાફત કમિટી, પેજ–૧૦૫)*

**સારાંશ :** નજદી કૌમ એ સઊદ સરકારનું સત્તા ટકાવી રાખવાનું હથિયાર છે. એમને ઘણી લાંબી મુદ્દતથી એમ શિખવાડવામાં આવે છે કે એમના સિવાય બધા જ મુસલમાન મુશ્રિક છે. નજદીયોનો પૂરાણો ઈતિહાસ પણ એવું બતાવે છે કે એમના હાથ કાફિરોના ખૂનથી રંગાએલા નથી પણ મુસલમાનોના ખૂનોથી રંગાએલા છે.

## ★ નજ્દી મઝહબ સાથે તબ્લીગી જમાઅતનો સંબંધ ★

વહાબિયા નજદીયા ફિર્કાની સાથે દેવબંદી જમાઅતના ઉલમાની કાર્યવાહી અંગે અગાઉના પત્રો પરથી આપ વાકિફ થઈ ગયા છો. એ પણ જાણી લીધું કે નજદી સુલતાનની સરકારમાં આ જમાઅત કેટલી ભરોસાપાત્ર હતી અને સુલતાનના દરેક કાર્યમાં કેટલું માથું મારનાર જમાઅત હતી. પ્રસંગોપાત સુલ્તાનને સલાહ સૂચનો આપતી અને ઉલમાએ આપેલાં સલાહ સૂચનોને સુલતાન માનપૂર્વક સ્વીકારી લેતા. (આ બધું આપણે જાણી લીધું છે.)

હિજાઝે મુકદ્દસની બેઈજ્જતીની હૃદયદ્રાવક ઘટનાઓ અને યઝીદી કાર્યવાહીનું પુનરાર્વતન કરતી ઘટનાઓ જાણી લીધા પછી હવે એ બતાવવાની જરૂર નથી કે એમનાં સલાહ સૂચનો કેવાં હતાં ?

હવે તો સીધે સીધું જ તબ્લીગી જમાઅત વિશે કંઈક કહેવા ચાહું છું. જો કે એના ચેહરા પરથી પડદો ઉઠાવવામાં ન આવે, તેમ છતાં એ જમાઅત દેવબંદી ટોળીનો એક હાથો હોવાની હૈસિયતથી એ તબ્લીગી જમાઅતનો મઝહબી મિઝાજ અમારા માટે કાંઈ છુપો નથી પણ ભલા ભોળા મુસલમાનોને માહિતગાર કરવા સાચા દસ્તાવેજી પૂરાવા દ્વારા આ સ્પષ્ટ કરી દેવા ચાહું છું કે નજદના વહાબી તરીકા સાથે તબ્લીગી જમાઅતના આચાર વિચારને શો સંબંધ છે ?

તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસનું આ બયાન



આપણે આગળ વાંચી ગયા છીએ કે થાનવી સાહેબની તાલીમ અને શિખામણોનો પ્રચાર કરવો એ તબ્લીગી જમાઅતનો મુખ્ય ઉદ્દેશ છે. એક તરફ આ વાતને નજર સમક્ષ રાખી બીજી તરફથી થાનવી સાહબનું પોતાનું સ્વીકૃત બયાન વાંચો :–

## ★ તબ્લીગી જમાઅતના આલિમોનો પોતાના સંબંધમાં વહાબી હોવાનો ઈકરાર ★

થાનવી સાહબની જીવનકથાના લેખક લખે છે કે જે દિવસોમાં થાનવી સાહબ કાનપુરમાં મદ્રસા જામેઉલ ઉલૂમના મુદર્રિસ હતા. તે દિવસોની આ વાત છે કે એક વખત મહોલ્લાની અમુક સ્ત્રીઓ મિઠાઈ લઈને ફાતેહા પઢાવવા મદ્રસામાં આવી ત્યારે થાનવી સાહબના મદ્રસાના વિદ્યાર્થીઓએ ફાતેહા પઢવાને બદલે મિઠાઈને સફાચાત કરી (ખાઈ) ગયા. આ હરકતથી મહોલ્લામાં મોટો કોલાહલ મચી ગયો. થાનવી સાહબ ને આ વાતની જાણ થતાં તેઓ આવ્યા અને લોકોને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે :–

**ભાઈ ! યહાં ''વહાબી'' રહતે હૈં, યહાં ફાતેહા, નિયાઝ કે લિએ કુછ મત લાયા કરો.** *(અશ્ફુસ્સવાનેહ, જિ. ૧, પેજ–૪૫)*

**સમજૂતી :** ભાઈઓ ! અહીં તો ''વહાબી'' રહે છે, અહીં ફાતેહા કે નિયાઝ માટે કંઈ લાવવું નહીં !

હવે આ ક્ષણે એ પણ જોઈ લો કે જે વહાબી તરીકાના તજદીદી કામોની પૂર્ણતા તબ્લીગી જમાઅતની નજર સમક્ષ છે તે તરીકાના સંબંધમાં ગંગોહી સાહબની માન્યતા શી છે.

ગંગોહી સાહબ લખે છે કે :–

**મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ કે મુક્તદિયોંકો ''વહાબી'' કહતે હૈં; ઉનકે અકાઈદ ઉમદા થે.** *(ફતાવા રશીદિયહ, જિ. ૧, પેજ–૧૧૧)*

**સમજૂતી :** (ઉપરના બયાનમાં ''વહાબી'' કોને કહેવો) એવા

એક પ્રશ્નના જવાબમાં તેઓ જણાવે છે કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના અનુયાયીઓને વહાબી કહેવામાં આવે છે અને એમના અકાઈદ ખૂબ ઉચ્ચતમ હતા.

હવે તબ્લીગી જમાઅતના હાલના રહનુમાઓની હકીકત જુઓ. (આશ્ચર્ય થયા વિના નહીં રહે) પહેલાં જાણી લો કે ''હાલના રહેનુમા એટલે કે સહારનપુરના શયખુલ હદીષ મૌલાના ઝકરિયા અને મૌલાના મન્ઝૂર નોઅમાની ગણી શકાય છે. કેમ કે તેઓ તબ્લીગી જમાઅતના પ્રાણ સમા અને ખરા માર્ગદર્શક છે. જેમ કે, મૌલ્વી મન્ઝૂર નોઅમાની સાહબ મૌલાના ઈલ્યાસ જ્યારે મરણતોલ બિમારીમાં પથારીવશ હતા તે વખતે એમના અનુગામીના વિષય પર પોતાની તડપ અને બેચૈની જણાવતાં લખે છે કે :–

**એક રાતકો ઈસ નાચીઝ, ઔર રફીકે મોહતરમ મૌલાના અલીમિયાંને ઈસ બારેમેં દેર તક ગોરો ફિક્ર ઔર બાહમ મશ્વરા કિયા. ઔર હમ ઈસ નતીઝે પર પહોંચે કે, અગર હઝરત કે બા'દ યહાં દાવતી કામકે લીએ મર્કઝે નિઝામુદ્દીનમેં કિસી ઐસી શખ્સિયતકા કયામ રહે જિસકે સાથ હઝરત મૌલાના ઈલ્યાસ રહમતુલ્લાહ અલૈહ, ઔર ઉનકી દા'વતસે તઆલ્લુક વ મહોબ્બત રખનેવાલે પૂરે હલકે કો અકીદત વ મહબ્બત હો. તો ફિર ઈન્શાઅલ્લાહ યે કામ ઈસી તરહ ચલતા રહેગા. ઔર ઐસી શખ્સિયત ઉસ વકત હમારી નઝરમેં સિર્ફ શૈખુલ હદીષ મૌલાના મુહમ્મદ ઝકરિયા મદઝિલ્લાહુ કી થી.** –*(સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ કાંધલવી, પેજ–૧૯૦)*

**સમજૂતી** : એક રાત્રે મેં અને મૌલાના અલીમિયાં સાહેબે આ વિષય પર ઘણીવાર સુધી ચર્ચા વિચારણા અને પરસ્પર મસ્લેહત કરી. અંતે એ નિર્ણય પર પહોંચ્યા કે મર્કઝે નિઝામુદ્દીનમાં હઝરતજીના પછી કોઈ એવા માણસની નિમણુંક થવી જોઈએ કે જેની સાથે મૌલાના ઈલ્યાસ અને એમની પૂરી દા'વતી જમાઅતને મહોબ્બત તથા અકીદત હોય. જો એવી વ્યકિતને દા'વતી કામ માટે નિમવામાં આવે તો એ કામ એવી રીતે



ચાલતુ રહેશે. (જે અત્યારે ચાલી રહ્યું છે) અંતે અમારી નજરે મૌલાના મુહમ્મદ ઝકરિયા સાહેબ જ એવી વ્યક્તિ પસંદગી પામ્યા છે જે આ કામને પૂરેપૂરા લાયક કહી શકાય.

આ પછી પોતાના કહેવા પ્રમાણે બીજે દિવસે સવારના સમયે નોઅ્માની સાહેબે મૌલાના ઝકરિયા સાહેબની મુલાકાત લીધી અને તબ્લીગી જમાઅતના અમીરનું સ્થાન શોભાવવાની પોતાના સાથીઓ તરફની દરખાસ્તની રજુઆત કરી. આ અંગે એમની વાર્તાલાપનો એક અગત્યનો ભાગ રજુ કરતાં મૌલાના નોઅમાની સાહેબ જણાવે છે કે :–

**ઈસીકે સાથ હમને યે ભી અર્ઝ કિયા કે, ઔર અગર ઐસા ન હુવા તો થોળે દિનોંકે બાદ યે સારા મજમા મુન્તશિર હો જાએગા ઔર હમ ખૂદ અપને બારેમેં ભી સફાઈસે અર્ઝ કરતે હૈં કે "હમ બળે સખ્ત વહાબી હૈં !" હમારે લિએ ઈસ બાતમેં કોઈ ખાસ કશિશ ન હોગી કે યહાં હઝરતકી કબ્ર મુબારક હૈ, યે મસ્જિદ હૈ જિસ્મેં હઝરત નમાઝ પળ્હતે થે, યે હુજરા હૈ જિસમેં હઝરત રહા કરતે થે.** *(સવાનેહે મૌલાના યૂસુફ, પેજ–૧૯૨)*

**સારાંશ** : એની સાથે અમે એવી ચર્ચા પણ કરી કે જો એવું નહીં બને તો થોડાક દિવસોમાં આ આખી જમાઅત છિન્ન ભિન્ન થઈ જશે, બીજું કે અમે અમારા પોતાને માટે ખૂબ સફાઈપૂર્વક આ ચર્ચા પણ કરી કે ''આપણે પાકા વહાબી છીએ !'' તેમ આપણા માટે આ વિષયમાં કોઈ ખેંચાણ રહેશે નહીં કે અહીંયાં હઝરતજીની કબ્ર શરીફ છે, આ મસ્જિદ છે જેમાં હઝરત નમાઝ પઢતા હતા અને આ હુજરો છે જેમાં હઝરત રહેતા હતા. આ સિવાય વિશેષ કાંઈ આપણા માટે રહેશે નહીં.

**ધ્યાન આપો !** ''હમ બળે સખ્ત વહાબી હૈં.'' વાતચીત દરમિયાન આ વાક્યમાં શબ્દોની સાથોસાથ વહાબી કાર્યવાહી કરતા માનસનું પ્રદર્શન થઈ રહ્યું છે. બિલકુલ ચોખ્ખી વાત છે કે એ હઝરાતની નિગાહમાં જ્યારે કે મોટા મોટા સહાબાઓ અને એહલે બૈતના મઝાર શરીફો કંઈ વિસાતમાં ન હતા તો પછી મૌલાના ઈલ્યાસ બિચારા કયા

ઝાડની મૂળી હતા કે જેથી એમનાં નિશાનો એમના માટે આકર્ષણનો સબબ બની શકે ! દોસ્તો, દાવો અને દલીલ એ બંનેની એક જગા તે આનું નામ.

હવે મૌલાના ઝકરિયાનો જવાબ આ નીચે જણાવું છં તે જુઓ :–

**અગર અલ્લાહ તઆલાકા ફૈંસલા મેરે બારેમેં હુવા તો મુઝસે કિસીકો કહનેકી જરૂરત નહીં મૈં ખૂદ યહાં રહુંગા બલ્કે અગર તુમ સબ મિલકર મુઝે નિકાલના ચાહોગે જબ ભી યહાં રહુંગા ઔર અગર કિસી ઔર કે બારેમેં અલ્લાહ તઆલાકા ફૈંસલા હુવા તો તુમ ભી ઈસકો દેખ લોગે ઔર મૈં ભી દેખ લુંગા, ફિર અલ્લાહ તઆલા ઉસીસે યે કામ લેગા. બસ ઈન્તેઝાર કરો, અલ્લાહસે દુઆ કરો.**

**ઔર અગર દેખો કે ઈનમેંસે કોઈ બાત ભી નહીં હુઈ તો મૌલવી સાહબ ! ''મૈં ખૂદ તુમસે બળા વહાબી હૂં'' તુમ્હેં મશ્વરા દુંગા કે હઝરત ચચા જાનકી કબ્ર ઔર હઝરતકે હુજરા ઔર દરોદીવારકી વજહસે યહાં આનેકી ઝરૂરત નહીં.** *(સવાનેહે મૌલના યૂસુફ, પેજ–૧૯૩)*

**સારાંશ** : જો અલ્લાહ તઆલા એ કામ અંગે મારી પસંદગી કરશે તો મને તમારે કંઈ કહેવાની જરૂરત રહેશે નહીં. એ પછી તો હું મારી જાતે જ અહીં રહીશ અને તમે બધા મળીને તે વખતે મને કાઢી નાખવા ચાહશો તો પણ હું અહીંયા જ રહીશ અને જો કોઈ બીજાની તરફ અલ્લાહની પસંદગી ઉતરશે તો તે પણ તમે જોઈ લે જો અને હું પણ જોઈ લઈશ. હમણાં તો આપણે રાહ જુઓ અને અલ્લાહથી દુઆ કરો.

અને જો આ વાતોમાંથી એક પણ નહીં બનશે તો પછી હઝરત ચચાજાનની કબ્રને લીધે, હઝરતને રહેવાની કોટડીને લીધે કે પછી આ બધી દીવાલોને લીધે અહીં આવવાની કોઈ જરૂર નથી હું તમોને એ બાબતના સલાહ સુચનો આપીશ, કેમ કે હું તમારા કરતાં પણ **ચડિયાતો વહાબી** છું.



થાનવી સાહબથી લઈને મન્ઝૂર નોઅમાની અને મૌલાના મુહમ્મદ ઝકરિયા સાહબ સુધીના તબ્લીગી જમાઅતના બધા લીડરોનું આ સ્વીકૃત બયાન આપણી સમક્ષ આવી ચૂક્યું છે કે **''અમે વહાબીઓ છીએ.'' ''હું મોટો કટ્ટર વહાબી છું'' ''હું તમારા બધાથી મોટો વહાબી છું''**

દોસ્તો ! કોઈ બીજો માણસ એમના માટે એવા શબ્દો ઉચ્ચારે તો તે આક્ષેપ ગણાત, પણ એમની પોતાની ઝબાનથી સ્વીકારેલા શબ્દોનો અર્થ આ સિવાય બીજો શો હોઈ શકે કે હકીકતમાં એ લોકો વહાબી છે. અહીં એ પણ લક્ષમાં રાખો કે આ ઈકરાર એમણે પોતાની એકાંતની વાતચીત દરમિયાન કરેલો છે એટલા માટે એને બીજા કોઈ અર્થમાં ઘટાડવાનો પ્રશ્ન રહેતો જ નથી.

## ★ બુધ્ધિ અને હકીકતનો ફૈંસલો ★

હવે અહીં ખૂબ ઊંડે ઉતરીને આ વાત વિચારવાની છે કે કોઈપણ માણસ પોતાની જાતને બીજા વ્યક્તિની સાથે સંબંધિત કરવા ધારે તો તે માટે બે માર્ગ છે : એક તો એ કે તેની સાથે પોતાનો ખાનદાની કૌટુંબિક સંબંધ હોય, અને બીજો એ માર્ગ છે કે તે વ્યક્તિના તરીકા સાથે પૂરો એ'તેકાદ ધરાવતો હોય, તેની વિચારસરણી સાથે સંબંધ રાખે તથા તે ઉપર પૂરેપૂરો અમલ કરતો હોય.

દા.ત. તરીકે :– ભારત પાકિસ્તાનમાં જે લોકો પોતાને ''હનફી'' કહે છે. સ્પષ્ટ છે કે સૈયેદના ઈમામ અબૂ હનીફા رضي الله عنه ની સાથે એમનો કોઈ તઅલ્લુક છે. જાહરે છે કે આ તઅલ્લુક એમનો ખાનદાની કૌટુંબિક સંબંધ નથી પણ એમના તરીકા પર ચાલવાના સંબંધથી જ તેઓ પોતાની જાતને ઈમામ અબૂ હનીફા رضي الله عنه ની સાથે સંબંધિત કરીને પોતાને ''હનફી'' તરીકે ઓળખાવે છે.

ઉપર્યુકત હકીકત સમજી લીધા બાદ આ પ્રશ્નનું નિરાકણ કરો કે તે તબ્લીગી જમાઅતનાઆ રહનુમાઓએ પોતાના માટે વહાબી હોવાનો ઈકરાર કર્યો છે. તો એ ઈકરારનું મુખ્ય કારણ શું હશે ? સ્પષ્ટ છે કે

ઈબ્ને અબ્દુલ વહાબની સાથે એમનો કોઈ ખાનદાની સંબંધ તો છે જ નહીં. ત્યારે હવે ફક્ત એક જ માર્ગ છે પોતાને વહાબી કહેવડાવવાનો અને તે એ કે તરીકા અને અકાઈદના એતેબારથી તેઓ ઈબ્ને અબ્દુલ વહાબની અનુયાયીઓ છે અને તેથી જ તેઓ પોતાને વહાબી તરીકે સ્વીકારી લઈ તે રીતે ઓળખાવે છે.

અને ગંગોહી સાહેબે કરેલી ચોખવટ પ્રમાણે પણ નક્કી થાય છે કે વહાબી તેને કહેવામાં આવે છે કે જે ઈબ્ને અબ્દુલ વહાબ નજદીનો અનુયાયી હોય.

એની સાથે આ વાત ફરજિયાતપણે સાબિત થઈ ગઈ કે પોતાની જાત સાથે વહાબી શબ્દ જોડી દેવો એ ફક્ત જોડી દેવાની મર્યાદા સુધી નથી. પણ શૈખે દેવબંદે પોતાની કિતાબ ''અશ્શહાબુષ્ષાકિબ'' માં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબના જે આમાલ તથા અકાઈદ રજૂ કર્યા છે તે બધા જ આમાલ તથા અકાઈદ આ સાહેબોએ વિ□ાસપૂર્વક પસંદગીની સાથે અપનાવી લીધા છે. બાકી ચોખ્ખી વાત છે કે એક અકલમંદ માણસ રાજી ખુશીથી કદી પણ આવા શબ્દો પોતાની જાત સાથે જોડી દેવા પસંદ નહીં કરે જ્યાં સુધી કે પોતાની પસંદગીના કોઈ વિષયનો સંબંધ ન હોય.

અહીં આ વાત સમજી લેવા જેવી છે કે, વહાબી તરીકા સાથે આ સાહેબોની વિચારસરણી તથા મેળ મિલાપ ફક્ત સારા એઅ્તેકાદ સુધી જ મર્યાદિત નથી પણ ધીમે ધીમે મઝહબી ક્રાન્તિ માટે અહિંયા પણ એ લોકો લોકમાનસ અને વિચારસરણીની સપાટી સીધી કરી રહ્યા છે જે નજદના રણપ્રદેશના જાનવરો દ્વારા હિજાઝમાં દેખાઈ ચૂક્યું છે. નજદી ચળવળના જણાવેલા નુક્તા (પોઈંટો) પ્રમાણે મુસલમાનોને મુશ્રિક સમજવા અને સમજાવવાની પ્રવૃત્તિઓ અહીંયાં પણ શરૂ થઈ ગઈ છે એની સાબિતી માટે તબ્લીગી જમાઅતના મુખ્ય માર્ગદર્શક મન્ઝૂર નોઅમાનીનું આ વર્ણન વાંચો :–

તેઓ લખે છે કે :–

**આપ મુસલમાન કહલાનેવાલે ઉન કુબૂરિયોં ઔર તાઝિયા પરસ્તોંકો દેખ લીજીએ. શૈતાનને ઉન મુશ્રિકાના એ'તેકાદ ઔર**



**મુશ્રિકાના આમાલકો ઉનકે દિલોમેં ઐસા ઉતાર દિયા હૈ કે ઈસ સિલસિલેમેં કુર્આન વ હદીષકી કોઈ બાત સુનને કે રવાદાર નહીં.**

**મૈં ઉન્હીં લોગોકો દેખકર અગલી ઉમ્મતોં કે શિર્ક કો સમઝતા હૂં, અગર મુસલમાનોંમેં યે લોગ ન હોતે તો વાકેઆ યે હૈ કે મેરે લિએ અગલી ઉમ્મતોં કે શિર્કકો સમઝના બળા મુશ્કિલ હોતા.** *(માહનામા અલ્ફુરકાન, લખનૌ, જમા. અવ્વલ, પેજ–૩૦, હિજરી ૧૯૭૨)*

**સારાંશ** : તમે કબ્ર પરસ્ત અને તાઝિયાં પરસ્ત તે મુસલમાનોને જોઈ લો; જેઓ પોતાને મુસલમાન કહેવડાવે છે. આ બધા મુશ્રિકાના અમલ તથા એતેકાદ શૈતાને એમના દિલોમાં એટલા બધા ઊંડા ઉતારી દીધા છે કે હવે તેઓ આ વિશે કુર્આન અને હદીષની કોઈ વાત પણ સાંભળવાને ઉત્સુક નથી.

આવા લોકોને જોઈને હું આગલા જમાનાની ઉમ્મતોના શિર્કને સમજી શકું છું. જો મુસલમાનોમાં આવા લોકો ન હોત તો ખરેખર આગલી ઉમ્મતોના શિર્કને સમજવું મારા માટે મુશ્કેલ બની જાત.

## ★ નજ્દ અને દિલ્હીની દા'વતમાં સરખાપણું ★

એમના દિમાગની આ વિચારસરણી હજુ તો ફક્ત ઝબાન, કલમ અને તબ્લીગી દા'વતની હદ સુધી મર્યાદિત રહે છે કારણ કે રાજકીય સત્તા આગળ પોતે લાચાર છે ખુદા ન ખ્વાસ્તા, આવતી કાલે જો હિંદુસ્તાનની ભૂમિ પર કોઈ મહાન તાકતનો એમને સહકાર નસીબ થઈ જાય તો નજદની ધાર્મિક ક્રાન્તિનો ઈતિહાસ અહીં પણ દોહરાવતાં એમને વાર ન લાગે.

આ સાહેબોની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરતી વેળા એ વાત કદી પણ નજરથી છુપી રહેવી ન જોઈએ કે ગુનાહ કરવા તથા કરાવવા માટે તો પ્રથમ તે પ્રમાણેનું દિમાગ તૈયાર કરવું એ જ અસલ ચીજ છે. દિમાગ તૈયાર થઈ જાય તો ગુનાહિત કાર્યો માટેનાં સાધનો (વાસ્તા) શોધવાના મેદાનનો પ્રશ્ન તો તે પછીનો છે.

જ્યાં સુધી ઐતિહાસિક બનાવોને સચ્ચાઈની સાથે સંબંધ છે ત્યાં સુધી નજદની ચળવળ પણ એકાએક જુલ્મ સિતમના શિખરે નથી પહોંચી ગઈ. એટલી હદે પહોંચાડવા માટે ત્યાં પણ આજ કલમા, નમાજ, તબ્લીગી દા'વત તથા આમાલો અખ્લાકની સુધારણાની પ્રવૃત્તિઓથી શરૂઆત કરવામાં આવી હતી.

જેમ કે મૌલવી મસ્ઊદ આલમ નદવી ''મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ'' નામની કિતાબમાં નજદના શેખની જિંદગીનો ઈતિહાસ લખતાં લખતાં એમની દાવત તથા તબ્લીગનો પ્રારંભિક હાલ વર્ણવતા લખે છે કે :–

હરીમલા કી વાપસી કે બાદ ઉન્હોંને બિદઆત કે ઈસ્તિસાલ ઔર તૌહીદ વ અખ્લાક કે આમ કરનેકા મુસમ્મમ ઈરાદા કર લિયા. દા'વતકી બુનિયાદ તૌહીદ પર રખ્ખી, કલમએ **''લાઈલાહ ઈલ્લલ્લાહ''**કા બોલબાલા ઉનકા શિઆર થા. *(મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ, પેજ–૨૩)*

**સારાંશ** : હરીમલા (એક સ્થળ)થી પાછા ફર્યા બાદ તેમણે બિદઅતોને જડમૂળથી ઉખાડી કાઢવાનો અને તૌહીદ તથા અખ્લાકનો સંપૂર્ણ પ્રચાર કરવાનો પાકો ઈરાદો કરી લીધો હતો. એમણે તબ્લીગી દા'વતનો પાયો તૌહીદ પર રાખ્યો. તદ્‌ઉપરાંત કલમએ તૈયેબાની બોલબાલા કરવાનો એમનો ઉદ્દેશ હતો.

એક સ્થળે શૈખે દા'વતના શબ્દો એમની ઝબાનથી નીકળેલા તે રજૂ કર્યા છે :–

**ان ھذالذی اناقمتبه و دعوت الیه کلمه لا اله الا الله و ارکان الا سلام والامر با لمعروفو و النھی عن المنکر۔**

**તર્જુમા** : મૈં જિસ ચીઝકો લેકર ખળા હુવા હૂં ઔર જિસકી તરફ દા'વત દે રહા હૂં વો કલમએ **લાઈલાહ ઈલ્લલ્લાહ** ઔર અરકાને ઈસ્લામ ઔર અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કરકી દા'વત હૈ. *(મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ, પેજ–૨૯)*

**સારાંશ** : મારો મુખ્ય ઉદ્દેશ **લાઈલાહ ઈલ્લલ્લાહ** તરફ લોકોને



રજૂ કરવા, તેમજ બીજા અરકાને ઈસ્લામ(સમજાવવા) તથા સારાં નેક કામો તરફ માઈલ કરવા અને બુરા કામોની મના કરવી. (એ મારી દા'વતનો આશય છે.)

દરઈય્યાહ્ નામના અક કસ્બામાં :– ''શૈખે નજ્દ''ની તબ્લીગી કાર્યવાહીના સમાચાર આપતાં લખે છે કે :–

**શૈખકી તશરીફ આવરીસે પેહલે ''દરઈચ્યાહ'' એક છોટાસા કસ્બા થા. જહાં જહાલતકી ગર્મબાઝારી થી. શૈખને સબસે પેહલે વાઅઝ ઔર દર્સકે હલકે કાઈમ કીએ ઔર ખૂદ સુબ્હસે શામ તક આનેવાલોંકો કિતાબ વ સુન્નતકી તા'લીમ દેતે ઔર અપની દા'વત ''દા'વતે તૌહીદ'' ઈખ્લાસ ફી ઈબાદતિલ્લાહકી અહમ ઔર જરૂરી ચીઝેં ઝહનનશીન કરાનેકી કોશિશ કરતે.** *(મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ, પેજ–૩૪)*

**ભાવાર્થ** : શેખ સાહબ આવ્યા પહેલાં ''દરઈય્યાહ'' એક નાનકડો કસ્બો હતો. જેમાં ખૂબ જહાલત હતી. સૌથી પહેલાં શૈખે વાઅઝ અને સબક આપવાનું શરૂ કર્યું અને પોતે સવારથી સાંજ સુધી ત્યાં આવનારાઓને કિતાબ તથા સુન્નતની તા'લીમ આપતા રહ્યા અને પોતાની આ ''દા'વતે તૌહીદ'' તથા અલ્લાહની ખાલિસ ઈબાદતની ખૂબ જ જરૂરી વાતો લોકોના દિમાગમાં ઠસાવતા રહ્યા.

આગળ ચાલતાં શૈખે નજ્દની તબ્લીગની અસરો તેમજ પ્રચારનું વર્ણન કરતા લખે છે કે :–

**અબ તક શૈખ કી દા'વત નજદ કે ઈઝલાઅ્ તક મેહદૂદ રહી. લેકિન યે દા'વતેં આમ થી. ઈસ્લાહ કી ઝરૂરત સિર્ફ નજદમેં ન થી. તમામ ઈસ્લામી દુન્યા ઈન્હેતાત કે આલમમેં થી. ઈસ્લાહ કી ઈબ્તેદા ઘર સે હોતી હૈ ઈસ લિએ કુદરતી તૌર પર ઉનસીના, હરીમલા, દરઈચ્યાહ ઔર આરિઝ કે દુસરે કસ્બે શૈખ કી દા'વત કે અવ્વલીન મર્કઝ બને લેકિન જૂં હી ઈન ઈલાકોમેં ઝિંદગી કી અલામતેં ઝાહિર હુઇં. શૈખને અપની**

**દા'વતકા હલકા વસીઅ કિયા ઔર દૂર દૂર કે શહેરોં કે ઉલમા, ઉમરા ઔર કઝઝાત કે પાસ તબ્લીગી ખુતૂત ભેજે ઔર ઉન્હેં અપની દા'વત કે કબૂલ કરને પર આમદા કરને લગે.** *(મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ, પેજ–૩૭)*

**સારાંશ** : અત્યાર સુધી તો શૈખની દા'વત નજદના જિલ્લાઓ પૂરતી મર્યાદિત રહી પરંતુ એ દા'વતનો પ્રચાર સર્વવ્યાપી કરવાનો હતો. સુધારણાની જરૂર ફક્ત નજદમાં ન હતી પરંતુ તમામ ઈસ્લામી દુન્યા (શિર્કિયા) બંધનોમાં જકડાયેલી હતી. સુધારણાની શરૂઆત પ્રથમ ઘરમાંથી થાય છે એટલા માટે કુદરતી રીતે જ ઉનસીના, હરીમલા અને દરઈય્યા તથા આરિઝના બીજા કસ્બાઓ શેખની દા'વતના પ્રથમ મર્કઝો (કેન્દ્રો) બન્યાં. પરંતુ જ્યારે એ પ્રદેશોમાં સુધારાના ચિન્હ જણાયાં તો શૈખે પોતાની દા'વતના કાર્યનો વિસ્તાર વધાર્યો અને દૂર દૂરના શહેરોના આલિમો, અમીરો અને કાઝીઓ ઉપર તબ્લીગી કાગળો લખ્યા અને તેઓને પોતાની આ દા'વતને કબૂલ કરવા માટે સંમત કર્યા.

## ★ ભારતની તબ્લીગી જમાઅત નજદના પગલે પગલે ★

શૈખે નજદની દા'વતો તબ્લીગની શરૂઆતની હકીકતો એટલા માટે મેં નોંધી છે કે; ભારતની તબ્લીગી જમાઅતનો કામ કરવાનો તરીકો સહેલાઈથી સમજી શકો. બંનેમાં થોડુંક સરખાપણું જુઓ. શૈખે નજદની શરૂઆતની હાલતના ઈતિહાસનો અભ્યાસ કરતાં સ્પષ્ટપણે એમ લાગે છે કે ઈબ્ને અબ્દુલ વહહાબની જગ્યાએ પોતાની દા'વતની કાર્યવાહીમાં મૌલાના ઈલ્યાસ લાગી ગયા છે. ત્યાં પણ દા'વતો તબ્લીગની શરૂઆતમાં ઈસ્લામના તે અગત્યના ઉસૂલો (કાયદાઓ) નજર સામે રાખવામાં આવ્યા હતા કે જેનાથી કોઈને પણ ઈખ્તેલાફ (મતભેદ) થઈ શકતો ન હતો. પરંતુ જ્યારે ચળવળ અને ચળવળિયાઓ સાથે ભળી જનારાઓનું એક મજબૂત ટોળું તૈયાર થઈ ગયું કે તરત જ બળજબરીથી સુધારણા તથા ઈમાન તોડનાર બર્બાદી તરફ તેમનાં દિમાગોને ફેરવી દેવામાં આવ્યાં.



ભારતની તબ્લીગી જમાઅત પણ એ જ રીતે ચાલે છે. અહીં પણ મોટી મોટી સુધારણાની વાતો દ્વારા આકર્ષણ ઉભુ કરી એક તબ્લીગી ટોળું (સંઘ) તૈયાર કરવામાં આવી રહ્યું છે. અને મુસલમાનોમાંથી વધારેમાં વધારે સંખ્યામાં તબ્લીગ અને સુધારણાના નામે જમાઅત સાથે સંબંધ રાખતા થઈ જાય એ વાત પર ખૂબ જોર દેવામાં આવે છે. એમનો મકસદ એ છે કે, જમાઅતના રહનુમાઓ ઉપર એક વખત વિ□ાસ બેસી જશે તો આગળ ચાલતાં સહેલાઈથી એમનાં દિમાગ અને વિચારસરણીને કોઈપણ બાજુ ફેરવી શકાશે. કદાચ આ કારણે જ ઈસ્લામના અક્કલમંદ માણસોએ કહ્યું છે કે કોઈ પણ ચળવળનો અભ્યાસ કરતી વખતે તેને ચલાવનારાઓના વિચારો–માનસ કેવાં છે તે જાણી લેવું ખૂબ જ જરૂરી છે. કેમ કે ચળવળ ચલાવનારાઓને નજરો સમક્ષ ન રાખતાં કેવળ ચળવળનો જ અભ્યાસ કરી તેમની સાથે થઈ જવામાં ઘણાઓએ ધોકો ખાધો છે. પાછળથી એમને જમાઅતના બનાવટી વાતાવરણમાં (માહોલમાં) એવી રીતે રંગી દેવામાં આવ્યા કે આગળ ચાલતાં એમને જમાઅતનો પૂરેપૂરો ભેદ સમજાઈ જવા છતાં તેઓ પોતાનો સંબંધ તેનાથી તોડી શકતા નથી. જો પહેલે દિવસથી જ ભેદ જણાય જાત તો કદી પણ સંબંધ રાખવા તૈયાર ન થાત.

## ★ નજદી હુકૂમત સાથે તબ્લીગી જમાઅતના કરાર ★

નજદની ચળવળ સાથે તબ્લીગી જમાઅતની વિચારસરણી અને ધાર્મિક સરખાપણાની સાબિતી લોકોની નજર સમક્ષ આવી ગયા પછી હવે હું આપને ચોંકાવનારા ભેદથી વાકેફ કરવા માગું છું. આ વાત સાંભળી તમે હેરાન પરેશાન થઈ જશો કે નજદના મઝહબી રહબરો સાથે તબ્લીગી જમાઅતનો સંબંધ હવે ફક્ત વિચારસરણી અને અકીદાઓના મેળ પૂરતો મર્યાદિત રહ્યો નથી પરંતુ નજદી હુકૂમત પોતાના તમામ પ્રકારના વસીલાઓથી તબ્લીગી જમાઅતની જિમ્મેદારી અદા કરી રહી છે. એની સાબિતી માટે ૧૯૩૮ ના માર્ચમાં નજદના સુલતાન અને તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસની વચ્ચે જે કરારો થયા હતા તેની

સન્નાટાજનક હકીકત નીચે જણાવી છે તે વાંચો :–

મૌલાના અબુલહસન અલી નદવીએ પોતાની કિતાબ દીની દાવતમાં મૌલાના ઈલ્યાસ સંબંધી એક હકીકત લખી છે કે, ૧૯૩૮ માં હજ્જના પ્રસંગે જ્યારે તેઓ હિજાઝ ગયા ત્યારે જમાઅતના વિષય અંગે તેમણે પોતાના એક મંડળ સાથે નજદના સુલતાનની મુલાકાત લીધી હતી. સુલતાન સાથે થયેલી મુલાકાત સંબંધી તૈયારીઓનું વર્ણન કરતાં લખે છે કે :–

**કરાર પાયા હૈ પેહલે અગરાઝો મકાસિદ કો અરબીમેં કલમ બંદ કિયા જાએ, ફિર સુલતાનકે સામને પેશ કિયા જાએ. મૌલાના એહતેશામુલ હસન, અબ્દુલ્લાહ ઈબ્ને હસન, શૈખુલ ઈસ્લામ ઔર શૈખ ઈબ્ને બુલિહદ સે અપને તૌર પર મિલેં.** *(દીની દા'વત, પેજ–૧૦૦)*

**સારાંશ** :– એમ નક્કી કરવામાં આવ્યું કે પ્રથમ સર્વ હેતુઓ તથા મકસદોને અરબીમાં લખવામાં આવે અને પછીથી તેને સુલતાન સમક્ષ રજુ કરવા. મૌલાના એહતેશામુલ હસન, અબ્દુલ્લાહ ઈબ્ને હસન, શૈખુલ ઈસ્લામ અને શૈખ ઈબ્ને બુલિહદ સાથે પોતાની રીતે મુલાકાત કરે.

## ★ મૌલાના ઈલ્યાસ નજદના દરબારમાં ★

એના પછી લખે છે કે :–

**દો હફતા કે બાદ (૧૪ માર્ચ ૧૯૩૮) કો મૌલાના (મુહમ્મદ ઈલ્યાસ) હાજી અબ્દુલ્લાહ દહેલવી, અબ્દુર્રહમાન મઝહર શૈખુલ મુતવફીન ઔર મૌલવી એહતેશામુલ હસનકી મઈયતમેં સુલતાનકી મુલાકાત કે લિએ તશરીફ લે ગયે. જલાલતુલ મુલ્કને બહોત એઅજાઝ કે સાથ મસ્નદ સે ઉતર કર ઈસ્તિકબાલ કિયા ઔર અપને કરીબ હી મોઅઝ્ઝઝ્ જ હિંદી મેહમાનોંકો બિઠાયા. ઉન હઝરાતને તબ્લીગકા માઅરૂઝા પેશ કિયા. જિસ પર સુલતાનને તકરીબન ચાલીસ મિનિટ તક તૌહીદ (કિતાબો સુન્નત ઔર ઈત્તેબાએ શરીઅત) પર મબસૂત તકરીર કી. ઈસકે બાદ બહોત એઅજાઝ કે સાથ મસ્નદ સે ઉતર કર રુખસત**



**કિયા. અગલે રોઝ સુલતાનને નજદકા કસ્દ કિયા ઔર રિયાઝ કે લિએ રવાના હો ગએ.** *(દીની દા'વત, પેજ–૧૦૦)*

**સારાંશ** : બે અઠવાડિયા પછી (૧૪ મી માર્ચ ૧૯૩૮) મૌલાના મુહમ્મદ ઈલ્યાસ હાજી અબ્દુલ્લાહ દહેલ્વી, અબ્દુર્રહમાન મઝહરે શૈખુલ મુતવફફીન અને મૌલવી એહતેશામુલ હસન સાથે સુલતાનની મુલાકાતે ગયા. જલાલતુલ મુલ્ક (સુલતાન)એ બેઠક પરથી નીચે ઉતરી ઘણા જ આદર અને માન પાનથી સ્વાગત કર્યું અને એ હિંદી મેહમાનોને પોતાની પાસે જ જગા આપી બેસાડયા. એ લોકોએ તબ્લીગની અરજી રજૂ કરી, જેના પર સુલતાને લગભગ ચાલીસ મિનિટ સુધી તૌહીદ (કિતાબ તથા સુન્નત અને ઈત્તેબાએ શરીઅત) પર ખુલાસાવાર તકરીર કરી. ત્યારબાદ બેઠક પરથી ઉતરીને ખૂબ જ માનપૂર્વક ઈજ્જત સાથે રવાના કર્યા. (વિદાય આપી) બીજે દિવસે સુલતાને નજદનો ઈરાદો કર્યો અને રિયાઝ માટે રવાના થઈ ગયા.

નજદના સુલતાનના દરબારમાંથી ખુશ્નુદીનો પરવાનો મેળવ્યા પછી હવે અમલની કામગીરી તરફ ધ્યાન આપો.

**મૌલવી એહતેશામુલ હસનને મકાસિદે તબ્લીગ કે ઈખ્તેસાર કે સાથ નોટ કરકે શૈખુલ ઈસ્લામ રઈસુલ કુઝ્ઝાત (ચીફ જસ્ટિસ અબ્દુલ્લાહ ઈબ્ને હસન જો ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીકી ઔલાદ મેં સે હૈ) કે યહાં પેશ કિયા. મૌલાના મુહમ્મદ ઈલ્યાસ ઓર મૌલ્વી એહતેશામુલ હસન સાહબ ઉનકે યહાં ખૂદ ભી ગએ. ઉન્હોંને એઅ્જાઝ વ ઈકરામ કિયા. ઔર હર બાતકી ખૂબ ખૂબ તાઈદ કી ઔર ઝુબાની પૂરી હમદર્દી વ ઈઆનતકા વાઅદા કિયા.** *(દીની દા'વત, પેજ–૧૦૧)*

**સારાંશ** : મૌલ્વી એહતેશામુલ હસને તબ્લીગના મકસદોની ટૂંકમાં નોંધ કરી શૈખુલ ઈસ્લામ અબ્દુલ્લાહ ઈબ્ને હસન ચીફ જસ્ટીસ પાસે રજૂ કરી. મૌલાના ઈલ્યાસ તથા મૌલ્વી એહતેશામુલ હસન પણ તેમને ત્યાં ગયા. એમણે ખૂબ જ આદરભાવ કર્યો અને દરેક વાત અંગે ઘણું સમર્થન આપ્યું તેમજ પૂરી હમદર્દી તથા સહાયક બનવાનું મૌખિક વચન આપ્યું.

## ★ કલમની ચોરી ★

ઈન્સાફને ધ્યાનમાં રાખીને વિચારો ! મેં પોતે મારા તરફથી કોઈ વાત રજુ કરી નથી પરંતુ બધા જ હવાલાઓ એમની જ કિતાબોમાંથી રજુ કરેલા છે.

આખી કાર્યવાહીના વર્ણન પછીથી દરેક વ્યકિત સ્પષ્ટપણે એ જાણવાની ઈંતેઝારી કરી શકે છે કે, નજદના સુલતાન સમક્ષ રજૂ કરવા માટે તબ્લીગી જમાઅતના મકસદો તથા હેતુઓની અરબી ભાષામાં જે રફ કોપી ટૂંકાણમાં તૈયાર કરવામાં આવી હતી તેને સંપૂર્ણ કાર્યવાહી સાથે લખીને રજૂ કરવામાં શું વાંધો હતો ?

પરંતુ ગમે તેટલો ઢાંક પિછોડો કરવામાં આવે તો પણ એ હકીકત છુપી રહી શકતી નથી કે જે મકસદો તથા હેતુઓને ટૂંકાણમાં રજૂ કરી હુકૂમત પાસે તરફદારી કરાવવામાં આવી, અને દા'વતો તબ્લીગીના વિષયમાં જે કાર્યો માટે હમદર્દી અને સહકારનો વાયદો કરવામાં આવ્યો તે બધા એ હતા કે જેને લઈને નજદી કૌમ ઉપસ્થિત થઈ હતી અને ઈશ્કો ઈમાનની લા ઝવાલ ઈજ્જતો તથા ઈસ્લામની ઝિંદા યાદગારોને ધૂળ અને ખૂનમાં મેળવી દીધી હતી કારણ કે એ વાત એક સામાન્ય માણસ પણ સમજી શકે છે કે તે મકસદો તથા હેતુઓ જો નજદી મઝહબના મિજાઝથી જરા પણ જુદા હોત તો હુકૂમતના શૈખુલ ઈસ્લામ અને કાઝીઓના વડા કે જેમની નસોમાં ઈબ્ને અબ્દુલ વહહાબનું ખૂન વહે છે તેઓ કોઈ પણ પ્રકારે સહાય તથા મદદ કરવાનો વાયદો કરત નહીં.

## ★ રિયાઝમાં તબ્લીગી જમાઅતનું મંડળ ★

નજદી ગિરોહની સાથે તબ્લીગી જમાઅતની વિચારસરણી તથા એઅ્તેકાદી મેળ અને પરસ્પરના વિ□ાસ સંબંધી એક તાજી સાબિતી જુઓ. મૌલાના ઈલ્યાસના સમયની હકીકત સાંભળી ચૂક્યા હવે એમના પુત્ર મુહમ્મદ યૂસુફ સાહબના ખિલાફતના જમાનાની હકીકત સાંભળો :

મૌલાના અબુલહસન અલી નદવીની આગેવાની હેઠળ દિલ્હીથી નજદ જનાર એક તબ્લીગી મંડળના પુરજોશ પ્રયત્નોની હાલતનું વર્ણન કરતાં



મૌલવી મુહમ્મદ યૂસુફની જીવનકથાના લેખક પોતાના પુસ્તકમાં લખે છે.

રિયાઝમાં હુકૂમતે સઊદીયાના મદદગારો સાથે મઝકૂર મંડળના ગાઢ સંબંધોની હાલત વાંચો :–

**શૈખ ઉમર બિન અલહસન આલે શૈખ જો મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજ્દી કી ઔલાદમેં હૈ. નીઝ કાઝીયુલ કુઝ્ઝાત ઔર શૈખુલ ઈસ્લામ મમલેકતે સઊદીયા શૈખ અબ્દુલ્લાહ ઈબ્ને અલ્હસન (જિન કે સાથ મૌલાના ઈલ્યાસકા મુઆહેદા હુઆ થા) કે ભાઈ ભી હૈં ઔર રિયાઝ કે મુહકમએ અમ્ર બિલ મઅરૂફ વ નહી અનિલ મુન્કર કે રઈસ હૈં જિનકે તઆલ્લુકાત વલી અહદે મમલેકત અમીર સઊદસે બહોત કરીબી થે ઔર ઉનકે મોઅતમદે ખાસ થે ઉનસે અચ્છે તઅલ્લુક કાયમ હો ગએ. જો લોગ તબ્લીગી જમાઅત કે મુતઅલ્લિક શુકૂક પેદા કરતે થે ઈનકે તઆર્રુફ વ એઅતેમાદ કી વજેહ સે શુકૂક કરનેવાલોં કો કામયાબી ન હો સકી.** *(સવાનેહ મૌલાના મહમ્મદ યૂસુફ, પેજ–૪૧૪)*

**સાર** : શૈખ ઉમર બિન હસન જેઓ શૈખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ (નજદી)ના વંશમાંથી છે. પોતે સઊદી સલ્તનતના વડા કાઝી અને શૈખુલ ઈસ્લામ શૈખ અબ્દુલ્લાહ બિન હસન (જેમની સાથે મૌલાના ઈલ્યાસને કોલ કરાર થયા હતા)ના ભાઈ થાય છે. તેઓ રિયાઝની હુકૂમતમાં સારાં કામો માટેના હુકમ આપનાર તથા બુરાં કામોથી રોકનાર ખાતાના અમલદાર છે જેમને રાજ્યના ગાદીનશીન અમીર સઊદ સાથે નજીકના સંબંધો છે અને તેમના વિ□ાસુ માણસ છે તેમની સાથે સારા સંબંધો થઈ ગયા. પરિણામે જે લોકો તબ્લીગી જમાઅત પ્રત્યે શંકાઓ પેદા કરતા હતા તેમાં એમની ઓળખાણ તેમજ વિ□ાસને કારણે શંકાઓ ઊભી કરવાવાળાઓને સફળતા મળી નહીં.

એના પછી એઅ્તેકાદી સરખાપણાની સ્પષ્ટ હકીકત જુઓ, લખે છે કે :–

**શૈખ ઉમર બિન અલ્ હસન કે બિરાદરે અકબર શૈખ**

**અબ્દુલ્લાહ ઈબ્ને અલ્ હસન સે ભી કઈ બાર મિલના હુઆ. (જિનકે સાથ મૌલાના ઈલ્યાસકા મુઆહેદ હુઆ થા.) ઔર વો બળી શફ્કત સે પેશ આએ. કુછ લોગ તબ્લીગી જમાઅત કે મુતઅલ્લિક યે તાષ્રુર પેદા કરતે થે કે યે જમાઅત "ફાસિદુલ અકીદા" હૈ, ઔર યે શિકવા ઉલમા તક લે જાતે, ઉલમાસે તઆલ્લુક ઔર એહલે રૂસુક સે મુલાકાત ને શિકાયત પોંહચાનેવાલે કે અસર કો ખતમ કિયા.** –(પેજ–૪૧૪)

શેખ ઉમર બિન અલ્ હસનના મોટા ભાઈ શેખ અબ્દુલ્લાહ ઈબ્ને અલહસનથી ઘણી વાર મળવાનું થયું (જેમની સાથે મૌલાના ઈલ્યાસને કોલ–કરાર થયા હતા) તેઓ મિત્ર ભાવે મળતા રહ્યા. કેટલાક લોકો તબ્લીગી જમાઅત સંબંધી એવો પ્રચાર કરતા હતા કે જમાઅતના અકીદાઓ ફાસિદ છે અને આવી ફરિયાદ ઉલમા સુધી લઈ જતા હતા. ઉલ્મા સાથેના સંબંધો અને વિ□ાસપાત્ર વ્યકિતઓ સાથેની મુલાકાતે એવા પ્રચારને નાબૂદ કરી દીધો.

નજદના કાઝીઓ, નજદી ઉલ્મા તથા હાકિમો સમક્ષ પોતાના બદ્અકીદા હોવાના આક્ષેપોની સફાઈ હઝરતોએ કેવી રીતે રજૂ કરી હશે એ બતાવવાની જરૂર નથી કારણ કે ધાર્મિક સ્વભાવની પેદાઈશ એ છે કે, એક બદ્અકીદા આદમી પણ બીજાને ત્યાં સુધી ખુશ અકીદાવાળો નથી સમજતો જ્યાં સુધી કે એના પોતાના ખયાલમાં તે આદમી પોતાના જેવો અકીદાવાળો સાબિત ન થઈ જાય.

આ બયાનમાં એ વાત ખૂબ ચોક્કસ પણે જાણી શકાય છે કે નજદી કૌમના મદદકર્તાઓ જાણે એમને પહેલેથી જ ઓળખતા હતા કે એ હઝરાતો ખરાબ અકીવાદાળા નથી બલકે હમ અકીદા (પોતાના જેવા અકીદવાળા) લોકો છે તેથી જ તો ખોટા અકીદાઓની શિકાયત પહોંચાડવાની અસરો નાબૂદ થઈ ગઈ.

### ★ ચોખ્ખો ફૈંસલો ★

આ પ્રકરણની સમાપ્તિ વેળા આપને ફક્ત એટલું જ કહેવા ઈચ્છું



છું, કે બે રસ્તાઓ પર ઊભા રહેવાનો સમય ફક્ત થોડીક જ ઘડીઓનો હોય છે. વહેમ તથા શકની હાલતમાં જિંદગીનો વધુ પડતો ભાગ પસાર કરી શકાતો નથી. જ્યાં સુધી તબ્લીગી જમાઅતની મઝહબી બર્બાદીઓનો પ્રશ્ન છે ત્યાં સુધી એનો એક એક ખૂણો આપણી સમક્ષ આવી ગયો છે. નજદી કૌમ સાથે એમના તે કરારો પણ આપે વાંચી લીધા જે એકે એક જઝબએ અકીદતના ખૂનથી ભરપૂર છે. નજદના જાલિમ જાનવરોના હાથો વડે હિજાઝ શરીફની સરઝમીન પર ઈશ્ક તથા ઈમાનના ખજાનાની ભયંકર તબાહીઓના જે ધ્રુજાવી નાંખે તેવા બનાવો બન્યા હતા. તેના ઉપર આ હઝરાતોના તરફથી મુબારકબાદીના તોહફા રજૂ કરાયા તે પણ આપની સમક્ષ આવી ગયા છે.

એટલા માટે હવે સત્ય ધર્મ (સાચા મઝહબ) ના વિરોધમાં તબ્લીગી જમાઅતની ખરાબ કાર્યવાહીઓને જાણવા માટે કોઈ ઝીણવટની જરૂર રહેતી નથી. આટલી વાત તો તમો પણ જાણો છો કે કોઈ પણ જમાઅત અથવા કોઈ પણ આલિમની સાથે અમારી અકીદત તથા મહોબ્બતનો સંબંધ રસૂલે પાકના સંબંધથી જ છે. જ્યારે તબ્લીગી જમાઅતે "હુર્મતે રસૂલના કાતિલો" ની હિમાયત કરીને ત્યાંથી પોતાનો સંબંધ તોડી નાખ્યો. તો હવે એમની સાથે આપણે કોઈ પણ પ્રકારના સંબંધનો સવાલ જ કયાં પેદા થાય છે ?

આ હકીકત અહીં પર પૂરી થતી નથી પરંતુ તબ્લીગી જમાઅતના મુખ્ય રેહબરોએ પોતાના સંબંધી "વહાબી" હોવાનો સ્પષ્ટ સ્વીકાર કરીને જાહેર કરી આપ્યું કે તેઓની પાસે એઅ્તેકાદ તથા અમલની જે પુંજી છે, તે મદીનાની નથી પણ નજદની છે. અને સ્પષ્ટ જાહેર છે કે ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીનો મઝહબ જ્યારે એમને પોતાને પસંદ છે તો એ બતાવવાની જરૂર રહેતી નથી કે જે તબ્લીગી કાફલાની તેઓ રેહનુમાઈ કરી રહ્યા છે તેને કઈ તરફ લઈ જવા ઈચ્છે છે ?

એટલા માટે આ હાલતમાં એક સીધા સાદા મુસલમાને ચોખ્ખો ઈન્સાફ (ફૈંસલો) કરવાનો છે કે તે તબ્લીગી જમાઅતને સહકાર આપી પોતાના રસૂલની વફાદારીનો હક્ક કયાં સુધી અદા કરી શકે છે ? કેમ કે

હવે આ સવાલ કલમા અને નમાઝની તબ્લીગનો નથી. હવે તો મુખ્ય સવાલ એ આવી પડયો છે કે ''રસૂલની ઈજ્જત'' ના કાતિલો સાથે મૈત્રીનો વાયદો કરી એક મુસલમાન સાચા અર્થમાં મુસલમાન રહી શકે છે કે નહીં ? થોડાક સિજદાઓની લાલચમાં પડી ઈમાનથી હાથ ધોઈ નાખવા એ યકીન ન કોઈ મઝહબી ફાયદો પહોંચાડનારી વસ્તુ નહીં થાય.

આટલી વિસ્તારપૂર્વકની હકીકત જાણ્યા પછીથી પણ જો તબ્લીગી જમાઅતની નુકસાનકારક પ્રવૃત્તિઓનો અનુભવ મેળવવા હજુ દિમાગનો કોઈ ખૂણો અંધારામાં રહી જતો હોય તો આગળના પાનાં ઉલટાવી ચોથા વિભાગને ધ્યાનથી વાંચો.


**★ આ કિતાબ જરૂરથી વાંચો અને વંચાવો ★**

**કિતાબ** : **ઈસ્લામ અને વિ□શાંતિ** *(પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી)*

**લેખક** : હઝરત મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી **હદિયો : રૂા. ૫૦/-**

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

બેશક ! યકીનન ! **''ઈસ્લામ વિ□ શાંતિનો જામિન''** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ.




[પ્રકરણ : ૪]

# ઈસ્લામના દુશ્મનોની કાર્યવાહીનો ઈતિહાસ

ઈસ્લામ વિરૂધ્ધ ઈસ્લામના દુશ્મનોની ગંદી કાર્યવાહીનો ઊંડો અભ્યાસ કરવામાં આવે તો એવી ઘણી જમાઅતો જાણવામાં આવી જશે કે જેમનો સંબંધ કોઈ ચાલબાઝ દુશ્મનના ફસાદી ભેજા સાથે ભળી ગયેલો હશે.

દા.ત. હિંદુસ્તાનમાં કાદિયાની જમાઅતને જુઓ એક સર્વમાન્ય હકીકત છે કે અંગ્રેજી સામ્રાજ્યના એહસાનના પ્રતાપે એમનું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે જેમ કે કાદિયાની જમાઅતના સ્થાપક મિરઝા ગુલામ અહમદ કાદિયાનીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે. તેઓ પોતે જણાવે છે કે :–

**મૈં અપના કામ ન મક્કામેં અચ્છી તરહ ચલા સકતા હૂં, ન મદીનેમેં, ન રોમમેં, ન શામમેં, ન ઈરાનમેં, ન કાબૂલમેં. મગર ઈસ ગવર્નમેન્ટ મેં જિસકે ઈકબાલ કે લીએ દુઆ કરતા હૂં.** *(તબ્લીગે રિસાલત, જિ.૬, પેજ–૬૯૮)*

**સારાંશ** :– મિર્ઝા કાદિયાની કહે છે કે, હું મારું કામ ન તો મદીનામાં, રોમમાં, શામમાં, ઈરાનમાં કે કાબુલમાં આ સર્વ સ્થળોમાંથી કોઈપણ સ્થળે સારી રીતે કરી શકું એમ નથી પણ આ સરકારના અમલમાં સારી રીતે કરી શકું એમ છું (અને તેથી) હું સરકારની બોલબોલા માટેની દુઆઓ કરી રહ્યો છું.

બીજી જગ્યાએ કાદિયાની સાહેબ જણાવે છે કે :–

**બે ઈખ્તિયાર દિલમેં ખયાલ ગુઝરતા હૈ કે જિસ ગવર્નમેન્ટકી ઈતાઅત ઔર ખિદમત ગુઝારીકી નિય્યતસે હમને કિતાબેં મુખાલેફતે જિહાદ ઔર ગવર્નમેન્ટકી ઈતાઅતમેં લિખ કર દુનિયામેં શાએઅ કીં ઔર કાફિર વગૈરહ અપને નામ રખવાએ, ઉસી ગવર્નમેન્ટકો અબ તક યે માલૂમ નહીં કે હમ રાત દિન ક્યા ખિદમત કર રહે હૈં. મૈં યકીન રખતા હૂં કે એક દિન યે ગવર્નમેન્ટે આલિયા ઝરૂર મેરી ખિદમાત કી કદર કરેગી.** *(તબ્લીગે રિસાલત, જિ.૧૦, પેજ–૨૮)*

**ભાવાર્થ :** એકાએક વિચારો પેદા થાય છે કે જે સરકારની તાબેદારી અને ખિદમત ગુજારીની નિય્યતથી જેહાદનો વિરોધ કરતી તથા સરકારની તાબેદારી કરવા અંગેની કેટલીએ કિતાબો અમે લખીને દુનિયામાં પ્રગટ કરી. એટલું જ નહીં પણ અમે ''કાફિર'' તરીકેના નામો પણ સ્વીકારી લીધાં પણ એ સરકારને હજુ સુધી એ ખબર નથી કે અમે રાતદિવસ એમની શું સેવા બજાવી રહ્યા છીએ. છતાં મને વિ□ાસ છે કે એક એવો દિવસ પણ આવશે કે જ્યારે આ સરકાર (નામદાર) અમે બજાવેલી સેવાની કદર કર્યા વિના નહીં રહે.

આ કબૂલાતના પ્રકાશમાં હવે કાદિયાની જમાઅત અંગે કોઈ શંકા વહેમ રહેતો નથી, કે તે બ્રિટિશ હકૂમતની છત્ર છાયા નીચે ફળી ફુલી છે. પણ અહીં દુશ્મનની ચાલબાજી પણ જોવા જેવી છે કે પોતે પાયો નાખીને વચમાંથી કેવો હઠી ગયો. અને આ જમાઅત ઈસ્લામનો ઝભ્ભો ઓઢીને એક નવા ફિર્કાની હેસિયતથી મઝહબી સપાટી પર એકાએક ઉપસ્થિત થઈ. અને પ્રગતિ કરતી દુનિયાની સૌથી મોટી ''તબ્લીગી જમાઅત'' બની ગઈ જેમ કે, અલીગઢથી પ્રગટ થતું સાપ્તાહિક ''હમારી ઝબાન'' લખે છે કે :–

**મૌજૂદા ઝમાનેમેં અહમદી જમાઅત (કાદિયાની જમાઅત)ને મુનઝ્ઝમ તબ્લીગકી જો મિસાલ કાયમ કી હૈ, વો હેરતઅંગેઝ હૈ. લિટરેચર, મસાજિદ ઔર મદારિસ કે ઝરિયા યે લોગ એશિયા, યૂરોપ, આફ્રિકા ઔર અમેરિકા કે દૂરદરાઝ ગોશોં તક**



**અપની કોશિશોંકા સિલસિલા કાયમ કર ચૂકે હૈં જિસકી વજહસે ગૈરમુસ્લિમ જમાઅતોંમેં યકગુના ઈઝતેરાબ પાયા જાતા હૈ. કાશ! દૂસરે લોગ ભી ઈનકી મિષાલસે સબક લેતે.** *(''હમારી જમાઅત'', ૨૪ ડિસેમ્બર, ૧૯૫૮)*

**સારાંશ :** ચાલુ જમાનામાં કાદિયાની જમાઅતે પધ્ધતિસરની તબ્લીગનું જે ઉદાહરણ કાયમ કર્યું છે એ જોતાં ખૂબ આશ્ચર્ય થાય છે. એણે સાહિત્ય દ્વારા મસ્જિદો અને મદ્રસાઓ દ્વારા એશિયા, યૂરોપ, અમેરિકા અને આફ્રિકાના દૂર દૂરના વિભાગોમાં પોતાની કોશિશો (પ્રવૃત્તિઓ)નાં ચક્રો ગતિમય રાખ્યાં છે. એના કારણે ગૈરમુસ્લિમ લોકોમાં ઘણી બેચેની પ્રસરેલી જણાય છે. કાશ ! કે બીજા લોકો પણ આ જમાઅતને જોઈને એની પાસેથી કંઈક સબક મેળવી લેતા.

## ★ એક સવાલનો જવાબ ★

આટલું વાંચ્યા બાદ તમો જરૂર પ્રશ્ન કરશો કે ''તબ્લીગે ઈસ્લામ'' નામની એક મઝહબી જમાઅત પેદા કરવામાં આખરે અંગ્રેજોને શો લાભ ? પણ હું આપને જણાવું કે ઈસ્લામના દુશ્મનને આ શું ઓછો ફાયદો છે કે મુસલમાનોમાં ધાર્મિક ફિર્કાબંધી જન્માવીને કૌમની તમામ સામાજિક સંગઠિત તાકાતને એક નવા ફિત્નામાં લપેટી દઈ છીનભિન્ન કરી દેવામાં આવે ? કારણ કે એ સ્પષ્ટ છે કે કોઈ પણ કૌમના પરસ્પરના ઝઘડા અને પરેશાનીનો સૌથી વિશેષ લાભ હમેશાં દુશ્મન પક્ષને જ મળે છે.

## ★ મૌલાના ઈલ્યાસની તબ્લીગી ચળવળને બ્રિટિશ સામ્રાજ્ય તરફથી મળતી આર્થિક મદદ ★

ભારતમાં મુસલમાનોની ધાર્મિક એકતાને તોડવા માટે અંગ્રેજોનો આ પહેલો મોરચો હતો જેમાં એ લોકો તદ્દન સફળ થયા. અલબત્ત કાદિયાની જમાઅત પોતાના ખુલ્લા તથા આશ્ચર્યજનક નામ નિશાનને લીધે મુસલમાનોમાં જોઈએ તે રીતે વજન મેળવી શકી નહીં. પરિણામે અંગ્રેજોને એક એવી ચળવળની જરૂરત જણાઈ કે જેના ચલાવનારાઓ

મુસલમાનોમાંથી જ હોય તેમ તેઓ તમામ મુસ્લિમ સમાજમાં વિ□ાસપાત્ર તથા પ્રભાવશાળી વ્યક્તિઓ હોય. તદ્ઉપરાંત કંઈક અંશે ફસાદી દિમાગની હોશિયારી ધરાવતા હોય જેથી એવાઓના મારફત મુસ્લિમ સમાજને મઝહબી પરેશાનીઓમાં ગરકાવ કરી શકાય.

અંતે આ મહાન ધ્યેયને સિદ્ધ કરવા અંગ્રેજોએ આર્થિકતાનો આશરો લઈ મૌલાના ઈલ્યાસને ઊભા કર્યા.

જેમ કે, દેવબંદી જમીઅતુલ ઉલમાના નાઝિમે આ'લા વડા મૌલાના હિફઝુર્રહ્‌માને આ વાતનો સ્વીકાર કર્યો છે જેને ''મુકાલેમતુસ્સદરૈન'' નામી કિતાબમાં ''મૌલાના હિફઝુર્રહમાનની વાતચીત''ની નોંધ કરતાં લખે છે કે :–

**ઈસી ઝમાનેમેં મૌલાના હિફઝુર્રહમાન સાહબને કહા કે, મૌલાના ઈલ્યાસ રહમતુલ્લાહ અલૈહકી તબ્લીગી તહરીક કો ઈબ્તેદાઅન હુકૂમતકી જાનિબસે બ ઝરીયએ હાજી રશીદ અહમદ કુછ રૂપિયા મિલતા થા, ફિર બંદ હો ગયા.** *(મકાલિમતુસ્સદરૈન, પેજ–૮, પ્રગટકર્તા દેવબંદ)*

**ભાવાર્થ** : આ સંબંધમાં (તબ્લીગ વિશે) મૌલાના હિફઝુર્રહમાને કહ્યું કે, મૌલાના ઈલ્યાસની પ્રવૃત્તિ ચલાવવા માટે શરૂ શરૂમાં તો સરકાર તરફથી હાજી રશીદ અહમદ મારફત કંઈક આર્થિક સહાય મળતી હતી પણ પછીથી બંધ કરી દેવામાં આવી.

વાંચક બંધુઓ વિચાર કરો ! કે ધર્મના નામ પર કોઈ ચળવળને ચલાવવા માટે ઈસ્લામના દુશ્મનો (અંગ્રેજો) આર્થિક સહાય કરે, ત્યારે એ સહાય કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ વિનો બીજો કયો હોઈ શકે છે કે, એક મઝહબને બીજા મઝહબ સાથે લડાવી તમામ મઝહબવાળાઓની રૂહાની, અખ્લાકી અને સામાજિક સર્વ તાકતોને તોડી નાખવામાં આવે.

## ★ સાહિત્યની તૈયારી માટે કલમનો સોદો ★

ઈસ્લામના નામ પર તબ્લીગી જમાઅતનો પાયો નાખ્યા પછીથી નક્કી કરેલા મકસદોની દિશામાં કાર્યશીલ થવા હવે એવી ચીજોની જરૂરત



જણાવા લાગી કે જે દિમાગોમાં ઘુસી જઈ ઈમાની તાકાતને નાબૂદ કરી શકે અને મુસલમાનોમાં મઝહબી ઝઘડાઓનો એક એવો સિલસિલો શરૂ કરી દેવામાં આવે કે જે કદી પણ ખતમ ન થઈ શકે. આ મહત્વના કાર્યને પરિપૂર્ણ કરવા માટે મૌલાના અશરફઅલી થાનવીની કલમી સેવા મેળવવામાં આવી જેમ કે એજ ''મકાલેમતુસ્સદરૈન'' માં મૌલાના શબ્બીર એ. ઉષ્માનીનું બયાન નોંધવામાં આવ્યું છે જે મૌલાના હિફઝુર્રહમાનની રૂબરૂમાં બોલાયેલું બયાન છે :–

**દેખીયે ! હઝરત મૌલાના અશરફઅલી થાનવી રહમતુલ્લાહિ અલૈહ હમારે આપકે મુસલ્લમ બુઝુર્ગ પેશવા થે. ઉનકે મુતઅલ્લિક બાઅઝ લોગોંકો યે કેહતે હુએ સુના ગયા હૈ કે ઉનકો છેસો રૂપિયે માહવાર હુકૂમત કી જાનિબસે દિએ જાતે થે.** *(મકાલેમતુસ્સદરૈન , પેજ–૧૧, દેવબંદ)*

**સાર** : હઝરત મૌલાના અશરફઅલી થાનવી સાહબ આપણા કામિલ બુઝુર્ગ પેશવા હતા. તેમના વિશે કેટલાક લોકોને એવું કહેતાં સાંભળ્યાં છે કે તેમને દર મહિને ૬૦૦/– છસો રૂપિયા સરકાર તરફથી મળતા હતા.

હવે આ તો દેખીતી વાત છે કે બ્રિટિશ સરકાર થાનવી સાહબની કંઈ મુરીદ ન હતી ! કે આ રકમ ''પીરે મુંગા'' ને નજરાણામાં આપતી હોય એવું સમજી લેવામાં આવે. તેમ બીજી વાત એ કે નઝરાણાની રકમ પણ એકાદ વાર હોય છે, કંઈ વારંવાર અને નિયમિત રીતે નથી અપાતી. જ્યારે અહીં તો મહિને ૬૦૦/– રૂા. મળતા હતા તો એ રકમ આપવાનો આશય એક ધારેલા ધ્યેય પર પહોંચવા સિવાય બીજો શો હોઈ શકે !

આ સાથે એ વાત પણ ખયાલમાં રાખીશું તો આ બધા છુપા ભેદોની ગાંઠ પણ ખુલી જતાં વાર નહીં લાગે. કહે છે કે મૌલાના થાનવી સાહબના એક ભાઈ હતા તેમનું નામ મઝહરઅલી હતું અને તેઓ મુદ્દત સુધી બ્રિટિશ સરકારના સી.આઈ. ડી. ખાતામાં હોદ્દો ધરાવતા હતા. લોકોનું કહેવું છે, ''આ વિષયમાં'' તેઓ થાનવી સાહેબ અને સરકાર વચ્ચે એક મહત્વની કડી સમાન હતા.

મૌલાના હુસૈન અહમદ સાહબ એ પોતાની કિતાબમાં લખ્યું છે કે :–

**મૌલાના મર્હૂમ (થાનવી) કે ભાઈ મોહકમએ સી.આઈ.ડી. મેં બળે ઓહદેદાર અખીર તક રહે. ઉનકા નામ મઝહરઅલી હૈ. ઉન્હોંને જો કુછ કિયા વો મુસ્તબઈદ નહીં.** *(મક્તૂબાતે શૈખુલ ઈસ્લામ, જિ. ૨, પેજ–૨૯૯)*

મૌલાના થાનવી સાહબના ભાઈ મઝહરઅલી સી.આઈ.ડી ખાતામાં મોટો હોદ્દો ધરાવતા હતા તથા તેઓ બે વચ્ચેની કડી સમાન હતા એમ લોકોના કહેવા સાથે મૌલાના હુસૈન અહમદ સાહબનું સ્વીકૃત વર્ણન જોઈ લીધું. હવે આપણે એક જરૂરી નોંધ તરફ દ્રષ્ટિ ફેરવીએ.

## ★ એક જરૂરી નોંધ ★

એમની જમાઅતમાં થાનવી સાહબની પવિત્રતાની ખૂબ ખ્યાતિ છે. બની શકે છે કે એ જૂટ્ઠી ખ્યાતિને કારણે (લાગણીવશ થઈને) કોઈ માણસ મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની તથા મૌલાના હુસૈન અહમદ સાહબને જૂઠાડવાના પ્રયત્ન પણ કરી બેસે તેમ થાય તે પહેલાં હું આર્થિક સહાયના વિષયમાં તેઓના દિમાગને થાનવી સાહબની કલમ વડે જ બેપર્દા (ખુલ્લાં) કરી દેવા માગું છું કે જેથી સાચા રૂપમાં હકીકતને સમજવા વચમાં કશી આડ બાકી ન રહે.

અગાઉનાં પૃષ્ઠોમાં હું ઈશારો કરી ચૂકયો છું કે, થાનવી સાહબ એક સમયમાં કાનપુરના મદ્રસએ જામેઉલ ઉલૂમમાં મુદર્રિસ તરીકે હતા. એ સમયમાં ત્યાંનુ મુસ્લિમ સમાજનું વાતાવરણ ઈશ્કે રસૂલની પાકીઝગીમાં સરાસર ડૂબેલું હતું. એટલા માટે ત્યાં ઝિક્રે રસૂલ અને મીલાદ શરીફની નૂરાની મજલિસો ઘરે ઘેર યોજાતી હતી. માહોલ અને વાતાવરણને અનુરૂપ થઈ લાંબી મુદત સુધી લેખક પોતે પોતાના અકાઈદની વિરૂધ્ધ જઈ મીલાદ તથા કયામની રસમોને અદા કરતા રહ્યા. આ બાબત અંગે દેવબંદી જમાઅતના કેટલાક મોટા આલિમોએ એમને પૂછપરછ કરી તો પ્રત્યુત્તરમાં લેખક કહે છે કે :–



**વહાં મૈંને બદુન શિર્કતે મીલાદ, કયામ કરના કરીબ બ મહાલ દેખા ઔર મન્ઝૂર થા વહાં રહના ક્યું કે મુન્ફઅત ભી હૈ મદ્રસે સે તનખ્વાહ મિલતી હૈ.** *(સૈફે યમાની મર્તબા, મૌલવી મન્ઝૂર નોઅમાની, પેજ– ૨૪)*

**ભાવાર્થ** : મીલાદ અને કયામ કરવામાં ભાગ ન લેવો એ મારે માટે ત્યાં મુશ્કેલ જણાયું પરંતુ મદ્રસામાંથી પગાર મળે છે એ ફાયદાના લીધે મારે ત્યાં રહેવાનું હતું.

આ સ્થળે હું દરેક દીનદાર મુસલમાનને વિનંતિ કરું છું કે તેઓ નિષ્પક્ષ રીતે વિચાર કરી પોતાનો ફેંસલો જાહેર કરે કે શું આ એક ''મહાન રહનુમા'' નું કાર્ય છે ? કે તે ફક્ત થોડાક પૈસા ખાતર પોતાના મઝહબ, દિલ અને ઈમાન અકાઈદનું આ રીતે ખૂન કરે ? થાનવી સાહેબને જો પોતાનો ધર્મ વહાલો હોત તો ખુદાની જમીન ખૂબ વિશાળ હતી, કોઈ પણ જગ્યાએ તે પોતાના મઝહબી અકાઈદ તથા વિચારોને પાયમાલ કર્યા સિવાય પણ રોજી મેળવી શકતા હતા. પરંતુ જેની નજરમાં ચલણી સિક્કાઓ જ સવર્સ્વ છે તેને માટે અકીદાઓ તો શું, તે પોતાની જાતને પણ વેચી શકે છે ! જેમ કે મૌલાના શબ્બીર અહમદ ઉષ્માનીની રિવાયતથી એ ભેદ પણ ખુલ્લો થઈ ગયો.

થાનવી સાહબના દિમાગની બીજી બાજુ પણ જોઈ લો. ખરીદ વેચાણની ટેવથી એમનું દિલ એટલું બધું નીડર અને લાલચુ બની ગયું હતું કે, છેવટે તેઓ બીજાઓનાં દીન ઈમાનને ખરીદવાની વાતો કરવા માંડયા હતા. લખવામાં આવ્યું છે કે તેઓ ખૂબ જ ચિંતામગ્ન થઈને પોતાના અમુક માણસો માટે પોતાની એવી ઈચ્છા જાહેર કર્યા કરતા હતા કે :–

**અગર મેરે પાસ દસ હજાર રૂપીઆ હો, સબકી તનખ્વાહ કર દૂં ફિર ખૂદ હી સબ વહાબી બન જાએં.** *(અલ્ઈફાઝતુલ યૌમિયહ, જિ.૩, પેજ–૬૭)*

**ભાવાર્થ** : જો મારી પાસે દસ હજાર રૂપિયા હોત તો હું બધાંને પગાર ચૂકવી આપત પછી તેઓ બધા જ પોતાની જાતે વહાબી બની જાત !

મઆઝલ્લાહ ! વહાબિયત સાથેનો પ્રેમ તો જુઓ ! પગાર આપીને કોઈને મુસલમાન બનાવવાની તો ઈચ્છા થઈ નહીં પણ મુસલમાનને વહાબી બનાવવાની તાલાવેલીમાં એમના જિગરનું ખૂન સુકાતું જતું હતું ! આટલા બધા પછીથી પણ તબ્લીગી જમાઅતની ચાલનો મતલબ કોઈ ન સમજે તો એવાઓ માટે બીજું શું કહી શકાય ? એમનો ખુદા બેલી !

## ★ બંને એજન્ટોનો પરસ્પરનો સંબંધ ★

આપણે આગળ જાણી ચૂક્યા છીએ કે અંગ્રેજોએ તબ્લીગી ચળવળ મારફત મુસલમાનોની ધાર્મિક સુખ શાંતિના ચમનમાં આગ લગાડવા માટે મૌલાના ઈલ્યાસ અને મૌલાના થાનવીની સેવા હાંસલ કરી. અંગ્રેજોના એ બંને એજન્ટોની પરસ્પરની મિત્ર ભાવના પણ જોઈ લો. એનાથી એમનાં કામોનો પ્રકાર તેમજ એમની નુકસાનકારક પ્રવૃત્તિઓના અમુક ભાગોને સમજવામાં સુગમતા પડશે. પહેલાં થાનવી સાહબના વખાણ કરતો મૌલાના ઈલ્યાસનો કસીદો વાંચો. તેઓ લખે છે કે :–

**હઝરત મૌલાના થાનવી (રહ.) ને બહોત બળા કામ કિયા હૈ, બસ ! મેરા દિલ તો ચાહતા હૈ કે તા'લીમ તો ઉનકી હો ઔર તરીકએ તબ્લીગ મેરા હો, ઈસ તરહ ઉનકી તા'લીમ આમ હો જાએગી.** *(મલફૂઝાતે ઈલ્યાસ, પેજ–૫૭)*

**નોંધ :–** સારાંશ માટે જુઓ પાન નં. ૫૪

"મન તૂરા હાજી બ ગોયમ તૂ મરા હાજી બ ગો." (**અર્થાત** : હું તમને હાજી કહું છું તમે પણ મને હાજી કહો !)ની સાચી તસ્વીર જોવા માગતા હોઉ તો મૌલાના ઈલ્યાસની શાનમાં થાનવી સહેબનો જવાબ "આં ગઝલ" જુઓ, મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહેબ પોતાના એક પત્રમાં લખે છે કે :–

**હઝરતે અકદસ થાનવી સાહબ કુદ્દેસસિર્રહુલ અઝીઝ કી આદતે મુબારકા (તબ્લીગી) જમાઅતોંકે પહોંચને કે વક્ત યે સુની ગઈ કે ઉનકી દા'વત ફર્માતે, બાઅ્ઝ દફઅ ઉસૂલસે મુસ્તશ્ના ફર્માતે થે યે ભી સુના ગયા કે ફર્માયા, "ઈલ્યાસને**



**યાસ કો આસ સે બદલ દિયા."** *(ચશ્મએ આફતાબ, પેજ–૧૪)*

**ભાવાર્થ** : એમ સાંભળ્યું છે કે હઝરત અકદસ થાનવી સાહેબની પવિત્ર આદત હતી કે, જ્યારે તબ્લીગી જમાઅત આવતી ત્યારે તેઓ તેમની દા'વત કરતા અને દુઆઓ પણ કરતા હતા. અને કેટલીક વખત તો પોતાના ઉસૂલો વિરૂદ્ધ પણ કાર્ય કરતા હતા. સાથે સાથે એવું પણ સાંભળવા મળ્યું છે કે તેઓ કહેતા હતા કે, ઈલ્યાસે નિરાશાવાદીને આશાવાદી બનાવી દીધો.

અંગ્રેજોનો મૂળ આશય એ હતો કે થાનવી સાહબની તાલીમ અને કિતાબો મારફત મુસલમાનોમાં ધાર્મિક ઝઘડાઓ પેદા કરવા તેમજ ફિર્કાબંદીની પરેશાનીઓની ઝડી વરસાવવી. પછીથી તમે પોતે જ સમજી શકશો કે માસિક ૬૦૦ (છસો) રૂપિયાનું ઋણ અદા કરવામાં આવ્યું છે. એ કે ફિત્નાઓ જગાડનાર સાહિત્ય લખીને અને બીજાએ તબ્લીગ રૂપી ધોકાબાજીનો તરીકો ઊભો કરી પોત પોતાની રીતે ફરજ અદા કરી છે. આમ અંગ્રેજોના બંને એજન્ટોએ મૂળ આશયને પાર પાડવા માટે પોત પોતાની રીતે ફરજ અદા કરી છે.

આ સમગ્ર ચર્ચાને અંતે એક તદ્દન ચોખ્ખી વાત કહેવા ઈચ્છું છું કે, મૌલાના ઈલ્યાસ અને મૌલાના થાનવીના બારામાં મેં જે કંઈ લખ્યું છે તે તેમના પર આક્ષેપ નથી પરંતુ એક ઐતિહાસિક હકીકત છે. કોઈ દુશ્મને ઉપસ્થિત કરેલી (જૂઠી ખબર) વાત નથી પણ ખૂદ એમના જ વિ□ાસુ માણસોએ રિવાયત કરેલી વાતો છે.

જો ઘરનો ભેદ ઘરનો માણસોએ જ ખોલ્યો ન હોત તો એ બધા ભેદોની આપણને ક્યાં જાણ હતી ? બલ્કે આપણને તો એની હવા પણ લાગવા પામત નહીં ! પરિણામે એ હકીકતને સત્ય માનવામાં હવે કોઈ પણ પ્રકારનો શક બાકી રહેતો નથી કે તે સાહેબોની દાવત અને તબ્લીગી વાતો પાછળ ઈસ્લામની નિખાલસ લાગણીને બદલે ફિરંગી જાદૂગરો (અંગ્રેજો)ની નમકહલાલીનો પૂરપૂરો હક્ક અદા કરવામાં આવ્યો છે.

## ★ ભારતના કોમવાદી બળો સાથે તબ્લીગી જમાઅતનો સંબંધ ★

અહીં સુધી તો પરદેશી દુશ્મનો સાથે તબ્લીગી જમાઅતના સુમેળ અને સંબંધની વાતો હતી. પરંતુ હવે આપણા જ વતનના કોમવાદી બળો સાથે છુપા સંબંધો અંગેની હકીકત વાંચો.

બિહારમાં ''બિતયા'' નામે અક મશ્હૂર કસ્બો છે. ત્યાં સને ૧૯૬૮ માં તબ્લીગી જમાઅતની એક કોન્ફરન્સ ભરાઈ હતી. આ કોન્ફરન્સની હાલતનું વર્ણન કરતી એક સનસનાટી ભરેલી ખબર કાનપુરના એક દેવબંદી અખબારે પ્રગટ કરી હતી. મને વિ□ાસ છે કે, એ ખબર વાંચતા ભારત પાકિસ્તાનના વીસ કરોડ મુસલમાનોની હાલત પર બેહોશીનો આલમ છવાઈ જશે. પોતાના ઘરના એક બિન અનુભવી માણસે એ ભેદને જાહેર કરતાં લખ્યું છે કે, ''બિતીયા'' માં તબ્લીગી જમાઅતની જે કોન્ફરન્સ ભરાઈ હતી તેની સઘળી વ્યવસ્થા જનસંઘી અને મહાસભાવાદી હિંદુઓએ કરી હતી. એમણે પ્રગટ કરેલી ખબરની અસલ ઈબારત (લખાણ) આ પ્રમાણે છે :–

**મુન્તઝેમીન કૌન થે ? ગૈર મુસ્લિમ ! ઝેહનિયત જનસંઘી ઔર મહાસભાઈ ! ઔર જિનકે લિએ ઈન્તેઝામ કિયા જા રહા થા વો કૌન થે ? મુસલમાન !** *(પયામે મિલ્લત કાનપુર, ૧૫ ફરવરી, ૧૯૬૮, પેજ–૫)*

**સારાંશ :** વ્યવસ્થા કરનારાઓ જનસંઘીઓ અને હિંદુ મહાસભા વાદીઓ હતા અને જેમને માટે વ્યવસ્થા કરવામાં આવી હતી તેઓ મુસલમાનો હતા ! મતલબ કે મુસલમાનો માટે જનસંઘીઓ અને હિંદુ મહાસભાવાદીઓએ વ્યવસ્થા (બંદોબસ્ત) કરી હતી.

તબ્લીગી જમાઅત સાથે જનસંઘીઓના ગાઢ સંબંધો અને સુમેળ ની હકીકત બીજા ફકરામાં આ રીતે લખવામાં આવી છે કે :–

**કોઈ મોરછલ લે કર હવા કરને દોડતા હૈ ઔર કોઈ વુઝૂ



કે લિએ હૌઝકો તૈયાર કર રહા હૈ. રાશનકી દુકાનેં, શક્કરકી વાફર મિકદાર ઔર ખાનેકા આ'લા ઈન્તેઝામ કરનેમેં એક દૂસરે પર બાજી લિએ જા રહા હૈં. ઔર ઈસ કોશિશમેં હૈ કે ઈન ઋષિયોં, મુનિયોં કો જિન્હોંને ખુદા કે લિએ અપને ઘર છોળકર વિરાના કો આબાદ કિયા હૈ. દુન્યા કે બદલે આખિરત કી તૈયારી કે લિએ ફૌરન ખૂદ કો વક્ફ કર દિયા હૈ. કોઈ તકલીફ ન હો.** *(પયામે મિલ્લત, ૧૫ ફરવરી ૧૯૬૮, પેજ–૫)*

**સારાંશ :** કોઈ મોરપીંછનો પંખો લઈને હવા નાખવા દોડે છે તો કોઈ વુઝૂ કરવા માટેનો હૌજ તૈયાર કરી રહ્યો છે. અનાજની દુકાનો, ખાવા પીવા માટેનો બંદોબસ્ત તથા કરવામાં એકબીજાથી સરસાઈ મેળવી રહ્યા છે. અને એવી કોશિશો કરી રહ્યા છે કે આ ઋષિ–મુનિઓ કે જેમણે ખુદાને ખાતર પોતાના ઘરબાર છોડી જંગલમાં મંગલ બનાવ્યા છે. અને દુનિયા મેળવવાને બદલે આખેરતની તૈયારી માટે પોતાની જાતને વકફ કરી દીધી છે તેઓને કોઈ પણ તકલીફ ન પડે.

વાંચકો ! આ ખબરની સાથે સાથે બીજી એ દુઃખદાયક હકીકત પણ તમે જાણી લેશો તો તમારા દિમાગની પરેશાની ખૂબ જ વધી જશે કે ''બિતીયા'' માં જ્યારે આ કોન્ફરન્સ ભરાઈ હતી તે જ અરસામાં એટલે કે કોન્ફરન્સના દિવસો દરમ્યાન ''બિતીયા'' થી થોડે દૂર આવેલી ''સૂરસંડ'' ની મુસ્લિમ આબાદી કોમી તોફાનની આગમાં બળી રહી હતી અને ત્યાં જનસંઘી તેમજ મહાસભાવાદીઓના હાથે ગલીએ ગલીએ આગ અને ખૂનની ભયાનક હોળી ખેલાતી હતી.

**મુંઝવતો પ્રશ્ન ! :** નવાઈની વાત એ છે કે જે જનસંઘીઓ અને મહાસભા વાદીઓ મુસલમાનોને પોતાની જિંદગીથી મેહરૂમ કરી દેવાને પોતાનો ધર્મ સમજે છે તે જ જનસંઘી અને મહાસભાવાદીઓ બિતીયાની તબ્લીગી જમાઅત માટે ''જીવન જરૂરિયાતો'' મેળવી આપવામાં કેમ આટલા બધા રચ્યા પચ્યા રહે છે ? હજારો પ્રયત્નો કરવા છતાં પણ કુર્આન અને મસ્જિદ સાથે એહતેરામ જેને હમદર્દીનો સંબંધ હજુ સુધી કાયમ થઈ શક્યો નથી તે સંબંધ તબ્લીગી જમાઅતવાળાઓ સાથે કેમ

કરીને અસ્તિત્વમાં આવી શકયો ?

થોડાક સમયની મદદની જરૂર હોય તો તે મદદ ઈસ્લામના મહાનમાં મહાન શત્રુ પાસેથી કોઈ પણ જાતનો સંબંધ ન હોય તો પણ રસ્તે ચાલતાં મેળવી શકાય છે. પરંતુ કોઈ પણ પ્રકારના છુપા સંબંધો વગર બંને જમાઅતો વચ્ચે જવાબદારી અને સુમેળનો આટલો બધો ગાઢ સંબંધ બંધાય શકતો નથી. અમને બેહદ નવાઈ તો એ વાતની લાગે છે કે ઈસ્લામની સાથે તો એટલી બધી દુશ્મની રાખવામાં આવે છે કે તેનું નામ સાંભળવાનું સુદ્ધાં પસંદ નથી, જ્યારે એ જ ઈસ્લામના નામ પર ભેગા થનારાઓ માટે એટલો બધો પ્રેમ કે એમની પાછળ–પાછળ પંખો નાખવામાં આવે, વુઝૂ માટે હૌઝ તૈયાર કરવામાં આવે અને તેમના ખાવા પીવા માટે ઉત્તમોત્તમ વ્યવસ્થા કરવામાં એકબીજા સાથે સરસાઈ મેળવવામાં આવે !

**આખરે ! દુનિયામાં સર્વત્ર કાંઈ અક્કલના આંધળાઓ (નાદાન) વસતા નથી !** એક જ સ્થળે બે વિરોધાભાસી હકીકતોનો મેળાપ થવો એ કોઈ પણ પ્રકારની ખારિજ (બેઈમાન) હરકતો સિવાય શક્ય નથી. પરિણામે દુનિયા સમક્ષ હવે એ ભેદને ખુલ્લો કરવો જ પડશે કે તબ્લીગી જમાઅત સાથે જનસંઘીઓ અને મહાસભાવાદીઓને પર્દા પાછળ એવા કયા સંબંધો છે કે જેને કારણે તેઓ ઈસ્લામના દુશ્મનો હોવા છતાં પણ તબ્લીગી જમાઅતના હમદર્દો બની ગયા છે.

જે લોકો પાસે રાજકીય જ્ઞાન છે તેવા અક્કલમંદ માણસોનું કહેવું છે કે, કોમ્યૂનિઝમ (સામ્યવાદ) ને પરાજિત કરવા માટે ધર્મના નામે આ ત્રણે જમાઅતો અમેરિકાના ટૂકડા ખાનાર છે તે કારણે તબ્લીગી જમાઅત, જનસંઘ અને હિંદુ મહાસભા વચ્ચે જો કોઈ દરમિયાની (વચગાળાના) સંબંધો નીકળી આવે તો કોઈ નવાઈની વાત નહીં ગણાય !

જો કે એ ભેદને ખુલ્લો (જાહેર) કરવામાં ન આવે તો પણ ઈસ્લામના દુશ્મનોની સાથે કોઈ છુપી કાર્યવાહી કરવી એ વાતને સમજવા હવે અમને કોઈ બીજા નવા કુર્આનની જરૂર નથી કેમ કે તમારા મગજમાં જો ધાર્મિક સૂઝ હોય તો એટલે કે જો તમો ધાર્મિક જ્ઞાન ધરાવતા હોઉ તો



મદીનાના મુનાફિકોનાં કામો સમજવા માટે આટલી નિશાનીઓ બહુ થઈ પડશે.

## ★ એક સફેદ ધોકાબાજીનો ખુલાસો ★

દેવબંદી જમાઅતના ''પયામે મિલ્લત'' અખબારના તંત્રીએ તબ્લીગી જમાઅત સાથેના જનસંઘીઓના છુપા સંબંધોને એવા ઢંગથી રજુ કર્યા છે કે, આ બધી કરામતો તબ્લીગી જમાઅતના બુઝુર્ગોના પાક નફ્સોના રૂહાની આકર્ષણના પ્રતાપે હતી.

હું કહું છું કે, તબ્લીગી જમાઅતના એ બુઝુર્ગોમાં આટલી બધી અસરકારક અને આર્કષણથી ભરપૂર રૂહાનિયત હતી તો એનો દેખાવ ફક્ત ખાવા પીવાની સારી વ્યવસ્થા કરવા સુધી કેમ મર્યાદિત હતો ? પોતાની પવિત્ર બાતિની તાકાતના જોરે કોઈ કાફિરને મુસલમાન બનાવ્યો હોત તો અમે માનતા કે એમનામાં સાચી રૂહાનિયત પડેલી છે. બહુ મોટું કામ કર્યું તો તે એટલું જ કર્યું કે પોતાના ઘરમાં બેસીને મુસલમાનોને કલમા પઢાવ્યા. બાકી આજ સુધી એમને એ વાતની તૌફીક નસીબ નથી થઈ કે ઘરથી બહાર નીકળી કોઈ ગૈર મુસ્લિમને કલમો પઢાવે. આ તો એમ બન્યું કે કમાયેલું હતું તે જ કમાયા ! પરંતુ સમજી લો કે કમાયેલી ચીજને કમાવવું એ કોઈ કમાલની વાત નથી પણ ગૌરવ તો એમાં છે કે બહારથી કમાઈને ઘરમાં લાવવામાં આવે.

## ★ એક મહત્વપૂર્ણ ભેદની જાહેરાત ★

બહારના લોકોને કલમો પઢાવવાની વાત આવી તો આ હકીકતને પણ જાહેર કરી દેવા ચાહું છું કે જેથી એ સાહેબોના તબ્લીગી જઝબા (જોશ) ના દેખાવથી કોઈ ધોકો ન ખાય બેસે.

હજુ હમણાંની વાત છે કે ''હમીદ દલવાઈ''નામના કોઈ સાહેબ ગુજરાતની સફરેથી પાછા ફર્યા પછી તબ્લીગી જમાઅત વિષે એક નિવેદન કર્યું હતું. તેમના નિવેદનનો રદિયો આપતાં ''નશેમન'' અખબાર, બેંગ્લોરની આ જરૂરી નોંધ વાંચો. પરંતુ ધ્યાનમાં રાખશો કે એ પેપર તબ્લીગી જમાઅતનું ખાસ પક્ષ લેનાર પેપર છે. તેમ છતાં અખબારના

તંત્રી ''હમીદ દલવાઈ'' ને સંબોધીને લખે છે કે :–

**તુમને ગુજરાતકા દૌરા કરકે અહમદાબાદમેં તબ્લીગી જમાઅત કે તઅલ્લુક સે જો બયાન દિયા હૈ ઔર નેકો કારોંકી ઈસ જમાઅત કો બદનામ કરને ઔર ઉસકે સાથ ગલત બાતોંકે મનસૂબ કરને કી જો મુહિમ શરૂ કી હૈ ઈસમેં તુમ હરગિઝ કામયાબ નહીં હો સક્તે બલ્કે ઝિલ્લત આમેઝ શિકસ્ત ખાઓગે.** *(નશેમન બેંગ્લોર, ૧૧ મે, ૧૯૬૯)*

**સારાંશ** : (હમીદ દલવાઈને સંબોધીને ''નશેમન'' ના તંત્રી લખે છે કે..)

તમે ગુજરાતનો પ્રવાસ કરી અમદાવાદમાં તબ્લીગી જમાઅત વિષે જે નિવેદન કર્યું છે અને નેક લોકોની એ જમાઅતને બદનામ કરવાની તથા એ જમાઅત વિષે ખોટી વાતો ઉપજાવી કાઢવાની જે પ્રવૃત્તિ તમે આદરી, એમાં તમે કદી પણ સફળ થવાના નથી બલ્કે ખૂબ નામોશીભરી હાર ખાશો.

હવે તે 'બદનામ કરવાવાળી જૂઠી વાતો'' ની વિગત વાંચો, લખે છે કે :

**અગર તુમને સાબિત કર દિયા કે, ગુજરાત કે સરહદી ઈલાકોમેં તબ્લીગી જમાઅત કે અફરાદને દૂસરોંકો મુસલમાન બનાયા હૈ. યા ઐસી કોઈ મુહિમ શરૂ કી હૈ, ન કિસીકો વરગલાયા હૈ. યા મુસલમાન બનનેકી દા'વત દી હૈ. તો હમ કાનૂન કે તહત સજા ભોગતને કો તૈયાર હૈં. (ચંદ સતરોંકે બાદ) તબ્લીગી જમાઅતને કભી મઝહબી જઝબાતકો ઉભારનેકી કોશિશ નહીં કી.** –*(નશેમન, બેંગ્લોર, ૧૧ મે, ૧૯૬૯)*

**સાર** : જો તમે એ વાત સાબિત કરી આપો કે તબ્લીગી જમાઅતના માણસોએ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં બીજાઓને મુસલમાન બનાવ્યા છે અથવા એવી કોઈ પ્રવૃત્તિ શરૂ કરી છે અથવા તો કોઈને ઉશ્કેર્યા છે, યા તો મુસલમાન બનવાની કોઈને દાવત આપી હોય તો અમે કાયદેસર રીતે એની સજા ભોગવવા તૈયાર છીએ. (થોડીક લીટીઓ પછી) લખે છે કે, તબ્લીગી જમાઅતે કયારે પણ ધાર્મિક લાગણીઓને ઉશ્કેરવાની કોશિશ કરી નથી.



ભારતના બંધારણમાં મઝહબી સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર માન્ય રખાયો છે. પરિણામે ધાર્મિક પ્રચાર માટે દા'વત આપવી એ કોઈ કાનૂની રાહે ગુનોહ નથી. પરંતુ નવાઈની વાત એ છે કે તબ્લીગી જમાઅતને પોતાના આ જાઈઝ હક્કનો ઉપયોગ કરવો એ પણ માન્ય નથી ! ફક્ત માન્ય નથી એટલું નથી પરંતુ તેઓ અભિમાન સાથે પોતાના આ મઝહબી પરહેઝનું એલાન પણ કરે છે ! જ્યારે ભારતમાં ખ્રિસ્તીઓનું મિશન સંપૂર્ણ આઝાદી અને ભરપુર ઈરાદાઓ સાથે પોતાના ધર્મની તબ્લીગી દાવતોમાં રાત દિવસ લાગેલું છે.

આ ઉપરથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામની આવાજને ગૈર કૌમ સુધી પહોંચાડવાનો તબ્લીગી જમાઅતનો જરા પણ હેતુ નથી. એના બદલે મુસલમાનોમાંના વધારેમાં વધારે માણસોને એક ખાસ ફિર્કામાં ફેરવી નાખીને એમને ખ્યાલાતોના જુદા જુદા વિભાગોમાં વહેંચી દેવા, એ જ એમની કોશિશો અને પ્રયત્નોનો એક માત્ર હેતુ છે.

## ★ તબ્લીગી જમાઅતના આવક–જાવકનાં સાધનો ★

તબ્લીગી જમાઅતના મઝહબ અને અકીદાઓનો પ્રશ્ન એટલો બધો ભેદ ભરેલો નથી જેટલો ભેદ એની આર્થિક હાલતમાં છુપાયેલો છે. કરોડો ઈન્સાનોને આજ દિન સુધી એ પ્રશ્ન મુંઝવે છે કે તબ્લીગી જમાઅત પોતાના આ મહાન કાર્યને પૂર્ણ કરવા માટે પૈસા ક્યાંથી લાવે છે ? તબ્લીગી જમાઅતના જાહેર ખર્ચને ત્રણ વિભાગોમાં સહેલાઈથી વહેંચી શકાય છે :–

(૧) **ઈજતેમાઓ (કોન્ફરન્સો)** (૨) **જમાઅતના પગારદાર અમીરો** (૩) **મર્કઝે નિઝામુદ્દીન-દિલ્હી.** હવે દરેક વિભાગ પર થોડો થોડો પ્રકાશ નાખવા ઈચ્છુ છું અને ઉમ્મીદ રાખુ છું કે આપ સૌ ઈન્સાફની સાથે એને સમજવાનો પ્રયત્ન કરશો.

**(૧) ઈજતેમાઓ (કોન્ફરન્સો)** : આ એક સ્પષ્ટ હકીકત છે કે, પ્રાદેશિક અને આલમી કોન્ફરન્સોના નામે દર વર્ષે ભારતમાં

કેટલાયે ઈજતેમાઓ ભરાય છે. અને એમના કહેવા પ્રમાણે એમાં ભાગ લેનારાઓમાંની સંખ્યા લગભગ ત્રીસ હજારથી લઈને પચાસ હજાર સુધીની હોય છે.

જ્યારે આલમી કોન્ફરન્સમાં હાજરી આપનારાઓની સંખ્યા લાખો પર પહોંચી જાય છે. આ અંગે મુખ્ય સવાલ એ પેદા થાય છે કે ભારતમાં એવી કેટલીયે જમાઅતો છે જેની પાસે ખૂબ સારા પ્રમાણમાં નાણાં છે અને બાહોશ કાર્યકરો ઉપરાંત પૂરતા પ્રમાણમાં સાધનો છે, છતાં પણ તે જમાઅતો આલમી, ભારતીય તો ઠીક પણ દર મહિને પ્રાદેશિક ઈજતેમાઅ પણ ભરી શક્તી નથી. જ્યારે તબ્લીગી જમાઅતવાળાઓ પાસે એટલા બધા પૈસા ક્યાંથી નીકળ્યા કે તેઓ દર એક કે બે મહિનાના અંતરે પ્રાદેશિક, ભારતીય કે આલમી કોન્ફરન્સ ભરી તેમાં લાખો રૂપિયા ખર્ચ કરે છે !

ત્રીસ હજાર માણસોનો વ્યક્તિ દીઠ ખર્ચ રૂા. ૫૦/– ગણીએ તો ખર્ચનો આંકડો પંદર લાખ રૂપિયા થાય. સવાલ એ ઉપસ્થિત થાય છે કે આટલી મોટી રકમ દર મહિને એમની પાસે ક્યાંથી આવે છે ? તમે કહેશો કે ઈજતેમાઅમાં ભાગ લેનાર દરેક માણસ પોતે પોતાનો ખર્ચ ઉઠાવે છે. પરંતુ હું કહીશ કે આજના યુગમાં જ્યાં લોકોમાં ધાર્મિક શોખનો અભાવ છે એવા સંજોગોમાં આવો વિચાર કરવો પણ મુશ્કેલ છે, તેમ છતાં જો એ વાતનો સ્વીકારી લેવામાં આવે તો પણ વધારેમાં વધારે આવવા જવાનું ભાડું જ એમાંથી અલગ કરી શકાય. બાકી ઈજતેમાઅની વ્યવસ્થા લાઈટખર્ચ, ખાવા–પીવાનો ખર્ચ તેમજ મંડપનો ખર્ચ તો જમાઅતે કરવો પડે છે. આટલા મોટા પાયા પર વ્યવસ્થા કરતાં એનો ખર્ચ લાખો રૂપિયાથી ઓછો થઈ શકે નહીં.

**(૨) જમાઅતના પગારદાર અમીરો** : આ પણ એક સ્પષ્ટ હકીકત છે કે તબ્લીગી જમાઅતની કામગીરી અને તેની વ્યવસ્થા માટે હજારો માણસો એવા છે કે જેઓ પ્રદેશવાર, અમુક વિસ્તાર પૂરતા તથા આખા ભારત પૂરતા રાત દિવસ પોતાની ફરજ અદા કરી રહ્યા છે. આ માણસોને તબ્લીગી જમાઅતના પગારદાર કારકુનો ગણવામાં આવે



છે. કેમ કે એ વાત પણ જાહેર કરે છે કે કોઈ પણ માણસ પોતાનો ધંધો છોડી લગાતાર કોઈ જમાઅતનું મફત કામ કરે એ સંભવિત નથી. એટલા માટે આ લોકોના પગાર તેમજ તબ્લીગી કામ માટેના ભાડા ભથ્થામાં દર મહિને એટલી બધી રકમ ખર્ચ કરવામાં આવે છે કે જેનો અંદાઝ કાઢવો પણ મુશ્કેલ છે.

**(૩) મર્કઝે નિઝામુદ્દીન દિલ્હી** : મર્કઝે નિઝામુદ્દીન દિલ્હીનો ખર્ચ ત્રણ વિભાગોમાં વહેંચાયેલો છે :– (૧) મદ્રસા કાશિફુલ ઉલૂમના મુદર્રિસોનો પગાર તથા તેમાં પઢતા વિદ્યાર્થીઓના ખાવા પીવાનો ખર્ચ (૨) તબ્લીગી જમાઅતનું લંગર ખાનું. આ લંગર ખાનામાં દરરોજ સવાર સાંજ આવતા જતા માણસો મફત ખાય છે. બંને વખતનો ખાવા પીવાનો સરેરાશ ખર્ચ રૂા. ૫૦૦/– ગણવામાં આવે તો પણ માસિક ખર્ચ રૂા. ૨૦,૦૦૦/– હજારથી ઓછો થાય નહીં. (૩) તબ્લીગી સ્ટાફ : પોતાના અકીદાઓ અને ખ્યાલાતના શિકાર બનાવવા માટે મર્કઝમાં જુદા જુદા જિલ્લાના રહીશ આલિમોને પગાર આપી રોકવામાં આવે છે તેઓ પોતાના આ ધંધામાં ખૂબ જ નિપૂર્ણ હોય છે. મર્કઝમાં બેસીને તેઓ રાત દિવસ પોતાનું આ કામ કરતા જાય છે. તેમને પગાર આપવામાં દર મહિને ઘણી મોટી રકમ ખર્ચ કરવામાં આવે છે.

## ★ આવકનાં સાધનો ★

આટલો મોટો કારોબાર ચલાવવા માટે વિશાળ આવકની જરૂરતથી કોઈ પણ ઈન્કાર કરી શકે નહીં. આ બધો ખર્ચ અને પરિસ્થિતિને નજર સમક્ષ લેતાં કુદરતી રીતે જ એવો પ્રશ્ન થાય છે કે દર મહિને આટલી મોટી રકમ તબ્લીગી જમાઅત ક્યાંથી મેળવી રહી છે ? કદાચ તમે એમ કહેશો કે ભારત પાકિસ્તાનની મોટી મોટી અમીર પાર્ટીઓ તબ્લીગી જમાઅતને સહકાર આપી રહી છે અને જલ્સાઓ તથા મર્કઝનો બધા જ પ્રકારનો ખર્ચ એ અમીર પાર્ટીઓના ચંદાથી પૂરો થાય છે. પરંતુ એ વાત જાણીને તમે દંગ થઈ જશો કે એ લોકો કોઈની પાસેથી કોઈ પણ પ્રકારનો ચંદો લેતા નથી. એ બાબતમાં મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબની

જીવન કથાના લેખકે પોતાની કિતાબમાં અસંખ્ય બનાવો નોંધ્યા છે. જેમાંના થોડાક નમૂનાઓ નીચે રજૂ કર્યા છે તે ધ્યાન આપશો :–

## ★ પહેલો બનાવ ★

મર્કઝના ખર્ચ વિષે લખે છે કે :–

**મૌલાનાકે ઈબ્તિદાઈ દૌર હી કા વાકેઆ હૈ કે મરકઝે નિઝામુદ્દીન કે આને જાનેવાલોં ઔર મદ્રસા કે લિએ જો લંગર થા ઔર અબ ભી જારી હૈ ઉસ સિલસિલમેં કર્ઝ કી રકમ બહોત દિનોં તક અદા ન હો સકી. જિસ દુકાનસે સામાન આતા થા ઉસકે માલિકને તકાઝા કિયા. ઈસ કરઝકી અદાઈગી નીઝ મુશતકિલ ઈન્તેઝામ કે લિએ દેહલી કે ચંદ બા તૌફીક ઔર મૌલાનાસે તઅલ્લુક રખનેવાલે દોસ્તોંને બિલા મૌલાના કે ઈલ્મમેં લાએ પચીસ હજારકી રકમ ઉસકે પાસ જમા કર દી. ઔર આપસમેં તય કિયા કે મૌલાના કે ઈલ્મમેં યે બાત બિલ્કુલ ન લાઈ જાએ. ઔર યે રકમ મર્કઝ કે ઈન્તેઝામમેં ખર્ચ કી જાએ.** *(સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ, પેજ–૬૬૧)*

**સાર** : મૌલાનાની શરૂઆતના સમયનો બનાવ છે કે મર્કઝે નિઝામુદ્દીન આવતા જતા માણસો માટે તથા મદ્રસા માટે જે લંગરખાનું ચાલતું હતું અને હાલમાં પણ ચાલુ છે તેના કરજની રકમ ઘણા દિવસો સુધી ભરપાઈ થઈ શકી નહીં. જે દુકાનેથી માલ સામાન આવતો હતો તેણે પૈસાની માગણી કરી. જેથી એ કરજ ભરપાઈ કરવા માટે મૌલાનાની સાથે સંબંધ રાખનારા કેટલાક મિત્રોએ મૌલાનાને જાણ ન થાય એ રીતે પચ્ચીસ હજાર રૂપિયાની રકમ દુકાનદારને ત્યાં જમા કરાવી દીધી અને અંદરો અંદર એવું નક્કી કર્યું કે આ વાતની જાણ મૌલાનાને થવા દેવી નહીં. અને આ બધી રકમ મર્કઝના બંદોબસ્ત માટે જ ખર્ચ કરવી.

આટલી વાત પછી લેખક આગળ લખે છે કે મૌલાનાને આ વાતની જાણ થઈ ગઈ. એટલે એમણે પેલા કરજ ભરપાઈ કરનારાઓને બોલાવીને કહ્યું કે :–



**આપ લોગોંને જો કુછ કિયા નેક નિયતીસે કિયા લેકિન મેરે સાથ યે એક તરહકા ઝુલ્મ હૈ. જબ ઈસ તરહકે ઈન્તેઝામ આપ લોગ કરેંગે તો ફિર હમ અલ્લાહ કી મદદ કે કાબિલ ન રહેંગે.**

**સાર** : તમે લોકોએ જે કંઈ કર્યું તે નેક નિય્યતીથી કર્યું છે પરંતુ મારી સાથે તમે એક પ્રકારનો જુલ્મ કર્યો છે જ્યારે તમે આ રીતે વ્યવસ્થા કરશો તો પછી આપણે અલ્લાહની મદદને લાયક નહીં રહીએ.

મૌલાના મન્ઝૂર નોઅમાનીના કહેવા મુજબ આ બનાવને તરતીબ દેનાર (એકત્ર કરનાર) લેખ છે કે :–

**ઈસ કે બાદ મૌલાનાને હુકમ દિયા કે હર એક અપની અપની રકમ લે લો. ચુંનાં યે ઐસા હી કિયા ગયા.** *–(હવાલો ઉપર મુજબ, પેજ–૬૬૨)*

**સાર** : એ પછી મૌલાનાએ હુકમ કર્યો કે દરેક જણ પોત પોતાની આપેલી રકમ લઈ લે. પરિણામે મૌલાનાના હુકમ પ્રમાણે દરેકે પોતે આપેલી રકમ પાછી લઈ લીધી.

## ★ બીજો બનાવ ★

કર્નલ ઈકબાલ નામના એક માણસે પોતાની મિલકતનો અમુક ભાગ મર્કઝના મદ્રસા માટે વકફ આપ્યો અને તેની મંજૂરી લેવા માટે મર્કઝે નિઝામુદ્દીનમાં આવીને એણે દફતરના કલાર્કની મુલાકાત કરી અને પોતાની ઈચ્છા દર્શાવી. ત્યારબાદ શું પરિણામ આવ્યું તેની હકીકત લેખકની જીભે સાંભળો. તેઓ લખે છે :–

**ઈસ અસ્નામેં મૌલાના મુહમ્મદ યૂસુફ ભી આ ગએ ઔર પૂછા ક્યા કર રહે હો ? હકીકતે હાલ બતાઈ ગઈ તો બહોત હી નારાઝ હો ગએ. ઔર વાઝેઅ અલ્ફાઝમેં ફર્માયા, મુઝે અપને ઔર મદ્રસા કે લિએ કોઈ જાએદાદ નહીં ચાહિએ.** *(સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ, પેજ–૬૬૨)*

**સાર** : બરાબર આ સમયે મૌલાના મહંમદ યૂસુફ આવી પડયા. તેમણે પૂછયું કે તમો શું કરી રહ્યો છો ? હકીકત જણાવવામાં આવી તો તેઓ ખૂબ નારાજ થઈ ગયા અને તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે મારા પોતાના માટે કે મદ્રસાના ઉપયોગ માટે મને કોઈ પણ મિલ્કતની જરૂર નથી.

## ★ ત્રીજો બનાવ ★

લખે છે કે :–

મૌલાના મુહમ્મદ યૂસુફની લખેલી ‘‘હયાતે સહાબા’’ નામની કિતાબની છપામણીના ખર્ચ માટે હૈદ્રાબાદના કેટલાક માલદાર મિત્રોએ દસ હજાર રૂપિયાની રકમ જમા કરી તેઓ એવું ઈચ્છતા હતા કે મૌલાનાને આ વાતની ખબર પડયા વગર જ છપામણી વગરેના પ્રશ્નોનું નિરાકરણ કરી નાંખવું. પરંતુ એના પછીથી શી હકીકત બની તે લેખકની જીભે સાંભળો, તેઓ લખે છે કે :–

**લેકિન મૌલાના કો ઈસ કી ઈત્તેલાઅ કિસી ન કિસી તરહ હો ગઈ તો આપને વો સારી રકમ વાપસ કરવા દી ઔર કાગઝો તબાઅત વગેરા કે લિએ જિતની રકમ દરકાર થી વો ખૂદ હી ભેજી.** *(કિતાબ મઝકૂર, પેજ–૬૬૩)*

**સાર** : પરંતુ મૌલાનાને ગમે તે પ્રકારે આ વાતની ખબર થઈ ગઈ પરિણામે એમણે બધી રકમ પાછી અપાવી દીધી અને કાગળ છપામણી વગેરે માટે જેટલી રકમની જરૂર હતી તે બધી રકમ એમણે પોતે જ મોકલી આપી.

## ★ ચોથો બનાવ ★

મૌલાના યૂસુફની જીવન કથાના એ જ લેખક લખે છે કે :–

**મૌલાના મુહમ્મદ ઈલ્યાસ કે ઈન્તેકાલ કે તકરીબન ચાર પાંચ માહ બાદ એક બળે તાજિર જો હઝરત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ કે બળે અકીદતમંદ થે, તશરીફ લાએ. ઔર**



**મૌલાના કી ખિદમત મેં એક બળી રકમ પેશ કી. મૌલાનાને લેને સે ઈન્કાર કર દિયા. ઉનહોંને કહા આપ બ ખૂબી જાનતે હૈં કે આપકે વાલિદ માજિદ સે કયા તઅલ્લુક થા, વો મુઝસે કિતની મહોબ્બત ફર્માતે થે. લેકિન મૌલાનાને ફર્માયા, મુઝકો યે રકમ ન ચાહિએ.** *(સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ, પાન ૬૬૩)*

**સાર** : મૌલાના મુહમ્મદ ઈલ્યાસના ગુજરી જવા પછીથી આશરે ચાર–પાંચ મહિના બાદ તેમના એક માનવાવાળા કે જેઓ એક મોટા વેપારી હતા તેઓ આવ્યા અને મૌલાનાની ખિદમતમાં મોટી રકમ નજરાણા તરીકે રજૂ કરી. તો મૌલાનાએ એ રકમ લેવાની ના પાડી. એટલે તેઓ કહેવા લાગ્યા કે તમે સારી રીતે જાણો છો કે તમારા વાલિદ સાહેબને મારી સાથે કેટલો મોટો સંબંધ હતો, તેઓ મારાથી કેટલી બધી મહોબ્બત રાખતા હતા. છતાં પણ મૌલાનાએ કહ્યું કે, મારે રકમ ન જોઈએ.

## ★ આર્થિક મદદનો ઈન્કાર અને તેનો રદિયો ★

કોઈની પાસેથી કોઈ પણ પ્રકારની મદદ ન લેવી કે ચંદો ન લેવો એ અંગેના જે બનાવો રજુ કર્યા છે તે કાંઈ અજાણપણામાં બનેલા બનાવો નથી કે કોઈ પ્રસંગ પૂરતા મર્યાદિત નથી પરંતુ મૌલાના સાહેબની આદત જ એ હતી કે તેઓ કોઈની પાસેથી કોઈ પણ પ્રકારની મદદ લેતા ન હતા. જેમ કે એમની જીવનકથાના લેખક કિતાબમાં લખે છે કે :–

**ઉન્હોંને અપની દીની તહરીક (તબ્લીગી જમાઅત) અપને મદ્રસે (કાશેફુલ ઉલૂમ) ઔર અપને ઈદારા કે લિએ કિસી રકમ કા કબૂલ કરના યા કિસીકી મદદ ગવારા નહીં કી.** *(સવાનેહે મૌલાના મુહમ્મદ યૂસુફ, પેજ–૬૬૦)*

**સાર** : મૌલાના મુહમ્મદ યૂસુફ એ તબ્લીગી જમાઅત, મદ્રસા કાશેફુલ ઉલૂમ અને પોતાની સંસ્થા ચલાવવા માટે કોઈની પાસેથી કોઈ પણ પ્રકારની રકમ મેળવવાનું તેમજ એ રકમને કબૂલ કરવાનું પસંદ કર્યું નથી.

આટલું વાંચ્યા પછી હવે આ પ્રશ્ન છાપરે ચઢી પોકારીને કહે છે કે નહીં ? કે જ્યારે તેઓ બીજાની પાસેથી કોઈપણ પ્રકારની મદદ કે નાણાંકીય સહાય સ્વીકારતા ન હતા તો પછી આ લાખો રૂપિયા ખર્ચ થાય એવું કારખાનું કઈ રીતે ચાલતું હતું ? અને હમણાં પણ કઈ રીતે ચાલી રહ્યું છે ? એના જવાબમાં તમે કહેશો કે ખુદા ચલાવતો હતો ! અને ચલાવે છે ! કહું છું કે તમારી વાત સો એ સો ટકા સાચી. પરંતુ ખુદાએ જેમને અખ્તયાર આપ્યો હતો તેવા મહાન પૈગમ્બર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ દુનિયામાં જાહેરી વસીલાઓ અને મદદનો ઈન્કાર કર્યો નથી. તેમણે પણ દીનની જરૂરિયાત માટે સહાબાઓની આર્થિક મદદ સ્વીકારી હતી તો પછી એમનાથી વધીને (ચઢિયાતો) અલ્લાહનો એવો કોણ મકબૂલ બંદો છે કે જેને માટે આસમાનમાંથી ‘‘આબે ઝર’’ (પૈસાનો વરસાદ) પડતો હશે ? ફક્ત ગૈબી ખજાનાની મદદથી જ દીનનો કારોબાર ચાલતો હોત તો ઈસ્લામમાં ઝકાતનું બંધારણ શા માટે જરૂરી બન્યું ?

## ★ તબ્લીગી જમાઅતનો છુપો ખજાનો ★

આવા સંજોગોમાં આપણે ચોક્કસ માનવું પડશે કે તબ્લીગી જમાઅતની આ ‘‘કોઈ પણ પ્રકારની મદદ મેળવ્યા વગરની કાર્યવાહી’’ તેમજ એની ‘‘ત્યાગની ભાવના’’ ના દેખાવ પાછળ નજદી હુકૂમતના ‘‘રિયાલ’’ પશ્ચિમી કૌમના ‘‘ડોલર’’ નો હાથ છે. આમ પણ ‘‘વહેલેથી છેલ્લે સુધીના સંબંધ’’ના ઉસૂલ પ્રમાણે જ્યારે શરૂઆતમાં બ્રિટીશ જમાઅત નાણાંકીય મદદ તબ્લીગી જમાઅતને મળી છે તો પછી આજે પણ મદદ મૌજૂદ છે એમ માનવું ખોટું નથી. એ અંગેની હકીકત અમો અગાઉનાં પૃષ્ઠો પર આપી ચૂક્યા છીએ.

બહર હાલ ! અમારૂં કહેવું એમ છે કે જો મૌલાના મુહમ્મદ યૂસુફ વિષે એમ માનવામાં (કબૂલ કરી લેવામાં) આવે કે તેઓ કોઈ પણ પ્રકારની આર્થિક મદદ કે ચંદો સ્વીકારતા ન હતા તો આ વાત પણ માનવી પડશે કે તબ્લીગી જમાઅત પાસે આવકનું કોઈ છુપું સાધન જરૂર હોવું જોઈએ કે જેને જાહેર કરી શકાય એવું નથી. નહીં તો એમનાં મર્કઝોમાં



જે સોના–ચાંદીની નહેરો વહે છે તે ક્યારનીયે સૂકાઈ ગઈ હોત ! **જે ચળવળ બીજાની પુંજીથી ફળી ફૂલી તૈયાર થતી હોય તે ઈસ્લામના મકસદોને પૂર્ણ કરશે કે પછી પોતાને મદદ આપનાર માલિકોના આશયને ન્યાય આપશે ?** એ સમજવું મુશ્કેલ નથી ! આ ચળવળ પાછળ નજદી હુકૂમતના ‘‘રિયાલ’’ હોય કે પશ્ચિમીઓના ‘‘ડોલર’’. પરંતુ બંનેનો મકસદ એક જ છે કે મુસલમાનોનાં દિલોમાં રસૂલે અરબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈશ્કની તડપ બાકી રહેવી ન જોઈએ. અલ્લાહપાક તે નાપાક ઘડીથી આપણને બચાવે કે જ્યારે આપણી નસોમાંનું વહેતું ખૂન ઈમાનની ગરમીથી મેહરૂમ થઈ ઠંડું થઈ જાય. (આમીન)

આટલા ખુલાસા પછીથી પણ તબ્લીગી જમાઅતની નાપાક પ્રવૃત્તિઓને જાણવી હોય તો પાંચમાં વિભાગનો અભ્યાસ કરો.

## દીની મદ્રસાના ટ્રસ્ટીઓને વિનંતી

**કિતાબ ‘‘તાલીમાતે જાને ઈમાન’’ કોર્સમાં દાખલ કરો**

વર્તમાનકાળમાં રોજ નીત નવા બદઅકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથ કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે.

એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબ **"તાલીમાતે જાને ઈમાન"** *(પેજીસ–૫૦)* ટીચીંગ કરવામાં આવે, તેનાં બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે.

માટે **અમારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.** *–લિ. પ્રકાશક*

[પ્રકરણ : ૫]

# તબ્લીગી જમાઅતની જાહેરી ખૂબીઓનો અભ્યાસ

અહીંયાં સુધી તો મેં તબ્લીગી જમાઅતના અકીદાઓ, સાહિત્યો, મકસદો અને એની કાર્યવાહીનાં આશાસ્પદ પરિણામોની વાતો લખી છે. હવે હું ઈન્સાફ અને પ્રમાણિક્તાની સાથે તબ્લીગી જમાઅતની તે જાહેરી ખૂબીઓ (દેખાવો)ની ઓળખ કરાવવા ઈચ્છું છું કે જેનો દેખાવ કરી તેઓ મુસલમાનોમાં વિ□ાસ પેદા કરે છે.

મને ઉમ્મીદ (આશા) છે કે, આ જાહેરી દેખાવને કારણે જે લોકો તબ્લીગી જમાઅતના આશિક છે તે લોકોને સાચી હકીકત સમજાવવા માટે નીચેની થોડીક લીટીઓ ઘણી જ ફાયદાકારક સાબિત થશે. જ્યાં સુધી મેં અંદાજ કાઢેલો છે ત્યાં સુધી તબ્લીગી જમાઅતની જાહેરી ખૂબીઓને બે વિભાગો વહેંચી શકાય છે :–

૧. મુસલમાનોમાં દીની જિંદગી કાયમ કરવા માટેની પ્રવૃત્તિઓ.

૨. બહારના દેશોમાં દીનની તબ્લીગ કરવી.

હવે દરેકની અસલી હાલતને ઓળખવા માટે નીચેના ખુલાસાઓ રજૂ કર્યા છે.

## ★ મુસલમાનોમાં દીની જિંદગી પેદા કરવાની પ્રવૃત્તિઓ ★

ખાસ કરીને તબ્લીગી જમાઅતના બારામાં કેટલાક લોકો એવું માનતા હોય છે કે એમાં ફિકો એ'તેકાદની હજારો ખૂબીઓ હોવા છતાં



એની અંદર એક ખૂબી રહેલી છે કે તે પોતાની પ્રવૃત્તિ મારફત લોકોમાં દીનનો ઈશ્ક પેદા કરે છે. એટલે આપણે એની ખરાબીઓ ન જોતાં ફક્ત એની ભલાઈઓને જોઈએ તો એમાં શું વાંધો છે ? આવા પ્રકારના વિચારો જે લોકો કરે છે તેમને હું મારા તરફથી કંઈ જવાબ આપું તેનાં કરતાં તબ્લીગી જમાઅતની પૂરજોશ હિમાયત કરનાર ''તજલ્લી'' દેવબંદના તંત્રી મૌલાના આમિર ઉસ્માનીનું લખાણ વાંચકો સમક્ષ રજૂ કરવું વધારે બેહતર સમજાું છું. તેઓ લખે છે કે :–

**અકીદા વ ખયાલ કી એક ખરાબી ભી બાઅઝ મર્તબા ઈતની શદીદ હોતી હૈ કે તમામ આઅમાલે ખૈર ફાસિદ હો જાતે હૈં. મષ્લન કોઈ શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કે ખાતેમુન્નબીય્યીન હોને પર ઈમાન ન રખતા હો, યા સહાબાએ કિરામ કી ઈઝ્ઝત ઉસકે દિલમેં ન હો, યા અહાદીષે સહીહા કો તારીખ સે જ્યાદા વકઅ્ત ન દેતા હો તો ઉનમેંસે હરબાત બજાએ ખૂદ ઈતની કબીહ હૈ કે કબાહતે હુસ્ને અમલકા પૂરા દફ્તર ભી કમ નહીં કર સકતા. જહાં યે કબાહત પાઈ જાએગી વહાં અગર નેકો કારી કે પહાળ ભી ખળે હોં તો ભી યહી કહા જાએગા કે ઉનકા કોઈ એઅતેબાર નહીં.** *–(તજલ્લી, જુન ૧૯૫૮, પેજ–૧૯)*

**સાર :** કેટલીકવાર અકીદા અને વિચારની ફક્ત એક ખરાબી પણ એટલી બધી સખત હોય છે કે તેનાથી સઘળા નેક અમલો ફાસિદ થઈ જાય છે. દા.ત. કોઈ માણસ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આખરી પૈગમ્બર હોવા પર ઈમાન ન ધરાવતો હોય, અથવા એના દિલમાં સહાબાએ કિરામની ઈજ્જત ન હોય અથવા સહીહ હદીષોને ફક્ત કિસ્સાઓથી વધારે મહત્વ ન આપતો હોય તો આમાંની દરેક વાત એટલી બધી ખરાબ છે કે નેક અમલોનું પૂરું દફતર પણ એની બુરાઈને દૂર કરી શકતું નથી. અને જ્યાં આ ખરાબીઓ જોવામાં આવશે અને એની સાથે જો નેક અમલોના પહાડો પણ ઊભા કરવામાં આવ્યા હશે છતાં પણ તેનું કંઈ મહત્વ નથી.

વિચારો ! અકીદા અને ખયાલની ફક્ત એક ખરાબીનું આ પરિણામ છે તો હવે જ્યાં અનેક બદ અકીદાઓની કમનસીબીથી દફતરોનાં દફતરો

ભરેલાં છે ત્યાં આ સારા દેખાવો કે સારાં કામો શું કામમાં આવવાનાં છે? તબ્લીગી જમાઅતના બાતિલ અકીદાઓ અને ખયાલાતોનું સવિસ્તર વર્ણન અગાઉ આપી ચૂક્યો છું. જો તમને વાંધો ન હોય તો તેને ફરીથી વાંચી જાઓ.

**મૌલાના શિબ્લી નોઅમાની અને મૌલાના હમીદુદ્દીન ફરાહીને થાનવી સાહેબે આપેલો કુફ્રનો ફત્વો :–**

તબ્લીગી જમાઅતના પેશ્વા મૌલાના થાનવીનો એક ફતવો જુઓ :

મૌલાના અબ્દુલ માજિદ દર્યાબાદીએ પોતાની કિતાબ "હકીમુલ ઉમ્મત"માં મૌલાના અમીન અહસન ઈસ્લાહીનો એક પત્ર રજૂ કર્યો છે જેમાં આ સંબંધી વિગત આપી છે. સદર પત્ર તે સમયનો છે કે જ્યારે મૌલાના ઈસ્લાહી આઝમગઢ જિલ્લાના મદ્રસતુલ ઈસ્લાહના વ્યવસ્થાપક હતા. પત્રનો આ ભાગ ખાસ વાંચવા યોગ્ય છે :–

**મૌલાના થાનવી કા ફત્વા શાઈઅ હો ગયા હૈ કે મૌલાના શીબ્લી નોઅમાની ઔર મૌલાના હમીદુદ્દીન ફરાહી કાફિર હૈ. ઔર ચૂંકે મદ્રસા ઉન્હી દોનું કા મિશન હૈ ઈસ લિયે 'મદ્રસતુલ ઈસ્લાહ' મદ્રસએ કુફ્રો ઝિન્દીક હૈ. યહાં તક કે જો ઉલ્મા ઈસ મદ્રસે કે (તબ્લીગી) જલ્સોમેં શિર્કત કરે વો ભી મુલ્હિદ વ બેદીન હૈ.** *(હકીમુલ ઉમ્મત, પેજ–૪૭૫)*

**સાર** : મૌલાના થાનવીનો ફત્વો પ્રગટ થઈ ચૂક્યો છે કે મૌલાના શિબ્લી નોઅમાની અને મૌલાના હમીદુદ્દીન ફરાહી કાફિર છે. મદ્રસો એમની બંનેની તબ્લીગી સંસ્થા હોવાને કારણે "મદ્રસતુલ ઈસ્લાહ" કુફ્રો મુશ્રિક ઠરે છે અને જે આલિમો એ મદ્રસાના તબ્લીગી જલ્સાઓમાં ભાગ લેશે તેઓ પણ કાફિર–મુશ્રિક છે.

ઈસ્લાહી સાહેબનો આ પત્ર મળ્યા પછી મૌલાના અબ્દુલ માજિદ દર્યાબાદીએ થાનવી સાહેબને એક પત્ર લખ્યો. જેમાં એમણે મૌલાના શિબ્લી નોઅમાની અને મૌલાના હમીદુદ્દીન ફરાહીની ઈબાદત, રિયાઝત અને નમાઝે તહજ્જુદ વગરેનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. તો થાનવી સાહેબે એમના પત્રનો જવાબ નીચે મુજબ આપ્યો હતો :–



**યે સબ આ'માલ વ અહવાલ હૈં. અકાઈદ ઈનસે જૂદાગાના ચીઝ હૈ. સિહતે અકાઈદ કે સાથ ફસાદે આ'માલ વ અહવાલ ઔર ફસાદે અકાઈદ કે સાથ સિહતે આ'માલ વ અહવાલ જમાઅ હો સક્તા હૈ.** *(હકીમુલ ઉમ્મત, પેજ–૪૭૬)*

**સાર** : એ બધી અમલોની વાત છે કે અકીદાઓ એનાથી જુદી વસ્તુ છે. કેમ કે સારા અકીદાઓની સાથે ખરાબ અમલો અને ખરાબ અકીદાઓની સાથે સારા અમલો પણ હોઈ શકે છે.

હવે આની સાથે સાથે થાનવી સાહેબનું બીજું એક બયાન વાંચો. કહે છે કે :–

**બદ્ દીન આદમી અગર દીન કી ભી બાતેં કરતા હો તો ઉનમેં ઝુલ્મત લિપટી હુઈ હોતી હૈ, ઉસકી તેહરીર કી નુકૂસમેં ભી એક ગુના ઝુલ્મત લિપટી હુઈ હોતી હૈ. ઈસ લિએ બે દીનોં કી સોહબત ઔર બેદીનોં કી કિતાબોંકા મુતાલિઆ હરગિઝ ન કરના ચાહિએ.** *(કમાલાતે અશરફિયહ્ પેજ–૫૫)*

**સાર** : બદ્ દીન માણસ જો દીનની વાતો કરતો હોય તો પણ તેમાં નુકસાની સમાયેલી હોય છે તેના લખાણમાં પણ એનાથી વધારે ઝુલ્મત હોય છે. પરિણામે બેદીનોની સોહબત કરવી નહીં તેમજ લખેલી કિતાબો કદી પણ વાંચવી નહીં.

## ★ ઈન્સાફની પરીક્ષા ★

તબ્લીગી જમાઅતના ખરાબ અકીદાઓ તેમજ બદ્ દીનીપણાની જે સ્પષ્ટ હકીકતો મેં એમની પોતાની જ કિતાબોમાંથી જ રજૂ કરી છે તે અંગે હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે, જો એ હકીકતોને નકારી કાઢવામાં આવે અથવા તો મેં બધા જૂઠા આક્ષેપો કર્યા છે એમ કહેવામાં આવે તો મને સાબિત કરી આપો કે મેં આપેલા આક્ષેપો બધા હવાલાઓ ખોટા છે. એનાથી વધારે મારે કંઈ કહેવું નથી અને જો આ બંનેમાંથી એક પણ વાત સાબિત ન કરી શકતા હોઉ તો સાંભળી લો કે નમાઝ અને પરહેઝગારીની લાલચમાં પડી ધર્મ (દીન) થી હાથ ધોઈ

નાંખવા એનું નામ દીનદારી નથી પરંતુ ધર્મના નામે ધર્મની સાથે ખુલ્લી બગાવત (બળવો) છે બલ્કે સમજની ખરાબી, બેકાર મેહનત અને સમયની બર્બાદી છે.

જ્યારે થાનવી સાહેબની નજીક તો ખરાબ અકીદાવાળા લોકોએ સ્થાપેલો મદ્‌સો પણ કુફ્ર–શિર્કનો મદ્રસો છે અને તે પણ એટલે સુધી કે એ મદ્રસાના તબ્લીગી જલ્સાઓમાં ભાગ લેનારાઓ પણ બેદીન અને મુશ્રિક છે. આગળ આપેલા હવાલાઓને આધારે તબ્લીગી જમાઅતને જોઈશું તો એમાં આવા પ્રકારની ખરાબીઓ સમાયેલી જ છે. પરિણામે એની સાથેની કોઈપણ પ્રકારની સોબત કેવી રીતે ધાર્મિક ફાયદો પહોંચાડી શકશે ! જેથી આ વાતને સારી રીતે સમજી લે જો કે તબ્લીગી જમાઅત સારી છે કે ખરાબ એનો ફેંસલો કરતી વખતે જુઓ કે વિચારવાની વાત એ નથી કે તે મુસલમાનોમાં ધાર્મિક જિંદગી પેદા કરવા માટે શું કાર્યવાહી કરે છે ? પણ હકીકતમાં જોવું તો એ જોઈએ કે તે બેદીન અને ખરાબ અકાઈદવાળા તો નથીને ? કારણ કે થાનવી સાહેબના મંતવ્ય પ્રમાણે બદ્‌ દીન માણસ પણ જો દીનની વાતો કરે તો તેમાં ઝુલ્મત (કાળાશ) સમાયેલી હોય છે. હવે જ્યાં સુધી તબ્લીગી જમાઅતની બદ્‌ દીનીનો સવાલ છે ત્યાં સુધી તે અંગેનું વિસ્તારપૂર્વકનું વર્ણન અગાઉનાં પાનાંઓ પર લખી દેવામાં આવ્યું છે.

## ★ મુકદ્દમાનો એક નમૂનો ★

આ વિષય અંગે સમજવા કે વિચારવાની શક્તિને પણ બદલી નાખે તેવી એક ગવાહી કે જેનો ઈન્કાર થઈ શકે એમ નથી તેને ધ્યાનમાં રાખજો. કદાચ તમે એ વાતથી અજાણ નહીં હોય કે ધર્મની વ્યવસ્થિત યોજનાના નામે તબ્લીગી જમાઅત સિવાય ભારત પાકિસ્તાનમાં બીજી પણ એક જમાઅત છે તેનું નામ ''જમાઅતે ઈસ્લામી'' છે એ જમાઅત પણ પોતાના બુલંદ ના'રાઓ, તબ્લીગી અને ઈસ્લાહી (સુધારણા) ઝુંબેશો, પોતાના પૂરજોશ પ્રયત્નો તથા જાહેરી દેખાવોના કારણે ખૂબ જ આકર્ષક ખુશનુમા અને અતિશય મનમોહક જમાઅત છે. જેનો સ્વીકાર ખૂદ



તબ્લીગી જમાઅતના મુખ્ય રહનુમાઓએ પણ કર્યો છે જેમ કે દારુલ દેવબંદના મોહતમિમ કારી તય્યબ સાહેબ જમાઅતે ઈસ્લામીના બારામાં પોતાની માન્યતાને આ પ્રમાણેના શબ્દોમાં જાહેર કરે છે :–

**મૈંને ઈસ તહરીક કે લિટરેચરકા બુનિયાદી હિસ્સા ઔર બાઅઝ ટ્રેક્ટ ઔર પેમ્ફ્લેટ બિલ ઈસ્તિઆબ દેખે. જહાં તક નફ્સે તહરીક હુકૂમતે ઈલાહી ઔર ઉસકે નસ્બુલ ઐનકા તઅલ્લુક હૈ, મુઝે ઈસમેં કોઈ ચીઝ ખિલાફે શરીઅત મહસૂસ નહીં હુઈ બલ્કે તાઅમીરી રંગમેં યે એક અચ્છી ઔર મુફીદ તહરીક હૈ.** *(કલામે તય્યબ, પેજ–૩૯, પ્રગટકર્તા–દેવબંદ)*

**સાર** : મેં એ ચળવળના સાહિત્યના પ્રાથમિક ભાગ તથા કેટલાક પરચાઓ તેમજ એના કાર્યપ્રદેશનો વિગતવાર અભ્યાસ કર્યો, એના અસલી મકસદો જોતાં મને એમાં શરીઅત વિરૂદ્ધની કોઈ વસ્તુ દેખાઈ નથી બલ્કે બંધારણીય દૃષ્ટિએ એ એક સારી અને ફાયદાકારક ચળવળ છે.

હવે એ જ કારી તય્યબ સાહેબના જાનશીન મૌલવી મુહમ્મદ સાલિમ સાહેબનું આ લખાણ વાંચો અને એને મગજના તખ્તા પર નોંધી લ્યો :–

**કિત્ના ખૂશ આઈન્દ હૈ વો ઉન્વાન જિસકો જમાઅતે ઈસ્લામીને અપને નસ્બુલ ઐન કી હૈસિયત સે પેશ કિયા હૈ. યા'ની દાવત બિલ્લાહ નિફાકો તનાફુસ સે હયાતે મોમિન કો પાક કરના ઔર જમામે ઈકતેદારકો ફુસ્સાકો ફુજ્જાર સે લેકર મોમિનીન સાલેહિન કે હાથોમેં દે દેના.** *(હકીકતે મેઅ્રાજ, પેજ–૫, પ્રગટકર્તા : દેવબંદ)*

**સાર** : જમાઅતે ઈસ્લામીએ પોતાના મૂળ હેતુઓ બતાવતુ જે લખાણ રજુ કર્યું છે તે ખૂબ જ સુંદર છે. એટલે કે અલ્લાહ પર ઈમાન લાવવાની દાવત આપી પરસ્પરના વિરોધોથી મોમિનના જીવનને બચાવી લેવું તેમજ બદકાર લોકોના હાથોમાંથી ધર્મની લગામ છીનવી લઈ તેને પરહેઝગારોનાં હાથોમાં સોંપવાનું કાર્ય આ ચળવળ કરે છે.

અંતમાં દારુલ ઉલૂમ દેવબંદના એક મુદર્રિસની જમાઅતે

ઈસ્લામીના ગુણગાન ગાતી આ વાત વાંચો. લખે છે કે :–

**ઈસ જમાઅત કે નસ્બુલ ઐનકા ઉન્વાન નિહાયત પાકીઝા હૈ. યા'ની હુકૂમતે ઈલાહીયા કા કયામ ઔર આખેરતમેં રઝાએ ઈલાહીકા હુસૂલ. ઝાહિર હૈ કે ઈસ મુબારક મકસદસે કિસી અદના દરજા કે મુસલમાનકો ભી ઈખ્તેલાફ કા મૌકા નહીં. ઔર હમ હક તઆલાસે દુઆ કરતે હૈં કે હમ સબકો યે સઆદત અતા ફર્માએ.** *(તમ્બીહાત પેજ–૪)*

**સાર** : જમાઅતે ઈસ્લામીના અસલી મકસદોનું લખાણ તદ્દન પવિત્ર છે એટલે કે એનાથી અલ્લાહની રઝામંદી હાસિલ થાય છે. સ્પષ્ટ છે કે પવિત્ર મકસદના બારામાં અદનામાં અદના મુસલમાનને વિરોધ કરવાનો મોકો મળે એમ નથી. અને અમે અલ્લાહથી દુઆ કરી છીએ કે અમને સૌને એ સઆદત હાંસલ થાય.

જરા વિચારો ! જમાઅતે ઈસ્લામીના સાહિત્ય, અસલી મકસદો–હેતુઓ, ખૂબીઓ અને ફાયદાઓને એટલા બધા વિશાળ હૃદયે સ્વીકારવામાં આવ્યા છે કે, એણે તબ્લીગી જમાઅતને પણ પાછળ પાડી દીધી છે. બલ્કે પોતાની માન્યતા પ્રમાણે આ રસ્તામાં જમાઅતે ઈસ્લામી એટલી બધી આગળ નીકળી ગઈ છે કે તબ્લીગી જમાઅતને પણ નાકિસ અને અસંતોષકારક સમજવા લાગ્યા છે. જેમ કે દારુલ ઉલૂમ દેવબંદના એજ મુદર્રિસ સાહેબ પોતાની કિતાબમાં લખે છે કે :–

**જમાઅતે તબ્લીગી જિસ કો હઝરત મૌલાના ઈલ્યાસ રહમતુલ્લાહ અલૈહને કાયમ ફર્માયા થા વો ભી અલ્લામા મૌદૂદી કી નઝરમેં ખિદમતે તબ્લીગ કે એતબાર સે કાબિલે ઈત્મિનાન નહીં હૈ. ચુનાંચે રુદાદ ઈજતેમાઅ સોમ સફા–૭૧ પર તજવીઝ નં. ૧૭ મેં અલ્લામા મૌદૂદી સે યે દરખાસ્ત કી ગઈ થી જિસકે અલ્ફાઝ યે હૈં, ''અવામ મેં કામ કરને કે લિએ મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ મર્હૂમ કે તરીકએ તબ્લીગ કો ઈખ્તિયાર કિયા જાએ.'' ઈસ તજવીઝ કે બારે મેં હસ્બે ઝેલ અલ્ફાઝ કાબિલે ઝિક્ર હૈ : ફર્માતે હૈં કે મૈંને જિસ હદ તક ઉન્કે તર્ઝે**



**તબ્લીગ સે વાકિફિયત બહમ પેહચાઈ હૈ ઈસ પર મુત્મઈન નહીં હૂં.** *(તમ્બીહાત, પેજ–૧૨, મતબૂઆ દેવબંદ)*

**સાર** : હઝરત મૌલાના ઈલ્યાસે જે તબ્લીગી જમાઅતની સ્થાપના કરી છે તે જમાઅત અલ્લામા મૌદૂદીની નજરે તબ્લીગી સેવા માટે સંતોષકારક નથી જેમ કે રુદાદ ઈજેતમાઅ નંબર ૩. તજવીઝ નંબર ૧૭ના પાન ૭૧ પર લખવામાં આવ્યું છે કે અલ્લામા મૌદૂદી પાસે એક દરખાસ્ત રજૂ કરવામાં આવી કે ''આમ લોકોમાં કામ કરવા માટે મર્હૂમ મૌલાના ઈલ્યાસનો તબ્લીગી તરીકો અખત્યાર કરવો જાઈએ.'' એના જવાબમાં નીચે જણાવેલ શબ્દ યાદ રાખવા યોગ્ય છે :–

કહે છે કે, ''જ્યાં સુધી હું એમના તબ્લીગી તરીકાથી વાકિફ છું ત્યાં સુધી મને એનાથી સંતોષ નથી.''

પરંતુ આ વાત જાણી તમને ખૂબ નવાઈ લાગશે કે, આટલી મહાન ખૂબીઓ અને દીની ફાયદાઓને સ્વીકાર્યા હોવા છતાં જમાઅતે ઈસ્લામીના સંબંધમાં દેવબંદ, સહારનપુરના આલિમો, જમીયતુલ ઉલમા અને તબ્લીગી જમાઅત એ સૌનો ફૈસલો આ પ્રમાણે છે કે :–

**મૌદૂદી તહરીક જો જમાઅતે ઈસ્લામી કે નામસે હિન્દ ઔર પાકિસ્તાનમેં ચલાઈ જા રહી હૈ, દેવબંદ, સહારનપુર દિલ્હી, ફૂલવારી શરીફ, ખાનકાહે ઈમદાદીયા (થાના ભુવન) આઝમગઢ, લખનૌ, જોનપુર, મઉ, ખાનકાહે રેહમાનિયા, (મોંગીર) સૂરત, ડાભેલ, બમ્બઈ, કાનપુર, મદારસ, દાએરએ શાહ અજમલ ઈલાહાબાદ વગેરહ કે મુફ્તી સાહેબાન ઔર મુઅમ્મર ઉલમા કી અકષરિયત ઈસ જમાઅત કો મુસલમાનોં કે લિયે મુઝિર સમઝતી હૈ.**

**ઔર જમીયતુલ ઉલ્મા, તબ્લીગી જમાઅત, અહરાર, મુસ્લિમ લીગ ઔર એહલે હદીષ જમાઅતી હૈસિયતસે તેહરીક કે અંદર મઝહબી ઔર સિયાસી ગુમરાહિયાં પાકર મશ્વરા દેતી હૈં કે મુસલમાન ઈસ જમાઅતસે કિનારા કશ રહેં, દીનકી સલામતી ઈસીમેં હૈં.** *(હાશિયા મક્તુબાતે શૈખુલ ઈસ્લામ, પેજ–૩૦૭)*

**સાર** : જમાઅતે ઈસ્લામી નામની મૌદૂદી ચળવળ જે ભારત અને પાકિસ્તાનમાં ચલાવવામાં આવી રહી છે તેને દેવબંદ, સહારનપુર, ફુલવારી શરીફ, ખાનકાહે ઈમદાદીયા (થાના ભુવન) આઝમગઢ, લખનૌ, જોનપુર, મઉ, ખાનકાહે રહમાનિયા (મોંગીર) સૂરત, ડાભેલ, મુંબઈ, મદારસ, કાનપુર, દાએરએ શાહ અજમલ ઈલાહાબાદ વગરેના મુફતી સાહેબો તથા ત્યાંના પીઢ અનુભવી ઉલ્માઓ ફાસિદ સમજે છે અને જમીયતુલ ઉલ્મા, તબ્લીગી જમાઅત, અહરાર, મુસ્લિમ લીગ, એહલે હદીષ વગેરે સંસ્થાઓ જમાઅતે ઈસ્લામીમાં રહેલી ધાર્મિક અને રાજકીય ખરાબીઓ જોઈને પોતે મુસલમાનોને સલાહ આપે છે કે તેઓ એ જમાઅત (જમાઅતે ઈસ્લામી) થી દૂર રહે અને એમાં જ દીનની સલામતી છે.

## ★ તમારો ફૈંસલો ★

હવે તમે જ ઈન્સાફથી બતાવો કે જો આવા જ પ્રકારની મઝહબી ગુમરાહીઓ તબ્લીગી જમાઅતમાં પણ મૌજૂદ હોય તો મુસલમાનોને એ જમાઅતથી દૂર રહેવાની તથા દીનની સલામતી એમાં જ રહેલી છે એવા પ્રકારની સલાહ આપવી યોગ્ય ગણાશે કે નહીં ?

તબ્લીગી જમાઅતમાં જે મઝહબી ગુમરાહીઓ સામેલ છે તેનું સ્પષ્ટ વર્ણન હું અગાઉનાં પૃષ્ઠો ઉપર આપી ચુક્યો છું. એનાથી જો કોઈને પણ ઈન્કાર હોય તો તે જાહેરી રીતે મને ચેલેન્જ આપી શકે છે, પરંતુ મારી બતાવેલી હકીકત સત્ય પુરવાર થયા પછી હક્ક અને ઈન્સાફથી દૂર ભાગવું એ ઘણું મુશ્કેલ છે. બંને જમાઅતોનો કેસ એક જ પ્રકારનો છે એટલે એનો ફૈંસલો કરતી વખતે એવી તરફદારી કરવામાં આવે છે કે એનું નામ ''જમાઅતે ઈસ્લામી'' નથી પણ ''તબ્લીગી જમાઅત'' છે તો એ પ્રકારનું વર્તન જરા પણ યોગ્ય ગણાશે નહીં.

ઉપરોકત હવાલાના આધારે જયારે તબ્લીગી જમાઅત પણ જમાઅતે ઈસ્લામીને નુકશાનકારક અને ગુમરાહ કહેવામાં ભાગીદાર બનતી હોય તો તબ્લીગી જમાઅતના માર્ગદર્શકોએ પોતાના ફૈંસલાની



ઓછામાં ઓછી આ વાત કબૂલ કરવી જ પડશે કે જે દલીલોનો આશરો લઈને એમણે જમાઅતે ઈસ્લામી વિરૂદ્ધ ઉપરનો ફૈંસલો આપ્યો છે તે જ દલીલો પોતને પણ લાગુ પાડી શકાય એમ છે કેમ કે જમાઅતે ઈસ્લામીના બારામાં એવી કોઈ આયત ઉતરી નથી કે તે ઈસ્લામની દુશ્મન છે તેમ તબ્લીગી જમાઅત માટે પણ એવી કોઈ સૂરત નાઝિલ થઈ નથી કે તે ઈસ્લામની દોસ્ત છે અને તેમાં ભલાઈ રહેલી છે. ખુદાની અદાલતમાં બંને એક જ પ્રકારના ગુન્હેગારો છે. ઈન્સાફની તલવાર કોઈની સાથે કોઈ પણ પ્રકારનો લેહાઝ રાખતી નથી. જ્યાં ગુમરાહી અને બદ અકીદગી જોવામાં આવે ત્યાંથી સાચા મુસલમાને દૂર રહેવું ખૂબ જ જરૂરી છે ફાયદાની આશામાં રહેવા કરતાં પોતાની જાતને નુકશાનીના ભાગમાંથી બચાવી લેવી એ શરીઅત અને અકલમંદી એમ બંનેની દષ્ટિએ જરૂરી છે. જમાઅતે ઈસ્લામીની જેમ તબ્લીગી જમાઅતમાં પણ થોડીક ખૂબીઓ હોય એ બનવા જોગ છે પરંતુ અમુક પ્રકારની ખૂબીઓ હોવા છતાં પણ જમાઅતે ઈસ્લામીથી દૂર રહેવાની મુસલમાનોને સલાહ આપવામાં આવે છે તે જ રીતે તબ્લીગી જમાઅત પણ અમુક પ્રકારની ખૂબીઓ હોવા છતાં એનાથી દૂર રહેવા માટે મુસલમાનોને સલાહ આપી શકાશે અને એ સલાહ (ફૈંસલો) શરીઅત તેમજ અકલમંદીના મુતાબિક હશે.

## ★ ગેર સમજનો ખુલાસો ★

તબ્લીગી જમાઅત માટે કેટલાક લોકોનું એમ માનવું છે કે તે દીનના રસ્તામાં ઈખ્લાસ અને ત્યાગની ભાવના પેદા કરે છે એટલે તેના નેક મકસદો અને ધાર્મિક ફાયદાઓની ધુન ઉપર કોઈ પણ પ્રકારની શંકા કરી શકાય એમ નથી. હું કહું છું કે આ એક દેખાવ છે જેને ખોટી રીતે હકીકત સમજી લેવામાં આવી છે. બીજુ કે જો એ સાચું હોય તો પણ ત્યાગ તથા નિખાલસપણાની ભાવના એ સ્વયં કોઈ પ્રસંશાપાત્ર ભાવના નથી.

જે મકસદોને પાર પાડવા માટે ઈખ્લાસ અને ત્યાગની ભાવનાનો દેખાવ કરવામાં આવી રહ્યો છે તે મકસદો કેવા છે એ જોવું જરૂરી છે ? જો મકસદો ફાયદાકારક અને ઈમાન અફરોઝ હોય તો ઈખ્લાસ અને

ત્યાગની ભાવનાની કદર કરવામાં કોઈ શક નથી. પરંતુ જો મકસદોને વચમાંથી હટાવી લેવામાં આવતા હોય અને ફક્ત ઈખ્લાસ તેમજ ત્યાગની ભાવના બીજી કોઈ વસ્તુ સાથે થઈ જતી હોય તેવા સંજોગોમાં જો તેને સંતોષકારક ગણવામાં આવતી હોય, દુનિયામાં એવા પ્રકારની ઘણી જમાઅતો જોવા મળશે જેનાથી દૂર રહેવા માટેની તાકીદ તબ્લીગી જમાઅત પણ કરી રહી છે. દા.ત. ઈસાઈ મિશનરી, જનસંઘી અને ઈશ્તરાકી ચળવળોને જોઈ લો. હજારો મતભેદો હોવા છતાં પોતાના મકસદોને પાર પાડવા માટેની તેઓની પુરજોશ કાર્યવાહી, અથાગ પ્રયત્નો અને ત્યાગની ભાવનાનો ઈન્કાર થઈ શકે એમ નથી અને એ અંગે અમારો મત એવો છે કે, પોતાના હેતુઓ પાર પાડવા માટેના પ્રયત્નો ભલે તેમની આગળ કદર કરવા લાયક ગણાતા હોય પણ તે અમારી નજરે તો અમને નુકસાનકારક જ દેખાય છે.

વધારે દૂર જવાની જરૂર નથી. એ જ જમાઅતે ઈસ્લામી કે જેની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો તબ્લીગી જમાઅત હરામ ગણે છે. તેના મેમ્બરો પોતાની ચળવળની પ્રગતિ માટે જે ઈખ્લાસ અને બલિદાનની ભાવનાથી કામ કરે છે તેની જોડ આ જમાનામાં મળવી મુશ્કેલ છે. આમ હોવા છતાં પણ એનાથી દૂર રહેવાનો ફેંસલો અટલ છે અને તે એટલા કારણે કે તે પોતાના અસલી મકસદો અને કાર્યવાહીના પરિણામે મુસલમાનો માટે તદન નુકસાનકારક અને ગુમરાહ કરનાર જમાઅત છે. હું કહું છું કે, આ કસોટી ફક્ત જમાઅતે ઈસ્લામી માટે જ મર્યાદિત નથી. બલ્કે તબ્લીગી જમાઅતને પણ આ કસોટીની રીતે ઓળખવામાં આવે તો તે પણ પોતાના અસલી મકસદો અને કાર્યવાહીઓને પરિણામે કદી પણ એમ સાબિત થઈ શકશે નહીં કે એનાથી મેળાપ રાખનાર કોઈ પણ માણસ પોતાની જાતને નુકસાનીમાંથી બચાવી શકશે. તબ્લીગી જમાઅતની કાર્યવાહીઓના આશાસ્પદ પરિણામો ઉપર મેં ઠીક ઠીક પ્રકાશ અગાઉનાં પૃષ્ઠો પર પાડયો છે અને એ વાત સ્પષ્ટ કરી ચૂક્યો છું કે, કલમા અને નમાઝના પડદામાં ફકત અમારો મઝહબ બદલવા માટે એ જમાઅત ઉપસ્થિત થઈ છે એના સિવાય બીજો કોઈ એનો મકસદ જ નથી.



પરિણામે ! આ મકસદો હેતુઓને ફળીભૂત કરવા માટે એની ત્યાગ તેમજ નિખાલસતાની ભાવનાઓ બીજાની નજરે ભલે પ્રસંશાપાત્ર ગણાતી હોય પરંતુ અમારા માટે તો એ ભાવનાઓ અમારા ''મઝહબી કત્લ'' માટેનાં ઉત્તમ હથિયારો છે. ઈતિહાસનો એવો કોઈ દાખલો બતાવી આપો કે જેણે પોતાના કાતિલની નિખાલસતાનો આભાર માન્યો હોય ! અને જો તમારી નજરમાં એવો કોઈ દાખલો હોય તો તમે પણ તબ્લીગી જમાઅતની ''નિખાલસતાથી ભરપુર નુકસાનકારક પ્રવૃત્તિઓ'' નો શુક્ર અદા કરો કે આવા પ્રકારનો નખશીખ ઈખ્લાસથી ભરપુર કાતિલ કયાં મળવાનો છે ?

## ★ બહારના દેશોમાં (પરદેશમાં) દીનની તબ્લીગ ★

તબ્લીગી જમાઅતનો આ જાદુ પણ ઘણા લોકો ઉપર જાદુઈ અસર કરી ગયો છે કે એમની તબ્લીગી પ્રવૃત્તિઓનો સિલસિલો યુરોપ, એશિયા, આફ્રિકા અને દુનિયાના દૂરદૂરના વિભાગો સુધી ફેલાયેલો છે. મારે કહેવું પડશે કે તબ્લીગી જમાઅતનો આ પ્રોપેગંડો છે. જેના ઊંડાણમાં ઉતર્યા પછી હેરાની–પરેશાની સિવાય બીજુ કંઈ હાથ નહીં લાગે. આ પ્રોપેગંડાનો ભેદ જો તમારે જાણવો હોય તો ભારત–પાકના તે વેપારીઓ પર દ્રષ્ટિ નાંખો કે જે તબ્લીગી જમાઅતમાં રચ્યા પચ્યા રહે છે. એમાં પણ ઘણા લોકો એવા પ્રકારના જોવા મળશે કે જે બહારના પ્રદેશોમાં (દેશ–વિદેશો) આયાત–નિકાસનો કારોબાર કરે છે. તબ્લીગના નામે સફર કરીને પોતાના વ્યાપારી ક્ષેત્રો માટે નવા–નવા મેદાનોની શોધ કરવી એ એમનો એક વ્યાપારી ભેદ છે. જેના પર એમણે મઝહબના નામે ગિલાફ ઓઢાડી રાખ્યો છે અને એ વાતને સાચી પણ માની લેવામાં આવે તો પણ હું તબ્લીગી જમાતના ચાહકોને ફક્ત એટલું જ કહું છું કે બહારના દેશોમાં તબ્લીગી પ્રયત્નો જ કોઈ જમાઅતની તરફદારી માટે પૂરતુ છે તો આ મોટાઈનો સૌથી વધારે હક્ક કાદિયાની જમાઅતનો છે. કેમ કે તેમનાં તબ્લીગી કેન્દ્રો ઘણા વર્ષો પહેલાંથી તે દેશોમાં સ્થપાયેલા છે કે જ્યાં આજે આ લોકો (તબ્લીગી જમાઅત) દાખલ થવાની કોશિશ કરી રહ્યા છે. જે દેવબંદી જમાઅતના પ્રખ્યાત લેખક (''સિદકે–જદીદ'' ના તંત્રી) અબ્દુલ માજિદ દર્યાબાદી એક

પુસ્તિકામાં કાદિયાની જમાઅત પર વિવેચન કરતાં લખે છે કે :–

**અહમદિયા જમાઅતે કાદિયાન અપને રંગમે જો ખિદમત તબ્લીગે ઈસ્લામ કે સિલસિલમેં કર રહી હૈ, યે રિસાલા ઉસકા પુરા મુરક્કા હૈ. જમાઅતકે મિશન યૂરોપ, અમેરિકા, મગરિબી આફ્રિકા, મોરિશ્યસ, ઈન્ડોનેશિયા, નાઈજિરિયા, ઔર હિંદુસ્તાન, પાકિસ્તાન કે ખુદા માલૂમ કિતને મુખ્તલિફ મકામાત કાઈમ હૈ. ઈન સબકી ફેહરિસ્ત ઔર ઈનકી કારગુઝારિયાં, ઈન્સે તબ્લીગી લિટરેચરકી ઈશાઅત અંગ્રેજી, ફ્રેન્ચ, ડચ, જર્મન, સ્પેનીસ, ફારસી, બર્મી, મલાયા , તામિલ, મરાઠી, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, ઝબાનમેં ઔર ઈનકી મસ્જિદોં ઔર ઈનકે અખબારત વ રસાઈલકી ફેહરિસ્ત ઔર ઈસી કિસ્મકી દૂસરી તબ્લીગી સરગર્મીયોંકા ઝિક્ર ઈન સફહાતમેં નજર આએગા.** *(સિદકે જદીદ જૂન–૧૯૫૭, બહવાલાએ તબ્લીગી ઈસ્લામ કાદિયાન)*

**સાર** : આ રિસાલો કાદિયાની જમાઅતની તબ્લીગી સેવાઓનો સંપૂર્ણ એહવાલ આપે છે. કાદિયાની જમાઅતના મિશનો યૂરોપ, આફ્રિકા, ઈન્ડોનેશિયા, નાઈજિરીયા, અને ભારત –પાકિસ્તાનના ખુદા જાણે કેટલાયે સ્થળો પર સ્થપાયેલાં છે એ બધાની યાદી આ રિસાલામાં રજુ કરી છે તેમજ એમની કાર્યવાહીનો ખ્યાલ આપવામાં આવ્યો છે એમના તબ્લીગી પ્રચાર માટેનાં સાહિત્યો અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મની, ડચ, ફારસી, સ્પેનીસ, મલયાલમ, ગુજરાતી, હિન્દી, મરાઠી વગેરે ભાષામાં પ્રગટ થાય છે. એમની મસ્જિદો, સમાચારો પત્રો તથા રિસાલાઓની નામાવલી તેમજ અન્ય તબ્લીગી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ આ રિસાલામાં કરવામાં આવ્યો છે.

આ વિષય અંગે કાદિયાની જમાઅતના દાવતો તબ્લીગના ઈદારાથી (મકતબ) પ્રગટ થતી એક કિતાબનો નીચે જણાવેલ ફકરો વાંચો, જેનાથી વિદેશોમાં કાદિયાની જમાઅતની તબ્લીગી પ્રવૃત્તિઓનો સાચો ખયાલ આવી જશે :–

**એક અંગ્રેજ લેફ્ટેનન્ટ અપની ઝિંદગી વકફ કર કે ઈસ**



**વક્ત મુબલ્લિગ કે તૌર પર ઇંગ્લિશ્તાનમેં કામ કર રહા હૈ બા કાએદા નમાઝી હૈ. શરાબ વગૈરહ કે કરીબ નહીં જાતા. ખૂદ મેહનત મઝદૂરીસે પૈસા કમા કર ટ્રેક્ટ વગૈરહ શાઈઅ કરતા હૈ, યા જલ્સે કરતા હૈ. ઈસી તરહ જર્મની કે શખ્સને ઝિંદગી વકફ કી હૈ, વો ભી ફોઝી અફસર હૈ, બળી જિદ્દો જિહદ સે વહ જર્મનીસે નિકલનેમેં કામયાબ હુવા હૈ અભી ઈત્તિલાઅ આઈ હૈ કે વો સ્વિટરઝરલેન્ડ પહોંચ ગયા હૈ ઔર વહાં વિઝાકા ઈન્તેઝાર કર રહા હૈ. યે નવજવાન ઈસ્લામકા બેઈન્તિહા જોશ અપને દિલમેં રખતા હૈ. જર્મનીકા એક ઔર નવજવાં મુસન્નિફ ઔર ઉસકી તાલીમ યાફ્તા બીવી ઝિંદગી વકફ કરનેકા ઈરાદા ઝાહિર કર રહે હૈં ઔર શાયદ અનકરીબ હી ઈસ ફૈંસલે પર પહોંચ કર પાકિસ્તાન તાલીમે ઈસ્લામ કે લિએ આ જાએગા. ઈસી તરહ હોલેન્ડકા એક નવજવાં ઈસ્લામ કે લિએ અપની ઝિંદગી વકફ કરનેકા ઈરાદા કર ચુકા હૈ ઔર ગાલિબન જલ્દ હી કિસી ન કિસી મુલ્કમેં તબ્લીગે ઈસ્લામ કે કામ પર લગ જાએગા.** *(પૈગામે હમ્દીયત, પેજ–૩૦)*

**સાર** : એક અંગ્રેજ લશ્કરી અધિકારી પોતાની જિંદગી વકફ કરી આજે બ્રિટનમાં મુબલ્લિગનું કામ કરી રહ્યા છે. તેઓ પાબંદ નમાઝી છે અને શરાબની નજીક પણ જતા નથી. પોતે મેહનત મજૂરી કરીને પૈસા કમાય છે તેમાંથી પરચાઓ પ્રગટ કરે છે અને જલ્સાઓ યોજે છે. એ જ પ્રમાણે જર્મનીમાં પણ એક માણસે પોતાની જિંદગી વકફ કરી છે તે પણ લશ્કરી અફસર છે. મહામહેનતે તેઓ જર્મનીમાંથી બહાર નીકળી શક્યા છે. હાલ ખબર મળી છે કે તે સ્વિટઝરલેન્ડ પહોંચી ગયા છે અને ત્યાં વિઝા મળવાની રાહ જોઈ રહ્યા છે. તે નવજવાન પોતાના દિલમાં ઈસ્લામની ખિદમત કરવાનો અત્યંત શોખ ધરાવે છે. જર્મનીના બીજા પણ એક નવજવાન લેખકે અને તેમના સાક્ષર પત્નીએ પોતાના જીવનને વકફ કરવા માટેનો ઈરાદો જાહેર કર્યો છે અને કદાચ ટૂંક સમયમાં તેઓ ઈસ્લામની તા'લીમ માટે પાકિસ્તાન આવી જશે. હોલેન્ડનો એક

નવજવાન પણ ઈસ્લામને માટે પોતાની જિંદગી વકફ કરવાનો ઈરાદો કરી ચૂક્યો છે અને કદાચ થોડા દિવસોમાં તે કોઈ ન કોઈ દેશમાં પહોંચી જઈ ઈસ્લામની તબ્લીગના કામ પર લાગી જશે.

વિદેશોમાં તબ્લીગી કામકાજની ઉપર જણાવેલી હકીકતને વારંવાર વાંચો અને સાચા દિલથી બતાવો કે તમે એની તબ્લીગી ચળવળ પ્રત્યે કોઈપણ પ્રકારની હમદર્દી રાખો છો ? તેમજ એમાં સામિલ થવાનો તમારો ઈરાદો છે ? તમે તરત જ કહેશો કે કાદયાની જમાઅતના લોકોના અકીદા ઈસ્લામ વિરૂદ્ધ છે અને તેઓ ખત્મે નબુવ્વતને પણ માનતા નથી તેમજ કુર્આન અને હદીષને પણ માનતા નથી એટલા માટે સાચા મુસલમાને તેમાં સામેલ થવાનો સવાલ જ પેદા થતો નથી, તો હું તમને કહું છું કે આ બધી માન્યતાઓ તમારી છે પરંતુ કાદિયાની જમાઅતવાળાઓનો પોતાના માટેનો મત તો આ પ્રમાણેનો છે, વાંચો :–

**હમ ઈસ બાત પર ઈમાન લાતે હૈં કે ખુદા તઆલા કે સિવા કોઈ મઅબૂદ નહીં ઔર સૈયેદેના હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ઉસકે રસૂલ ઔર ખાતિમુલ અંબિયા હૈં ઔર હમ ઈમાન લાતે હૈં કે મલાએકા હક્ક ઔર હશ્ર અજસાદ હક્ક ઔર રોઝે હિસાબ ઔર જન્નત હક્ક હૈ ઔર હમ ઈમાન લાતે હૈં કે જો કુછ અલ્લાહ જલ્લશાનહુને કુર્આન મજીદમેં ફર્માયા ઔર જો કુછ હમારે નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માયા વો સબ બ લિહાજે બયાન મઝકૂરા બાલા હક્ક હૈ ઔર ઈમાન લાતે હૈં કે જો શખ્સ ઈસ શરીઅતે ઈસ્લામમેં સે એક ઝરા કમ કરે યા તર્કે ફરાઈઝ ઔર અબાહત કી બુનિયાદ ડાલે વો બેઈમાન ઔર ઈસ્લામસે સર ગુઝિશ્તા હૈ ઔર હમ અપની જમાઅતકો નસીહત કરતે હૈં કે વો સચ્ચે દિલસે ઈસ કલ્મએ તૈયેબહ પર ઈમાન લાએ. લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલ્લાહ ઔર ઈસ પર મરેં ઔર તમામ અંબિયા ઔર તમામ કિતાબેં જિસકી સચ્ચાઈ કુર્આન સે સાબિત હૈ ઈન સબ પર ઈમાન લાએં ઔર સોમો–સલાત ઔર ઝકાત ઔર હજ્જ ઔર ખુદા તઆલા ઔર ઉસકે રસૂલકે**



**મુકર્રર કરદા તમામ ફરાઇઝ કો ફરાઈઝ સમઝકર ઔર તમામ મુનહિય્યાતકો મુનહિય્યાત સમઝ કર ઠીક ઠીક ઈસ્લામ પર કારબન્દ હો. ગર્ઝ વો તમામ ઉમૂર જિન પર સલ્ફે સાલેહકા એઅતેકાદી તૌર ઈજમાઅ થા ઔર વો ઉમૂર જો એહલે સુન્નતકી ઈજમાઈ રાયસે ઈસ્લામ કેહલાતે હૈં ઉન સબકા માનના ફર્ઝ હૈ.** *(અય્યામે અલ્સુલ્હ પેજ–૮૬, ૮૭)*

**સાર :** અને ઈમાન લાવીએ છીએ કે ખુદા તઆલા સિવાય કોઈ મઅબૂદ નથી અને સૈયેદેના હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم તેના રસૂલ અને આખરી નબી છે. અને અમે ઈમાન લાવીએ છીએ કે તમામ ફરિશ્તાઓ, જન્નત, દોઝખ, કયામતનો દિવસ વગેરે હક્ક છે. અલ્લાહ જલ્લશાનહુએ કુર્આનમાં જે કંઈ ફર્માવ્યું છે તે તથા નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે કંઈ ફર્માવ્યું છે તે સંપૂર્ણ પણે હક્ક છે. અને અમે ઈમાન લાવીએ છીએ કે જે માણસ શરીઅતમાં જરા બરાબર પણ વધઘટ કરશે કે ફર્ઝોને છોડી દેશે તે બે ઈમાન અને ઈસ્લામથી ખારિજ છે. અમારી જમાઅતના લોકોને અમે નસીહત કરીએ છીએ કે તેઓ સાચા દિલથી કલ્મએ તૈયબ **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** પર ઈમાન લાવે અને તેના પર જ મરે, અને તમામ અંબિયા તેમજ જે કિતાબોની સચ્ચાઈનું વર્ણન કુર્આન શરીફમાં કરવામાં આવ્યું છે એ બધા ઉપર ઈમાન લાવે. ખુદા તઆલાએ તથા તેના રસૂલે નમાઝ, હજ્જ, ઝકાત વગેરે જે કંઈ ફર્ઝો નક્કી કર્યા છે તેને ફર્ઝ સમજે તેમજ જેની મનાઈ ફર્માવી છે તેનાથી દૂર રહે. અને ઠીક ઠીક પ્રમાણમાં ઈસ્લામ પર કાયમ રહે. મતલબ કે, સલ્ફ સાલેહીન લોકોએ જે કામોને માન્ય રાખ્યાં અને એહલે સુન્નત વલ જમાઅતના બહુ મોટા વર્ગે જે કામોને અપનાવ્યાં છે તે બધાને માનવું ફર્ઝ છે.

કાદિયાની જમાઅતના ઉપરોકત અકીદાઓ વાંચ્યા પછી હવે એના ખત્મે નબુવ્વતના ખાસ અકીદાથી વાકફે થાઓ. તેઓ લખે છે કે :–

**બાઅઝ લોગ યે ખયાલ કરતે હૈં અહમદી ખત્મે નબુવ્વત કે કાઈલ નહીં હૈ. ઔર રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم કો ખાતેમુન્નબિય્યીન**

**નહીં માનતે, યે મહઝ ધોકા ઔર ના વાકિફિયત કા નતીજા હૈ. જબ અહમદી અપને આપકો મુસલમાન કહતે હૈં ઔર કલ્મએ શહાદત પર યકીન રખતે હૈં તો ક્યૂં કર હો સકતા હૈ કે વો ખત્મે નબુવ્વત કે મુન્કિર હોં ઔર રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم કો ખાતેમુન્નબિય્યીન ન માનેં ? કુર્આને કરીમમેં સાફ તૌર પર અલ્લાહ ફર્માતા હૈ :–**

مَاكَانَ مُحَمَّدٌاَبَااَحَدٍمِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔

*–(સૂરએ અહઝાબ)*

**મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તુમમેં સે કિસી જવાન મર્દ કે બાપ ન હૈં ઔર ન આઈન્દા હોંગે લેકિન અલ્લાહ તઆલા કે રસૂલ ઔર ખાતમુનબિય્યીન હૈં. કુર્આને કરીમ પર ઈમાન રખનેવાલા આદમી ઈસ આયત કા ઈન્કાર કિસ તરહ કર સક્તા હૈ ? પસ અહમદીયોંકા હરગિઝ યે અકીદા નહીં કે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નઊઝુબિલ્લાહ ખાતેમુન્નબિય્યીન નહીં થે ! જો કુછ અહમદી કહતે હૈં વો યે હૈ કે ખાતેમુન્નબીય્યીન કા વો માઅના જો ઈસ વકત મુસલમાનોંમેં રાઈઝ હૈ ન તો કુર્આન કરીમકી મઝકૂરા બાલા આયત પાક ચસ્પા હોતે હૈં ઔર ન ઉનસે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم કી ઈજ્જત ઔર શાન ઉસ તરહ ઝાહિર હોતી હૈ જિસ ઈજ્જત ઔર શાનકી તરફ ઈશારા કિયા ગયા હૈ.** *(પૈગામે અહમદીયત, પેજ–૧૦)*

**સાર** : કેટલાક લોકો એમ માને છે કે અહમદિયા (કાદિયાની જમાઅત) ખત્મે નબુવ્વતને માનતા નથી અને રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખાતેમુન્નબિય્યીન નથી માનતા. એ ધોકાબાજી અને અજ્ઞાનપણું છે. જ્યારે અહમદી પોતાની જાતને મુસલમાન ગણાવે અને કલ્મએ શહાદત પર યકીન રાખે છે તો પછી એવું કઈ રીતે કહી શકાય કે તેઓ ખત્મે નબુવ્વતના મુન્કિર છે ? અને રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખરી નબી નથી માનતા ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું આખરી નબી હોવાનું ફર્માન કુર્આને



કરીમમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

مَاكَانَ مُحَمَّدٌاَبَااَحَدٍمِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔

*–(સૂરએ, અહઝાબ)*

કુર્આન પર ઈમાન રાખનાર માણસ આ આયતનો ઈન્કાર કઈ રીતે કરી શકે છે ? અહમદીયોનો એવો અકીદો નથી કે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ખાતમુન્નબીય્યીન નથી. (અલ્લાહની પનાહ !) પરંતુ અહમદીયોનું કહેવું એ છે કે આજના મુસલમાનોએ ખાતેમુન્નબીય્યીનનો જે અર્થ ઘટાવ્યો છે તે કુર્આને કરીમની ઉપરોકત આયતને બંધ બેસતો નથી. તેમ રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જે શાનો–શૌકત આયતે કરીમામાં રજુ કરેલી છે તે પણ આજના મુસલમાનોના ઘટાવેલા અર્થ પ્રમાણે જાહેર થતી નથી.

## ★ ખત્મે નબુવ્વતના ઈન્કાર પર તબ્લીગી જમાઅત અને કાદિયાની જમાઅતનો એકમત ★

કાદિયાની જમાઅતની ઉપરોક્ત ઈબારતથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે તેઓ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખાતેમુન્નબિય્યીન માને છે પરંતુ તેઓ ખાતેમુન્નબિય્યીનનો જે અર્થ આમ મુસલમાનોએ કર્યો છે તેનો ઈન્કાર કરે છે ! અને તેથી જ તેઓને ખત્મે નબુવ્વતના મુન્કિર કહેવામાં આવે છે. હવે આપણે એ જોવું છે કે, આમ મુસલમાનોએ ખાતેમુન્નબીય્યીનનો શું અર્થ કર્યો છે અને સૌથી પહેલાં એ અર્થનો ઈન્કાર કોણે કર્યો ? તો એ જાણવા માટે કાદિયાની કિતાબનો નીચેનો ફકરો વાંચો :–

**તમામ મુસલમાન ફિર્કોં કા ઈસ પર ઈત્તેફાક હૈ કે સરવરે કાએનાત હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ખાતેમુન્નબિય્યીન હૈં. ક્યૂં કે કુર્આને મજીદ કી નસ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔ મેં આપકો ખાતેમુન્નબિય્યીન કરાર દિયા ગયા હૈ. નીઝ ઈસ અમ્ર પર ભી તમામ મુસલમાનોંકા ઈત્તેફાક હૈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કે લિએ લફ્ઝ ખાતેમુન્નબિય્યીન બ તૌરે મદહો ફઝીલત કી ક્યા માઅની હૈ ? યકીનન ! ઈસકે માઅના ઐસે હી હોના ચાહિએ**

**જિનસે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم કી ફઝીલત સાબિત હો.**

**ઈસ બિના પર હઝરત મૌલ્વી મહમદ કાસિમ સાહબ નાનોત્વી બાનીએ મદ્રસએ દેવબંદને અવામ કે માઅનોં કો નાદુરસ્ત કરાર દિયા હૈ. આપ તહરીર ફર્માતે હૈં, અવામ કે ખયાલમેં તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કા ખાતિમ હોના બઈં માઅ્ના હૈ કે આપ કા ઝમાના અંબિયાએ સાબિકકે ઝમાને કે બાદ હૈ ઔર આપ સબમેં ''આખરી'' નબી હૈ. મગર એહલે ફહમ પર રોશન હોગા કે તકદ્દુમ ઔર તઅખ્ખુર ઝમાનેમેં બિઝ્ઝાત કુછ ફઝીલત નહીં. ફિર મકામે મદહમેં وَلٰکِنۡ رَّسُوۡلَ اللّٰہِ وَخَاتَمَ النَّبِیّٖنَ۔ ફર્માના ઈસ સૂરતમેં ક્યૂં કર સહીહ હો સક્તા હૈ.** *(રિસાલા તહઝીરુન્નાસ, પેજ–૩ તથા રિસાલા ખાતેમુન્નબિય્યીન કે બેહતરીન માઅના, પેજ–૪, પ્રગટકર્તા, દેવબંદ)*

**સાર** : તમામ મુસલમાન ફિર્કાઓનું માનવું છે કે સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم આખરી નબી છે. કેમ કે કુર્આને મજીદમાં આખરી નબી હોવાનું સ્પષ્ટ ફર્માન છે અને તમામ મુસલમાનો આ વાત સાથે પણ સહમત છે કે, ખાતમુન્નબિય્યીનો શબ્દ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'રીફ અને ફઝીલતના અર્થમાં વપરાયો છે. હવે પ્રશ્ન એ રહે છે કે, ખાતમુન્નબિય્યીન એટલે શું ? યકીનન ! એનો અર્થ એવો જ થવો જોઈએ કે જેનાથી આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફઝીલત અને તા'રીફ સાબિત થાય.

દેવબંદના મદ્રસાના સ્થાપક મૌલ્વી મુહમદ કાસિમ સાહબ નાનોત્વી લખે છે કે; આમ લોકો ખાતેમુન્નબિય્યીનનો અર્થ એવો કરે છે કે તેઓનો જમાનો અગાઉના નબીયોના જમાના પછીનો છે અને તેઓ સૌથી આખરી નબી છે. પરંતુ આ ખ્યાલ ખોટો છે કેમકે આગળના કે પાછળના જમાનામાં કોઈ ખાસ ફઝીલત નથી અને એવા સંજોગોમાં ખાતેમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી કરવો સાચો નથી. તા'રીફ અને પ્રસંશા માટે જ એ શબ્દ વપરાયો છે.

કાદિયાની કિતાબનો ઉપરોક્ત ઈબારતોથી નીચે જણાવેલી કેટલીક વાતો આપણી જાણવામાં આવી :–



**(૧)** પહેલી વાત તો એ જાણવા મળી કે મૌલાના કાસિમ સાહેબ નાનોત્વીના કહેવા પ્રમાણે ''ખાતેમુન્નબીય્યીન'' ના લફઝથી હુઝૂરને ''આખરી નબી'' સમજવાએ (મઆઝલ્લાહ ! ) અણસમજુઓનો ખ્યાલ છે. સમજદાર માણસો ખાતેમુન્નબીય્યીન લફઝથી હુઝૂરને ''આખરી નબી'' નથી માનતા અને તે સમઝદાર માણસોમાં મૌલાના નાનોત્વીનો પણ સમાવેશ થાય છે.

**(૨)** બીજી વાત એ જાણવામાં આવી કે, રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આખરી નબી માનવાનો સૌથી પહેલો ઈન્કાર મૌલાના નાનોત્વીએ કર્યો, કેમકે કાદિયાની જમાઅતના લોકો આ વિષે નાનોત્વી સાહેબને પોતાના ઈમામ ગણે છે, જો કાદિયાની જમાઅતવાળાઓએ ઈન્કાર કરવામાં પહેલ કરી હોત તો તેઓ નાનોત્વી સાહેબની પેરવીનો દાવો કદી પણ કરત નહીં. જેમ કે કાદિયાની જમાઅતના એક લેખકે તદ્દન સ્પષ્ટ રીતે પોતાની કિતાબમાં એના સ્વીકાર કર્યો છે. તેના શબ્દો આ પ્રમાણે છે :–

**જમાઅત અહમદીયા ખાતેમુન્નબીય્યીન કે માઅનો ઔર તસરીહમેં ઉસી મસ્લક પર કાયમ હૈં જો હમને સતુરે બાલામેં જનાબ મૌલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી કે હવાલા જાત સે ઝિક્ર કિયા હૈ.** *(ઈફાદતે કાસિમિયા, પેજ–૧૬)*

**સાર** : ખાતમુન્નબિય્યીનનો અર્થ અને ખુલાસો મૌલાના કાસિમ સાહેબ નાનોત્વીએ આપ્યો છે તે જ તરીકા પર જમાઅતે અહમદીયા કાયમ છે.

**(3)** ત્રીજી વાત એ જાણવા મળી કે; ખાતેમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર કરવામાં મિર્ઝા કાદિયાની અને નાનોત્વી સાહેબ બંનેના વિચારો અને દલીલો એકબીજાને પૂરેપૂરી રીતે મળતી આવે છે. ત્યાં પણ હુઝૂરે પાક સાહેબે લૌલાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુઝુર્ગી અને શાનનો સહારો લેવામાં આવ્યો છે અને અહીં પણ તા'રીફનો મુકામ કહીને હુઝૂરની બુઝુર્ગી અને ફઝીલત ગણાવવામાં આવી છે. ત્યાં એમ કહેવામાં આવ્યું કે, આ અર્થ આમ લોકોમાં પ્રચલિત છે જ્યારે અહીં પણ કહી રહ્યા છે કે આ અર્થ આમ લોકોના વિચારો (માન્યતા) છે.

મતલબ કે બંને જણાના વિચારો એક સરખા જ છે. આટલું મહાન સરખાપણું હોવા છતાં પછીથી પણ કોઈ કહી શકશે ખરો કે બંનેના દ્રષ્ટિપાત જુદા જુદા છે ?

જો દુનિયામાં ઈન્સાફ બાકી હોય તો આ વાતનો ઈન્કાર થઈ શક્તો જ નથી કે કાદિયાની અને દેવબંદ બંને એક જ તસ્વીરની બે બાજુઓ છે. બંને એક જ મંઝિલના મુસાફરો છે. પરિણામે તફાવત ફકત એટલો છે કે કોઈ મંઝિલે પહોંચી ગયો છે અને કોઈ હજુ રસ્તામાં છે ! પરિણામે હુઝૂરે અકરમ ﷺ ના આખરી નબી હોવાના ઈન્કાર કરવાના કારણે જો કાદિયાની જમાઅતને ખત્મે નબુવ્વતના મુન્કિર કહેવું બરાબર છે તો એ જ ઈન્કારની બુનિયાદને કારણે તબ્લીગી (દેવબંદી જમાઅત) ને પણ ખત્મે નબુવ્વતના મુન્કિર કહેવામાં કોઈ વાંધો નથી. તમે કહેશો કે કાદિયાની જમાઅતના લોકો હુઝૂર ﷺ ના પછી એક નવા નબીને માને છે એટલે તેમને ખત્મે નબુવ્વતના મુન્કિર કહેવામાં આવે છે. તો હું કહું છું કે એ અકીદો તો તબ્લીગી જમાઅતનો પણ છે. એમની કિતાબ ''તહઝીરુન્નાસ'' માં લખ્યું છે કે :–

**અગર બિલફર્ઝ આપકે ઝમાનામેં ભી કહી ઔર નબી હો જબ ભી આપકા ખાતિમ હોના બ દસ્તૂર બાકી રહતા હૈ.** *(પેજ–૧૪)*

**અગર બિલફર્ઝ બાદ ઝમાનએ નબવી સલ્અમ કોઈ નબી પેદા હો તો ફિર ભી ખાત્મિયતે મુહમ્મદીમેં કોઈ ફર્ક નહીં આએગા.** *(પેજ–૨૮)*

**સાર** : જો આપના જમાનામાં પણ કોઈ જગ્યાએ બીજા કોઈ નબી હોત તો પણ એમનું આખરી હોવું બદસ્તૂર બાકી રહે છે.

જો નબવી ﷺ ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ ખાત્મિયતે મુહમ્મદીમાં કોઈ ફર્ક પડશે નહીં.

જરા વિચારો ! જ્યારે તબ્લીગી જમાઅતમાં હુઝૂર ﷺ પછી બીજા નવા નબી થઈ શકે છે એવી માન્યતા છે અને એમાં એમને શરીઅતી નુકસાન નડતું નથી તો પછી કાદિયાની જમાઅતનો એનાથી વધારે કયો



મોટો ગુનોહ છે ? જે વસ્તુ તબ્લીગી જમાઅતની નજીક શક્ય દેખાતી હતી તેને કાદિયાનીઓએ હકીકત બનાવી દીધી ! **અસલ કુફ્ર તો નવા નબીની શકયતાનો અકીદો રાખવા સાથે છે જ્યારે મઆઝલ્લાહ ! એમની નજરે તે કુફ્ર ગણાતું નથી તો પછી નબુવ્વતના બીજા કોઈ નવા દાવેદાર બાકાત રાખવા માટે કયા કારણો બાકી રહ્યાં ? પરિણામે મૂળ સવાલના લિહાઝથી તબ્લીગી જમાઅત અને કાદિયાની જમાઅત વચ્ચે કોઈ મોટો ફર્ક નથી.** મારા આ અભિપ્રાય પર જો તબ્લીગી જમાઅતના લોકોને વિરોધ હોય તો હું એમને દરખાસ્ત કરૂં છું કે તેઓ ખુલ્લી રીતે લોકોમાં જાહેર એલાન કરી દે કે તહઝીરુન્નાસ તેમની પોતાની કિતાબ નથી અથવા તો એમાં હુઝૂર ﷺ ના આખરી નબી હોવાનો ખયાલ છે એમ કહીને જે ખોટી વસ્તુ રજૂ કરવામાં આવી છે તે અકીદા સાથે અમે સહમત નથી. અને જો તેઓ આ પ્રમાણે જાહેર એલાન કરી શકતા ન હોય તો ઈસ્લામી દુનિયાનો જે આક્ષેપ કાદિયાની જમાઅત પર છે તે જ આક્ષેપ તબ્લીગી જમાઅત પર પણ સાબિત છે એમ માનવું પડશે.

આ બધી ચર્ચા દ્વારા મારા કહેવાનો મતલબ એ છે કે, ખત્મે નબુવ્વતના ઈન્કારની બુનિયાદ પર જો કાદિયાની જમાઅતની ચળવળ સાચા મુસલમાન માટે પસંદ કરવા લાયક વસ્તુ નથી તો એ જ કારણે તબ્લીગી ચળવળ સાચા મુસલમાન માટે અયોગ્ય ગણવામાં કોઈ વાંધો નથી. કાદિયાની જમાઅતના લોકો પણ કહેવાની હદ સુધી તો ઈસ્લામનું જ નામ લે છે પણ જ્યાં કરવાનો સવાલ છે ત્યાં તેમની ફરિયાદ ફક્ત કાદિયાની જમાઅતથી જ નથી પણ તબ્લીગી જમાઅતથી પણ છે, તે લોકો પણ ઈસ્લામનું નામ લઈ કુફ્રની તબ્લીગ કરે છે અને આ લોકો દીનનો ડંકો વગાડીને બેદીન બનાવવાની કાર્યવાહી ચલાવે છે. સાચા અકીદાની સલામતીને બંનેથી નુકસાન છે.

આટલા ખુલાસા પછીથી તબ્લીગી જમાઅતની નુકસાનકારક પ્રવૃત્તિઓને અનુભવવા માટે દિમાગનો કોઈ ખૂણો અંધારામાં રહી ગયો હોય તો પાછળના પૃષ્ઠો ઉલટાવી છઠ્ઠા વિભાગનો અભ્યાસ કરો.

[પ્રકરણ : ૬]

# એક મુંઝવણનો ઈલાજ

તબ્લીગી જમાઅત વિષે મેં જેટલી વાતોનું વર્ણન કર્યું છે તેને જો તમે હકીકતની સાથે સરખાવવા જશો તો તમારે ખૂબ પરેશાનીઓનો સામનો કરવો પડશે, તમે કહેશો કે તબ્લીગી ઈજતેમાઓમાં તેમની તકરીરો (વાઅઝો) સાંભળવામાં આવે છે તો ફક્ત ઈસ્લામની સારી સારી વાતો અને સુધારણાની વાતો જ કહેવામાં આવે છે. ધાર્મિક મતભેદો અને અકાઈદોના મસઅલા ઉપર તેઓ ઈજતેમાઓમાં જરા સરખો પણ પ્રકાશ પાડતા નથી તો પછી તેમના પર બીજાના ધર્મને બદલવાનો આક્ષેપ કઈ રીતે લગાડી શકાય ? તો હું કહીશ કે **એ તબ્લીગી જમાઅતની પોલીસી છે, મકસદ નથી.** પોલીસી અને મકસદ બંને વચ્ચેનો ભેદ જો ઓળખવામાં ન આવે તો તબ્લીગી જમાઅત એકલાથી નહીં પરંતુ દુનિયાની બીજી એવી ઘણી જમાઅતોથી ધોકો ખાઈ જવાય, મોટામાં મોટી નુકસાનકારક અને ગુમરાહ જમાઅત પણ સામે આવીને એમ નથી કહેતી કે તે લોકોના મઝહબ અને અકીદાઓને બદલવા માટે ઊભી થઈ છે.

દા'વતના શબ્દો હમેશાં આકર્ષક અને ખરાબી વગરના હોય છે. વિચારોનો શિકાર સ્ટેજ પર કરવામાં નથી આવતો પરંતુ પોતે તૈયાર કરેલી વિચારસરણીના વાતાવરણમાં થાય છે. સ્ટેજ પર તો અકલમંદી અને સમજદારીની સારી સારી વાતો એવી રીતે કરવામાં આવે છે જેમ બને તેમ વધારે અજાણ માણસો પોતાના વર્તુળમાં આવી જાય, આ જગ્યાએ તમે એવો સવાલ કરશો કે, પોતાની પોલીસી સિવાય પણ તબ્લીગી જમાઅતનો બીજો કોઈ મકસદ છે ? અને તે મકસદને હલ કરવા માટે તે લોકો કઈ રીત અજમાવે છે ? તો હું આપને વિનંતિ કરું છું કે તમારા આ



સવાલોના નિરાકરણ માટે નીચેની ચર્ચાને ઈન્સાફથી વાંચજો, મને વિ□ાસ છે કે થોડાંક પૃષ્ઠો ફેરવ્યા પછી તમારું દિલ પોકારી ઉઠશે કે, જે હકીકત હું બતાવી રહ્યો છું તે ખોટી નથી પણ તદ્દન સત્ય છે.

## વિચારોને બદલવાની (બ્રેઈન વોશિંગની) અમુક વિવિધ પદ્ધતિઓ

### ★ તબ્લીગી ગશ્ત ★

તબ્લીગી જમાઅતોનો સૌથી ઊંડો ભેદ કે જેના પર આજ સુધી પડદો પડેલો છે તે એ છે કે એના પ્રચારકો જાહેર ઈજતેમાઓમાં કદી પણ એવું દેખાવા નથી દેતા કે તેઓ આમ મુસલમાનોના મઝહબ અને અકાઈદોને ફેરવવા ઉપસ્થિત થયા છે. પરંતુ સાચુ પૂછો તો **શિકાર કરવા માટેનું તેમનું મુખ્ય મેદાન તબલીગી ગશ્ત છે.** જેમાં તેઓ પોતાની સાથેના ભલા ભોળા મુસલમાનોને ગામડે, શહેર શહેર ફેરવે છે. તેના પ્રચારકો દરેક જગ્યાએ પોતાની તકરીરોમાં આ વાત ઉપર ખૂબ ખૂબ ભાર મૂકે છે કે લોકો એમની સાથે ગશ્તમાં નીકળે ''ચલત ફિરત'' (હરવું ફરવું) તબ્લીગી જમાઅતની એક ઈસ્તેલાહ છે અને તેને એટલી બધી જરૂરી ગણવામાં આવે છે કે ઈજતેમાઅમાંથી રફતાર (તબ્લીગી ગશ્ત) માટે જો કોઈ તૈયાર ન થાય તો તેને સફળ ઈજતેમાઅ સમજવામાં નથી આવતો.

તબ્લીગી ગશ્તને તે લોકો એટલા માટે વધુ જોર આપે છે કે સફરની હાલતમાં માણસ પોતાની દુનિયાથી છૂટો પડી પોતાની સાથે સફર કરનાર પર ભરોસો રાખતો હોય છે. કોઈ માણસને શીશામાં ઉતારવા માટે તન્હાઈ (એકલાપણું) અને ફુરસદનો સમય ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. એમાં પ્રથમ પગલું માંડતાં જ જમાઅતના અમીરની આગેવાની અને તેમની સાથે દીની બંધનોનો આજીજાના ખયાલ દિમાગમાં સામેલ કરી દેવામાં આવે છે. પરિણામે સફરમાં ભાગ લેનારાઓમાંથી કોઈ પણ વ્યક્તિ વાતાવરણની પકડમાંથી છટકી શકે નહીં.

આ રીતે પ્રથમ મુલાકાતમાં જ જમાઅતના અમીરના હાથમાં એમના સાથીદારોના તમામ કાર્યો તથા સમયનો અખત્યાર આવી જાય છે. ત્યારબાદ તાબેદાર સેવકોની આ ટોળી કોઈ આબાદીમાં પહોંચી ત્યાંની કોઈ મનપસંદ મસ્જિદમાં મુકામ કરે છે. જમાઅતના અમીરની સરદારી હેઠળ વસ્તીમાં ગશ્ત કરીને પાછા ફર્યા બાદ એક ખાસ ''મજલિસે તા'લીમ'' ભરાય છે જેમાં બહારના લોકો ભાગ લેતા નથી. દિમાગ વિચારો પર તરાપ મારવાની આ એક નાજુક ઘડી હોય છે કે જેની પકડમાંથી બચવું દરેક માણસનું કામ નથી

## ★ ચિલ્લા અથવા દિમાગી તતહીરનો અમલ ★

તબ્લીગી જમાઅતના પૂરાના કારકુનો ''માનસ પવિત્ર'' કરવાનો અમલ અહીંથી શરૂ કરે છે. દિમાગી તતહીર (બ્રેઈન વોશિંગ) એક ઈસ્તેલાહી શબ્દ છે એનો અર્થ એ થાય છે કે કોઈ પણ નવા આદમીને વિચારોની રીતે એટલો બદલી નાખવામાં આવે છે કે તે ચારે બાજુથી અલગ થઈ ફક્ત જમાઅત સાથે જ બંધાઈ જાય અને જમાઅતના વિચારોના વાતાવરણને અનુકૂળ થવા માટે તે પોતાના ભૂતકાળની તમામ વસ્તુઓને ભૂલી જાય. દિમાગી તતહીરનું કામ ધીરે ધીરે આગળ વધે છે. એક સફર પૂરી થયા પછી બીજી વાર બીજા નવા માણસોને લાંબી સફર માટે તૈયાર કરવામાં આવે છે.

તબ્લીગી ગશ્તોના પરિણામે પ્રાદેશિક કારકુનોની સાથે સારો સંબંધ બંધાઈ જાય છે અને સંબંધ ધીમે ધીમે એટલો બધો ગાઢ બની જાય છે કે થોડા સમય પછી ભલા ભોળા મુસલમાનોનો કાફલો ચાલીસ દિવસના ચિલ્લા માટે મર્કઝે નિઝામુદ્દીન, દિલ્હી તરફ રવાના થઈ જાય છે. ત્યાં પહોંચ્યા પછી તબ્લીગી જમાઅતના કાર્યવાહક ઉલ્માનું ટોળું તેમને મળે છે અને તેમની દોરવણી નીચે રાત દિવસની પ્રત્યેક ઘડી તેમણે પસાર કરવી પડે છે. ૪૦ દિવસના આ વાતાવરણમાં રાત દિવસ તબ્લીગી જમાઅતના ફાયદાઓ, કરામતો, પ્રગતિની વાતો, મર્કઝી અમીરની પવિત્રતા, તૌહીદના અકીદાના ઈમાનને લૂંટનારી કિતાબો શિર્ક બિદઅતના ખોટા અર્થો અને અકાબિરે દેવબંદની ચર્ચાઓ એમના દિમાગમાં એવી ઘર કરી બેસે છે કે છેવટે તેઓ તબ્લીગી જમાઅતના કોઈ ''શૈખ'' ના મુરીદ



બની જાય છે અથવા તો તેઓને સમજાવીને મુરીદ બનાવી દેવામાં આવે છે. આ રીતે તેમને પોતાની જમાઅત અને તેની ચળવળના કાયમ માટેના ગુલામ બનાવી દેવામાં આવે છે. અગાઉના વખતમાં મૌલાના અશરફઅલી થાનવી, મૌલાના હુસૈન અહમદ અને મૌલાના અબ્દુર્રહીમ કાયપુરી વગેરે તબ્લીગી જમાઅતના જાણીતા ''શૈખો'' હતા. આજે એ હોદ્દા ઉપર મૌલાના ઝકરિયા સહારનપુરી છે.

આ મંઝિલો ઉપરથી પસાર થયા બાદ કોઈને એવું કહેવાની જરૂર નથી પડતી કે તમે તમારો જૂનો ધર્મ બદલી કાઢો, તમારા જૂના અકીદાઓ છોડી દો. રસૂલે મુજતબાની બુઝુર્ગીને તમારા દિલમાંથી કાઢી નાંખો, ખાનકાહી રીત રસમોને શિર્ક ગણો, દરગાહોથી સનમખાનાઓ (મૂર્તિઓ)ની જેમ નફરત કરો, પરંતુ વાતાવરણની અસર અને નવા સંબંધોના દબાણથી ખૂદબ ખૂદ માણસનું દિમાગ એટલું બધું બદલાય જાય છે કે તે એક પછી એક આ બધા અકાઈદો અને રીત રિવાજોને પોતાની જાતે જ છોડી દે છે અને આ માનસિક ફેરબદલીની શરમજનક વાત તો એ છે કે સેંકડો વર્ષોથી પોતે અપનાવેલ ધર્મ અને અકીદાઓને બાતિલ સમજી ઠુકરાવી દેતાં એમને જરા પણ પસ્તાવો થતો નથી. બલ્કે તેઓ પોતાના સાચા દીનનું ખૂન કરીને પણ ખુશીમાં એટલા બધા ગરકાવ થાય છે કે જાણે તેઓ બેદીનીની જિંદગીમાંથી નીકળી હવે દીનના સાચા રસ્તા ઉપર આવવા લાગ્યા છે !

**આ છે તબ્લીગી જમાઅતની તે "ખામોશ કત્લ" કે જેમાં લોહીનું એક ટીપું પણ ટપકતું નથી.** તલવારની ધાર પર લોહીનો એક ધબ્બો પણ નજરે નથી પડતો. જ્યારે આજ સુધીમાં તે લાખો મુસલમાનોના દીન અને ઈમાનનું ખૂન કરી ચૂકી છે. તબ્લીગી જમાઅતના આ છુપા તરીકા વિશેનું મારું આ બયાન મારા પોતાના દિમાગનું લખેલું નથી પરંતુ મર્કઝી અમીર મૌલાના મુહમ્મદ યૂસુફ સાહેબે પોતે એક પત્રમાં આ તરીકાનો ભેદ ખોલ્યો છે. લેખકના તે પત્રની અસલ કોપી મારી પાસે મૌજૂદ છે જેને એ પત્ર જોવો હોય તે ખુશીની સાથે મારી પાસેથી જોઈ શકે છે. લેખકના એ પત્રને વાંચતા પહેલાં એમણે જે પત્રના જવાબમાં સદર

પત્ર લખ્યો હતો તેને ધ્યાનથી વાંચવો વધારે ફાયદાકારક થઈ પડશે. એટલે પ્રથમ એમને પૂછેલા નીચેના પ્રશ્નથી વાકફે થાઓ :–

## ★ અમીરે જમાઅત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબના નામે એક અતિ મહત્વનો પત્ર ★

મુકર્રમ બંદા હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ,
અમીર તબ્લીગી જમાઅત, બસ્તી નિઝામુદ્દીન, દિલ્હી

**બાઅ્દ હદીયએ મસ્નૂન કે ગુઝારિશે ખિદમત યે હૈ કે અપને હલકે કે કુછ લોગ તબ્લીગી જમાઅત કે ઈસ તરીકએ કાર પર મોઅતરિઝ હૈ કે ઈસ લોગ અપની દા'વતો તબ્લીગમેં સિર્ફ અમલકી ઈસ્લાહ પર જોર દેતે હૈં, અકાઈદ દુરસ્ત કરનેકી ઉન્હેં મુતલક ફ્રિક નહીં હૈ. જબ કે હિંદુસ્તાન કે અકસર મુસલમાન રહ ગયે હૈં. ગૌરસે દેખા જાએ તો ઉનકી ઝિંદગીકા અકસર હિસ્સા શિર્કિયા રસમોમેં ડૂબા હુઆ હૈ. હમને અપને તૌર પર ઉન મોઅતરિઝકો સમઝાનેકી બહોત કોશિશ કી લેકિન ઉનકી તસ્કીન નહીં હુઈ. અબ આં જનાબકો અગર જેહમત ન હો તો અપને કિંમતી વક્તમેંસે કુછ હિસ્સા નિકાલ કર હમ લોગોંકો મુતમઈન ફર્માએં તા કે ભરપુર ઉમંગોકે સાથ જમાઅતકા કામ આગે બળ્હ શકે.**

આપકા મુખ્લિસ,
અબ્દુત્તૌહીદ જમશેદપુર

## ★ ઉપરોકત પત્રનો ટૂંક સાર ★

જમશેદપુરના મૌલાના અબ્દુત્તૌહીદ, દિલ્હીના હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ (તબ્લીગી જમાઅતના અમીર) ને એક પત્ર લખી જણાવે છે કે અમારા વિભાગના કેટલાક લોકો તબ્લીગી જમાઅતના કામથી વાંધો ઉઠાવે છે, અને કહે છે કે એ લોકો પોતાની તબ્લીગની દા'વતમાં ફક્ત અમલની સુધારણા ઉપર જ ભાર મૂકે છે, અકાઈદને



દુરસ્ત કરવાની એમને જરા પણ ફિકર નથી. હિંદુસ્તાનના ઘણા ખરા મુસલમાનો ફક્ત નામના મુસલમાન રહી ગયા છે, જો ધ્યાનથી જોવામાં આવે તો એમનો જિંદગીનો મોટો ભાગ શિર્કિયા રિવાજોમાં ડૂબેલો છે. એ વિરોધ કરનારાઓને અમે અમારી રીતે સમજાવવાની ખૂબ કોશિશ કરી પરંતુ તેમને સંતોષ થતો નથી. આપ સાહેબને જો કોઈ મુશ્કેલી ન હોય તો આપના કિંમતી સમયમાંથી થોડો ભાગ કાઢી અમને સંતુષ્ઠ કરો કે જેથી જમાઅતનું કામ ભરપુર ઉમંગોની સાથે આગળ વધી શકે.

હવે તબ્લીગી જમાઅતનો ભાંડો ફોડતો મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબનો જવાબ વાંચો :–

## ★ અમીરે જમાઅત મૌલાના મુહમ્મદ યૂસુફનો રહસ્યપૂર્ણ પત્ર ★

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ્**

**મુકર્રમ બંદા, વફક્કોમુલ્લાહો વઈય્યાના લિમા યોહિબ્બો વયરદા.**

**અસ્સલામો અલયકુમ વરહમતુલ્લાહે વબરકાતોહુ,**

**ઈનાયતનામા પહોંચા. એહવાલ ચંદ દરજાસે આગાહી હૂઈ. જવાબન્ અર્ઝ હૈ હઝરત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ કુદ્દેસસિર્રહૂને જો તબ્લીગી કામકો શુરૂ ફર્માયા ઔર સારે આલમકે ન સિર્ફ મુસલમાનોં કો બલ્કે ઈન્સાનોંકો ઉસકી દા'વત દેનેકી નિય્યત ફર્માકર જારી ફર્માયા. ઉસકે બુનિયાદી ઉસૂલ અગર સામને હોં તો ઈસ કામકે કરનેમે ઝરા દિક્કત મેહસૂસ ન હો. એઅતેરાઝાત તો કીયે હી જાતે હૈં મગર એતેરાઝાતકે જવાબમેં પળનેસે અપના કામ નહીં ચલતા હૈ ઔર જિનકા જવાબ દેતે હૈ વો ઈસ કામસે કટ જાતે હૈં.**

**હમારા તબ્લીગી કામ સિર્ફ અમલે સાલેહ કે લીએ નહીં હૈં બલ્કે અવ્વલ યે ઈમાની તહરીક હૈં બાદમેં આમાલે સાલેહાકી**

તહરીક હૈ. અબ તક બીસ પચ્ચીસ સાલકે તજુર્બેસે યે હી માલૂમ હુઆ હૈ કે ''શિર્કિયા રસમોં'' ઔર ગુનાહોંકે છેડનેસે લોગ રસમોં ઔર ગુનાહોંકો છોળતે નહીં હૈ લેકિન ઉનકો સાથ લેકર જમાઅતોંમેં ફિરાયા જાએ. ઔર ઉનકે સામને કલ્મએ તય્યબહકા સહી મતલબ ઔર મુતાલેબા સામને આતા રહે તો રસમો ઔર ગુનાહોંકો ખૂદબખૂદ છોળ દેતે હૈં, યે હમારા તજરબા હૈ ઈસકો કૈસે જૂઠલાવેં ?

ઈખ્તેલાફી ચીઝોં કો હમ ઈસ લિએ નહીં છેળતે કે સબકો ઈસ કામમેં રહનેસે સમઝમેં આ જાતી હૈ લિહાઝા એક જમાઅત એહલે બવીસ્ત ઔર સમજદાર લોગોંકા ભેજીયે તા કે વો યહાં કે કામકી અસલ સાખ્તકો સમઝ સકેં ઔર મેવાત મેરઠ કે કામમેં લગકર કામકો સહી ઉસૂલોં પર સિખકર અપને યહાં કામ ચલા સકે. અસ્સલામ

બંદા મુહમ્મદ યૂસુફ અફીઅન્હો

બકલમે મુહમ્મદ આશિક ઈલાહી અફલ્લાહુઅન્હો

મદ્રસા કાશિફુલ ઉલૂમ, નિઝામુદીન દિલ્હી

## ★ ઉપરોક્ત પત્રનો સાર ★

મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ જવાબમાં લખે છે કે :–

હઝત મૌલાના ઈલ્યાસ સાહેબે ફક્ત મુસલમાનો માટે નહીં પરંતુ તમામ ઈન્સાનોને દાવત આપવાની નિય્યતથી જે તબ્લીગી કામ શરૂ કર્યું છે તેના મૂળ હેતોઓને નજર સમક્ષ રાખવામાં આવે તો તબ્લીગી કામ કરવામાં જરા પણ તકલીફ પડે નહીં. વાંધાઓ તો ઊભા થયા જ કરે પણ જો એ વાંધાઓના જવાબો આપવા જઈએ તો તેઓ આ કાર્યથી અલગ થઈ જાય છે અને આપણુ કામ ચાલતું નથી.

આપણું તબ્લીગી કામ ફક્ત નેક અમલો પૂરતું નથી, પ્રથમ તો એ એક ઈમાની ચળવળ છે અને ત્યારબાદ નેક અમલો માટેની ઝુંબેશ છે.



અત્યાર સુધીના વીસ પચ્ચીસ વર્ષના અનુભવ પરથી જાણવા મળ્યું કે, ''શિર્કિયા રિવાજો'' અને ગુનાહોંને છેડવાથી લોકો તે રિવાજો અને ગુનાહોને છોડતા નથી પરંતુ જો તેઓને સાથે લઈને જમાઅતોમાં ફેરવવામાં આવે અને તેમની સામે ''કલ્મએ તૈયબહ્'' નો સાચો અર્થ રજૂ કરવામાં આવે તો રિવાજો અને ગુનાહોને તેઓ આપમેળે જ  છોડી દે છે. આ અમારો અનુભવ છે એને કઈ રીતે જૂઠાડી શકાય ?!

મતભેદવાળી ચીજોને અમે એટલા માટે નથી છેડતા કે અમારે એ બધાંને એવાં કામોમાં લગાડવા છે કે જેની વાતો પત્રોમાં લખવાની નથી. અહીં મર્કઝમાં રહેવાથી સમજમાં આવી જાય છે એટલે સમજદાર લોકોની એક જમાઅતને અહીં મોકલી આપો કે જેથી તેઓ અહીંના કામની અસલ તરકીબને સમજી શકે અને મેવાત મેરઠના કામમાં લાગી જઈ તબ્લીગી કામના સહી ઉસૂલો શીખીને તેઓ તમારે ત્યાં કામ ચલાવી શકે... વસ્સલામ !

## ★ આંગળી ચીંધવાની જગ્યાઓ ★

આ પત્રના ખાસ જુમલાઓની ઓળખ માટે થોડાક ખુલાસો નીચે રજૂ કરૂં છું તેને ધ્યાનથી જુઓ :–

**(૧)** નુકતે ચીનીઓનો જવાબ આપવાથી કામ ચાલતું નથી અને જેઓને જવાબ આપીએ છીએ તેઆ આ કામથી દૂર (અલગ) થઈ જાય છે.

પહેલી જ વાર આ વાત સાંભળવામાં આવી કે જેઓને જવાબ આપીએ છીએ તેઓ આ કામથી દૂર હટી જાય છે. જ્યારે સામાન્ય રીતે કોઈપણ ચળવળના સંબંધી એવો શિરસ્તો છે કે સંતોષકારક જવાબો મેળવવાથી લોકોના દિમાગ વધારે સ્વચ્છ થઈ જાય છે અને ચળવળના કામોમાં ખૂબ જ તેજી આવી જાય છે પરંતુ અહીં તો હકીકત ઉલટી છે એનું કારણ આ સિવાય બીજું શું હોઈ શકે કે જવાબો આપવાથી અકીદાઓનો ભેદ ખુલ્લો થઈ જાય ? અને દિલની વાત ઝબાન પર લાવવી પડે ? એટલા માટે જે લોકો એમના જવાબની વાત સાથે સમંત નથી તેઓ એ કામથી અલગ થઈ જાય છે. નહીં તો જાહેર અને બાતિન જો

એક જ હોય તો પછી કોઈ વાતને જાહેર કરવામાં શું વાંધો છે ?

**(૨)** આપણું તબ્લીગી કામ ફક્ત નેક અમલ માટે નથી પરંતુ પ્રથમ એ એક ઈમાની ચળવળ છે અને ત્યારબાદ નેક અમલોની ઝુંબેશ.

નેક અમલોની રટ લગાડતાં લગાડતાં છેવટે ઈમાન અને અકીદાઓની વાત જીભ ઉપર આવી ગઈ ! **વિચારવાની વાત તો એ છે કે જ્યારે એ એક ઈમાની ચળવળ છે તો પછી અકીદાઓના સવાલથી દૂર ભાગવું કઈ રીતે શક્ય છે ?** એટલા માટે તબ્લીગી જમાઅતની નજીક મુસલમાનોના જે અકીદાઓ કુફ્ર, શિર્ક, બિદઅત અને હરામની યાદીમાં છે, તેની સુધારણાના કામને જ્યાં સુધી તબ્લીગી મકસદોમાં સામેલ કરવામાં નહીં આવે ત્યાં સુધી ઈમાની ચળવળનો મકસદ પણ પૂરો થવાનો નથી.

આ વાત કહ્યા વિના રહી શકાતું નથી કે જ્યારે હકીકત જ આ પ્રમાણે છે તો પછી તબ્લીગી જમાઅતના મૌલવીઓનું એમ કહેવું કે ''અમે લોકો ફક્ત અખ્લાક અને અમલની સુધારણા કરવા માટે ઊભા થયા છીએ, અકીદાઓથી અમને કોઈ સંબંધ નથી'' એ કેટલો મોટો જાહેરી ધોકો છે. **આંખોમાં ધૂળ નાંખીને કોઈને લૂંટી લેવો યકીનન ગુનાહનું કામ છે પરંતુ એનાથી પણ વધારે મોટો ગુનોહ તો એ છે કે, અમલની દુકાન ખોલીને એક મુસલમાનનું ઈમાન લૂંટી લેવામાં આવે.**

**(૩)** અત્યાર સુધી વીસ, પચ્ચીસ વર્ષના અનુભવ પરથી જાણવા મળ્યું છે કે, શિર્કિયા રિવાજો અને ગુનાહોને છેડવાથી લોકો તે રિવાજો અને ગુનાહોને છોડતા નથી પરંતુ જો તેઓને સાથે લઈને જમાઅતોમાં ફેરવવામાં આવે અને તેમની સાથે કલ્મએ તૈયબહનો અર્થ રજુ કરવામાં આવે તો રિવાજો અને ગુનાહોને આપમેળે જ છોડી દે છે. આ અમારો અનુભવ છે એને કઈ રીતે જૂઠાડી શકાય ?

## ★ આંખ ખાલો ! ★

આ છે ધર્મ પલ્ટો કરવાનો ખામોશ તરીકો ! જેને તબ્લીગી



જમાઅતવાળા એક મહત્વપૂર્ણ ભેદની જેમ છુપાવીને ફરતા રહે છે. પત્રો લખનારની શિર્કિયા રિવાજોથી શું મુરાદ છે તે અત્રે બતાવવાની જરા પણ જરૂર નથી કેમ કે અગાઉનાં પાનાંઓ ઉપર એની વિગતો રજૂ કરેલી છે.

જમાઅતમાં સાથે લઈને ફેરવવાના મકસદને બરાબર સમજી લે જો. જેમ કે હું કહી ચૂકયો છું કે, તબ્લીગી જમાઅતોની રફતારનો હેતુ એ સિવાય બીજો કંઈ જ નથી કે એક સાચા અકાઈદ ધરાવનાર મુસલમાનનો શિકાર કરી તેને પોતાના નિયત કરેલ માહોલમાં પહોંચાડી દેવામાં આવે.

આટલા બધા ખુલ્લા અને સ્પષ્ટ વર્ણન પછીથી પણ કોઈ માણસ તબ્લીગી જમાઅતના ગશતથી કોઈ પણ પ્રકારના દીની ફાયદાની આશા રાખે તો એ માણસ માટે આનાથી વધારે હલકો શબ્દ જોડણી કોષમાં શું મળવાનો છે કે તે પોતે જ દીન ઈમાનનો સૌથી મોટો દુશ્મન છે ? અને આ વાત પણ વિચારવા જેવી છે કે કલ્મએ તૈયબહનો એવો તે કયો સાચો મતલબ છે કે જેની અસર નીચે લોકો આપ મેળે જ ''શિર્કિયા રિવાજો'' ને છોડી દે છે ? કે જે રિવાજોને સદીઓથી ઈમાન અને ઈસ્લામના ભાગ રૂપે સમજવામાં આવ્યો છે ? કલ્મો પઢાવવો અને એનો મતલબ બયાન કરવાનો એ ભેદ આ જગ્યાએ ખુલ્લો પડી ગયો કે, ભય કલ્માથી નથી પણ કલ્માના તે મતલબથી છે કે જેને સાંભળીને ભલા ભોળા મુસલમાનોના મઝહબને બદલી નાંખવામાં આવે છે !

**"આ અમારો અનુભવ છે એને કઈ રીતે જૂઠાડી શકાય ?"**

આ વાક્યના અર્થનું મનન કરો. કહેવાનો મુખ્ય હેતુ એ છે કે વીસ પચ્ચીસ વર્ષના લાંબા ગાળામાં તમે જે રીતે સહી અકાઈદવાળા લાખો મુસલમાનોના ઈમાનને નાશ કર્યો છે એ અનુભવસિધ્ધ તરીકાને છોડી અમારે એવી રીત શા માટે અખત્યાર કરવી કે જેનાથી ભેદ જાહેર થઈ જાય અને મકસદ સુધી પહોંચી ન શકાય ? એક અનુભવસિધ્ધ કાર્ય અને અનુભવી શિકારીઓની જેમ પોતાના નિશાન પર કેટલું બધું યકીન છે તે વિચારો ! પ્રત્યેક શબ્દથી સત્યની પાયમાલીનું ખૂન ટપકી રહ્યું છે. આ અનુભવના પડદાની પાછળ જો ઝાંખીને જોવામાં આવે તો ધોકાબાજી

અને ફરેબથી ઘાયલ થએલાઓની લાશો (મૃતદેહો) નો એક ઢગલો નજરે પડશે કે જેઓને શરબત કહીને ઝેર પીવડાવવામાં આવ્યું. જેથી અંનત કમનસીબીની મોત તેઓ પર ચાલુ થઈ ગઈ !

## ★ ઈમાનની ગૈરતને પુકાર ! ★

આ સ્થળે મને એમ કેહવાની ઈજાઝત આપશો કે ઈમાન અને અકાઈદની સલામતી વિરૂદ્ધની તબ્લીગી જમાઅતની શરમજનક કાર્યવાહીઓના યકીન માટે હવે કોઈ પ્રશ્ન બાકી રહેતો નથી. તબ્લીગી જમાઅતના રહબરે પોતે જ એ ભેદને પોતાના મોઢેથી ઉચ્ચાર્યો છે, એટલા માટે હવે વિચારવાનું એ છે કે આ સન્નાટાજનક સ્પષ્ટીકરણ પછીથી આપણી ઈમાની ફરજ શું છે ?

શું આપણે આપણા ભલા ભોળા ભાઈઓને તે મઝહબના દુશ્મનોના શિકાર થવા માટે છોડી દેવા ? કે પછી ઘેર ઘેર જઈને તેઓને આ ભયથી જાણકાર કરવા કે તબ્લીગી ગશ્તથી લઈને કલ્મા અને નમાઝની દા'વત સુધીમાંની કોઈ પણ વસ્તુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લાવેલા મઝહબ સાથે સંબંધિત નથી ! એ લોકો દીનનું નામ ફક્ત એટલા માટે લે છે કે પોતે પોતાના બનાવેલા દીનથી તમારા મઝહબને બદલી શકાય.

ઈમાનવાળાઓ ખબરદાર થઈ જાવ ! આ બધા મઝહબી દેખાવની પાછળ એક ફેરબની જાળ પાથરેલી છે અને જેના વડે ભલી ભોળી ઉમ્મતનો શિકાર કરવામા આવે છે.

આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે સાચા દીનની સરબુલંબદી માટે ઘેરથી નીકળવું સવાબનું કામ છે પરંતુ બીજાના મઝહબને બદલી નાખવા માટે કોઈની સાથેની કળી એક કદમ પણ ચાલવું એ પોતાના મઝહબની હત્યા કરવા તરફ જાણીબુઝીને જવા માટેની પહેલ છે.

**(૪)** ''મતભેદવાળી ચીજોને અમે એટલા માટે નથી છેડતા કે બધાંને અમારે એ કામમાં લગાડવા છે.''



શું સમજ્યા તમે ? મતભેદવાળી ચીજોને ન છેડવાનું કારણ એ નથી કે ઉમ્મતમાં મતભેદ ઉભો કરવો એને અમે ખરાબ કૃત્ય ગણીએ છીએ અથવા મતભેદવાળા મસઅલાઓ સાથે જમાતને કોઈ નિસ્બત નથી, પરંતુ જાહેર ઈજતેમાઓમાં મતભેદવાળા મસઅલાઓથી અમે એટલા માટે દૂર રહીએ છીએ કે મુસલમાનોની અંદરના ''મુશ્રિક'' અને ''બિદઅતી'' ટોળાને પણ અમારે સાથે લેવું છે કે જેથી જમાઅતોમાં ફેરવીને એમના દિમાગોને બદલી શકાય. અને જો પહેલા જ કદમ પર અમે એને છેડીએ તો તેઓ ભડકી જાય અને અમારો સાથ છોડી દે.

જરા વિચારો ! હવે કોઈનું થીંગડું અમને શું સંતોષ આપી શકાવાનું છે ? કેમકે જ્યારે ખૂદ તબ્લીગી જમાઅતના મુખ્ય રેહબરની કલમે જ પડદાને ચીરી નાંખ્યો કે જાહેર ઈજતેમાઓમાં મતભેદવાળા મસઅલાઓની ચર્ચા એ લોકો શા માટે નથી કરતા ? હું આશા રાખું છું કે આ ખાસ વાતો સાંભળ્યા પછીથી જે લોકો તેમની તરફ સારા વિચારો ધરાવતા હશે તે લોકો પોતે આ વર્ણનના પ્રકાશમાં પોતાના અભિપ્રાય ઉપર ફરીથી નજર નાંખશે.

**(૫)** ''આ વાતો કાગળોમાં લખવાની નથી મર્કઝમાં રહેવાથી સમજમાં આવી જાય છે.''

આ વાક્યે તો દીની ઈખ્લાસનો બધો ભરમ ખોલી નાંખ્યો છે. દિલનો ચોર કલમની અણી પરથી સાફ દેખાઈ આવે છે. કારણ કે, દીનની વાતો કંઈ મિયાં બીબીના છુપા સંબંધોની ચીજો નથી કે જેને પત્રોમાં લખવા માટે યોગ્ય ન ગણાય, પરિણામે કલમની પાછળ ચોક્કસ રીતે આ ગુનાહિત ભાવના કામ કરી રહી છે કે દીનના નામ પર બેદીન બનાવવાની યોજના જો લખાણના બંધનમાં આવી જાય તો દીનની તબ્લીગનો તમામ ભાંડો દુનિયામાં જાહેર થઈ જાય.

''અહીં કેન્દ્ર (મર્કઝ)માં રહેવાથી સમજમાં આવી જાય છે.'' આ એક જ વાક્ય અસલ હકીકતની પૂરેપૂરી સાક્ષી આપે છે કે, જેને લોકો કેન્દ્ર (મર્કઝ) કહે છે તે ભોળા મુસલમાનોના દિમાગ અને વિચારોનો શિકાર કરવાની ઉત્તમ જગ્યા છે. નહીં તો એક સાધારણ અક્કલનો

આદમી પણ સમજી શકે છે કે જે વાત લખી શકતા નથી પણ કેન્દ્રમાં પહોંચતા આવી જાય છે તે કેવી ''ભેદવાળી''વાત હશે અને તેને સમજાવવા માટે કેન્દ્રમાં કેવી કેવી વ્યવસ્થા કરવામાં આવી હશે.

આ સ્થળે આ પ્રશ્નનું પણ નિરાકરણ થઈ જાય છે કે, તબ્લીગી જમાઅતના મર્કઝમાં એવો તો કયો જાદૂઈ માહોલ છે કે ત્યાં પહોંચતાં જ આદમી સઘળુ સમજી જાય છે જે એનાથી પહેલાં તે બહાર રહીને સમજી શક્યો નહીં ! અને જ્યારે ત્યાંથી નીકળે છે ત્યારે પોતાનું સર્વસ્વ લૂંટાવીને આવે છે અને તે પણ એટલે સુધી કે મઝહબ જેવી પ્રિય દોલતને તે ''નજદના જાદૂગરોની'' અદાઓ પર કુર્બાન કરી દે છે.

**આખરી શબ્દો :** મારા ખુલાસાઓના અંતમાં દીનના તઆલ્લુકથી ફકત એટલું જ કહેવા ઈચ્છું છું કે, તબ્લીગી જમાઅતના દેખાવને ફરેબ સમજવા માટે ફક્ત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહેબના જે પત્રો મેં નોંધ્યા છે તે ખૂબ જ પૂરતા છે. નહીં તો **કોઈ પણ જમાઅતને નુકસાનકારક સાબિત કરવા માટે એવી શર્ત રજુ કરવામાં આવે કે, જ્યાં સુધી એની તરફ બોલાવનારા (તબ્લીગ કરનાર) સ્પષ્ટ શબ્દોમાં એવું કહેતા નથી કે અમે તમારા વિસ્તારમાં ઝેર પ્રસારવા આવ્યા છીએ, ત્યાં સુધી અમે એ જમાઅતને નુકસાનકારક સમજવાના નથી. તો એ પ્રકારની શર્ત એવી મુશ્કેલ શર્ત હશે કે કદાચ પૂરી થઈ શકશે નહીં. કારણ કે દુનિયાનો સૌથી મોટો ધોકાબાઝ પણ પોતાની ધોકાબાઝીને સ્વીકારવાનો નથી, તેણે પણ લૂંટવા માટે ઈખ્લાસ અને હમદર્દીની દુકાન સજાવવી પડે છે.**

તેમ છતાં તબ્લીગી જમાઅતનો આ કાળો કારોબાર તે લોકોથી છુપો નથી જેઓ કેન્દ્રમાં પહોંચીને પોતાના ''વાળ મૂંડાવી'' ચૂક્યા છે. પરંતુ અફસોસ છે કે, તેઓ આજે શિકારીઓની સફમાં છે, નહીં તો એમના દિમાગી ફેરફારની હકીકત જો લોકોની નજરમાં આવી જાત તો ઘણાયે છુપા ભેદો જાહેર થઈ જાત. તેમ છતાં જે લોકો સહીસલામત રીતે ત્યાંથી પાછા આવ્યા છે તેઓની જીભથી ફરેબના જાદૂની ઘણી ઘણી વાતો



બહારની દુનિયામાં પહોંચી ગઈ છે. (જાહેર થઈ ગઈ છે.)

## ★ બીજા બે દસ્તાવેજો ★

દિમાગની ફેરબદલી અને મઝહબને ફેરવવાના તબ્લીગી જમાઅતના ગુપ્ત કારોબાર અને છુપી સામગ્રીને ખુલ્લી પાડવાના સંબંધમાં મૌલાના મુહમ્મદ યૂસુફના પત્ર પછી હવે બીજા કોઈ દસ્તાવેજી પુરાવાની જરૂરત બાકી રહેતી નથી તેમ છતાં વધુ સંતોષ માટે હઝરત નિઝામુદ્દીન, દિલ્હીની બીજા બે કાગળોની નકલો નીચે રજૂ કરું છું. એક પત્ર એમના જ મતના મશહૂર લેખક ખ્વાજા હસન નિઝામીનો છે અને બીજો પત્ર પણ જમાઅતે નિઝામિયા દરગાહે નિઝામુદ્દીનના જનરલ સેક્રટરી પીર સૈયદ ઝહૂરત હસન નિઝામીનો છે. થોડાં વર્ષો પૂર્વે જમશેદપુરના એક તાલિબે હકે એ બંને સાહેબોને પત્રો લખી તબ્લીગી જમાઅતની કેટલીક હકીકતો રજુ કરી હતી અને એ પત્રોના જવાબમાં આ બંને કાગળો મળ્યા હતા. પહેલાં સવાલ કરનારના કાગળને વાંચી જુઓ જેથી સવાલનો પ્રકાર (હકીકત) સમજમાં આવી જાય :–

## ★ જમશેદપુરથી એક પ્રશ્નકર્તા પત્ર ★

**મોઅર્રખા,૧૫ ફરવરી ૧૯૫૪, જમશેદપુર**

**મુકર્રમ બન્દા બાઅદ મા હોવલ મસ્નૂન !**

**ગુજારિશે ખિદમત યે હૈ કે, તબ્લીગી જમાઅતકે નામ સે જો એક નયા ગિરોહ ચંદ સાલસે પેદા હુઆ હૈ જિસકે બાની મૌલાના મુહમ્મદ ઈલ્યાસ થે ઔર આજકલ ઉનકી જગહ પર ઉનકે બેટે મૌલવી મુહમ્મદ યૂસુફ અમીરે જમાઅતકા કામ કરતે હૈં.**

**એક દો સાલ સે જમશેદપુરમેં ભી ઈસ જમાઅતકા અસર ફૈલ રહા હૈ ઔર ચંદ અઈમ્મએ મસાજિદ સરગર્મી કે સાથ ઈસમેં હિસ્સા લે રહે હૈં. કુછ અરસા હુઆ યહાં કે ચંદ સુન્ની સહીહુલ અકીદા અફરાદ તબ્લીગી જમાઅતમેં શરીક હુએ થે, ઈસ**

જમાઅત કે પ્રોગ્રામ કે મુતાબિક ઉન લોગોંકો ભી બસ્તી નિઝામુદ્દીન દેહલી કે મર્કઝમેં જાનેકા ઈત્તેફાક પેશ આયા થા. વહાં જા કર જબ ઉન્હેં માલૂમ હુઆ કે યે બદ અકીદહ લોગ હૈં, મઝારાતે ઔલિયા, ઉર્સો નઝરો ન્યાઝ વગેરહ કે મુખાલિફ હૈં તો ઈસકે બાદ યે લોગ તબ્લીગી જમાઅતસે અલાહેદા હો ગએ.

આપ યૂં કે તબ્લીગી જમાઅત કે મર્કઝ સે બહોત કરીબ રેહતે હૈં ઈસ લિએ જમાઅતકે અકીદોંસે યકીનન બા ખબર હોંગે. અઝ રાહે સહીહ હાલાતસે મુત્લઅ ફર્માકર શુક્ર ગુઝાર બનાએં.

## ★ પત્રનો ટૂંક સાર ★

તબ્લીગી જમાઅત નામી કોઈ એક જમાઅત થોડા વર્ષોથી પેદા થઈ છે, જેના સ્થાપક મૌલવી મુહમ્મદ ઈલ્યાસ હતા અને આજે એમની જગ્યા પર એમના પુત્ર મૌલવી મુહમ્મદ યૂસુફ જમાઅતના અમીર તરીકે રહ્યા છે. એ જમાઅતની અસર એક બે વર્ષથી જમશેદપુરમાં પણ ફેલાઈ રહી છે. કેટલીક મસ્જિદોના ઈમામો પણ એમાં ભાગ લઈ રહ્યા છે. થોડા સમય ઉપર અહીંના થોડાક સુન્ની અકાઈદવાળા માણસો એમાં શરીક થયા હતા અને એ જમાઅતે નક્કી કરેલ પ્રોગ્રામ મુજબ મર્કઝ નિઝામુદ્દીન દિલ્હી ગયા હતા. ત્યાં ગયા પછી એમને જાણવા મળ્યું કે એ લોકો બદ્‌અકીદાવાળા છે અને ઔલિયા અલ્લાહના મઝાર શરીફો, ઉર્સો અને નઝરો યાઝ વગરેહને માનતા નથી બલ્કે એના વિરોધીઓ છે પરિણામે એ લોકો તબ્લીગી જમાઅતથી અલગ થઈ ગયા.

આપ તબ્લીગી જમાઅતના મર્કઝથી ખૂબ નજીક રહો છો એટલે એ જમાઅતના મઝહબી અકાઈદથી પૂરેપૂરા જાણકાર હશો જ તો એ અંગે સહીહ હાલાત (સત્ય હકીકત) જણાવવા કૃપા કરશો.

હવે આ પત્રના જવાબો જુઓ પ્રથમ ખ્વાજા હસન નિઝામીનો જવાબ વાંચો :–



## ★ ખ્વાજા હસન નિઝામીનો જવાબ ★

૨૫, ફરવરી, ૧૯૫૪, મોહિબ્બી, સલામો અલૈકુમ.

ખત મિલા બહોત ખૂશી હુઈ. મૌલ્વી મુહમ્મદ ઈલ્યાસ મર્હૂમ મેરે સાથ ગંગોહમેં પઢતે થે. જબકે ઉનકે ભાઈ મૌલ્વી મુહમ્મદ યહયા સાહબ મૌલાના રશીદ અહમદ ગંગોહી કે ઝેરે અસર તાઅલીમી કામ કર રહે થે. મૌલ્વી ઈલ્યાસ કે વાલિદ મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ સાહબ મર્હૂમ સે મૈંને આઠ બરસકી ઉમ્રસે તાલીમ પાઈ થી.

યે ઠીક હૈ કે યે સબ લોગ દરગાહોં ઔર ઉર્સો ઔર ન્યાઝો નઝર કે મુખાલિફ હૈં ઔર જબ સે મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહબને જમાઅત બંદી કી હૈ. હર જુમેરાત કો બ કસરત ઐસે લોગ આતે હૈં જો દરગાહોં કે મુખાલિફ હૈ. ચુનાંચે એક સાલ હુઆ, ઈસ જમાઅતકે નવ આદમી રોઝા શરીફ કે અંદર જુતિયાં લેકર ચલે ગએ. ઈસ પર લળાઈ હુઈ. ઔર ફરીકૈન કે ઝખ્મી મર્દો ઔર ઔરતોં કો પુલિસ મેરે પાસ લાઈ ઔર મૈંને દોનોમેં સુલેહ કરા દી. વરના દોનું જેલ જાતે. બહર હાલ ઈસ ખાનદાન કા શાર્ગિદ હૂં મગર ઉનકે અકાઈદ કે ખિલાફ હૂં.

*–મુખ્લિસ, હસન નિઝામી*

**સારાંશ** : પત્ર મળ્યો. વાંચી ખુશ થયો, મર્હૂમ મૌલ્વી મુહમ્મદ ઈલ્યાસ ગંગોહમાં મારી સાથે પઢતા હતા તે સમયે એમના ભાઈ મૌલ્વી મુહમ્મદ યહયા મૌલાના રશીદ અહમદ ગંગોહીના હાથ નીચે પઢાવવાનું કામ કરતા હતા. મૌલ્વી ઈલ્યાસના વાલિદ મર્હૂમ મહમ્મદ ઈસ્માઈલ પાસેથી મેં આઠ વર્ષની ઉમરે તાલીમ લીધી હતી.

એ વાત સાચી છે કે, એ બધા લોકો ઉર્સ, નઝરો–ન્યાઝ, દરગાહોના વિરોધી છે. અને જ્યારથી મૌલ્વી મુહમ્મદ યુસુફ અમીર બન્યા છે ત્યારથી દર ગુરૂવારે એવા લોકો આવે છે કે જેઓ દરગાહોના વિરોધીઓ છે. એક વર્ષ ઉપર એ જમાઅતના નવ માણસો રોઝા શરીફની અંદર જોડા

પહેરીને દાખલ થયા હતા. જેના કારણે લડાઈ થઈ હતી અને બંને પક્ષના સ્ત્રી–પુરૂષોને લઈને પોલિસ મારી પાસે આવી હતી મેં તેમની વચ્ચે સુલેહ કરાવી આપી હતી. નહીં તો બંને પક્ષના માણસો જેલમાં જાત. બહરહાલ હું એ ખાનદાનનો શાર્ગિદ છું પરંતુ એમના અકીદાઓને માનતો નથી.

## ★ જનરલ સેક્રેટરી જમાઅતે નિઝામિયા, દરગાહ નિઝામુદ્દીન દિલ્હીનો જવાબ ★

**મોહિબ્બુલ ફુકરા–અસ્સલામો અલૈકુમ–મિજાઝે ગિરામી !**

**આપકા ગિરામી નામા શર્ફ સુદૂર લાયા. આપને જમાઅત કે મુતઅલ્લિક ઈસ્તિફસાર ફર્માયા હૈ. વો હમારે સૂફિયા કે અકાઈદ કે મુન્કર હૈ. મઝારાતે ઔલિયા અલ્લાહ કે ઈન્હિદામ કો સવાબ, નઝરો ન્યાઝ, ફાતેહા, મીલાદ શરીફ, ઉર્સ વગેરહ કો હરામ સમજતી હૈ. ઈસ જમાઅતસે અલાહેદા રેહના નિહાયત ઝરૂરી હૈ ! વરના અકાઈદ ખરાબ કરના ઔર લોગોંકો તબ્લીગે ઈસ્લામ કે નામ પર બદમઝહબ ઔર ગુમરાહ કરના ઉનકા અવ્વલ ઉસૂલો–ફર્ઝ હૈ.** *–દુઆગો સૈયદ ઝહૂર હસન નિઝામી, અઝીઝી*

**સારાંશ :** આપનો પત્ર મળ્યો, તમે જે જમાઅત સંબંધી લખો છો તે જમાઅત અમારા સૂફિયાના અકાઈદની વિરોધી છે. (માનતા નથી) ઔલિયા અલ્લાહના મઝારોને તોડી નાખવા એ સવાબ ગણે છે અને નઝરો ન્યાઝ, ઉર્સ, ફાતેહા, મીલાદ, શરીફ વગેરેને હરામ સમજે છે એ જમાઅતથી દૂર રહેવું ઘણું જરૂરી છે, નહીં તો અકાઈદ ખરાબ કરવા તથા તબ્લીગ કરવાના બહાને લોકોને બદમઝહબ અને ગુમરાહ કરવાને તેઓ પહેલો ફર્ઝ સમજે છે.

## ★ કલમનો હક્ક (અધિકાર) ★

ઉપરોક્ત પત્રો અંગે થોડોક પ્રકાશ નાખું છું તો તે તરફ ધ્યાન આપો :–



ખ્વાજા હસન નિઝામીનો પત્ર એટલા માટે ભરોસાપાત્ર ગણાશે કે તેઓ મૌલાના ઈલ્યાસના ખાનદાન સાથે ન્યાઝમંદાના સંબંધ ધરાવે છે એટલા માટે એમના બયાનને ખોટું ગણી શકાય નહીં. તેમના આ બયાને તો તેઓને તદ્દન ખુલ્લા પાડી દીધા છે કે, ''હું એ ખાનદાનનો શાર્ગિદ છું પરંતુ તેમના અકાઈદનો વિરોધી છું.'' એ વાત સ્પષ્ટ જ છે કે, પોતાના ઉસ્તાદના અકાઈદોનો વિરોધ ફક્ત એવા સંજોગોમાં જ કરી શકાય છે કે જ્યારે શાર્ગિદના મત (માન્યતા) મુજબ તે અકાઈદ તદ્દન જ બાતિલ હોય. લેખકના પત્રના તે ફકરા ઉપર ખાસ કરીને ધ્યાન આપવા જેવું છે કે જેમાં તેમણે તબ્લીગીઓના તે ખારિજ કાર્યોનો ઉલ્લેખ કર્યો છે કે એમણે રોઝા મુબારકની બે ઈજ્જતી કરી અને એમને રોકવામાં આવતાં તેઓ લડાઈમાં ઉતર્યા અને કેટલાક ઝખ્મી થયા.

આ જગ્યાએ ઘડી માટે થોભી જાવ. એક બાજુ આ હકીકતને નજર સામે રાખજો અને બીજી બાજુ હિજાઝે મુકદ્દસની સરઝમીન પર મઝારાતે સહાબા અને એહલે બૈત સાથે નજદના વહાબીઓએ જે હૃદય કંપાવનાર સંગદિલીનાં કૃત્યો કર્યાં તે હકીકતને વાંચો. (જેનું વર્ણન આગળ આપી ચૂકયા છીએ.) તમારું યકીન પુકારી ઉઠશે કે, અહીંની તબ્લીગી જમાઅત પણ બરાબર એ જ રસ્તા ઉપર ચાલે છે કે જે રસ્તા પર થઈને નજદના રણના જાનવરો ચાલ્યાં હતાં. બેસરો સામાનીની હાલતમાં ગુસ્તાખ દિમાગનો જુસ્સો જ્યારે આ પ્રમાણે છે તો ખુદા ન ખ્વાસ્તા તબ્લીગી જમાઅતને જો રાજકીય સત્તાનો સહકાર મળી જાય તો તે હિજાઝની જેમ અહીંયા પણ કરબલાના ઈતિહાસનું પુનરાવર્તન કરતાં એમને શું વાર લાગે ? પછી તો ખુદા ન કરે, અહીંની જમીનના નકશા પરથી અજમેરના ખ્વાજા, દિલ્હીના કુતુબ, નિઝામ, કલિયરના સાબિર, પાકપટ્ટનના ફરીદ, લાહોરના દાતા તેમજ ભારત પાકિસ્તાનના અસંખ્ય ઔલિયા કિરામના મઝારાતોના નિશાનોને ભૂસી નાખવામાં આવશે !

## ★ બેચૈનીની એક ઘડી ★

ભારત પાકિસ્તાનમાં આવેલાં ઈશ્ક તથા ઈર્ફાનના રૂહાની મર્કઝોનું

અસ્તિત્વ જે કમનસીબોના દિમાગ પર બોજ બની રહે છે તેઓને મારે કંઈ કહેવું નથી. અલબત્ત તે ખુશ અકાઈદવાળા મુસલમાનો કે જેઓ આ પવિત્ર મઝાર શરીફોને બાતિની ફૈઝ તથા રૂહાની તસ્કીન આપનાર ચશ્માઓ સમજે છે તેઓની વફાદારીની ગૈરતને જરૂર કહીશ કે તેઓ ખૂનના આંસૂ સારવા માટે સમયની રાહ ન જુએ.

આજે તબ્લીગી જમાઅતના તંબુમાં કલ્મા અને નમાઝના નામ પર જ ભોળા મુસલમાનોનો સંઘ એકત્ર થાય છે. નજદનો ઈતિહાસ ગવાહ છે કે સમય જતાં એ જ લોકો તબાહી કરનાર લશ્કરના રૂપમાં ફેરવાઈ જશે અને તે દિવસે અમારી કમનસીબ આંખોનો એના સિવાય બીજો કોઈ ચારો નહીં હોય કે પોતાની ઉમ્મીદોની ધૂળ પર ખૂનનાં આસું વહેવડાવે અને પોતાની અકીદતોની વેરાની પર ફાટ ફાટ રૂદન કરે. તુફાનને રોકવા માટે બંધ બાંધી દેવાની કોશિષ કરીએ અને આપણા આકાઓના હરમના એક વફાદાર રક્ષકની જેમ દુશ્મનની ગુનાહક પ્રવૃત્તિઓ–કાર્યવાહીઓને ખૂબ જ હોશિયારીથી ઓળખી લઈએ. દુશ્મનને દુશ્મન ન સમજવો એ ભયંકર ગફલત છે જેનું પરિણામ કદી પણ સારું નથી મળ્યું.

તબ્લીગી જમાઅતના મકસદો હવે આપણાથી અજાણ્યા નથી રહ્યા કે તેના વિષે આપણે સારા ખયાલો (માન્યતા) ધરાવીએ. તેઓ આપણને ઈમાન અને અકીદતના કયા માર્ગ તરફ લઈ જઈ રહ્યા છે તે અંગેની સઘળી હકીકત એમણે ઈશારાઓની જબાનમાં બહાર કાઢી છે.

હવે આપણા મઝહબના ભાવિ રક્ષણ માટે આ સિવાય બીજો કોઈ ચારો (ઈલાજ) રહ્યો નથી કે પ્રત્યેક મુસલમાનનો હાથ પકડી સ્પષ્ટ કહી દેવામાં આવે કે તબ્લીગી જમાઅત દીનના સેવકોની ટોળી નથી, પરંતુ ઈમાનના લૂંટારૂઓનો એક સંઘ છે. જે ઈશ્ક તથા ઈર્ફાનની પ્રિય પુંજી ઉપર તરાપ મારવા પેદા થયો છે. એમની બનાવટી ખાકસારી અને પવિત્રતા પાછળ ભયાનક જાનવરોનો ઈરાદો છુપાયેલો છે. એ લોકો નિઃસ્વાર્થ સલાહકારની જેમ પોતાના દિલની વાતો ચોખ્ખે ચોખ્ખી કહેતા નથી પરંતુ હસતા રહીને ઠગોની જેમ શિકાર કરવાની તાકમાં હર પળે તૈયાર રહેતા હોય છે.



## ★ તબ્લીગી જમાઅત વિષે આલિમોના બે ફતવા ★

શક્ય છે કે, ખ્વાજા હસન નિઝામી અને નાઝિમે આ'લા જમાઅતે નિઝામિયા દરગાહે નિઝામુદ્દીન, દિલ્હીના બયાનો જેવાં કે એ લોકો દરગાહો, મીલાદ, કયામ, ઉર્સ અને ફાતેહાને માનતા નથી તેને કોઈ મઝહબી તરફદારી (હિમાયત) તરીકે ગણી કાઢવામાં આવે એટલા માટે તબ્લીગી જમાઅતના આલિમોના બે ફતવાઓ નીચે રજૂ કરું છું જેનાથી સારી રીતે સમજી શકાશે કે તબ્લીગી જમાઅતના અકાઈદ શું છે ? અને તેઓ ભારત પાકિસ્તાનના મુસલમાનોને કઈ બાજુએ લઈ જવા માગે છે ? પહેલા સવાલની ઈબારત જુઓ એ ઝળસોકલા, જિલ્લે સંબલપુર, ઓરિસ્સાના એક માણસે મોકલ્યો હતો :–

### ★ પહેલો ફત્વો ★

**સવાલ : ક્યા ફર્માતે હૈં ઉલ્માએ ઈસ્લામ ઈસ મસ્અલે મેં કે એક મસ્જિદકા ઈમામ એલાનિયા તબ્લીગી જમાઅતકે રેહનુમાઓં પર યે બોહતાન લગાતા હે કે યે લોગ મુસલમાનોંકી ઈસ્લાહ કા જૂઠા દા'વા કરતે હૈં, ક્યૂં કે જાનને કે બા વાજૂદ ભી યે લોગ જાહિલ મુસલમાનોકો બિદઅત કે કામોં જૈસે મીલાદ,કયામ, ઉર્સ, ગ્યારહવીં, તીજા, ચહલ્લુમ વગેરેહ સે નહીં રોકતે. હાલાં કે વો લોગ (તબ્લીગી જમાઅતવાલે) હઝરાત ઉલ્માએ દેવબંદ કે મુત્તબઈન મેં સે હૈં. ખૂદ ઉનકે નઝદીક યે ચીઝેં શિર્ક કી હદ તક પૌંહચી હુઈ હૈં.**

**ખાલી નમાઝસે ક્યા ફાયદા જબ કે દિલમેં ઈમાનકી જગહ શિર્ક બિદઅત કા અસર હો ! યા ઈસ મેં યે માલૂમ હોતા હે કે અબ હાલાત સે મજબૂર હો કર લોગ ભી ઉન બિદઅતોં કો જાઈઝ કરાર દેને લગે હૈ. (નઉઝુબિલ્લાહ !)**

**બસ દર્યાફ્ત તલબ યે અમ્ર હૈ કે, બાનીએ તબ્લીગ**

હઝરત મૌલાના ઈલ્યાસ સાહબ, હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ, હઝરત મૌલાના ઈમરાન સાહબ (ભોપાલ), હઝરત મૌલાના ઝિયાઉદ્દીન સાહબ કલકત્તવી જૈસે રહનુમાયાને તબ્લીગ કી તૌહીદપરસ્ત ઝાત પર ઈસ બદ્‌બખ્ત ઈમામને જો ગલીઝ બોહતાન લગાયા હૈ અઝ રૂએ શરીઅત ઉસકી ઈમામત જાઈઝ હૈ યા નહીં ? *(સાઈલ–રહીમબણ હિટરીબાઝાર, ઝળસોકળા)*

**સારાંશ** : ઉલ્માએ ઈસ્લામ આ મસ્અલામાં શું ફર્માવે છે કે, એક મસ્જિદના પેશ ઈમામે ખુલ્લી રીતે તબ્લીગી જમાઅતના રેહનુમાઓ પર એવો આક્ષેપ કરે છે કે એ લોકો મુસલમાનોની સુધારણાનો જૂઠો દાવો કરે છે. કેમ કે પોતે જાણવા છતાં પણ જાહિલ મુસલમાનોને બિદઅતી કામો જેવાં કે, મીલાદ, કયામ, ઉર્સ, અગ્યારમી, તીજ્યા અને ચાલીસા વગેરેથી રોકતા નથી. જો કે તે લોકો (તબ્લીગી જમાઅતવાળા) દેવબંદના આલિમોની તાબેદારોમાંથી છે અને તેમની નજીક પણ આ વસ્તુઓ શિર્કની હદે પહોંચેલી છે.

જ્યારે દિલમાં ઈમાનની જગ્યાએ શિર્ક અને બિદઅતની અસર કાયમ થયેલી હોય ત્યારે ફક્ત નમાઝથી શું ફાયદો ? અથવા એનાથી એ વાત જાણી શકાય છે કે, સંજોગોથી મજબૂર થઈને એ લોકો પણ તે બિદઅતો જાઈઝ ગણવા લાગ્યા છે. (અલ્લાહની પનાહ !)

હું જાણવા માગું છું કે, તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસ, મૌલાના મુહમ્મદ યૂસુફ, મૌલાના ઈમરાન, (ભોપાલ) મૌલાના ઝિયાઉદ્દીન કલકત્તવી જેવા તબ્લીગી રહનુમાઓની તૌહીદપરસ્ત જાત પર એ કમનસીબ ઈમામે જે ગંદો (જૂઠો) આક્ષેપ મૂક્યો છે તો શરીઅતની રૂએ એની ઈમામત જાઈઝ છે કે નહીં તે જણાવશો.

## ✪ જવાબ ✪

## ★ ફતાવા વિભાગ, દારુલ ઉલૂમ દેવબંદનો જવાબ ★

**ઈમામ મઝકૂર કા કૌલ ગલત હૈ. નમાઝ ઈન્કે પીછે મકરૂહ હોતી હૈ. વો જો તૌબા ન કરે તો ઉસકો ઈમામતસે**



**માઅજુલ કરકે દુસરા મુકર્રર કર લેં. બારી તઆલાકા ઈર્શાદ હૈ :–**

اُدۡعُ اِلٰى سَبِيۡلِ رَبِّكَ بِالۡحِكۡمَةِ وَالۡمَوۡعِظَةِ الۡحَسَنَةِ‌ *(છેવટ સુધી.......)*

**જો હઝરાત તબ્લીગમેં કામ કર રહે હૈં વો યે નરમી મુનાસિબ તરીકે સે હર તરહકી ઈસ્લાહકા ખયાલ રખતે હૈં. ફકત વલ્લાહ તઆલા અઅ્‌લમ.**

*મસ્ઊદ અહમદ અફલ્લાહો અન્હ.*
*નાઈબ મુફતી, દારુલ ઉલૂમ દેવબંદ*

**સાર** : મઝકૂર ઈમામનું કહેવું ખોટુ છે એની પાછળ નમાઝ પઢવી મકરૂહ છે, જો તે તૌબા ન કરે તો એને ઈમામતમાંથી દૂર કરી એની જગ્યાએ બીજા ઈમામની નિમણૂંક કરવી. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : اُدۡعُ اِلٰى سَبِيۡلِ رَبِّكَ بِالۡحِكۡمَةِ وَالۡمَوۡعِظَةِ الۡحَسَنَةِ‌ તે મુજબ જે સાહેબો તબ્લીગમાં કામ કરી રહ્યા છે તેઓ દરેક પ્રકારની સુધારણાનો ખયાલ સારી રીતે રાખે છે.

## ★ જુલ્મની હદ ! ★

મીલાદ, કયામ, ઉર્સ અને ફાતેહાની ખિલાફ આનાથી વધારે નફરત અને ધિક્કારની ભાવના બીજી શું હોઈ શકે છે ? કે જે શખ્સ આ બધાં કામોને તબ્લીગી જમાઅત તરફ સંબંધિત કરે તે માણસ ઈમામત કરવાને લાયક પણ રહેતો નથી અને જો તે આ મહાન ગુનાહથી તૌબા ન કરે તો તેને ઈમામતમાંથી દૂર કરી દેવામાં આવે ? نعوذباللّٰہ من شرورانفسهم۔

હવે જ્યાં આ નેક કામોથી રોકવાનો સવાલ છે ત્યાં ધીમેથી એ વાતનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે કે તબ્લીગી કામ કરવાવાળાઓ યોગ્ય રીતે એ ફરજ પણ પૂરી કરી રહ્યા છે. આ ફતવાથી સારી રીતે સમજાઈ ગયું કે, જે માણસ પોતાની ઈમામતની લાયકાતને જાળવી રાખવા ચાહતો હોય તેને જરૂરી છે કે તબ્લીગી જમાઅતના આ નેક કામોથી રોકવા માટેના અકાઈદને અપનાવી લે. સમજી લેશો કે યોગ્ય રીતનો અર્થ એ રીતથી છે કે જેનાથી ખૂનનું એક ટીપું પણ ન ટપકે અને મુસલમાન ઝબહ થઈ જાય !

તો હવે શું કોઈપણ તબ્લીગી એમ કહેવાની હિંમત કરી શકે છે કે, મીલાદ, કયામ, ઉર્સ, ફાતેહાથી લોકોને રોકવા માટે તેઓ શાંત ચળવળ નથી કરતા ! અને જો કોઈ એ પ્રમાણે કહેતો હોય તો સમજી લે જો કે તે ખુલ્લી રીતે પોતાની દીની ઈમાનદારીનું ખૂન કરી રહ્યો છે.

## ★ બીજો ફત્વો ★

**કયા ફર્માતે હૈં ઉલ્માએ દીન વ મુફિતયાને શરએ મતીન ઈસ મસ્અલેમેં કે તકવિયતુલ ઈમાન, બહિશ્તી ઝેવર, તહઝીરુન્નાસ, બરાહીને કાતિઆ, ફતાવા રશીદિયહ્ કઈસી કિતાબે હૈં ? યહાં યૂં કે મૌલવી સાહબ કેહ ગએ હૈં કે બિલકુલ બાતિલ કિતાબે હૈં. યહાં યૂં કે તબ્લીગી જમાઅતકા અસર હૈ ઈસ લિયે વે યે ભી કેહ ગએ હૈ કે તબ્લીગી જમાઅત કે બાની મૌલાના ઈલ્યાસ સાહબ ઔર મૌલાના મુહમ્મદ યૂસુફ ભી ઉન કિતાબોં કે સખ્ત ખિલાફ હૈ, કયા યે સચ હૈ ?**

**બલ્કે વો યહાં તક કેહતે થે કે ગ્યારહ્વીં, યા ગૌષ, યા રસૂલલ્લાહ કયામ, તીજા, ચહલ્લુમ, ઉર્સ વગેરહ્ કો યે હઝરાત બિલકુલ જાઈઝ સમઝતે હૈં ક્યૂં કે અપની જમાઅતકે લોગોં કો મના નહીં કરતેં.**

**મૌલ્વી સાહબ કે ઈસ બયાનસે યહાં કે ઉન તમામ હલકોંમેં જો હમેશાં સે હઝરાત ઉલ્માએ દેવબંદ કો માનતે ચલે આએ ઔર ઈસ વક્ત તબ્લીગી જમાઅતમેં બળી સરગર્મીસે હિસ્સા લે રહે હૈં, એક અજીબ સનસની ફેલ ગઈ હૈ, લિલ્લાહ સબ કામ છોળ કર સબસે પેહલે હમ લોગોંકા યે ખલજાન દૂર કિજિએ, વરના સખ્ત અંદેશા હૈ કે કહીં અપની જમાઅતમેં ફુટ ન પળ જાએ.** –*(સાઈલ મુહમ્મદ યાસીન, જમશેદપુર)*

**સાર** : ઉલ્માએ દીન અને મુફતીઓ શું ફર્માવે છે કે, તકવિયતુલ ઈમાન તેહઝીરુન્નાસ, બહિશ્તી ઝેવર, બરાહીને કાતિઆ, ફતાવા રશીદિયહ, કિતાબો કેવી છે ? અહીંયાં એક મૌલ્વી સાહેબ કહી ગયા છે



કે એ કિતાબો તદ્દન બાતિલ છે. અહીં તબ્લીગી જમાઅતની અસર છે એટલા માટે તેઓ એમ પણ કહી ગયા છે કે, તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસ, મૌલાના મુહમ્મદ યૂસુફ પણ એના સખ્ત વિરોધી છે ? શું એ વાત સાચી છે ? બલ્કે તે તો એટલે સુધી કહી ગયા છે કે અગ્યારમી, યા ગૌષ, યા રસૂલુલ્લાહ , કયામ, તીજા, ચ્યાલીસા વગેરેને તે સાહેબો જાઈઝ સમજે છે કારણ કે પોતાની જમાઅતના માણસોને મના કરતા નથી.

મૌલ્વી સાહેબના આ પ્રમાણેના કહેવાથી અહીંના તે તમામ વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ છે કે જે વિસ્તારના લોકો દેવબંદના આલિમોને માનતા હતા અને તબ્લીગી જમાઅતમાં જોરશોરથી ભાગ લઈ રહ્યા છે તે તમામ વિસ્તારમાં સનસનાટી છવાઈ ગઈ છે. આપનાં સૌ કામો છોડી દઈને પ્રથમ અમારી આ ઉલ્ઝનોને લિલ્લાહ દૂર કરશો, નહીં તો ડર છે કે કદાચ આપણી જમાઅતમાં ફાટફૂટ પડી જશે !

**અલ જવાબ** : તકવિયતુલ ઈમાન, બહિશ્તી ઝેવર વગેરહ મઝકૂરા બાલા કિતાબેં મુસ્તનદ ઔર સહીહ હૈં. ઉનકે લિખનેવાલે મુતદય્યીન આલિમ થે જો ઈન કિતાબોંકો બાતિલ કેહતા હે વો ગુમરાહ હે. યે બાત ગલત હૈ કે મૌલાના ઈલ્યાસ મર્હૂમ ઔર મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ ઈન કિતાબોં કે ખિલાફ હે. ગ્યારહવી, ત્રીજા વગેરહ કો યે નાજાઈઝ સમઝતે હૈં. યે દોનોં હઝરાત મૌલાના ઈસ્માઈલ શહીદ, મૌલાના રશીદ અહમદ ગંગોહી ઔર થાનવી કે માનનેવાલે હૈં. *(મુહમ્મદ ઝિયાઉલ હક્ક દહેલ્વી, મદ્રસા અમીનીયહ્, દેહલી)*

**સમજૂતી** : તકવિયતુલ ઈમાન, બહિશ્તી ઝેવર વગેરે કિતાબો વિ□ાસપાત્ર અને સાચી છે. એના લેખકો ઈમાનદાર આલિમો હતા. જે એ કિતાબોને બાતિલ કહે તે પોતે ગુમરાહ છે. મૌલાના ઈલ્યાસ અને મૌલાના મુહમ્મદ યૂસુફ એ કિતાબોના વિરોધીઓ છે એ વાત જૂઠી છે. અગ્યારમી, તીજા વગેરેને એ લોકો નાજાઈઝ જ સમજે છે. એ બંને સાહેબો મૌલાના ઈસ્માઈલ શહીદ, મૌલાના ગંગોહી અને મૌલાના થાનવીને માનવાવાળા છે.

## ★ કલમનો હક્ક ★

સમજી લે જો કે, આ તે જ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી અને તેમની કિતાબ તકવિયતુલ ઈમાન છે કે જેમાં તેમણે રસૂલે પાકની શાનમાં એવા એવા તૌહીન (બે ઈજ્જતી) થી ભરપુર શબ્દોનો ઉપયોગ કર્યો છે કે જેને વાંચી પરાયા તો ઠીક છે, પોતાના માણસો પણ બેચેન થઈ પુકારી ઉઠયા છે. એમની ગુસ્તાખ કલમથી મારેલા નશ્તરો જોવા હોય તો દેવબંદથી પ્રગટ થતા ''તજલ્લી'' ના તંત્રી મૌલાના આમીર ઉષ્માનીનું આ બયાન વાંચો, તેઓ લખે છે કે,

**મૈંને દેખા કે શાહ ઈસ્માઈલ શહીદ રહમતુલ્લાહ અલૈહને તકવિયતુલ ઈમાનમેં** فَصلٌ فِی الا جتناب عَنِ الاشراك **કે ઝેલમેં લિખા હૈ, "બર મખ્લૂક બળા હો યા છોટા વો અલ્લાહ કી શાન કે આગે ચમારસે ભી ઝયાદા ઝલીલ હૈ." ક્યા ઈસકા સાફ ઔર બદેહી મતલબ યે નહીં કે ઔલિયા ઔર સહાબા તો એક તરફ રહે તમામ અંબિયા વ રોસૂલ ઔર ખાતેમુન્નબિય્યીન** صلی اللہ تعالیٰ علیہ وسلم **ભી અલ્લાહકી શાન કે આગે ચમારસે ભી ઝયાદા ઝલીલ હૈં.**

**કૈસા ખતરનાક અંદાઝે બયાન હૈ ! કિતને લરઝા દેનેવાલે અલ્ફાઝ હૈં ?!** –*(તજલ્લી, ફેબ્રુ–માર્ચ ૧૯૫૮)*

**સાર :** મેં જોયું કે, શાહ ઈસ્માઈલ દેહલવીએ તકવિયતુલ ઈમાનમાં લખ્યું છે કે, કોઈ ગમે તેટલો મોટો હોય કે નાનો પણ તે અલ્લાહની શાન આગળ ચમાર કરતાં પણ વધારે ઝલીલ છે. શું આનો ચોખ્ખો અર્થ એ નથી થતો કે, ઔલિયા અને સહાબાઓ તો એક બાજુ રહ્યા, તમામ અંબિયાએ કિરામ અને ખાતેમુન્નબિય્યીન صلی اللہ تعالیٰ علیہ وسلم પણ અલ્લાહની શાન આગળ ચમારથી પણ વધારે ઝલીલ છે ?

બયાન કરવાની રીત (ઢબ) કેટલી ખતરનાક છે ! અને કેટલા બધા ધ્રુજારી ઉત્પન્ન કરી દે એવા એના શબ્દો છે !

હવે એ જ તકવિયતુલ ઈમામ સંબંધી તે શરમજનક હકીકત



સાંભળો જે હકીકત દુનિયાનું અસ્તિત્વ જ્યાં સુધી કાયમ રહેશે ત્યાં સુધી મુસલમાનોને ખૂનનાં આંસૂઓથી રડાવશે. અને જેની લગાડેલી આગ આજ દિન સુધી ઈસ્લામની ગંજીમાં સળગી રહી છે અને ક્યાં સુધી સળગતી રહેશે તે કહી શકાય નહીં !

કહેવાય છે કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી જ્યારે તકવિયતુલ ઈમાન લખી ચૂક્યા અને કિતાબ સંપૂર્ણ લખાઈ ચૂકી તો એમણે પોતાના મિત્રોને ભેગા કર્યા અને તેમની સામે તકવિયતુલ ઈમાન રજૂ કરી, ત્યાર પછીની હકીકત દેવબંદી મઝહબની ભરોસાપાત્ર કિતાબ ''અરવાહે ષલાષા'' ના લેખકના મોઢેથી સાંભળો તેઓ લખે છે :–

**ઔર ફર્માયા મૈંને યે કિતાબ લીખી હૈ ઔર મૈં જાનતા હૂં કે ઈસમેં બાઅ્ઝ જગહ તેજ અલ્ફાઝ ભી આ ગયે હૈં ઔર બાઅઝ જગહ તશદુદ ભી હો ગયા હૈ. મષલન ઉન ઉમૂરકો જો શિર્કે ખફી (છુપાં શિર્ક) થે ''શિર્કે જલી'' (યાની ઈસ્લામસે ખારિજ કર દેનેવાલા શિર્ક) લિખ દિયા હૈ.**

**ઈન વુજૂહસે મુઝે અંદેશા હૈ કે ઈસકી ઈશાઅતસે શોરિશ ઝરૂર હોગી અગર મૈં યહા રહતા તો ઈન મઝામીન કો મૈં આઠ–દસ બરસમેં બતદરીઝ બયાન કરતા લેકિન ઈસ વકત મેરા ઈરાદા હજ્જકા હૈ ઔર વહાંસે વાપસી કે બાદ અઝમે જેહાદ હૈ ઈસ લિએ મૈં ઈસ કામસે માઅઝૂર હો ગયા ઔર મૈં દેખતા હૂં કે દુસરા ઈસ બારકો ઉઠાએગા નહીં. ઈસ લિએ મૈંને યે કિતાબ લિખ દી હૈં. ગો ઈસ સે શોરિશ હોગા મગર તવક્કુઅ હૈં કે લળ ભિળ કર ખૂદ ઠીક હો જાએંગે.** *(અરવાહે ષલાષા, પેજ–૪૧)*

**સાર :** અને કહ્યું કે, મેં આ કિતાબ લખી છે અને હું એ પણ જાણું છું કે એમાં કેટલીક જગ્યાએ જરા કડક શબ્દો પણ આવી ગયા છે અને કેટલીક જગ્યાએ સખ્તી પણ થઈ ગઈ છે. દાખલા તરીકે તે કામો કે જે શિર્કે ખફી હતાં તેને ''શિર્કે જલી'' (ઈસ્લામથી ખારિજ કરી દેનાર શિર્ક) લખવામાં આવ્યાં છે. આ કારણે મને ડર છે કે આ કિતાબ પ્રગટ થતાં

હલચલ મચી જશે. હું અહીં રહેત તો આ બધા વિષયોને હું ધીમે ધીમે આઠ દશ વર્ષમાં ખુલાસાવાર બયાન કરી દેતો પરંતુ મારો વિચાર હજ્જ માટે જવાનો છે અને ત્યાંથી આવ્યા બાદ જેહાદની નિય્યત છે તેથી હું એ કામ કરવા માટે અશક્તિમાન બન્યો. અને હું જોઉં છું કે બીજો કોઈ આ ભારને ઉઠાવવાનો નથી, પરિણામે મેં આ કિતાબ લખી નાખી છે. હકીકતમાં એનાથી હલચલ મચી જશે તેમ છતાં મને વિ□ાસ છે કે લડી ઝઘડીને પણ બધા સીધા થઈ જશે !

હલચલ મચી જવાનો ભય તો સાચો પડયો. પણ ઠીક થઈ જવાની આશા હજી સુધી પૂરી ન થઈ શકી. **એ હઝરાતની નાપાક બહાદુરી પર મને નવાઈ એ વાતની લાગે છે કે મુસ્લિમ ઉમ્મતને ઝેરનો ઘૂંટડો પીવડાવતી વેળા એ લોકોએ જરા પણ વિચાર્યું નહીં કે કયામતના દિવસે ખુદાને શું જવાબ આપીશું ?** જ્યારે એ વાત જાણતા જ હતા કે, આ કિતાબ પ્રગટ થવાથી પરેશાની અને વિરોધની એક કયામત ખડી થઈ જશે તો પછી ઉમ્મતે મુહમ્મદીને એ હલાક કરી નાખે એવી મુસીબતમાં ફસાવવાની શી જરૂર હતી ?

પરંતુ આ કયામત અંગ્રેજ ફિત્નાની દાસ્તાન (હકીકત) નો સૌથી શરમજનક ભાગ તો એ છે કે માળામાંથી નીકળતા ધુમાડાઓને જોઈને પણ લોકોને ઈસ્લામના બગીચાની બરબાદીનું જરા સરખું પણ દુઃખ થતું નથી. આગ બુઝાવવાને બદલે આજે પણ કેટલાક લોકો એ જ તકવિયતુલ ઈમાનનાં મનહૂસ પાનાંઓમાંની ચિનગારીઓને હવા નાખી આગને તેજ કરી રહ્યા છે !

## ★ તબ્લીગી જમાઅતની સેવાઓઓ અભ્યાસ ★

તબ્લીગી જમાઅતના હેતુઓ (મકસદો) અને એની કાર્યવાહીની રીત સંબંધી અત્યાર સુધી જેટલા દાખલાઓ રજૂ કર્યા તે બધાને નજર સમક્ષ રાખી ઈન્સાફથી બતાવો કે, એના અભ્યાસથી એ વાત સ્પષ્ટ નથી થતી કે તે એક તદ્દન ગુસ્તાખ અને બદ્અકાઈદવાળી જમાઅત છે ? સાથે એ પણ જાહેર નથી થતું કે ઈસ્લામનો ઝબ્બો ઓઢીને ભોળા



મુસલમાનોને એક નવા ફિર્કામાં ફેરવવા એ તેમની કાર્યવાહીઓનો આખરી હેતુ છે ? તે પોતાની કાર્યવાહીનું પરિણામ એવા જ પ્રકારનું લાવવા ઈચ્છે છે કે જે નજદની તબ્લીગી જમાઅતે પોતાનો સમય આવતાં હિજાઝમાં કર્યું હતું.

આટલા બધા સ્પષ્ટ અને વિ□ાસપાત્ર દાખલાઓ રજૂ કરવા છતાં પણ જો તબ્લીગી જમાઅત વિષે સારા ખયાલો ધરાવતા હોઉ તો હું બિલકુલ અદબની સાથે વિનંતી કરું છું કે તેઓ નિષ્પક્ષ રીતે આ હકીકત તરફ પણ વિચાર કરી જાુએ.

આશરે ચાલીસ પચાસ વર્ષથી ભારતમાં તબ્લીગી જમાઅત કાયમ થયેલી છે. તે અંગે આપણે આ પ્રશ્નને વિવાદાસ્પદ નથી ગણતા કે આટલા લાંબા ગાળામાં તેમણે કેટલા ગેરમુસ્લિમોને ઈસ્લામની દોલતથી મુશર્રફ કર્યા. પરંતુ આ એક સવાલ તો વિચારવા જેવો છે કે તબ્લીગી ગશ્તો, ચિલ્લાઓ, ઈજતેમાઓની કાર્યવાહી પાછળ દર વર્ષે લાખો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ અમલની દુનિયામાં એમની સેવાઓનાં શું પરિણામો આવ્યાં ? કેટલા મુસલમાનોને એમણે સારી રીતે દયાનત, પરેહેઝગારી અને ખુદાના ખોફના ઝવેરાતોથી શણગાર્યા ? પરંતુ મને કહેવા દો કે દીની જિંદગી જીવવાની વાતો એક બાજાુએ રહી, મુસ્લિમ સમાજમાં અમલની જે ખરાબીઓ આજથી પચાસ વર્ષ પહેલાં હતી તેમાં ઘટાડો થવાને બદલે વધારો થયો છે.

કદાચ તમે કહેશો કે, આ એક સેવા ઓછી છે ? કે તબ્લીગી જમાઅતના પ્રયત્નોથી કેટલીયે મસ્જિદો આબાદ થઈ ગઈ ? તો હું કહીશ કે મોમિનની અસલિયત તેની ઈબાદત પરેહઝગારી ઉપરથી નહીં પરંતુ તેના જીવન પરથી પારખી શકાય છે. નહીં તો ઈતિહાસમાં તમને એવા કેટલાયે નમાઝીઓ મળી આવશે કે જેમની પેશાનીઓ ઉપર સિજદાઓનાં નિશાનો રાખીને પણ તેઓએ પોતાની દીનની જાહોજલાલીને ઘાયલ કરી છે. જોવાનું એ નથી કે મસ્જિદના સહન ઉપર સિજદાઓનાં નિશાનો કેટલા છે ? પણ હકીકતમાં જોવાની વસ્તુ તો એ છે કે, જે લોકો મસ્જિદમાં પહોંચી ગયા છે તેઓની બહારની જિંદગી (બાહ્ય જીવન) નો નકશો કેવો છે ?

# ★ અમલી જિંદગી ★

**(૧)** તબ્લીગી જમાઅતના ''બુઝુર્ગ માર્ગદર્શકો'' ની જે ખૂબ જ અફસોસજનક વિગતો બહાર આવી છે તે જોતાં તો જમાઅતના કેમ્પમાં નવભરતી થનાર સિપાહીઓની તો વાતજ શી કરવી ?

જેમ કે તબ્લીગી જમાઅતના કેન્દ્રિય કાર્યવાહક મૌલાના મન્ઝૂર નોઅમાની સાહબના બારામાં આપ લોકોએ વર્તમાન પત્રોમાં વાંચ્યું હશે કે ઈ.સ. ૧૯૬૪ ના રમખાણ અંગે રીલીફ (સહાય) ની સાથે સિત્તેર હજાર (૭૦ હજાર) રૂપિયાના ગોટાળાનો આક્ષેપ આજ સુધી એમના ઉપર ઢોળાએલો છે.

**(૨)** જમશેદપુરના ફિસાદના પર રિલીફની માલમિલકત તથા રોકડ નાણામાં ખયાનત અને ચોરી સંબંધી જે શરમજનક આક્ષેપ તબ્લીગી જમાઅતના લોકો ઉપર ચોંટેલો છે તેનાથી દરેક વ્યકિત વાકેફ છે. મઝલૂમો, યતીમો તેમજ વિધવાઓના હક્ક મારીને ઓચિંતા માલેતુજાર બની જનારાઓ આજે જાહેરમાં દેખાય છે !

**(૩)** ''અલહસનાત'' (પાક્ષિક રામપુર) ની ઈ.સ. ૧૯૫૯ ની એક ખબર પ્રમાણે લખનવમાં તે વર્ષે જમાઅતના એક ''દીનદાર'' માલદાર માણસે પોતાની પુત્રીની શાદીમાં ૩૦ હજાર રૂપિયા ખર્ચ કર્યો છે. મઝહબી જિંદગીનો જોશ જાગૃત હોત તો એટલી રકમથી પાંચ હજાર ગરીબ અને લાવારિસ છોકરીઓની શાદી થઈ શકતી હતી.

**(૪)** મુફતી હઝરત મૌલાના રિઝવાનુર્રહમાન સાહબની એક રિવાયત પ્રમાણે થોડા વર્ષો પર ઈન્દોરના સ્ટેશન પર તબ્લીગી જમાઅતની એક ટોળી પકડાઈ ગઈ જેની પાસે વધારે પ્રમાણમાં નાજાઈઝ અફીણ હતું. કહેવાય છે કે, આ બનાવના કારણે ઈન્દોરના મુસલમાનો આગળ એ લોકોના તબ્લીગી ગશતનો આખો ભેદ ખુલી ગયો.

**(૫)** બનાવોના ઈશારાઓ છોડી દઈએ આપને એક વાત કહેવા માંગું છું કે, એ લોકોની ધાર્મિક જિંદગીની સાચી બાજુ જો આપ જાણવા ઈચ્છતા હોઉ તો એક વાર એમની ઘરેલું જિંદગીનો અભ્યાસ કરી જોજો.



ખરેખર ! અમલદારી ઠાઠમાઠનો બધો તે સામાન આપને નજરે દેખાશે જે આજે ચૌદમી સદીની તહઝીબની ''તબર્રૂકાત'' ગણાય છે. મારી સમજમાં નથી આવતું કે જે લોકોની વ્યક્તિગ હાલત ખૂદ ધાર્મિક જિંદગીના ચિન્હોથી ખાલી હોય તેઓ બીજાઓમાં ધાર્મિક જિંદગીની શું લગન પેદા કરી શકવાના હતા ? પરિણામે મને કહેવા દો કે નમાઝીઓથી મસ્જિદો આબાદ હોવી તો આપે જોઈ લીધી પરંતુ ઈશ્કે રસૂલના જઝબએ ઈખ્લાસથી એ ''પરેહઝગારો'' એ કેટલાં દિલોને વેરાન કરી દીધાં છે તે આપને દેખાયું નથી !

થોડા સમયની વાત છે. હું પીલખાના હાવરાના એક જલસામાં ગયો હતો. ત્યાં જાણવા મળ્યું કે એક સાહબ (માણસ) તબ્લીગી જમાઅતની સોબતથી કેટલાક દિવસોથી નમાઝી બની ગયા છે. ગણતરીના થોડાક જ સિજદાઓએ એના દિમાગને એટલું બધું સંગીન કરી દીધું છે કે તે હવે ખુલ્લી રીતે એમ કહે છે કે ઈબાદત પરહેઝગારીના પ્રતાપે આપણે પણ મુહમ્મદુર્રસૂલુલલ્લાહની બરાબર થઈ શકીએ છીએ. (મઆઝલ્લાહ) જ્યાં સુધી મારો પોતાનો અનુભવ છે ત્યાં સુધી આ શૈતાની ઘમંડ કંઈ ખાસ પેલા એક નમાઝીની સાથે જ નથી પણ તબ્લીગી જમાઅતનો દરેક નમાઝી એ રીતના શૈતાની ઘમંડમાં સપડાયેલો હોય છે. જો આપને વિ□ાસ ન આવતો હોય તો તમે પણ એમના માહોલ (વાતાવરણ)ની નજીક જઈને એનો અભ્યાસ કરી જોજો. કદાચ આવા મોકાને કારણે જ કોઈએ આ પંક્તિઓ કહી હશે !

વો અંધેરા હી ભલા થા કે કદમ રાહ પે થે
રોશની લાઈ હૈ મંઝિલ સે બહોત દૂર મુઝે

હવે આપ જ ઈન્સાફ કરો કે, આ રીતની નમાઝથી તે નુકસાન પહોંચાડનાર નમાઝીને શો ફાયદો થયો ? એના કરતાં તો તે બેનમાઝી સારો હતો કે તેની અંદર ઓછામાં ઓછી બંદગીના જઝબાની ભાવના તો હતી, શૈતાની ચાલ અપનાવી લીધા પછીથી તો રહમતો (મગફેરત)ની ઉમ્મીદનો જે એક સંબંધ રહી ગયો હતો તે પણ તૂટી જવા પામ્યો.

## ★ ચિત્રની બીજી બાજુ ★

આ તો તબ્લીગી જમાઅતના કેળવાયેલા લોકોની અમલી જિંદગીની વાત હતી હવે જરા તબ્લીગી જમાઅતની સોબતથી મળતા ફયૂઝ વડે દિમાગ ઉપર અને સમજ બુધ્ધિ પર ઈસ્લામ તેમજ તૌહીદની હક્કાનિયતનો રંગ ક્યાં સુધી ચડે છે તે તરફ દષ્ટિપાત કરી લઈએ.

ભારતના માજી રાષ્ટ્રપતિ ડો. ઝાકિરહુસૈન તબ્લીગી જમાઅતના જૂના પૂરાના મિત્રોમાંના એક છે. તબ્લીગી જમાઅતની પ્રવૃત્તિ સાથે એમના સંબંધ માટેની સૌથી સચોટ સાબિતી એ છે કે, લંડનમાં તબ્લીગી જમાઅતનો સૌથી પહેલો ગશ્ત એમની રહબરી હેઠળ થયો હતો. મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહબના જીવનચરિત્રના લેખક મૌલ્વી મુહમ્મદ ઈલ્યાસ સાહેબ અને એમની તબ્લીગી કાર્યવાહીઓ સાથે ડો. ઝાકિરહુસૈન સાહબના એક બીજા સાથેના સંબંધનો ઉલ્લેખ નીચે લખેલા શબ્દોમાં કર્યો છે :–

**હઝરત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ રહમતુલ્લાહ અલૈહ સે તઅલ્લુક રખનેવાલોંમેં કઈ ઐસે એહલે ઈલ્મ ઔર મગરિબી ઉલૂમસે વાકિફ ઔર યૂરપ કે તમદુન વ તેહઝીબસે ગેહરી વાકિફિયત રખનેવાલે હઝરાત થે, ઉનમેં સરે ફેહરિસ્ત ડો. ઝાકિરહુસૈનખાં સાહબ, શૈખે જામિયા મિલ્લિયા ઔર હાલ સદરે જમ્હૂરિયા હૈ. મુદ્દતોંસે યે હઝરાત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ સાહબ કી ખિદમતમેં આતે જાતે થે ઔર હઝરત મર્હૂમસે ગેહરા તઅલ્લુક હો ગયા થા ઔર ઈસ તેહરીકે મોએયેદીન મેં સે થે.** *–(સવાનેહે મૌલ્વી મુહમ્મદ યૂસુફ, પેજ–૨૪૬)*

**સાર** : હઝરત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ (રહ.) ની સાથે સંબંધ રાખવાવાળાઓમાં કેટલાક એવા લોકો હતા કે જેઓ ભણેલા ગણેલા અને પશ્ચિમી તાલીમથી જાણકાર હતા. અને યૂરોપની રહણી કરણી તેમજ સર્વ પ્રકારના માહોલથી સારી પેઠે વાકેફ હતા. એમાં ડો. ઝાકિરહુસૈન (રાષ્ટ્રપતિ ભારત) પ્રથમ પંક્તિમાં હતા. વર્ષોથી આ લોકો મૌલાના



મુહમ્મદ ઈલ્યાસ સાહબની સેવામાં જતા આવતા હતા. અને મર્હૂમ (મૌલાના ઈલ્યાસ) ની સાથે એમનો ગાઢ સંબંધ બંધાઈ ગયો હતો તેમજ એ લોકો તબ્લીગી પ્રવૃત્તિઓની હિમાયત કરતા હતા.

એ પછી લંડનની તબ્લીગી ગશ્તનો ઉલ્લેખ કરતાં લખે છે કે :–

**ઉસ ઝમાનેમેં ડો. ઝાકિરહુસૈન સાહબ એક તા'લીમ કાન્ફરન્સમેં લંડન ગયે હુએ થે ઉન્હોંને ઈસ ગશ્તકા ઈફતેતાહ કિયા.** *(પેજ–૨૪૭)*

**સારાંશ** : તે સમયે લંડનમાં એક તબ્લીગી કોન્ફરન્સ ભરાઈ હતી. તેમાં ડો. ઝાકિરહુસૈન ગયા હતા એમણે લંડનની તબ્લીગી ગશ્તનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હવે એ ડો. ઝાકિરહુસૈનનો એક પત્ર જે એમણે કલકત્તાની એક ઔરતના નામે લખ્યો હતો તેને જોઈએ. ડો. સાહેબ લખે છે કે :–

**હિંદુસ્તાનમેં એક ઐસી પરસ્તીશગાહ કી જરૂરત હૈ જહાં મુખતલિફ મઝહબ કે લોગ જા જાકર અપને ખુદાકી ઈબાદત કરેં. મુખતલિફ મઝાહિબ તો બસ એક હી હકીકતે કુબ્રા (મંઝિલે મકસૂદ) કે લિએ મુખતલિફ રાસ્તે હૈં.**

**હમ બહોત બળા કામ કર ડાલેંગે અગર કોઈ ઐસા રાસ્તા નિકાલે જિસસે ઈસ સોચકી આદત ખત્મ હો જાએ કે એક હી મુતઐયન સડક યા રાસ્તા હૈં.** *(ઈન્ડિયન એક્સપ્રેસ, ૮ ઓકટોબર, ૧૯૬૮)*

**સારાંશ** : હિંદુસ્તાનમાં એક એવી ઈબાદતગાહની જરૂર છે કે જ્યાં દરેક જુદા જુદા ધર્મના લોકો આવે અને પોતપોતાના ખુદાની ઈબાદત કરે. (એ પછી આગળ લખે છે કે) જુદા જુદા ધર્મો તો એક જ મંઝિલે મકસૂદ પર પહોંચવા માટેના અલગ અલગ રસ્તાઓ છે એક નિશ્ચિત રસ્તાથી જ મંઝિલ મકસૂદ પર પહોંચી શકાય છે એવા વિચારની આદત પડી છે તેને નાબૂદ કરી દેવાનો કોઈ માર્ગ જો આપણે શોધી કાઢીએ તો આપણે ઘણું મહાન કામ કર્યું ગણાશે.

વિચારી લો ! આ છે તે દીની તબ્લીગ કરવાનું મગજ કે, જે લાંબા સમય સુધી મૌલાના ઈલ્યાસ અને એમની તબ્લીગી જમાઅતની સોબતથી ફય્ઝ મેળવી ચૂક્યું છે ! દીની જિંદગીની વાત તો એક બાજુએ રહી પરંતુ એમને તો એ વાતથી પણ ઈન્કાર છે કે, ફક્ત ઈસ્લામ ધર્મ જ ખુદાનો સાચો દીન છે અને તે સલામતીનો સાચો રસ્તો છે ! હવે તમે બતાવો કે તબ્લીગી જમાઅતની આ સેવાને ક્યા ખાનામાં મૂકવી ?!

## ★ અસલ ફર્માંબરદારી ★

કદાચ તમે એમ કહેશો કે, અમલી અને ફિક્રી સપાટી ઉપર જમાઅતની સેવાઓની કોઈ અસર પડી નથી તો પછી હજારો માણસોનો કાફલો શું વિના કારણે જ રાત દિવસ એ કામમાં લાગેલો રહે છે ? તો હું કહું છું કે, નિઃશંક ! એની સેવાઓની અસર પડી છે. અને જો તબ્લીગી જમાઅતે બજાવેલી સેવોઓને માનવામાં નહીં આવે તો તે મહાન અન્યાય ગણાશે. તબ્લીગી જમાઅતની એ સેવાઓને તો દીની હિફાઝત અને ઐક્યતા વિરૂદ્ધ નુકસાનકર્તા પ્રવૃત્તિઓના ઈતિહાસના પાનના મથાળે નોંધવામાં આવશે. કેમ કે એમણે કલમા અને નમાઝના બહાના હેઠળ સાચા અકીદા ધરાવતા મુસલમાનોને એક ઝંડા નીચે એકત્ર કર્યા અને પછી ધીમે ધીમે તેઓને એક નવા ફિર્કામાં ફેરવી દીધા. જમાઅતના ભેદી વાતાવરણમાં ગયા પછી તેઓ બીજું તો કાંઈ બાકી રાખી શક્યા નહીં, અલબત્ત એમણે વાતાવરણની અસરથી પોતાના બાપ દાદાનો અસલ મઝહબ જ છોડી દીધો.

ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી લે જો કે; તબ્લીગી જમાઅતની વિરૂદ્ધ હું કોઈ ખોટો આક્ષેપ રજૂ કરતો નથી. પરંતુ જે કાંઈ કહું છું તે તબ્લીગી જમાઅતની સુધારક તરીકેની સેવાઓની જ હકીકત અને વિતક કથા છે. જો તમને વિ□ાસ ન પડતો હોય તો આ રહી એની સાબિતી જુઓ ! :–

મેવાત એ તબ્લીગી જમાઅતનો વિજયી ઈલાકો છે. ત્યાં તબ્લીગી જમાઅતનો પ્રવેશ થયો તે પહેલાંની મુસલમાનોની ધાર્મિક હાલત કેવી હતી તેનું વર્ણન કરતાં મૌલાના અબુલહસન નદવી લખે છે કે :–



**સૈયદ સાલાર મસ્ઊદ ગાઝી કે મઝાર કી ઝિયારત કે લિએ બેહરાઈચ જાતે હૈં. ઔર ઉનકે ઝંડે કે નીચે જો કસમ ખાઈ જાતી હૈ, ઉસકો બહોત પક્કી કસમ સમઝતે હૈં ઔર ઉસકા પૂરી કરના બહોત ઝરૂરી જાનતે હૈં ઔર હિંદુસ્તાન કે દુસરે મુતબર્રક મકામાતકી ઝિયારત કે લિએ ભી જાતે હૈં.** *(દીની દા'વત, પેજ–૭૨)*

**સાર** : સૈયદ સાલાર મસ્ઊદ ગાઝીના મઝારની ઝિયારત માટે બેહરાઈચ જાય છે. તેમના ઝંડા નીચે જે કસમ ખાવામાં આવે છે તેને ઘણી ચુસ્ત સમજે છે અને તે કસમને પૂરી કરવી (પાળવી) ઘણું જ જરૂરી ગણે છે તેમજ હિંદુસ્તાનના બીજા પવિત્ર સ્થળોની ઝિયારત કરવા માટે પણ જાય છે.

પરંતુ તબ્લીગી જમાઅતનો સિક્કો જમી ગયા પછીથી હવે ત્યાંના લોકો મઝારોની ઝિયારત કરવા જતા નથી. સૈયદ સાલાર મસ્ઊદ ગાઝી رحمۃ اللہ علیہ પ્રત્યેની એમની અકીદતની અસર હવે તેમનાં દિલોમાં બાકી રહી નથી. અલ્લાહના પ્યારાઓ સાથેનો એમની રૂહોનો સંબંધ કપાઈ ચૂક્યો છે હવે પવિત્ર સ્થળોની યાદીમાં દેવબંદ, સહારનપુર, બસ્તી નિઝામુદ્દીન અને થાના ભુવન વગેરેને સ્થાન આપવામાં આવ્યું છે.

હવે સાંભળવાની વાત એ છે કે, તબ્લીગી જમાઅતના લોકોએ તેમના વિચારોને કઈ રીતે ફેરવી નાંખ્યા અને એક નવા ફિર્કામાં દાખલ કરી દીધા ? આ એક દિલચસ્પ હકીકત છે તેને ધ્યાનથી સાંભળો ! તબ્લીગી જમાઅતથી મેવાતીઓની જે ધાર્મિક સુધારણા થયેલી તેનું વર્ણન કરતાં મૌલાના અબુલ હસન નદવી લખે છે કે :–

**બેદીની બિદઆતો રસુમ ઔર ફિસ્કો ફુજૂર કી બાતેં ઔર આદતેં મુવાફિક હવા વ ફિઝાં ન પાનેકી વજહસે ખૂદ બ ખૂદ મુજમહીલ હોને લગી. ઈસ હકીકત કો એક સન રસીદા તજર્બાકાર મેવાતીને બળી બલાગત કે સાથ બયાન કિયા. જિસ પર કિસી ઈઝાફે કી ગુંજાઈશ નહીં.**

**કારી દાઊદ સાહબને એક મેવાતી સે ઉસકા અન્દયા લેને**

**કે લિએ પૂછા કે, તુમ્હારે મુલ્કમેં ક્યા રહો રહા હે ? બુટ્ટે મેવાતીને કહા, ઔર તો મૈં કુછ જાનતા નહીં. ઈતના જાનું કે જિન બાતોં કે લિએ પેહલે બળી કોશિશ કી જાતી થી ઔર એક બાત ભી નહીં હોતી થી વો અબ આપ હી આપ હો રહી હૈ ! ઔર જિન બાતોં કો બંદ કરને કે લિએ પેહલે બળી બળી લળાઈયાં લળી જાતી થી અબ વો બે કહે સુને ખૂદ બ ખૂદ બંદ હોતી જા રહી હૈ.** *(દીની દા'વત, પેજ–૯૦)*

**સાર** : બે દીની, બિદઅતો, ફિસ્કો ફુજૂરની વાતો તેમજ ટેવો, અનુકૂળ હવામાન ન મળવાને કારણે કમજોર થતી જાય છે. આ હકીકત એક ઘરડા અને અનુભવી મેવાતીએ કહી છે એમાં કોઈપણ પ્રકારના સુધારા વધારાની શક્યતા નથી.

કારી દાઊદ સાહેબે અકે મેવાતીને તેનો અભિપ્રાય લેતાં પૂછયું કે તમારા પ્રદેશમાં શું થઈ રહ્યું છે ? ઘરડા મેવાતીએ જવાબમાં કહ્યું કે, બીજાું તો હું કાંઈ જાણતો નથી પરંતુ એટલું જ કહીશ કે જે વાતો માટે પહેલાં ખૂબ જ પ્રયત્નો કરવામાં આવતા હતા છતાં એક વાતમાં પણ સફળતા ન મળતી હતી તે હવે આપમેળે જ બની રહી છે ! ઉપરાંત જે વાતો (રિવાજો) ને બંધ કરવા માટે પહેલાં મોટી મોટી લડાઈઓ થતી હતી અને ખૂબ જોર આપવામાં આવતું હતું, તેમ છતાં એક પણ વાતમાં સફળતા મળતી ન હતી તે હવે વગર કીધે અને સાંભળે આપમેળે જ બંધ થતી જાય છે.

હવે એના પછીની ઈબારતમાં ''આપમેળે જ બંધ'' થવાના કારણોનું વર્ણન વાંચો ! લખે છે કે :–

**મૌલાના (ઈલ્યાસ) કે નઝદીક ઈસ ઈસ્લાહ ઔર તગય્યુર કા સબ સે બળા સબબ એહલે મેવાત કા બાહર નિકલના ઔર ખુસૂસન યુ.પી. કે દીની મર્કઝમેં (દેવબંદ, સહાનપુર, થાના ભુવન વગેરહ) જાના થા.** *(પેજ–૯૦)*

**સારાંશ** : મૌલાના ઈલ્યાસના મત પ્રમાણે આ સુધારાઓ અને



ફેરફરોનું સૌથી મોટું કારણ મેવાતના લોકોનું બહાર નીકળવું (તબ્લીગી ગશ્ત) અને તેમાં પણ ખાસ કરીને યુ.પી. ના ધાર્મિક કેન્દ્રો દેવબંદ, સહારનપુર અને થાના ભુવન) ના પ્રતાપે હતું.

જે વતાવરણમાં આવી ગયા પછી ''આપમેળે જ'' થઈ જવાની મંઝિલ આવી જાય છે એની સાબિતી માટે જ બધા હવાલાઓની નોંધ રજૂ કરી છે. ધ્યાનમાં રાખો કે; આછે તબ્લીગી જમાઅતનો સૌથી મોટો તે ભેદ કે જેના વડે સાચા અકીદાઓ ધરાવનારા મુસલમાનોનો મઝહબ આપમેળે જ બદલાય છે !

## ★ ઝખ્મોનાં નિશાનો ★

ફક્ત મેવાતની જ હકીકત આ માટે પૂરતી નથી. પરંતુ તમને દરેક જગ્યાએ થોડાક વધારે એવા પ્રકારના દાખલાઓ મળી આવશે કે, એક માણસ તબ્લીગી જમાઅતમાં જોડાયા પહેલાં બિલકુલ સાચા અકીદાઓ ધરાવતો હતો અને અમલો પણ સારા હતા પણ તબ્લીગી જમાઅતમાં દાખલ થયા પછી એની અસરથી થોડાક જ દિવસોમાં તેના વિચારો બદલાવા લાગ્યા અને તે એટલે સુધી કે આગળ જતાં તે ચુસ્ત પ્રકારના બદઅકીદા ધરાવતો થઈ ગયો.

હિંદુસ્તાનમાંની એવી સેંકડો જગ્યાઓ મારી પોતાની જાણમાં છે કે જ્યાંના બે–ચાર આદમીયોને આ દિલચશ્પ અને ફરેબી તરીકાથી તબ્લીગી જમાઅતવાળાઓએ પોતાની ચળવળમાં સામેલ કર્યા અને તેઓ એક–બે ચિલ્લાઓ કરીને જ્યારે પોતાની વસ્તીમાં પાછા આવ્યા પછીથી પોતાના બદલાયેલા વિચારોને પરિણામે થોડાક જ દિવસોમાં પોતાની વસ્તીના મઝહબી ઐક્યને તેમણે તોડી પાડયાં. અને તે સ્થળે મતભેદી વિચારોના પાયા પર એક સંગીન પ્રકારની ફિર્કાબંધી શરૂ ગઈ થઈ. દા.ત. મહારાષ્ટ્રના યવત મહલ જિલ્લાના મુનીર નામના કસ્બામાં તબ્લીગી જમાઅતવાળાઓનો આ ફિત્નો એટલો બધો લંબાઈ ગયો કે, ત્યાં બે પક્ષો વચ્ચે બહષ અને મુનાઝરાની ઘડી આવી પહોંચી.

હકીકતમાં કહેવાનો મતલબ એ છે કે, જો તબ્લીગી જમાઅતની

કાર્યવાહી ફકત નમાઝ અને કલ્મા પૂરતી જ મર્યાદિત હોય અને અકાઈદો તથા ફિર્કાબંધીથી તેમને કોઈ નિસ્બત ન હોય તો મારા આ પ્રશ્નનો જવાબ આપો કે, એમાં સામેલ થયા પછી લોકો ખરાબ અકીદાઓ ધરાવતા કેમ થઈ જાય છે ? નમાઝ અને કલ્માની ખાસિયત એ નથી કે તે મુસલમાનોમાં અંદરો અંદર જાુદાઈ પાડે પરિણામે આપણે માનવું પડશે કે તબ્લીગી જમાઅત કલ્મા અને નમાઝના બહાના હેઠળ હકીકતમાં ખરાબ અકીદત અને જાુદાઈ પસંદીની તબ્લીગ કરે છે. અનુભવ અને પરિણામોના આધારે જાણી શકાય છે કે, એ જ એમની મુખ્ય સેવા છે. બનવા જોગ છે કે કોઈ વિસ્તારમાં એમની આ સેવા પ્રસંશાપાત્ર હોય પરંતુ મુસલમાનોની મઝહબી શાંતિ ઉપર તો છેલ્લી ઢબનો હુમલો જ છે.

આટલા ખુલાસાઓ પછીથી પણ તબ્લીગી જમાઅતની ગુમરાહીઓનો અનુભવ કરવા માટે જો દિમાગનો એકાદ ખૂણો (ભાગ) આતુર હોય તો આગળ સાતમા પ્રકરણનો અભ્યાસ કરો.


## અણમોલ કિતાબો મંગાવો

દરેક મુસલમાનના ઘરમાં ટી.વી., વી.ડી.ઓ. નહીં ! પણ શરીઅતના કાનૂન દર્શાવતી કિતાબ હોવી અનિવાર્ય છે. જીવનભરના તમામ અકીદા, ઈબાદતો તથા જીવન વ્યવહારને લગતા સામાન્ય માનવને જરૂરી તમામ મસાઈલોનો ખજાનો એટલે.....

**★ કાનૂને શરીઅત ★**

*[(ભાગ–૧) (પેજીસ : ૩૨૦, કિંમત : રૂા. ૫૦/–)]*

**★ કાનૂને શરીઅત ★**

*[(ભાગ–૨) (પેજીસ : ૪૨૪, કિંમત : રૂા. ૬૦/–)]*

**પ્રાપ્તિ સ્થાન :**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન : (૦૯૨૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મો. ૯૮૨૪૪૮૬૪૪૩




[પ્રકરણ : ૭]

# તબ્લીગી જમાઅત પોતાના વર્તુળમાં

તબ્લીગી જમાઅત સંબંધી અત્યાર સુધી જે કંઈ લખવામાં આવ્યું તે હકીકતો અને સત્યતાની રોશનીમાં અક્કલ અને દલીલોનો ફેંસલો હતો. બનાવા જોગ છે કે એ ફેંસલાથી કોઈ બનાવટી લાગણી ઉભી કરીને કોઈ એ સત્યતાને ન પણ સ્વીકારે અને એનાથી છટકી જવાનો પ્રયત્ન કરે એટલા માટે હું હવે તબ્લીગી જમાઅતના એ પાસા તરફ પ્રકાશ નાંખવાની જરૂર જોઉં છું કે તબ્લીગી જમાઅત વિષે એના પોતાના વર્તુળ માં કેવા અભિપ્રાયો છે ? કેમ કે :–

આ એક સર્વસામાન્ય હકીકત છે કે કોઈ પણ માણસ કે જમાઅતની સાચી હાલતથી બહારના લોકો એટલા વાકેફ નથી હોતા જેટલા પોતાના ઘરવાળાઓ વાકેફ હોય છે અને એનું સૌથી મોટું કારણ એ છે કે, બહાર તો આદમી પોતાના ચેહરા ઉપર બનાવટી પવિત્રતા અને સારા દેખાવોનો પડદો ઓઢીને ફરતો હોય છે. એનાં કરતૂતોની સાચી તસ્વીર બહાર નહીં પરંતુ એમના ઘરમાં જ નજરે પડે છે. જ્યાં એના જીવનનું પ્રત્યેક પાસુ ખુલ્લું હોય છે એટલા માટે કોઈ પણ માણસ કે જમાઅતની અસલ હકીકત જાણવા માટે એના પોતાના ઘરના માણસોનો અભિપ્રાય ખૂબ જ વિ□ાસપાત્ર ગણાય છે. આ સ્થળે મઝહબી હિમાયત અને જમાઅતી અદાવતનો કોઈ સવાલ જ ઊભો થતો નથી પરંતુ જે કંઈ છે તે સરાસર હકીકત છે અને તેની જાહેરાત છે. તદ્ઉપરાંત એક છુપો ભેદ છે કે જે એકાએક ખુલ્લો પડી ગયો. (જાહેર થઈ ગયો.)

## ★ ભેદોનું જાહેર થવું ★

તબ્લીગી જમાઅત વિશે દેવબંદના આલિમો અને જમાઅતના જુના કાર્યકર્તાઓની જીભે જે શરમનજક હકીકતો જાહેર થઈ છે. તે એ લોકોની પીઠ ઉપર કુદરતનો એક કોરડો (ચાબુક) સાબિત થયો. કેમ કે તબ્લીગી જમાઅતના બાહ્ય દેખાવ, જાહેરી પવિત્રતા તેમજ દીની ઈખલાસ પર જેઓ દૂરથી કુર્બાન હતા અને હજાર વાર સમજાવવા છતાં જેઓ પોતાના મઝહબી ખાતેમાના ઈરાદાઓથી રોકાવા તૈયાર ન હતા, અલ્લાહનો શુક્ર છે કે, સચ્ચાઈ તરફ પાછા ફરવા માટે તેમણે ગૈબી રીતે પોતાના બંદાઓની રેહબરી કરી અને જે વાત વિચારી પણ શકાતી ન હતી તે હવે સમજી શકવાની હાલતમાં સામે આવી ગઈ.

## ★ વાર્તાની શરૂઆત ★

કસ્બએ તાઉલી જિલ્લે મુઝફફર નગર (યુ.પી.) માં મદ્રસએ હુસૈનિયા નામનો એક દેવબંદી મદ્રસો છે. ઈ.સ. ૧૯૬૮ ની ફેબ્રુઆરીની ૨૬ તારીખે ત્યાં એક મોટો જલ્સો રાખવામાં આવ્યો હતો. જેમાં દેવબંદી ફિર્કાના ઘણા ખરા મશહૂર માણસો હાજર હતા. એ જલ્સામાં લગભગ બધા જ પ્રવકતાઓએ ઓછા વત્તા પ્રમાણમાં પોતાના પ્રવચનમાં તબ્લીગી જમાઅત પર દિલ ખોલીને પ્રવચનો કર્યાં હતાં. મૌલ્વી અબ્દુર્રહીમ શાહ મના એક દેવબંદી ફાઝિલની આ વિષય ઉપરની તકરીર ખૂબ જ સ્પષ્ટ અને ધડાકાની ગર્જ સારે એવી હતી. તબ્લીગી જમાઅતના વિરોધમાં દેવબંદી ફિર્કામાં મૌલાનાની આ તકરીર એટલી બધી કિંમતી અને મહત્વપૂર્ણ સાબિત થઈ કે, તે તકરીર ''ઉસૂલે દાવતો તબ્લીગ'' ના નામથી દિલ્હીના અલ જમિયત પ્રેસ દ્વારા છપાઈને કિતાબી સ્વરૂપે પ્રગટ પણ થઈ. એ કિતાબના સંપાદક મૌલ્વી નૂરમોહમ્મદ ચંદીની નામના એક દેવબંદી ફાઝિલ છે. અને તેઓ મૌલાના અબ્દુસ્સુબહાન મેવાતીના (જેઓ મેવાત ઈલાકાની તબ્લીગી જમાઅતના મોટા પેશ્વા હતા.) ખાસ વિ□ાસુ માણસ હતા. મૌલાના અબુલ હસન અલી નદવી અને મૌલ્વી મોહમ્મદ યૂસુફની જીવન કથાના લેખકે પોત પોતાની કિતાબોમાં એમને



જમાઅતના અમીર અને ઉસ્તાદે મુરબ્બી તરીકે આલેખ્યા છે.

આટલું જાણ્યા પછી હવે ''ઉસૂલે દા'વતો તબ્લીગ'' નામની કિતાબની મકબૂલિયત તેમજ એની મહત્વતા અને એની જાદૂગરીનો અંદાજ મેળવવા માટે દારુલ ઉલૂમ દેવબંદના માસિકનો આ ફકરો વાંચો માસિકના તંત્રી લખે છે કે :–

**હમારે પાસ ''ઉસૂલે દાવતો તબ્લીગ'' કે નામ સે રિસાલા તબસેરા કે લિએ આયા હે, જિસકે મુસન્નિફ મૌલ્વી અબ્દુર્રહીમ શાહ સાહબ (બારહ ટોટી) સદર બાઝાર, દેહલી) હૈં ઉસકા કાફી હિસ્સા તો ઈસ બહષ પર મુસ્તમિલ હૈ કે તાલીમાતે કુર્આન વ સુન્નતસે સહી વાકિફિયત કી બિના પર ઉમ્મતે ઈસ્લામિયાકી રેહનુમાઈ વ હિદાયત કા હક્ક ઉલમા કો પહુંચતા હૈ.**

**ઉસકે બાદ તબ્લીગી જમાઅત કે અંદરૂની નિઝામે અમલ કે મુતઅલ્લિક બઅઝ વાકિયાતો રિવાયાતકો મંઝરે આમ પર લાયા ગયા હૈ. હમને ઈસ રિસાલા પર અપના તસબેરા ઔર અપની કિસી ભી રાય કે ઈઝહાર કો ઈસ લિએ રોક દિયા કે હમ અવ્વલન તબ્લીગી જમાઅત કે ઝિમ્મેદાર હઝરાત કો ઈસ પર મુતવજ્જેહ કરેં કે ઈસ રિસાલેમેં જો કુછ હાલાત બયાન કિયે ગયે હૈં વો ઉસકી તસ્દીક યા તરદીદ ફર્માએં.** *(માહનામા દારુલ ઉલૂમ દેવંબદ, પેજ–૪, માહે સિતમ્બર, ૧૯૬૮)*

**સાર** : અમારી પાસે ''ઉસૂલે દા'વતો તબ્લીગ'' નામની એક નાની કિતાબ અવલોકન માટે આવી છે જેના લેખક મૌલ્વી અબ્દુર્રહીમ શાહ સાહબ છે. કુર્આન અને સુન્નતની સાચી જાણકારીની બિના પર મુસલમાનોને માર્ગદર્શન આપવું તેમજ સીધા રસ્તા પર લાવવાની હિદાયત આપવાનો અધિકાર આલિમોનો છે. એ અંગેના વર્ણનથી આ કિતાબનો ઘણો ખરો ભાગ રચાયેલો છે. અને આ કિતાબમાં તબ્લીગી જમાઅતનો અંદરનો રંગ ઢંગ તેમજ એની કાર્યવાહી વિશે પણ અમુક વિગતો, બનાવો રજુ કરેલા છે. અમે એ કિતાબ વિશે અમારો કોઈ અભિપ્રાય આપીએ એ પહેલાં તબ્લીગી જમાઅતના જવાબદાર

વ્યકિતઓનું ધ્યાન દોરીએ છીએ કે આ કિતાબમાં જે કંઈ વિગતોનું વર્ણન થયેલું છે તેનો સ્વીકાર કરે અથવા તો એના ઈન્કાર માટેની સાબિતીઓ આપે.

એના પછીનો ભાગ ખૂબ જ દિલચસ્પ અને હચમચાવી દે તેવો છે ! લખે છે કે :—

**ઈસ રિસાલાકી ઈશાઅતકો કઈ મહિને ગુઝર ગએ ઔર અખ્બાર અલજમીઅતમેં ઉસકે મુતઅલ્લિક કઈ મઝામીન ભી નીકલ ચૂકે હૈં ઈસકે બાવજૂદ તબ્લીગી જમાઅતકી તરફસે ખામોશી બરતી ગઈ ! યે ખામોશી એક બહોત બળે તબકેકો ઝહની ખલજાનમેં ડાલ સકતી હૈ. હમ સમઝતે હૈં યે ખામોશી અગર ઈસી તરહ કાયમ રહી તો ઈસ રિસાલે કે મંદરઝાત સે બહોત બળે તબકેકા મુતાષ્ષિર હો જાના ગૈર તબઈ ન હોગા.** *—(માહનામા દારુલ ઉલૂમ, પેજ—૪)*

**સારાંશ** : આ રિસાલાને છપાઈને પ્રગટ થઈ ગયા પછી કેટલાય મહિના વિતી ગયા તેમજ ''અલ્‌જમીઅત'' પેપરમાં એના સંબંધમાં લખાણો પણ છપાઈ ગયાં તેમ છતાં તબ્લીગી જમાઅત તરફથી આ અંગે ખામોશી જ સેવવામાં આવી છે ! આ ચુપકીદી, એ ઘણા મોટા વર્તુળને દિમાગી ઉલઝનમાં મૂકી દે તેમ છે અને જો આ ખામોશી આવી જ રીતે કાયમ રહેશે તો આ રિસાલામાંનું લખાણ અને એમાં જણાવેલા બનાવો એ ઘણા મોટા વર્તુળને અસર કરી જાય તેમાં કઈ ખોટું નથી એમ અમારું માનવું છે.

યાદ રાખો કે એ કિતાબની અંદરના લખાણમાં કોઈ દુશ્મને એ વાત રજૂ કરી નથી પરંતુ તબ્લીગી જમાઅત સાથે પોતાની અકીદતમંદી ધરાવનારે જ એ હકીકત રજૂ કરી છે, જમાઅત સાથેની પોતાની અકીદતનો ઉલ્લેખ કરતાં તંત્રી સાહેબ લખે છે કે :—

**તબ્લીગી જમાઅતકે મુતઅલ્લિક હમ નિહાયત ખૈર ખાહાના જઝબા રખતે હૈં ઔર મૌલાના ઈલ્યાસ સાહબ રહમતુલ્લાહ અલૈહ કે ઈખલાસ વ ઈમાનને જો અઝીમુશ્શાન નતાઈજ પેદા**



**કિયે હૈં ઉનકે કદરદાં ઔર ઉન્હેં જમાઅતી ઈખ્તિલાફ વ ઈન્તેશાર સે મેહફૂઝ રખનેકે આરઝૂમંદ હૈ.** *(માહનામા દારૂલ ઉલૂમ દેવબંદ ,પેજ—૭)*

**સાર** : તબ્લીગી જમાઅત સંબંધમાં અમે એની ભલાઈ ઈચ્છીએ છીએ તથા મૌલાના ઈલ્યાસ સાહબના ઈખ્લાસ અને ઈમાન વડે શ્રેષ્ઠતમ પરિણામો આવ્યાં છે એ માટે એમની કદર કરીએ છીએ અને જમાઅતના મતભેદો તથા ફાટફૂટથી એને સલામત રહેવાની ઉમ્મીદ સેવીએ છીએ.

માસિક પત્ર દારૂલ ઉલૂમ દેવબંદના આ બધા વર્ણન પરથી દેવબંદી જમાઅતના મૌલ્વી અબ્દુર્રહીમ શાહની અવાજનું વજન ચોખ્ખી રીતે જાણી શકાય છે. આટલી વાત પછી હવે મૌલ્વી અબ્દુર્રહીમ શાહની તકરીરની અગત્યતાના એક ભાગ તરફ લક્ષ આપો. મૌલ્વી નૂરમુહમ્મદ ચંદીની પોતાની પ્રસ્તાવનામાં શાહ સાહેબની તકરીરના મહત્વના ભાગને જાહેર કરતાં લખે છે :—

**મૌલાનાને દૌરાને તકરીરમેં ખાસ તૌર પર ફર્માયા કે હમેશાસે એહલે ઈલ્મ હી કુર્આન ઔર ઉસકે માઅના કે મુહાફિઝ રહે. કિસ કદર અહમક હૈં વો લોગ જો ઉલ્માકા ઈસ્તિખફાફ કરકે દીનકી તખફીફ કર રહે હૈં. મૌલાનાને મઝીદબર આં હાલાત પર રોશની ડાલી જો ફી ઝમાના કુછ નાઆકેબત અંદેશ મસ્નૂઈ દીનકા દર્દ રખનેવાલોં (તબ્લીગી જમાઅતવાલોં) કી જાનિબ સે રોનુમા હો રહે હૈં. મેવાતકા ઈલાકા ખાસ તોર પર ઉનકા શિકાર હૈ. હૈરતકા મુકામ હૈ કે જો કામ એહલે ઈલ્મકા હૈ વો ઐસે લોગ અંજામ દેના ચાહતે હૈં જો ન સિર્ફ દીનસે ના આશના હૈ બલ્કે અપની સફાહત વ જહાલત ઔર અપની બદ કિરદારિયોંકી વજેહ સે મઆશરામેં ભી કિસી અચ્છી નિગાહ સે નહીં દેખે જાતે, યે તો સમજીએ !** *(ઉસૂલે દા'વતો તબ્લીગ, પેજ—૪)*

**સાર** : મૌલાનાએ પોતાની તકરીરમાં ખાસ કરીને કહ્યું કે ઈલ્મવાળાઓ જ હમેશાં કુર્આન અને તેની તફસીરના રક્ષકો રહ્યા છે.

કેટલા મૂર્ખા તે લોકો છે જેઓ આલિમોને હલકા પાડી પોતે મઝહબને તોડી રહ્યા છે ! મૌલાનાએ વધારે પ્રમાણમાં એ હકીકત ઉપર પ્રકાશ નાંખ્યો કે જે ચાલુ જમાનામાં કેટલાક કમ અક્કલ અને દીનની બનાવટી લાગણી ધરાવનારા (તબ્લીગી જમાઅતવાળા)ઓ તરફથી જાહેર થઈ રહી છે. ખાસ કરીને મેવાતનો પ્રદેશ એમનો શિકાર છે. નવાઈની વાત એ છે કે જે કામ ઈલ્મવાળાઓનું છે તે કામ એવા લોકો કરી રહ્યા છે કે જેઓ ફક્ત મઝહબથી વાકેફ નથી એટલું જ નહીં પણ તેઓ પોતાની અજ્ઞાનતા, જહાલત અને ખરાબ ચાલ ચલગતના કારણે સમાજમાં પણ સારી નજરે જોવાની લાયકાત ધરાવતા નથી ! એને તો સમજો !

પોતાની પ્રસ્તાવનામાં મૌલ્વી નૂરમુહમ્મદ ચંદીનીએ ખૂબ જ સ્પષ્ટતાથી એ શંકાને પણ દૂર કરી દીધી છે કે એ જલ્સામાં તબ્લીગી જમાઅતનો પડદો ખોલવાના દીની ફર્ઝને પૂર્ણ કરવામાં ફક્ત મૌલ્વી અબ્દુર્રહીમ શાહ એકલા ન હતા. બલ્કે દેવબંદી ફિર્કાના બીજા પ્રખ્યાત આલિમો પણ એ ફર્ઝ પૂર્ણ કરવામાં એમની સાથે હતા. લેખકના શબ્દો આ પ્રમાણે છે :–

**મૈંને દેખા કે મૌલાનાકી ઈસ તકરીરસે ઉલ્માકા મજમા ઈસ કદર મુતઅષ્ષિર હુવા કે મૌલાના મૌસૂફ કે બાદ આનેવાલે હર મુકર્રિરકા યેહી મૌઝૂઅ બન ગયા ઔર જો આલિમ ભી આયા મૌલાનાકી તાઈદ હી કરતા હુઆ. મજમએ અવામ વ ખ્વાસ કા યે આલમ થા કે અગર દો ચાર ઘંટે મૌલાના ઔર તકરીર ફર્માતે તો તબ ભી જાનેકા નામ ન લેતા ! મૌલાના ફખરુલ હસન સાહબ દારૂલ ઉલૂમ દેવબંદ, હઝરત મૌલાના અબ્દુલ અહદ સાહબ, દેવબંદ, હઝરત મૌલાના ઈર્શાદ અહમદ સાહબ મુબલ્લિગ દેવબંદ, હઝરત મૌલાના અનવરશાહ સાહબ કશ્મિરી વગરેહને તકરીરેં કીં. અલાવા ઉનકે દીગર ઉલ્માએ કિરામ વ અઝીઝ તુલબાએ દારુલ ઉલૂમ દેવંબદ વ સહારનપુર કષીર તા'દાદમેં શરીકે જલસા થે ઔર હઝારોંકી તાઅદાદમેં અવામ વ ખ્વાસકા મજમા થા.** –*(ઉસૂલે દા'વતો તબ્લીગ, પેજ–૫)*



**સાર** : મેં જોયું કે મૌલાનાની તકરીરથી આલિમોનો સમૂહ એટલો બધો પ્રભાવિત થઈ ગયો હતો કે એમના પછી તકરીર કરવા આવનાર દરેકની તકરીરનો એ જ વિષય બની ગયો અને જે કોઈ આલિમ આવ્યો તે મૌલાનાનું અનુકરણ કરવા લાગ્યો. મેહફિલની હાલત એવી હતી કે જો બે ચાર કલાક સુધી મૌલાનાએ તકરીર કરી હોત તો પણ કોઈ જવાનું નામ ન લેત ! મૌલાના પછી હઝરત ફખરુલ હસન દેવબંદ, મૌલાના અબ્દુલ અહદ, દેવબંદ, મૌલાના ઈર્શાદ અહમદ સાહબ મુબલ્લિગ દેવબંદ, મૌલાના અનવરશાહ કશ્મિરી વગેરેએ તકરીરો કરી હતી. આ સિવાય તેમના બીજા આલિમો તથા દારુલ ઉલૂમ દેવબંદ અને સહારનપુરના વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં હાજરી આપી હતી ઉપરાંત હજારોની સંખ્યામાં આમ અને ખાસ લોકોની મેહફિલ હતી.

મૌલ્વી નૂરમુહમ્મદ ચંદીનીએ કિતાબના હાશિયામાં જલસામાં ભાગ લેનારાઓની હકીકત આનાથી પણ વધારે સ્પષ્ટ શબ્દોમાં લખી છે, તેઓ લખે છે કે :–

**દોરાને તકરીર મન્દરજએ ઝેલ ઉલમાએ કિરામ મૌજૂદ થે : હઝરત મૌલાના અબ્દુલ અહદ સાહબ, મોહદ્દિષ દારુલ ઉલૂમ, દેવબંદ, મૌલાના ફખરુલ હસન સાહબ, દારુલ ઉલૂમ દેવબંદ, મૌલાના અનવરશાહ કશ્મિરી, મૌલાના અબુલકલામ સાહબ મુબલ્લિગ, દારુલ ઉલૂમ દેવબંદ, મૌલાના મુહમ્મદ યાકૂબ સાહબ મઝાહિરે ઉલૂમ સહારનપુર. એલાવા ઉનકે દીગર કુર્બો જવાર કે ઉલ્માએ કિરામ, તુલબાએ દારુલ ઉલૂમ વ મઝાહિરે ઉલૂમ સે સ્ટેજ ભરા હુઆ થા, ઔર મેહસૂસ હોતા થા કે મૌલાના સબકી આવાઝ હૈ.** *(ઉસૂલે દા'વતો તબ્લીગ, પેજ–૫૪)*

**સાર** : તકરીરના દરમિયાન નીચે જણાવેલા આલિમો હાજર હતા : હઝરત મૌલાના અબ્દુલ અહદ સાહબ, મોહદ્દિષ દારુલ ઉલૂમ દેવબંદ, મૌલાના ફખરુલ હસન, મૌલાના અનવરશાહ કાશ્મિરી, મૌલાના અબુલકલામ સાહબ મુબલ્લિગ દેવબંદ, મૌલાના મુહમ્મદ યાકૂબ સાહબ, મઝાહિરે ઉલૂમ સહારનપુર. આ સિવાય એમના નજીક

તથા દૂરના અન્ય આલિમો તેમજ દેવબંદ તથા સહારનપુરના તુલ્બાઓ (વિદ્યાર્થીઓ)થી સ્ટેજ ખીચોખીચ ભરાયેલું હતું અને એમ લાગતું હતું કે મૌલાના સૌના અવાજનો પડઘો પાડી રહ્યા છે !

## ★ બોધદાયક તમાશાઓ ★

દિલોને (ઝમીર) વેચવાનો આ દિલચસ્પ તમાશો પણ જોઈ લઈએ કે મૌલ્વી ઈર્શાદ અહમદ સાહેબ મુબલ્લિગે દારુલ ઉલૂમ દેવબંદ કે જેઓ બર્શર ઈલાકાના ''સુનીર'' કસ્બાના મુનાઝેરામાં તબ્લીગી જમાઅત તરફથી વકીલ બનીને આવ્યા હતા અને તબ્લીગી જમાઅતની ખોટી તરફદારી કરવા બદલ એમને શરમજનક બેઈજ્જતીનો સામનો કરવો પડયો હતો તે મૌલ્વી સાહેબ જિંદગીભર એ સમયને ભૂલી નહીં શકે.

ચાંદની રાતની ખામોશીનો તે પ્રસંગ પણ જોવા લાયક હતો કે જ્યારે હક્ક અને સચ્ચાઈનો ચંદ્રમાં એમના સૂતેલા દિલને વારંવાર ઢંઢોળતો રહ્યો (હજુ સમય હાથમાં છે.) છતાં તેઓ એકના બે ન થયા જાણે કે એમને સાપ સુંઘી ગયો ન હોય !

હજારોની માનવમેદની આશામાં આતુર હતી કે ક્ષણભરને માટે પણ તેઓ સચ્ચાઈ તરફ પાછા ફરે પણ તેઓ તો ગમે તે થાય છતાં ઈમાન, દયાનતદારી તરફ પાછા નહીં ફરવાની કસમ ખાઈ ચૂકયા હતા.

પણ હવે તાઉલી જિલ્લાના મુઝફ્ફરનગરના એક જલ્સામાં એ જ મૌલ્વી ઈર્શાદ અહમદ સાહબ એટલા બધા બદલાઈ ગયા કે તબ્લીગી જમાઅત વિરૂધ્ધ હથિયાર ઉઠાવતા જરા સરખો પણ સંકોચ કે ખચકાટ અનુભવ્યો નહીં ! જે તબ્લીગી જમાઅતની બુરાઈયો પર પડદો નાંખવા બદલ લોકોની ધૃણા અને મહા અપમાનની મુસીબત પોતે પોતાના માથે વહોરી લીધી હતી તે જ ઈર્શાદ અહમદ સાહેબ આજે તબ્લીગી જમાઅતનો ભાંડો ખોલી રહ્યા છે !

તો હવે આ સ્થળે આ સિવાય બીજાું શું કહી શકાશે કે એમણે મુનીર કસ્બાના મુનાઝરામાં હક્ક સદાકતનું ખૂન કર્યું છે અથવા તો અહીં મુજફ્ફરનગરના જલ્સામાં હક્ક સદાકતની સામે તલવાર ઉઠાવી રહ્યા



છે. ગમે તે એક વાત માનીએ તો પણ બેમાંથી એક ખૂનનો આક્ષેપ તો મૌલ્વી સાહેબના શિર પર છે !

મને કહેવા દો કે, દેવબંદી ફિર્કાની આ હોંશિયારી એવી છે કે જેનો જવાબ આખી દુનિયાના કોઈ ફિર્કા પાસે નહીં મળે. સાચે જ એ લોકો આંખનું કાજળ એટલી બધી સાવચેતીપૂર્વક ચોરી લે છે કે લૂંટાઈ જનારને એની જાણ પણ થતી નથી અને એમનું કાર્ય સફળ થઈ જાય છે ! અલ્લાહ એમની બદમાશીઓથી ભોળા મુસલમાનોને રક્ષણ આપે.

ઉપર્યુક્ત વર્ણનથી હવે આ વાત ખૂબ ચોખ્ખી થઈ ગઈ કે તાઉલી નગરમાં જે જલ્સો થયો હતો, તેમાં મૌલ્વી અબ્દુર્રહીમ શાહ ઉપરાંત બીજા બધા દેવબંદી જમાઅતના વિખ્યાત આલિમો હતા અને તેથી મૌલ્વી સાહેબના બયાનને તબ્લીગી જમાઅતના વિરૂધ્ધમાં મઝહબી તઅસ્સુબ પણ કહી શકાશે નહીં, બલ્કે આ કિતાબના અભ્યાસથી એ પણ જાણી શક્યા છીએ કે મૌલાના અબ્દુર્રહીમ શાહ તબ્લીગી જમાઅતના સ્થાપક મૌલાના ઈલ્યાસ અને એમના પુત્રની સાથે એક મુદ્દત સુધી તબ્લીગી જમાઅતનું કામ કરતા રહ્યા છે.

મૌલ્વી અબ્દુર્રહીમ શાહનો ધર્મપ્રેમ જાણી લીધા બાદ હવે તેમની તકરીરની પણ નોંધ જોઈ લઈએ.

## ★ મુખાલિફતને ઉભારનાર માનસિક ખળભળાટ ★

મૌલ્વી અબ્દુર્રહીમ શાહ સાહબે તબ્લીગી જમાઅત સંબંધે પોતાના વિચારોના ફેરફાર થયાનો ચિતાર રજૂ કરતાં એ હકીકતને પણ જાહેર કરી દીધી છે કે મૌલ્વી યૂસુફ સાહબના જીવનમાં તેમણે તબ્લીગી જમાઅતના અંતર્ગત ફસાદો તરફ તેમનું ધ્યાન દોર્યું હતું પરંતુ દરેક વખતે તેમણે (મૌલાના યૂસુફ સાહબ) આંખ આડા કાન કર્યા હતા.

એ આખી વાત લેકખના જ શબ્દોમાં આપણે સાંભળીએ :–

**તકરીબન પાંચ છે સાલ તક મુસલસલ મૌલાના મર્હૂમ (મૌલાના યૂસુફ સાહબ કો) ઉસકી તરફ તવજ્જાુહ દિલાતા રહા હૂં ઔર મૈંને યે ભી અર્ઝ કિયા થા કે હઝરત અગર આપને**

**તવજ્જુહ નહીં ફર્માઈ તો ઉલમાએ કિરામ ઝયાદા અરસા તક ખામોશ નહીં બૈઠેંગે ઔર ઝરૂરત ઉનકો મજબૂર કર દેગી જિસકે નતીજેમેં કુછ નહીં કહા જા સકતા કે કયા હાલાત હોં ?** *(ઉસૂલે દા'વતો તબ્લીગ જમાઅત, પેજ–૪૬)*

**સારાંશ** : લગભગ પાંચ છ વર્ષથી લગાતાર મૌલાના યૂસુફ સાહેબનું હું ધ્યાન દોરી રહ્યો છું અને મેં એ પણ સમજાવ્યું હતું કે જો આપ સાહેબ ધ્યાન નહીં આપો તો પછી ઉલમા લોકો વધુ સમય સુધી ખામોશ બેસી નહીં રહે અને સમય એ લોકોને મજબૂર કરી દેશે અંતે એનું પરિણામ શું આવશે તે કહી શકાય નહીં !

''તંગ આમદ બ જંગ આમદ'' (ખૂબ તંગ આવી ગયા ત્યારે સામનો કરવા તૈયાર થયા) જેવી પરિસ્થિતિ ઊભી થતાં લેખકે જે પગલાં લીધા તેનું વર્ણન તેમના પોતાના જ શબ્દોમાં સાંભળીએ, લેખક કહે છે :

**બિલ આખિર મૈંને કોઈ ખાતિર ખ્વાહ નતીઝા નહીં દેખા તો મૈંને ઈસ્તિખારા કિયા ઔર ખૂબ દોઆએં કીં. અલ્હમ્દુલિલ્લાહ ! જબ મુઝે ખૂબ શરહુસ્સુદૂર હો ગયા તો મૈંને તબ્લીગી જમાઅતોંકી મૌજૂદગીમેં ઉન કમઝોરિયોંકી તરફ મુતવજ્જહ કરના શુરૂ કર દિયા. જો મુસલમાનોંકે લિએ સિમ્મે કાતિલકા દરજ્જા રખતી હૈ.** *(ઉસૂલે દા'વતો તબ્લીગ ,પેજ–૪૬)*

**સારાંશ** : અંતે કોઈ સારા પરિણામો ન આવતાં મેં ઈસ્તિખારા કર્યો (કોઈ કામ કરવું, ન કરવું તે માટેનો ગૈબી ઈશારો માંગવાને એક પ્રકારે જાઈઝ ઝિક્ર કરવો તે) અને ખૂબ દુઆઓ માંગી.

અલ્હમ્દુલિલ્લાહ ! જ્યારે મારું દિલ ખુલી ગયું ત્યારે મેં તબ્લીગી જમાઅતોની હાજરીમાં જ એમની તે કમજોરીઓ કે જે તમામ મુસલમાનો માટે કાતિલ ઝેરની ગરજ સારે તેવી હતી, એ તરફ લોકોનું લક્ષ કેન્દ્રિત કરવાનું કામ હાથ પર લીધું.

## ★ કમજોરીઓ તથા ખરાબીઓ તરફ ઈશારા ★

તબ્લીગી જમાઅતમાં જે કમજોરીઓ તેમજ ખરાબીઓ હતી તે



તરફ લગાતાર છ વર્ષ સુધી મૌલ્વી અબ્દુર્રહીમ શાહે જમાઅતના અમીર મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહેબનું ધ્યાન દોર્યું તેમ છતાં એ તરફ મૌલ્વી મુહમ્મદ યૂસુફ સાહેબે કંઈ લક્ષ ન આપ્યું, બલ્કે આંખ આડા કાન કરતા રહ્યા. આ એમના દોષિત કાર્યને કારણે મૌલાના અબ્દુર્રહીમ શાહ તબ્લીગમાંથી અલગ થઈ ગયા એટલું જ નહીં પણ ઈસ્તેખારા કરી તબ્લીગી જમાઅતનો સામનો કરવા મંડી ગયા.

શાહ સાહેબના ઈસ્તેખારા તથા દુઆઓના પરિણામે જે કંઈ જણાયું તે જોતાં એમના કદરદાનોએ આ વાતનો જરૂર સ્વીકાર કરવો પડશે કે અલ્લાહ તઆલાનો ઈશારો પણ એમ જ છે કે તબ્લીગી જમાઅતને મઝહબની સલામતી માટે ભયરૂપ અને હાનિકારક સમજવામાં આવે તથા એ ખતરાથી મુસલમાનોને ખબરદાર કરી દેવામાં આવે.

મૌલ્વી અબ્દુર્રહીમ સાહબ જેવા તબ્લીગી જમાઅતના જાંનિસાર માર્ગદર્શકને જમાઅતની જે ખરાબીઓએ તડપાવી મૂક્યા તેમજ જેના કારણે તંગ આવી જઈને જમાઅતથી અલગ થઈ જવું પડયું તે કારણો તથા કમજોરીઓ હવે આપણે એમના શબ્દોથી તપાસીએ :–

મૌલાના અબ્દુર્રહીમ શાહ લખે છે કે :–

**તબ્લીગી જમાઅતકે બઅઝ નાઆકેબત અંદેશ આપસમેં ઈખ્તેલાફ ઔર તખર્રુબ કી ફિઝા પેદા કર રહે હૈં ઔર નોબત યહાં તક પહોંચ ચૂકી હૈ કે તબ્લીગી ઈજતેમાઅમેં તો બળી સરગર્મી દિખાતે હૈં ઔર દુસરે જલસોં કે સાથ મુખાલેફાના રવૈયા ઈખ્તેયાર કરતે હૈં ઔર હર ઈલાકે કે ખાસ અમીરે જમાઅત મુબલ્લિગીનકી યેહ આમ શિકાયત હૈં કે વો બળે આલિમકી ન ખૂદ તકરીર સુનતે હૈં બલ્કે ઉનકા ઔર ઉનકી તકરીરકા સુબ્કીકે સાથે ઝિક્ર કરતે હૈં.** *(ઉસૂલે દા'વતો તબ્લીગ, પેજ– ૪૪)*

**સારાંશ** : તબ્લીગી જમાઅતના કેટલાક નાદાન લોકો અંદર અંદર મતભેદ તથા ફાટફુટ પેદા કરવાનું વાતાવરણ ઉભું કરી રહ્યા છે. જો કે એટલે સુધી વાત આવી પહોંચી છે કે જમાઅતના જલ્સાઓમાં તો ખૂબ ખૂબ જોશીલી વાતો અને જોરદાર પ્રવૃત્તિઓ દેખાડે છે જ્યારે બીજા

જલ્સાઓની સાથે વિરોધી ચાલ ચાલી રહ્યા છે.

બીજું એ કે દરેક ઈલાકાની જમાઅતના અમીર મુબલ્લિગોની આ સામાન્ય ફરિયાદ છે કે મોટા મોટા ઉલમાની તકરીરો સાંભળતા નથી અને ઉલ્ટુ એવા આલિમોની તકરીરોને તુચ્છ ગણી હલકટપણા સાથે સરખાવી રહ્યા છે.

**વાંચક બંધુઓ !** મૌલ્વી અબ્દુર્રહીમ શાહનું આ બધું બયાન ફક્ત ઉપર ટપકે વાંચીને ચાલ્યા જવા જેવું નથી. કેમ કે એમણે આ બયાન રજૂ કરીને તો ફિત્નાઓથી ધડકતી નાડ (નસ) પર હાથ મૂકીને જાન લઈ લે તેવા એક ભયંકર રોગને આપણી સમક્ષ ખુલ્લો પરખાવી દીધો છે.

જે લોકો તબ્લીગી જમાઅતના કારકુનોની સાથે થોડી ઘણી પણ ઓળખાણ ધરાવતા હશે તેઓ શાહ સાહેબના ઉપર્યુકત મંતવ્યનો અક્ષર અક્ષર સ્વીકાર કરશે. જાણી લઈએ કે તબ્લીગી જમાઅતના ઝેરીલા વાતાવરણમાં પેદા થનાર આ રોગ અને એના જંતુઓ એટલા બધા ઝેરી છે કે જો એનો ઉપદ્રવ વધી જાય તો આખો મુસ્લિમ સમાજ જરૂર એક દિવસ મૌતને ઘાટ પહોંચી જશે.

સાચી વાત તો એ છે કે તબ્લીગી જમાઅતની સાથે સંબંધ જોડી દીધા પછી તે માણસ એટલો બધો સંગદિલ અને તંગ નજરવાળો બની જાય છે કે બીજાઓની દીની સેવાઓને તો પછી તે સેવા સમજતો જ નથી. પોતાના વર્તુળ સિવાય બીજા બધા વર્તુળોથી અલગ બનીને પોતાના ઉલમાને બાકાત રાખીને બાકીના બીજા બધા આલિમો, દીની ખાદિમોને તો તે વ્યકિત ધિક્કારની ઠોકરે ચડાવે છે અને બિલ્કુલ જુદે જુદા સમાજનો એક વ્યકિત બની જાય છે.

અહીં અમારે કહેવું પડશે કે તમામ મુસલમાનોના હિત અને ફાયદાઓથી અજાણ કરી, બિલ્કુલ જાણે પરાયો વ્યક્તિ હોય તેમ બનાવી દઈને, કોઈને પોતાના ગુલામ બનાવવાની આ ચળવળને તે શું દીની સેવા તરીકે ઓળખવામાં આવે ખરી કે ? ના એ દીની સેવા નથી પણ મઝહબ અને તેના અનુયાયીઓ સાથે તદન ખરાબ પ્રકારની જુદાઈ (અલગતાપણું) તેમજ નફરતની આગ ભડકાવવાની આ પ્રવૃત્તિ છે.



## ★ સંકૂચિત માનસની બિમારી ★

આ ખોટા જઝબાની અસરથી તબ્લીગ લોકોમાં એક જ વાત પર અટલ રહેવાનું, સંકૂચિત માનસ તથા તંગદિલી પેદા કરે તેવું અલગતાવાદી મેલાપણું કેટલી ગતિથી આગળને આગળ ધપી રહ્યું છે એ તરફ મૌલાના શાહ ઈશારો કરતાં જણાવે છે કે :–

**જહાં ભી તબલીગી જમાઅતકા ઈકતેદાર હૈ, અઈમ્મા ઔર મુદર્રેસીનકો મુખાલિફ કરાર દેકર ફૌરન ઉનકો અલાહિદા કર દિયા જાતા હૈ. ખ્વાહ કૈસી હી તાલીમી સલાહિયાત રખતા હો. મૈં ઉસકી તફસીલ ભી પેશ કર સક્તા હૂં મગર મેરા મકસદ જુઝઇયાતકો જમા કરના નહીં હૈ. બલ્કે ઉસ ગલત ઝહનકો ઉજાગર કરના હૈ જો ખામોશી કે સાથ પરવરિશ પા રહા હૈ. મૈં ઈસકી તરફ મુતવજ્જહ કરના ચાહતા હૂં ઔર દુસરોંકો ઉસસે બચાના ચાહતા હૂં.** –*(ઉસૂલે દા'વતો તબ્લીગ, પેજ–૪૮)*

**સારાંશ** : જ્યાં જ્યાં તબ્લીગી જમાઅતનું વર્ચસ્વ હોય છે ત્યાં ત્યાં લોકોને તથા મદ્રસાઓના મુદર્રિસોને તબ્લીગવાળા પોતાના વિરોધી કહીને (તેઓ ગમે તેટલી લાયકાત ધરાવતા હોય તો પણ તે જોવામાં નથી આવતું) તેમને છૂટા કરી દેવામાં આવે છે. અત્રે હું એના દાખલાઓ પણ રજૂ કરી શકું એમ છું પણ મારો મકસદ એવી વાતોને એકત્ર કરવાનો નથી. મારે તો એ ખોટી માન્યતાઓને જાહેર કરી દેવી છે કે જે જાણવામાં પણ ન આવે અને ચૂપચાપ પ્રગતિ પામી રહી છે. હું એના તરફ ધ્યાન દોરવા માગું છું અને અન્યને એનાથી બચાવવા ઈચ્છું છું.

આ પ્રમાણેના ખતરનાક ખયાલોનું ખામોશીપૂર્વક આગળ વધતા રહેવું એ મુસ્લિમ ઉમ્મતના ભવિષ્યને કેટલું બધું નુકસાનકારક નીવડશે એ વાત વર્ણન કરવાની મોહતાજ નથી. જ્યારે જુદાપણાની પસંદગીની ભાવના છેલ્લી હદ સુધી પહોંચી જાય છે ત્યારે કોઈ પણ દિમાગની એવી હાલત થઈ જાય છે.

અહીં વિચારવાની વાત તો એ છે કે પોતાના અકીદાઓની સાથે

સહમત થએલાઓની જોડે જ્યારે તબ્લીગી જમાઅતવાળાઓની જંગલી વિચારસરણીની આ હાલત છે કે તેમનું અસ્તિત્વ સુધ્ધાં પણ એમને પસંદ નથી. તો પછી આમ મુસલમાનો કે જેઓ તબ્લીગી જમાઅતથી પર છે એમના પ્રત્યે એ લોકોના પક્ષપાતી વલણનો અંદાજ કોણ કાઢી શકશે ?

## ★ ધાર્મિક પેશ્વાઈનું માતમ ! ★

તબ્લીગી જમાઅતના સંબંધમાં મૌલાના અબ્દુર્રહીમ શાહનું આ બયાન એક દાઝેલા આદમીની બુમરાણ સમાન છે. પ્રત્યેક શબ્દમાંથી દિલની બેચેની લોહીના ટીપાની જેમ ટપકી રહી છે. તબ્લીગી જમાઅતની ગુમરાહીનું આ તોફાન પ્રતિદિન પ્રગતિ પામતું જોઈને લેખક અકળાઈ ગયા છે અને બધી ચર્ચાઓને ત્યજી દઈને કહે છે કે :–

**મૈં ખુદાકી કસમ ખા કર કહતા હૂં કે જમાઅતકા યે તજઝિયા મજબુરન ''બા દિલે ના ખ્વાસ્તા'' કર રહા હૂં ઔર દીની તકાઝા વ ઝરૂરત સમઝકર. ક્યૂં કે ઉન નાબાલિગ મુક્તદાઓં (તબ્લીગી જમાઅતકે જાહિલ મુબલ્લિગીન) ને ખિતાબે આમ શુરૂઅ કર દિયે. જિનકી શરઅન ઈનકો ઈજાઝત નહીં હૈ, ઔર ઉન્હોંને ઈસ કામકી અફઝલિયત પર હદસે તજાવુઝ કિયા ઔર દુસરે દીની શોઅબોંકી ખુલ્લમ ખુલ્લા તખફીફ, (તહકીર) શુરૂ કર દી. ઔર ઝિમ્મેદારોંને બાર બાર તવજ્જુહ દિલાને કે બાવજૂદ અબ તક ઉન્હોંને નહીં રુકાયા, યા વો રુકે નહીં. તો ઐસી સૂરતમેં જિમ્મેદારીકી બાત હૈ કે હકીકતે હાલ વાજેહ કી જાએ. ખ્વાહ કોઈ માને યા ન માને.** *–(ઉસૂલે દા'વતો તબ્લીગ પેજ–૫૨)*

**સારાંશ :** ખુદાપાકની કસમ ખાઈને કહું છું કે તબ્લીગી જમાઅતની આ બધી વિગતો કહેવાની અનિચ્છા હોવા છતાં જણાવી રહ્યો છું (કારણ કે) ધાર્મિક તકાઝા અને ખૂબ જરૂરી સમજીને આ સર્વ બાબતો આજે કહી રહ્યો છું. બીજું કે તબ્લીગી જમાઅતના જાહિલ પ્રચારકોએ જાહેરમાં તબ્લીગ શરૂ કરી દીધી છે. અલબત શરીઅતમાં એ લોકોને એ કામ કરવાની ઈજાઝત પણ નથી. (એટલું જ નહીં પણ) એમની કહેવાતી



તબ્લીગની શ્રેષ્ઠતા બતાવવા પણ મંડી ગયા છે અને એ સાથે ધાર્મિક બીજા અમુક પાસાંઓ તરફ છડેચોક વિરોધ અને ઘૃણા શરૂ કરી દીધી છે. એમના કાર્યથી બાઝ આવવા માટે કેટલાક ઉલમાએ સાચા તથા અમુક જવાબદાર વ્યક્તિઓએ વારંવાર એમનું ધ્યાન દોર્યું હોવા છતાં એમની કહેવાતી તબ્લીગી પધ્ધતિને રોકવામાં ન આવી, તેમ તેઓ પોતે પણ રોકાયા નહીં, તો આવા સંજોગોમાં એક જવાબદારી અદા કરવા માટે તો આટલું કરવું જ પડે કે સત્ય હકીકતને જાહેર કરી દેવામાં આવે, ભલે પછી એને કોઈ માને કે ન માને.

તકરીરનો આ ફકરો પણ વાંચવા લાયક છે :–

**ગૌરકા મુકામ હૈ કે કોઈ શખ્સ બગેર સનદ કે કમ્પાઉન્ડર તક નહીં હો સકતા મગર લોગોંને (તબ્લીગી જમાઅતવાલોંને) દીનકો ઈતના આસાન સમઝ લિયા હૈ કે જિસકા જી ચાહે વાઅઝ વ તકરીર કરને ખળા હો જાએ ! કિસી સનદકી ઝરૂરત નહીં. ઐસે હી મોકે પર યે મિષાલ ખૂબ સાદિક આતી હૈ ''નીમ હકીમ ખતરે જાન ઔર નીમ મુલ્લા ખતરે ઈમાન !''** *–(પેજ–૪૪)*

**સારાંશ :** વિચાર કરવા જેવી વાત છે કે કોઈ પણ માણસ કોઈ સર્ટિફીકેટ કે પ્રમાણ પત્ર વિના કમ્પાઉન્ડર બની શકતો નથી (ત્યારે અહીં એના કરતાં કંઈક જૂદુ જ છે) તબ્લીગી જમાઅતવાળાઓએ ધર્મને એટલો બધો સહેલો (સસ્તો) સમજી લીધો છે કે જેની ઈચ્છા થાય તે વાઅઝ (તકરીર) કરવા ઉભો થઈ શકે છે. (ઉપદેશક બની શકે છે) એના માટે કોઈ સનદ કે પ્રમાણપત્રની એમની સમક્ષ કોઈ જરૂરત નથી. ખરેખર આવા પ્રસંગે ''નીમ હકીમ ખતરએ જાન'' તથા ''નીમ મુલ્લા ખતરે ઈમાન''ની કહેવત બિલકુલ યોગ્ય ગણાશે.

મુસલમાનોમાં ફિત્ના જગાડવા માટે આ સૌથી મોટો દરવાજો છે જે તબ્લીગી જમાઅવાળાઓએ નેકીનું કામ કહીને ખોલી રાખ્યો છે. જાહેરમાં તો આ કાર્ય ઘણું જ સારું દેખાય છે પરંતુ જરા ગંભીરતાથી એના પરિણામોનો વિચાર કરીશું તો એ કાર્યની ભયંકરતા જણાય આવશે, જેમ કે એક અનાડી માસણને ગાડીનો ડ્રાઈવર બનાવી દેવામાં આવે અને

એનાથી જે ખતરો અને ભય રાખી શકાય છે તે જ રીતે તેટલો ભય અને ખતરો આ તબ્લીગી કાર્યમાં પણ સમાએલો છે. કોઈ પણ વ્યક્તિ દીનની સાથે આ પ્રમાણેની મજાક ત્યારે જ કરી શકે છે જ્યારે કે એના દિલમાંથી દીનની કદર કિંમત બિલકુલ નીકળી જાય. ફક્ત પોતાના લશ્કરની સંખ્યા વધારવાને માટે બિચારા ભલા–ભોળા, અજાણ્યા માણસોને સામેલ કરી દેવામાં આવે અને મેદાનમાં ઉતારી દેવામાં આવે. એ જ પધ્ધતિનું કામ આ તબ્લીગી જમાઅતવાળાઓનું છે.

બનાવ જોગ છે કે કોઈ ભાઈ આ પગલાંઓને તારીફને લાયક પણ સમજી શકે. ત્યારે તેઓએ એ પણ જાણી લેવું જોઈએ કે હુઝૂર સરવરે કાએનાત ﷺ એ એને કયામતની નિશાનીઓમાંની એક નિશાની ગણાવી છે.

જેમ કે ઈર્શાદ ફર્માવે છે કે :–

اِذَاوُسِّدَالْاَمْرُ اِلٰى غَيْرِاَهْلِهٖ فَانْتَظِرِالسَّاعَةَ۔

**અર્થાત :** ‘‘જ્યારે દીનનું કામ ના સમજ લોકોને સોંપવામાં આવે ત્યારે કયામતનો ઈન્તેઝાર કરો.’’

બીજી હદીષમાં દીનની બેકદરી અને ઈલ્મની ઉણપની છેવટની હાલતનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

ફર્માવે છે કે :–

اذالم يُبقِ عالماً اتَّخذَا النَّاسُ رؤُساً جُهَّالاً فَسُئِلُوْا فَافتَوْا بِغَير عِلم فَضَّلُوْاوَاَضَلُّوْا۔

**અર્થાત :** ‘‘જ્યારે ઈલ્મને (દુનિયામાંથી) ઉઠાવી લેવામાં આવશે ત્યારે લોકો જાહિલ માણસોને પોતાના મઝહબી પેશ્વા બનાવી લેશે. તેમને મસ્અલાઓ પૂછશે, તો તેઓ પોતે ઈલ્મથી કોરા હોવા છતાં મસ્અલાઓના જવાબો આપશે, જેનું પરિણામ એ આવશે કે તેઓ પોતે તો ગુમરાહીનો શિકાર બનશે તેમ બીજાઓને પણ ગુમરાહ કરશે.’’ *–(મુત્તફિક ઈલૈયા)*



તબ્લીગી જમાઅત પોતાના જમાઅતી અધિકારના હોશમાં અભણ પેશ્વાઓનો જે સમુહ બનાવી રહી છે એ જોતાં તો અત્યારે એમ લાગે છે કે આગળ ચાલતાં એમના વડે જ ફર્માને નબવી ﷺની સચ્ચાઈ જાહેર થવા પામે તો કોઈ આશ્ચર્યની વાત નહીં કહેવાય.

કહેવાનો મતલબ એ છે કે તબ્લીગી જમાઅતની આ કાર્યવાહી કયામતની નિશાનીઓ પૈકીની એક કડી છે જે રીતે કયામત ભયંકર છે તેમ એની નિશાનીઓ પણ ઓછી ભયંકર નથી. ઉમ્મતમાં ફિત્ના–ફસાદનો દરવાજો ખોલી દેવો એ કંઈ ગર્વની વાત નથી. બલ્કે માતમ કરવા જેવી વાત છે કે કયામતના ફિત્નાના દર્શન માટે વિધાતાએ તબ્લીગી જમાઅતનું નામ જ મશહૂર કર્યું છે.

મૌલ્વી અબ્દુર્રહીમ શાહ દેવબંદીએ ખૂબ બહાદુરીપૂર્વક તબ્લીગી જમાઅતવાળાઓની નમાઝના ઘમંડના જાદૂને તોડયો છે, અલબત્ત ! નમાઝની અજમત તથા કદરો કિંમત બંને દુનિયામાં રોશન સાબિત છે. પરંતુ કોઈ પણ નમાઝીને શૈતાની અભિમાનમાં બદમસ્ત થઈને ભટકી જવાની ઈજાઝત તો કદી પણ આપી શકાય નહીં. નમાઝના બહાના હેઠળ તબ્લીગવાળાઓ મુસ્લિમ સમાજમાં નવા ફિત્નાઓ ઉપસ્થિત કરી રહ્યા છે. મૌલ્વી અબ્દુર્રહીમ શાહે ખૂબ સુંદર શબ્દોમાં એ વાતનો ઈશારો કર્યો છે તે પણ જોઈએ :–

**મેરે દિલમેં ઉન મુસલમાનોંકી બળી કદર હૈ જો મહઝ દીની જઝબા ઔર ઈખલાસ સે દીન સીખને કે લિયે નિકલતે લિયે હૈં ઔર નમાઝી બનકર લૌટતે હૈં. લેકિન અગર ઉલમા–વ–મદારિસ વ ખાનકાહ–વ–દિગર દીની શોઅબોં કી તખફીફ (તહકીરકા જઝબા) સાથ લેકર લૌટે તો મેરે નઝદીક ઐસા તહજ્જુદ ગુજાર ભી બળા મુજરિમ હોગા, ઐસે બેનમાઝીકે મુકાબલેમેં, જો ઉન સબકી ઈઝઝત વ એહતેરામ કરતા હૈ ઔર ઉસકો ગુનાહકા એહસાસ ઔર ઉસ પર નદામત હૈ.**

**ક્યૂં કે બેનમાઝીકી મઝર્રત ઉસકી જાત તક હૈ ઔર દુસરેકી મઝર્રત મુત્તઅદી હૈ પૂરી નસલકો નુકસાન હોગા.** *–(પેજ–૫૪)*

**સારાંશ :** ફક્ત દીની ભાવના અને ખુલૂસિયત થી દીન શીખવા નીકળે છે અને નમાઝી બનીને પાછા ફરે છે તેવા મુસલમાનો પ્રત્યે મારા દિલમાં ખૂબ જ કદર છે. પરંતુ જો આલિમો, મદ્રસાઓ ખાનકાહો અને બીજી દીની સંસ્થાઓ પ્રત્યે હિકારત લઈને પાછો ફરે તો મારી પાસે એવો તહજ્જુદ પળ્હનાર પણ મોટો ગુનેહગાર ઠરશે એવા બેનમાઝીની સરખામણીમાં જે એ સૌની ઈજ્જત કરે છે અને તેને ગુનાહનો એહસાસ તથા કંઈક શરમિંદગી પણ હોય છે. બેનમાઝીથી થતું નુકસાન ફક્ત એની જાત પૂરતું મર્યાદિત હોય છે જયારે બીજાઓથી થતું નુકશાન એ ચેપી રોગ સમાન છે જેથી એનાથી આખી પેઢીને નુકસાન પહોંચી શકે છે.

મૌલાના સાહેબે ખૂબ જ સ્પષ્ટ હકીકત કહી દીધી છે. જરા ઊંડાણમાં ઉતરીને જો વિચારવામાં આવે તો સવારથી સાંજ સુધી તબ્લીગી જમાઅતની બિમારીમાંથી છટકારો મેળવવા માટેની દુઆઓ માંગવી પડે. બલ્કે એ દુઆઓમાં આખી દુનિયાના મુસલમાનોને શરીક કરવા માટે બેચેન બની જવું પડે. ખરેખર આ સંજોગોને કોણ સહન કરી શકશે કે કોઈ એક વ્યકિતના ફાયદા માટે ઘણા બધા મુસલમાનોને મૌતના ઘાટ ઉતારી દેવામાં આવે ! જો વિ□ાસ ન પડતો હોય તો નજીક જઈ એની ઝાંખી કરી જુઓ. તબ્લીગી જમાઅત નમાઝના નામ પર જ આ બધી કાર્યવાહી કરી રહી છે એક નમાઝીના વેશમાં હજારો મુસલમાનોના ઈમાન અને અકીદા માટે એક નવા કાતિલનો જન્મ આપે છે.

તબ્લીગી જમાઅતના પ્રયત્નોથી દેખીતી રીતે મસ્જિદમાં એક નમાઝી તો વધી જાય છે પણ મસ્જિદની બહાર કેટલાયે મુસલમાનોના યકીન અને અકીદાઓનો વધ થઈ જાય છે એની સંખ્યા હજુ સુધી લખી શકાઈ નથી. જયાં સુધી કોઈ માણસ બેનમાઝી રહે છે ત્યાં સુધી તો તે પોતાની જાત માટે મુસીબત બની રહે છે. પણ તબ્લીગી જમાઅતના તંબુમાંથી પાછા ફરતાં જયાં એણે બે સિજદાઓ કરી લીધા કે આખા સમાજની મઝહબી સલામતી માટે તે એક ભયંકર મુસીબત બની જાય છે.



## ★ બીજા કેટલાક ઝખ્મોના નિશાનો ★

તબ્લીગી ઘમંડના દુ:ખથી સમાજની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય છે. એનો ચિતાર આપતા થોડાક નમૂનાઓ શાહ સાહેબે રજૂ કર્યા છે તે એમના શબ્દોમાં અત્રે રજૂ કરીએ છીએ જે ધ્યાનથી વાંચવા લાયક છે.

**ઈસી વજહસે આજ હર જગહ ઈન્તિશાર વ ઈખ્તેલાફ ફુટ પળા હૈ જિસકા સબસે ઝયાદા મુઝાહેરા હમારે ઈલાકએ મેવાતમેં હો રહા હૈ. ઈકરામે મુસ્લિમકી ઈતની મશ્ક કે બાદ ભી ઉલ્માકી આબરૂરેઝી ઈન્તેહાઈ તઆજ્જુબ ખેઝ બાત હૈ જિસસે પતા ચલતા હૈ કે યે લોગ ઝહની ઔર અમલી તૌર પર એક જમાઅતસે મુન્સલિક હો ગએ હૈ.**

**આપને અખબારાતમેં પળ્હા હોગા કે ફિરોઝપુર ઝુર્કામેં એક મૌલ્વી સાહબકો લાઠિયોંસે ઝખમી કર દિયા ગયા. ઈસી તરહ ઉસ્તાઝુલ અસાતેઝા શૈખે મેવાત હઝરત મૌલાના અબ્દુસ્સુબ્હાન સાહબ કે બળે સાહેબઝાદે મૌલાના અબ્દુલ મન્નાન સાહબકો સિનગારમેં ઘેર લિયા ગયા કે મારો ! યે તબ્લીગ કે મુખાલિફ હૈ !**

**ઈસકે અલાવા મુતઅદ્દિદ વાકેઆત હો રહે હૈં. બિચારે અવામ સીધે સાદે, વો કયા જાને કે હકીકતે હાલ કિયા હૈ ? ઈન હાલાતકી વજહસે ઈન્તેહા તો યે હો ગઈ હૈ કે બહોતસે પુરાને મુબલ્લિગીન અલાહેદા હો ગએ, યા અલાહેદા કર દીએ ગએ.** –*(પેજ–પ૬)*

**સારાંશ :** એ જ કારણે દરેક જગ્યાએ ફાટફુટ અને મતભેદો પડી ગયા છે. જેનું પ્રમાણ ખાસ કરીને અમારા મેવાત ઈલાકામાં વધુ દેખાય છે. મુસલમાનોના હિતચિંતકોની આટલી બધી મેહનત પછી પણ આલિમોની આબરૂ લેવી એ આશ્ચર્યજનક હકીકત છે જેના ઉપરથી સાબિત થાય છે કે એ લોકો વિચારસરણી અને અમલીકરણની રીતે કોઈ એક ચોક્કસ જમાઅત સાથે સંકળાયેલા છે. તમે વર્તમાનપત્રોમાં વાંચ્યું હશે કે ફિરોઝપુરના એક મૌલ્વી સાહેબને લાઠીઓ મારીને ઝખ્મી કરી

દેવામાં આવ્યા. એ જ રીતે મેવાતના શેખ અબ્દુસ્સુબ્હાનના મોટા પુત્ર મૌલાના અબ્દુલમન્નાનને સિનગારમાં ઘેરીને માર મારવામાં આવ્યો અને તે એટલા માટે કે એઓ સાહેબ તબ્લીગી જમાઅતના વિરોધી છે.

આ સિવાય અન્ય કેટલાયે કિસ્સાઓ બની રહ્યા છે. બિચારા સાદા માણસો શું જાણે કે અસલ પરિસ્થિતિ શું છે ? આવા બધા કારણોને લઈને ઘણા જૂના મુબલ્લિગો અલગ થઈ ગયા અથવા તો તેઓને અલગ કરી દેવામાં આવ્યા.

તબ્લીગી જમાઅતની ફિત્નાઅંગેઝ વિચારસરણી દેખાવની પવિત્રતા અને તબ્લીગી ઘમંડની બીજી એક તસ્વીર જાુઓ. લેખક વર્ણવે છે :–

**જો ઉન લોગોંકી બેઉસૂલિયોં ઔર બેઝાબ્તા તકરીરોં કી રોકટોક કરતા હૈ તો મર્કઝમેં ખ્વાસ વ અવામમેં ઉસકો તબ્લીગકા મુખાલિફ મશ્હૂર કરતે હૈં ઔર ઉસકે લિએ બિલ્કુલ ઐસે અંદાઝ અખત્યાર કરતે જૈસે રઝાખાની વગેરહ્.**

**કોઈ ઉનસે દર્યાફ્ત નહીં કરતા કે ભાઈ યે તો બતાઓ, ક્યા મુખાલેફ્ત કી હૈ ? બલ્કે ઉસકી ઈઝારસાની કે દર પે હો જાતે હૈં. હાલાંકે કોઈ સહીહ માઅમુલાત કરે તો હકીકત રંજબક્ષ નિકલેગી ઔર ઈન્તેકામ લેને કે લિએ ઉસકો તબ્લીગકા મુખાલિફ કર દિયા.**

**ખ્યાલ કિજિયે, જો તહરીક ઉલ્મા ઔર અવામમેં રબ્ત પેદા કરનેકે લિએ શરૂઅ કી ગઈ થી વોહી તહરીક આજ ઉલ્મા વ મદારિસસે બુઅદો દુરીકા સબબ બનતી જા રહી હૈ. કુછ અજીબ સી બાત હૈ જો તબ્લીગ જમાઅતસે જિત્ના કરીબ હોતા વો ઉતના હી ઉલ્માસે બઈદતર હોતા ચલા જાતા હૈ ! આખિર ઐસા ક્યૂં ?**

**ઔર જિસને દો–ચાર ચિલ્લે દે દિયે તો ફિર ઉસકી તરક્કીએ દરજાતકા ક્યા કેહના ? ફિર તો વો ઉલ્મા કી ભી કોઈ હકીકત અપને સામને નહીં સમઝતા.** –(પેજ–૫૦)



**સારાંશ** : જે માણસ તે લોકોની બેઉસૂલી તેમજ અવ્યવસ્થિત તકરીરો અંગે રોકટોક કરે છે તેને મર્કઝમાં દરેક સમક્ષ તબ્લીગના વિરોધી તરીકે જાહેર કરવામાં આવે છે. રઝાખાની કે અન્ય કોઈ ફિર્કાવાળા સાથે જે રીતે વર્તન કરવામાં આવતું હોય એ જ રીતનો અંદાઝ એની સાથે પણ અખ્તયાર કરવામાં આવે છે કોઈ એમને એ નથી પૂછતું કે ભાઈ ! એ તો બતાવો કે ભલા શું વિરોધ કર્યો છે ? બલ્કે તેને ઈજા પહોંચાડવા તૈયાર થઈ જાય છે. તેમ છતાં જો કોઈ સાચી જાણકારી (માહિતી) મેળવે તો જાત તપાસ દુ:ખદાયક નીકળશે અને ફક્ત બદલો લેવા માટે જ તેને તબ્લીગનો વિરોધી જાહેર કરાયો છે એમ સ્પષ્ટ જણાઈ આવશે.

વિચાર કરો કે; જે ચળવળ આલિમો અને આમ લોકો વચ્ચે સુમેળ મહોબ્બત પેદા કરવા માટે શરૂ કરવામાં આવી હતી તે જ ચળવળ આલિમો અને મદ્રસાઓ સાથે જુદાઈ પાડવા માટેનું સાધન બની રહી છે નવાઈની વાત એ છે કે જે માણસ તબ્લીગી જમાઅત સાથે જેટલો નજીક થતો જાય છે તે એટલો જ બીજા આલિમોથી દૂર થતો જાય છે છેવટે આમ કેમ બને છે ? અને જેણે બે ચાર ચિલ્લાઓ કર્યા તેના દરજ્જાઓની બુલંદીનું તો કહેવું જ શું ? એની આગળ આલિમોની શી વિસાત ? એમ સમજતો થઈ જાય છે.

આ છે શૈતાની ગુરૂર, કે જેણે તેની લાખો વર્ષોની ઈબાદતનું સત્યાનાશ વાળી દીધું. હું નથી માનતો કે તબ્લીગી જમાઅત પોતાના નમાઝીઓમાં આવા પ્રકારનું અભિમાન પેદા કરીને દીનની કોઈ સેવા કરી રહી છે. આ પ્રકારની તબ્લીગથી શો ફાયદો ? કે જે તબ્લીગ સારા માણસને શૈતાનની ગોદમાં બેસાડી દે ? લોકોને ઈસ્લામના આલિમોથી દૂર કરીને પોતાના નફસના ગુલામ બનાવી લેવા એ પણ હોદ્દા પરસ્તીનો બદતરીન પ્રકાર છે અને જે લોકો એને દીનની તબ્લીગ કહે છે તેઓ આખી દુનિયાની આંખોમાં ધૂળ નાંખવા ઈચ્છે છે.

આનાથી વધીને દીનના નુકશાનનો બીજો કોઈ ખ્યાલ કરી શકાતો નથી કે આલિમો અને આમ લોકો વચ્ચે અવિ□ાસની દિવાલ ઉભી કરી દેવામાં આવે. નિ:શંક ! આ ધંધો ઈમાનના લૂંટારૂઓનો છે જેને હવે

તબ્લીગી જમાઅતે અપનાવ્યો છે.

## ★ તબ્લીગી જમાઅતની શરીઅતી હૈસિયત ★

મૌલ્વી અબ્દુર્રહીમ શાહે ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક એ વાત ઉપર પણ પ્રકાશ નાખ્યો છે કે તબ્લીગી જમાઅતની હાલની ચળવળની શરીઅતી વિસાત શી છે ? તબ્લીગી જમાઅતના લોકો પોતાના ઈજતેમાઓમાં આમ તૌર પર જે એમ કહ્યા કરે છે કે તબ્લીગી જમાઅતની હાલની પ્રવૃતિઓ અંબિયાએ કિરામ અને સહાબાઓની સુન્નત છે, તો તેમનો આ દાવો કયાં સુધી સાચો છે ? હદીષોની કિતાબોમાં તબ્લીગની ફઝીલતો બયાન કરવામાં આવી છે તો શું એ તમામ ફઝીલતોની ગવાહ રૂપ આ તબ્લીગી જમાઅત છે ? હવે લેખકના શબ્દોમાં એ દિલચશ્પ ચર્ચા સાંભળો, તેઓ કહે છે :–

**ઈસ સિલસિલેમેં યે બાત ભી અર્ઝ કર દૂં કે બહોતસે હઝરાતને ફઝાઈલે તબ્લીગ પર કિતાબેં લિખી હૈ ઔર તા'લીમમેં ઉન્હીકો સુનાયા જાતા હૈ. ઈસસે બળા મુગાલેતહ હો રહા હૈ આમ તોર સે લોગ ઈન તમામ ફઝાઈલકા મિસ્દાક ઈસ તહરીક કો સમઝતે હૈં, હાલાં કે સખ્ત ઝરૂરત હૈ કે મોઅલ્લેફીન ઈસમેં ઈમ્તિયાઝ પેદા કરે. યે બહોત બળી તબ્લીગ હૈ ઔર અગર ઈસ તહરીક કો વાકઈ ઈસ દરજેમેં સમઝતે હૈં કે યે સબસે અફઝલ હૈ ઔર યે સુન્નત હૈ તો ઈસ પર કુર્આન વ હદીષ કી રોશનીમેં દલાઈલ કાયમ ફર્માયે ઔર જબ યે સુન્નત કાયમ હો જાએ તો યે બતાયેં ભી કે અવ્વલસે લે કર આજ તક યે સુન્નતે મતરૂક રહી હૈ તો કયા સબ ઉલ્મા વ સુલ્હા ઔર મુજદ્દિદીનને ઉમ્મત કો હમ તારિકીને સુન્નતે સમઝે ?**

**અજીબ તઝાદ હૈ. કહીં તો ઉસકો સુન્નતે નબવી કરાર દેતે હૈં ઔર કહીં ઈસકા બાની વ મોહર્રિક હઝરત મૌલાના ઈલ્યાસ નૂરુલ્લાહ મરકદહુ કો કરાર દેતે હૈં.** *–(પેજ–૫૦)*

**સારાંશ** : એ વિષય અંગે વાત પણ કહીશ કે, ઘણા સાહેબોએ



તબ્લીગની ફઝીલતો ઉપર કિતાબો લખી છે અને તાલીમ આપતી વેળા પણ તેને (ફઝીલતો) જ સંભળાવવામાં આવે છે. એનાથી ઘણો મોટો ધોકો ખવાઈ રહ્યો છે. આમ તોર પર તબ્લીગી ચળવળને આ તમામ ફઝીલતોની ગવાહીરૂપ સમજે છે પરંતુ આ વાત પર ખૂબ જ જરૂરી છે કે એ કિતાબોના લેખકોએ એ અંગે ચોખવટ કરવી જોઈએ કે આ મોટી ધોકાબાજી છે અથવા જો તેઓ આ ચળવળને હકીકતમાં એમ સમજતા હોય કે એ સૌથી અફઝલ અને સુન્નત છે તો એના સમર્થનમાં કુર્આન અને હદીષની રોશનીમાં દલીલો રજૂ કરે અને જયારે એ સુન્નત સાબિત થઈ જાય તો એ પણ બતાવી આપે કે પેહલેથી આજ દિન સુધી આ સુન્નતને છોડી દેવામાં આવી એટલે બધા આલિમો, નેક લોકો અને ઉમ્મતના મુજદ્દિદોનોને સુન્નતના છોડી દેનાર સમજવા ?

અજીબ વિરોધાભાસ દેખાય છે ! કયાં તો એને સુન્નતે નબવી ગણવામાં આવે છે અને કયાં તો મૌલાના ઈલ્યાસને એના સ્થાપક ગણવામાં આવે છે !!

## ★ જેનો કોઈ જવાબ નથી ★

આ વિષય અંગે શાહ સાહેબે એક તદ્દન પાયાદાર સવાલ ઉઠાવ્યો છે જેનું નિરાકરણ કર્યા વગર કદી પણ આગળ વધશો નહીં. તબ્લીગી જમાઅતના લોકો બે પ્રકારની ઉલટી–સુલટી વાતો કરે છે એક બાજુ તેઓ કહે છે કે એ અંબિયાઓ અને સહાબાઓની સુન્નત છે અને બીજી બાજુ એવો દાવો કરે છે કે એના સ્થાપક મૌલાના ઈલ્યાસ છે.

શાહ સાહેબે તેમના આ વિરોધાભાસી દાવાઓ ઉપર ઠેક ઠેકાણે કેટલાયે સવાલો ઉપસ્થિત કર્યા છે.

**પહેલો સવાલ** : એ છે કે જો સાચે જ એ અંબિયાઓ અને સહાબાઓની સુન્નત છે તો ઈસ્લામની ભરોસાપાત્ર કિતાબોથી સાબિત કરી આપો કે અંબિયા અને સહાબાઓ પણ મુસલમાનોમાં કલમા અને નમાઝની તબ્લીગ માટે આવા પ્રકારની જમાઅતો બનાવીને ગશ્ત કર્યા કરતા હતા.

**બીજો સવાલ** : એ છે કે જો એ સાબિત થઈ જાય કે એ અંબિયા અને સહાબાઓની સંપૂર્ણપણે સુન્નત જ છે તો એ વાતનું પણ નિરાકરણ કરી આપો કે સહાબાઓના જમાનાથી આજ સુધી એ સુન્નતને છોડી દેવામાં આવી તો તેરસો (૧૩૦૦) વર્ષના ઉમ્મતના બધા પેશવાઓને સુન્નતના છોડી દેનાર ગણાય ?

**ત્રીજો સવાલ** : એ છે કે જો એ દાવો સાચો હોય કે તબ્લીગનો હાલનો તરીકો અંબિયા અને સહાબાઓની સુન્નત છે. તો પછી મૌલાના ઈલ્યાસને તબ્લીગના તરીકાના સ્થાપક ગણવાનો સરાસર જૂઠો છે ! અને જો એ વાત સાચી હોય કે મૌલાના ઈલ્યાસ એના સ્થાપક છે તો પછી એ (તબ્લીગ) અંબિયા અને સહાબાઓની સુન્નત છે એમ કહેવું સાચુ નથી. કેમ કે જો અંબિયા અને સહાબાની એ સુન્નત છે તો હકીકતમાં તેઓ જ આ તબ્લીગી તરીકાના સ્થાપક ઠર્યા, પછી મૌલાના ઈલ્યાસને એના સ્થાપક ગણવા એ ખોટું છે. અને જો મૌલાના ઈલ્યાસને એના સ્થાપક ગણવામાં આવતા હોય તો એનો અર્થ એ થયો કે એમના પહેલાં આ તબ્લીગી તરીકાનું અસ્તિત્વ ન હોતું અને જ્યારે એ તરીકો મૌજૂદ જ ન હતો તો એને આગલા જમાનાની સુન્નત ગણવી કેમ કરી સાચી હોઈ શકે છે ?

શાહ સાહેબના ઉપરોકત સવાલો એટલા બધા અગત્યના અને પાયાદાર છે કે એને કોઈ પણ પ્રકારે નજર અંદાઝ કરી શકાય એમ નથી જો તબ્લીગી જમાઅતના લોકો પોતાને માટે કોઈ પણ પ્રકારની શરીઅતી જિમ્મેદારી અનુભવતા હોય તો એમની પહેલી ફરજ એ છે કે આ સવાલો અંગે મુસલમાનોના દિમાગી અંદેશાને દૂર કરે અને જો તેઓ એમ ન કરી શકતા હોય તો પોતાના જૂઠા દાવાઓ મારફત મુસલમાનોને ધોકો દેવાની આદતને છોડી દે.

## ★ પોતાના ચેહરા પરથી પસીનો લૂછો ! ★

તબ્લીગી જમાઅતની શરીઅતી હેસિયતની વાત આવી ગઈ તો તસ્વીરની બીજી એક બાજુ પણ જોઈ લો :–



આગળના પૃષ્ઠો ઉપર મૌલવી એહતેશામુલ હસન સાહબનું નામ તમે વાંચ્યું હશે તેઓ મૌલાના ઈલ્યાસના સંબંધી, તેમના પહેલા ખલીફા અને ખાસ વિ□ાસુ છે. બચપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધીની ઉંમરનો લાંબો ગાળો તેમણે તબ્લીગી જમાઅતની રાહબરી અને વફાદારીમાં વિતાવ્યો છે. નજદી હુકૂમતની સાથે તબ્લીગી જમાઅતના કરારનામાનો આખો પ્લાન એમણે જ તૈયાર કરેલો છે. આ બધી મહત્વની ખાસિયતો સાથે એમને ઓળખી લીધા પછી હવે એક સનસનાટીભરી હકીકત સાંભળો : ''ઉસૂલે દા'વતો તબ્લીગ'' ના આખરી પેજ ઉપર ''ઈન્તેઝાર કિજીયે'' ના વિષયથી તેમનું એક '' ભાંગફોડ'' લખાણ પ્રગટ થયું છે એ લખાણ શું છે ? એણે છડેચોક તબ્લીગી જમાઅતને નગ્ન કરી દીધી છે. આ લખાણ એમણે પોતાની કિતાબ ''ઝિંદગીકી સિરાતે મુસ્તકીમ'' ના અંત ભાગમાં ''ઝરૂરી ઈન્તેબાહ''ના નામથી પ્રગટ કર્યું છે તેમના લખાણની એક એક લીટી વાંચો લખે છે કે :–

**નિઝામુદ્દીનકી મૌજૂદા તબ્લીગ મેરે ઇલ્મો ફહમ કે મુતાબિક ન કુર્આન વ હદીષ કે મુવાફિક હૈ ઔર ન હઝરત મુજદ્દિદ અલ્ફેષાની ઔર શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી ઔર ઉલ્માએ હક્ક કે મસ્લક કે મુતાબિક હૈ. જો ઉલ્માએ કિરામ ઈસ તબ્લીગમેં શરીક હૈં ઉનકી પહેલી ઝિમ્મેદારી યે હૈ કે ઈસ કામકે પેહલે કુર્આન વ હદીષ,અઈમ્મએ સલફ ઔર ઉલ્માએ હક્ક કે મસ્લક કે મુતાબિક કરે. મેરી અકલો ફહમ સે બહોત બાલા હૈ કે જો કામ હઝરત મૌલાના ઈલ્યાસ સાહબકી હયાતમેં ઉસૂલોંકી ઈન્તેહાઈ પાંબદી કે બાવજૂદ સિર્ફ ''બિદઅતે હસના'' કી હેસિયત રખતા થા ઉસકો અબ ઈન્તેહાઈ બે ઉસૂલિયોં કે બાદ દીનકા અહમ કામ કિસ તરહ કરાર દિયા જા રહા હૈ... ! અબ તો મુન્કિરાત કી શમૂલિયત કે બાદ ઉસકો બિદઅતે હસના ભી નહીં કહા જા સક્તા. મેરા મકસદ સિર્ફ અપની ઝિમ્મેદારીસે સબકદોશ હોના હૈ.**

**સારાંશ** : નિઝામુદ્દીનની હાલની તબ્લીગ મારા માનવા પ્રમાણે કુર્આન અને હદીષ મુજબ નથી તેમજ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અને શાહ વલીયુલ્લાહ દહેલ્વી અને બીજા ઉલ્માના તરીકા પ્રમાણે પણ નથી. જે આલિમો એ તબ્લીગમાં ભાગ લે છે તેમની પહેલી જવાબદારી એ છે કે એ કામને કુર્આન અને હદીષ તથા ઈમામો અને આલિમોના તરીકા પ્રમાણે કરે. મૌલાના ઈલ્યાસની હયાતીમાં અતિશય પાબંદી હોવા છતાં પણ જે કામ બિદઅતે હસ્નાની હેસિયત રાખતું હતું તેને હવે (તે કામને) અનહદ બે ઉસૂલીઓ પછીથી દીનનું અગત્યનું કામ કઈ રીતે ગણી શકાય તે મારી સમજ બહારની વાત છે. બુરાઈઓના સમાવેશ પછીથી હવે તો એને બિદઅતે હસ્ના પણ કહી શકાય એમ નથી. મારો કહેવાનો હેતુ ફક્ત મારી પોતાની જવાબદારીમાંથી મુક્ત થવાનો છે.

## ★ અમલનો ઈન્કાર ★

લાઈલાહ ઈલ્લલ્લાહ ! આ ફરેબના જાદૂનો તમાશો જોયો ? જ્યારે પાણી માથાની ઉપર પહોંચ્યું, જ્યારે એક ગુનોહ પૂરેપૂરી ગરમી સાથે સમસ્ત પૃથ્વી ઉપર પથરાઈ ગયો અને જ્યારે એક ફિત્નો ફળી–ફુલી કયામત વરસાવવા લાગ્યો ત્યારે એમ કહેવામાં આવે છે કે નિઝામુદ્દીનની હાલની તબ્લીગ કુર્આન અને હદીષ પ્રમાણે નથી.

તમે બતાવી આપો કે, આજ સુધી દુનિયાના મુસલમાનોને જે ધોકો આપવામાં આવ્યો કે આ અંબિયાઓનો તરીકો છે, આ સહાબાઓની સુન્નત છે, આ શ્રેષ્ઠ ઈબાદત છે ! તો આખરે દુનિયાને મહાત કરનાર ગુમરાહીનો અઝાબ કોની ગરદન ઉપર હશે ? હાલના સંજોગોમાં દીની જવાબદારીમાંથી છૂટા થવું ત્યાં સુધી શકય નથી, જ્યાં સુધી દીનના નામે જેટલા મુસલમાનોને તબ્લીગી જમાઅતમાં સામેલ કરી દેવામાં આવ્યા છે તે બધાને પાછા બોલાવવામાં ન આવે.

સૌથી વધારે સંગીન આરોપ તો એ છે કે, જ્યારે મૌલાના ઈલ્યાસની જિંદગીમાં એ વાત નક્કી થઈ ગઈ હતી કે તબ્લીગી જમાઅતની હાલની ચળવળ બિદઅતે હસ્ના છે, સુન્નત નથી તો પછી



આટલા લાંબા સયમ સુધી મુસલમાનોને ફરેબ કેમ આપવામાં આવ્યો કે એ અંબિયાઓનો તરીકો અને સહાબાઓની સુન્નત છે ? હવે બતાવી આપો કે દુનિયાના કેટલાય લાખો મુસલમાનોના અકીદાઓની ગુમરાહી એના ભયંકર પરિણામોના જવાબદાર કોણ છે ?

મને કહેવા દો કે, કાંધલીના મોલ્વી ઈલ્યાસ, મોલ્વી મુહમ્મદ યૂસુફ, મોલ્વી એહતેશામુલ હસનથી લઈને લખનૌના મોલ્વી મન્ઝૂર નોઅમાની, મોલ્વી અબુલ હસન અલી નદવી, ભોપાલના મોલ્વી ઈમરાન, મોલ્વી રાગિબ અને કલકત્તાના મોલ્વી ઝિયાઉદ્દીન અને હાજી ગુલામ રસૂલ સુધીના તમામ આલિમો તબ્લીગી જમાઅતના આ છુપા ભેદથી વાકેફ હતા. છતાં પણ એક બિદઅતને સુન્નતનો દરજ્જો આપી દરેકે દયાનતદારીનું ખૂન કર્યું છે. સૌએ મુસલમાનોની આંખોમાં ધૂળ નાખી અને દીનની શરમજનક મજાક ઉડાવી છે.

જ્યારે અકીદાની ગુમરાહી દિલોની રગેરગમાં અસર કરી ગઈ ત્યારે કહે છે કે, તબ્લીગી જમાઅતની આ ચળવળ સુન્નત નથી. ‘‘બિદઅતે હસ્ના’’ હતી. પરંતુ બુરું થાય એ ફરેબનું કે હવે એ ‘‘બિદઅતે હસ્ના’’ પણ રહી નહીં બલ્કે ‘‘બિદઅતે ઝલાલત’’ (ગુમરાહીની બિદઅત) ના ખાનામાં ચાલી ગઈ તે બિદઅતે ઝલાલત કે જેના કરનારને જહન્નમની બશારત આપવામાં આવી છે.

મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) નફસની ધોકાબાજીનો શરમજનક તમાશો તો જુઓ ! એક જ તબ્લીગી જમાઅત કોઈ વખત સુન્નત છે, તો વળી કોઈ વાર બિદઅતે હસ્ના અને હવે એ બિદઅતે ઝલાલત છે.

બહર હાલ ! જ્યારે પોતે જ કબૂલ કરે છે કે તે બિદઅતે ઝલાલત છે તો પછી દેવબંદના શમશીરધારી સિપાહીઓને હુકમ આપી દેવામાં આવે કે તેઓ તબ્લીગી જમાઅત વિરૂદ્ધ પણ એવા જ જઝબાથી જેહાદ કરવા માટે ઉભા થઈ જાય કે જેવા જઝબાથી તેઓ પોતાને માટે બિદઅતો, મીલાદો અને ઉર્સ, ફાતેહાની વિરૂદ્ધ જેહાદ કરવા માટે લાગેલા રહેતા હતા.

## ★ શું હજુ પણ ભાગી છૂટવાની શકયતા છે ?! ★

તમે એમ ન કહેતા કે આ તો મોલ્વી એહતેશામુલ હસનનો અંગત અભિપ્રાય છે, એમણે ચોક્કસ દલીલો આપી નથી. પણ તેઓ લાંબા કાળ સુધી તબ્લીગી જમાઅતના કર્તા હર્તા રહી ચૂકયા છે, બલ્કે એક રીતે જોઈએ તો તેમની હૈસિયત સ્થાપકોમાંથી છે. જમાઅતના ભેદોથી તેઓ જેટલા વાકેફ છે તેટલા પ્રમાણમાં બીજો કોઈ વાકેફ નહીં હોય અને પરિણામે એમનું આ લખાણ કોઈ પણ રીતે અનોંધપાત્ર ગણી શકાય નહીં અને તેઓ પોતાની જમાઅતના તરીકા તથા મઝહબથી દિમાગી રીતે મુર્તદ નથી થયા કે જેને કારણે એમનાં આ પગલાંઓને દેવબંદી જમાઅતની વિરૂદ્ધની ખરાબ કાર્યવાહીના રૂપમાં સમજવામાં આવે. જેથી આપણે માનવું પડશે કે એમણે જે કંઈ કહ્યું છે તે એમના આત્માનો અવાઝ છે. ભૂલની કબૂલાત તેમજ ગુનાહની માફી માટે ખુદાના તરફથી જે સમય મુકર્રર થયો હતો તે આવી પડતાં આપમેળે જ દિલોનો પદડો ખુલી ગયો. એટલે આટલા દિવસો સુધી તેઓ ચુપ કેમ રહ્યા ? એવો આક્ષેપ કરવો પણ બેકાર છે.

બીજી વાત એ છે કે ''ચશ્મ એ આફતાબ'' નામથી તેમના આ લખાણનો જે જવાબ પ્રગટ કરવામાં આવ્યો છે તેને વાંચ્યા પછી સંપૂર્ણ રીતે સંતોષ થઈ જાય છે કે મૌલ્વી એહતેશામુલ હસનનું ચૂપ રહેવું બિલકુલ સહીહ અને સંજોગોનુસાર દુરસ્ત છે. મોલ્વી મુહમ્મદ ઝકરિયા શૈખુલહદીષ સહારનપુરથી લઈને મોલ્વી મેહમૂદ હસન ગંગોહી સુધીમાંથી કોઈએ પણ લેખકના આ ચેલેન્જનો જવાબ નથી આપ્યો કે નિઝામુદ્દીનની ચળવળ કુર્આન અને હદીષ પ્રમાણે નથી, તેમ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અને હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ, મોહદ્દિષ દેહલ્વી અને બીજા આલિમોના તરીકા પ્રમાણે પણ નથી. બધાના જવાબો અસંબંધિત વાતો ઉપર સામેલ છે. મોલ્વી એહતેશામુલ હસને ઉઠાવેલા મૂળ નુકતા અંગે દરેક ચુપકીદી સેવી છે. ''ચશ્મએ આફતાબ''માંની થોડીક નોંધ રજુ કરુ છું. જેથી જવાબોની ઈલ્મી હૈસિયતનો સાચો અંદાજ તમે પણ કાઢી શકો. કિતાબને તરતીબ આપનાર મોલ્વી કમરૂદ્દીન



મુઝાહિરીનું બયાન વાંચો. તેઓ પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે :–

**મૌલાના એહતેશામુલ હસન કાંધલવી (બ કૌલે ખૂદ) ઈસ તહરીક કે બાનિયોંમેંસે હૈ. ઉન્હોંને હાલ હી મેં જમાઅત પર સખ્ત તનકીદ કરતે હુએ ઉસ્કો ગુમરાહી કી તરફ દાવત દેનેવાલી જમાઅત કરાર દિયા હૈ. તઅજ્જુબ હૈ કે મૌલાના કાંધલવી જો ઈસ તહરીક કે આગાઝ સે અબ તક ઉસ્કે મોઈદ થે બલકે શુરૂઅ મેં ઉનકે કૌલ કે મુતાબિક ઉનકે હી મશ્વેરે સે કામ હોતા થા, ઔર જો ઉસૂલ વગૈરા વઝઅ હુએ, ગોયા સબ ઉનહી કે વઝઅ કિયે હુએ થે. અબ ઉન્હોંને ઈસ તહરીકમેં કૌનસી મુન્કર (બુરાઈ) દેખ લિયા જો ઈસકી મુખાલિફત પર કમરબસ્તા હો ગએ હૈં !** –*(ચશ્મ એ આફતાબ પેજ–૩, પ્રગટકર્તા મકતબ એ નિઝામ કાનપુર)*

**સારાંશ :** મૌલાના એહતેશામુલ હસન કાંધલવી એમના પોતાના કહેવા પ્રમાણે આ ચળવળના સ્થાપકોમાંના એક છે. તેમણે હાલમાં તબ્લીગી જમાઅત અંગે સખ્ત અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે તે ગુમરાહી તરફ લઈ જનાર જમાઅત છે. નવાઈની વાત એ છે કે, મૌલાના કાંધલવી શરૂઆતથી આજ દિન સુધી તેના હિમાયતી (મદદગાર) હતા બલ્કે તેમના કહેવા પ્રમાણે શરૂઆતમાં તેમની જ સલાહ સૂચનોથી દરેક કામ થતું હતું અને જે ઉસૂલો વગેરે નક્કી થયા તે માનો કે એમના જ નક્કી કરેલા હતા. એમણે એ ચળવળમાં હવે કઈ બુરાઈ જોઈ લીધી કે એનો વિરોધ કરવા તૈયાર થયા છે ?

આ વર્ણન ઉપરથી તબ્લીગી જમાઅત સાથે મોલ્વી એહતેશામુલ હસનના ખાસ સંબંધ ઉપર સારો એવો પ્રકાશ પડે છે. ઉપરાંત પોતાના વિસ્તારમાં તેમના લખાણ ઉપર કેટલો બધો વિ□ાસ હતો તે પણ સારી રીતે જાહેર થઈ જાય છે.

હવે મેહમૂદ હસન સાહેબ ગંગોહીના જવાબોની નોંધ વાંચો. તેઓ મોલ્વી એહતેશામુલ હસનને સંબોધી લખે છે કે :–

**મૈં અબ તક યેહી સમઝતા રહા કે ખરાબીયે સિહતકી**

**વજેહસે આપને કાંધલા મુસ્તકિલ કયામ ફર્માયા ઔર નિઝામુદ્દીનકા કયામ તર્ક કર દિયા ઔર ઈસી વજહસે તબ્લીગી કામમેં હિસ્સા નહીં લે સકતે. મગર ઈસ ઝમીમા (ઈન્તેબાહવાલી તહરીર) સે માલૂમ હુવા કે હિસ્સા ન લેનેકી વજહ યે હૈ કે આપકે નઝદીક યે તબ્લીગ દીનકા કામ નહીં હૈ બલ્કે મખરબે દીન હૈ.** *(ચશ્મએ આફતાબ, પેજ–૭)*

**સારાંશ** : હું અત્યાર સુધી એમ સમજતો હતો કે નાદુરસ્ત તબિયતને કારણે તેમણે કાંધલ રહેવાનું કાયમ કરી દીધું છે અને નિઝામુદ્દીન રહેવાનું છોડી દીધું અને એ જ કારણે તબ્લીગી જમાઅતના કામમાં ભાગ લઈ શકતા નથી. પરંતુ આ આગાહી આપનાર લખાણથી માલમ પડયું કે તબ્લીગી કામમાં ભાગ ન લેવાનું કારણ એ છે કે તમારા નજીક તબ્લીગી જમાઅત દીનનું કામ નથી બલ્કે બગાડ છે.

બીજી જગ્યાએ લખે છે કે તમો આ તબ્લીગને કુર્આને પાક અને હદીષ શરીફના ખિલાફ ગણી અને મિલ્લતની તબાહીનું સાધન ગણાવો છો.

અહીં સુધી તો મોલ્વી એહતેશામુલ હસન સાહેબની વાતો નોંધવામાં આવી હવે એમના (લખાણની વાતો) જવાબ તરફ ધ્યાન આપો. એક જગ્યાએ લખે છે :–

**આપને વાઝેહ તૌર પે યે નહીં ફર્માયા કે હઝરત મૌલાના હઝરત મૌલાના ઈલ્યાસ સાહબ કુદ્દેસસિર્રહુકી વફાત કે કિતને અરસે બાદ યે તબ્લીગ બિદઅતે હસ્નાસે ખારિજ હો કર બિદઅતે ઝલાલત ઔર મિલ્લતકી તબાહી કા ઝરિઆ બન ગઈ થી ? કયા મુત્તસલન હી ઐસા હુઆ ?** *(પેજ–૬)*

**સારાંશ** : તમોએ સ્પષ્ટપણે એ નથી બતાવ્યું કે હઝરત મૌલાના ઈલ્યાસની વફાત પછી કેટલા સમયમાં આ તબ્લીગ બિદઅતે હસ્નાથી ખારિજ થઈને બિદઅતે ઝલાલત અને મિલ્લતની તબાહીનું સાધન બની ગઈ ? શું હકીકતમાં એમ જ બન્યું છે ખરૂં ?!



## ★ આક્ષેપોની શીલાઓ ★

સવાલ એ નથી કે તે કેટલા દિવસો પછી બિદઅતે હસ્નાથી બિદઅતે ઝલાલત બની ગઈ ? પરંતુ મુખ્ય સવાલ એ છે કે મોલ્વી ઈલ્યાસના જમાનામાં તે શું હતી ? બિદઅતે હસ્ના કે સુન્નત ? જો બિદઅતે હસ્ના હતી તો એને બિદઅતે ઝલાલતમાં ફેરવાઈ જવા માટે બુરાઈઓનો સમાવેશ ખૂબ જ પૂરતો છે. વહેલા કે મોડા બુરાઈ જ્યારે પણ સામેલ થઈ જાય ત્યારે એમાં કંઈપણ ફરક પડતો નથી. પરિણામે એ હાલતમાં આ આક્ષેપ જેમનો તેમ બાકી જ રહે છે કે એક બિદઅતને સુન્નત કહી ભોળા મુસલમાનોને શા માટે ધોકો આપવામાં આવ્યો ? અને જો તે સુન્નત જ હતી તો પછી એના માટે સમયની માગણી કરવા (પૂછવા) ની અસંબંધિત ચર્ચામાં પડવાને બદલે સુન્નત જ સાબિત કરી દીધી હોત તો તમામ ઝઘડો એટલેથી જ ખતમ થઈ જાત. આ સ્પષ્ટ વિષયાંતરથી ચોક્કસ સમજી શકાય છે કે મોલ્વી એહતેશામુલ હસનની ચેલેન્જનો જવાબ કોઈની પાસે નથી.

બીજી જગ્યાએ લખે છે, જરા એમની દલીલોનું વજન જો જો :–

**તઆજ્જુબ હૈ કે જિસ કામ સે આપકો ગેહરા તઅલ્લુક થા ઔર જિસ પર આપને મેહનત ભી કી થી. ઉસકો ખરાબ કહતે હુએ ઔર ઉજળતે હુએ બીસોં બરસ સબ્રો સુકૂન સે કૈસે દેખતે રહે ? ઔર કોઈ તેહરીર ઉસ્કે ખિલાફ શાએઅ નહીં કી ?** *(ચશ્મએ આફતાબ, પાન ૭)*

**સાર** : આશ્ચર્યની વાત છે કે જે કામ સાથે તમને ઊંડો સંબંધ હતો અને જેને માટે તમે મહેનત પણ કરી હતી એને ખરાબ કહેવા માટે વીસ વર્ષ સુધી શા માટે શાંતિ અને ધીરજ રાખી બેસી રહ્યા ? તેમજ એની વિરૂદ્ધ કોઈ લખાણ સુદ્ધાં પ્રગટ કર્યું નહીં ?

બુરાઈ હકીકતમાં બુરાઈ જ કહેવાય. ભલે એની વિરૂદ્ધ કોઈ અવાજ ઉઠાવે કે ન ઉઠાવે. અલબત્ત ! બુરાઈ સામે આંખ આડા કાન કરવાનો એમનો આક્ષેપ બરાબર છે પરંતુ આ રીતે દલીલો કરવાથી

કોઈ પણ બુરાઈને સારી સાબિત કરી શકાય નહીં.

ત્રીજી જગ્યાએ લખે છે એમના જવાબમાં ખુશામદની વાત એટલી બધી સ્પષ્ટ છે કે તે પહેલી નજરે જ જોઈ શકાય છે.

**આપકી ઈસ તહરીર સે ઈન્શાઅલ્લાહ કામ કરનેવાલોં કે બદ દિલ હો જાને કા તો અંદેશ નહીં, ક્યૂં કે ઈનમેં જો એહલે ઈલ્મ હૈં વો દલાઈલે હક્કા કી રોશનીમેં અલા વજહુલ બસીરત કામ કર રહે હૈં લેકિન યે અંદેશા ઝરૂર હૈ કે હઝરત મૌલાના મુહમ્મદ ઈલ્યાસ કુદ્દેસસિર્રહૂને જિસ કામ કે ખાતિર ઝિંદગી કુર્બાન કર દી ઔર અપને ઝમાનેકે અકાબિર ઓરફાએ એહલે સુન્નત એહલે ઈલ્મ હઝરાત સે ઈસકી સિહ્હત વ હક્કાનિયત ઔર મકબૂલિયત કો તસ્લીમ કરા લિયા ઔર ઉસકો હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ નૂરુલ્લાહ મરકદહુ કે સુપુર્દ ફર્માયા ઔર ઉસકે મુતઅલ્લિક જબ યે રાઈ કાયમ કી જાએ કે યે દીન કે નામ પર એક ગલત ચીઝ ફૈલ રહી હૈ ઔર ઈસ સે મિલ્લત તબાહી વ બર્બાદીમેં મુબતિલા હો રહી હૈ, તો ઉનકી રૂહ કો કિત્ના જબરદસ્ત સદમા પહોંચેગા ?** *(ચશ્મએ આફતાબ સફા ૯)*

**સારાંશ** : તમારા આ લખાણથી કામ કરનારાઓનાં બદ દિલ થવાનો કોઈ ભય નથી. કેમ કે એઓમાં જે ઈલ્મના જાણકારો છે તેઓ સત્ય દલીલોની રોશનીમાં ઉત્તમ પ્રકારની નિગાહોથી કામ કરી રહ્યા છે. પરંતુ એ વાતનો અંદેશો જરૂર છે કે મૌલાના ઈલ્યાસે જે કામ માટે પોતાની આખી જિંદગી કુર્બાન કરી અને પોતાના જમાનાના બુઝુર્ગો (વડીલો) પોતાના સંબંધીઓ અને ઈલ્મવાળાઓ પાસે જેનો સ્વીકાર કરાવ્યો અને મૌલાના મુહમ્મદ યૂસુફ સાહેબના હવાલે સુપ્રત કર્યું તેના બારામાં જ્યારે એવો અભિપ્રાય આપવામાં આવે કે એ દીનના બહાના તથા નામ હેઠળ એક ખોટી ચીજનો ફેલાવો થઈ રહ્યો છે અને એનાથી મિલ્લતની તબાહી અને બર્બાદીમાં ગરકાવ થઈ રહી છે તો એનાથી તેમની રૂહને કેટલું મોટુ દુઃખ પહોંચશે ?

આ જવાબનો શરમજનક ભાગ તો જુઓ ! તેઓ એવું નથી કહેતા



કે જે કામ અંબિયા અને સહાબાઓની સુન્નત છે તેને દીન અને મિલ્લતની તબાહી કરનાર ગણવું એ ખુદા અને રસૂલની કેટલી મોટી નારાજગી વહોરવાનું કારણ બનશે ?! પરંતુ શરમ અને ભય પણ બતાવે છે તો ખુદા અને તેના રસૂલની નારાજગીની નહીં, પણ મૌલાના ઈલ્યાસની નારાજગીની બતાવાય છે ! આ સ્થળે ઉલટ તપાસ કરતાં એવો પ્રશ્ન પૂછે કે, **જ્યારે આપ સાહેબની માન્યતા પ્રમાણે ઈલ્મે ગેબ તો રસૂલે ખુદાને પણ ન હતો તો પછી મૌલાના ઈલ્યાસને કેવી રીતે ખબર પડી જશે કે મારી કાયમ કરેલી ચળવળને દીન તથા મિલ્લતને તબાહ કરનાર ગણવામાં આવે છે ?** તો તેઓ આનો શું જવાબ આપશે ?

હવે મોલ્વી મુહમ્મદ ઝકરિયા, શૈખુલ હદીષ, સહારનપુરનો જવાબ ધ્યાનથી વાંચો તેઓ લખે છે :–

**મેરી રાએ યે હૈ કે ઈનાયતે ઈલાહી ઈસ તહરીક કી તરફ મુતવજ્જેહ હૈ, મુબશ્શિરાત (બશારતેં) નબીયે કરીમ ﷺ કી તરફ સે ઈસ જમાઅત કે મુતઅલ્લિક તવાતૂર સે નકલ કિયે જા રહે હૈં ઔર હુઝૂરકી તરફ સે લોગોં કો ઈસ મેં શિર્કત કે વાસ્તે તરગીબાતો તાકીદાત ખ્વાબોંમેં કષરત કી જા રહી હૈં.** *(ચશ્મએ આફતાબ સફા ૧૨)*

**સારાંશ** : મારો અભિપ્રાય છે કે અલ્લાહની મહેરબાની આ ચળ વળ તરફ કેન્દ્રિત છે નબીયે કરીમ ﷺ ના તરફથી ડગલે ને પગલે આ જમાઅત સંબંધી બશારતો નકલ કરવામાં આવી રહી છે અને એમાં ભાગ લેવા માટે હુઝૂરના તરફથી લોકોને ખ્વાબો (સ્વપ્નો) મારફતે તાકીદ કરવામાં આવી રહી છે.

એના પછી આગળ લખે છે :–

**કસરત સે હુઝૂરકા ખ્વાબોંમેં હિમાયત કરના, જો ઈત્ની કષરત સે સુનનેમેં આ રહી હૈ ઉસકા એહતેસાબ દુશ્વાર હૈ ઉનકે અલાવા ઔર બહોત સે ઉમૂર હૈં જિનકી બિના પર યે નાકારહ મુખાલિફત કો ખતરનાક સમઝા રહા હૈ.** *(પેજ–૧૩)*

**સાર** : ખ્વાબોમાં હિમાયત (મદદ) કરવા માટેથી હુઝૂરની એટલી બધી વાતો સાંભળવામાં આવે છે કે એની ગણત્રી કરવી મુશ્કેલ છે. એ સિવાય બીજા ઘણાયે કારણો એવાં છે કે જેને લીધે આ બેકાર વિરોધને ખતરનાક સમજવામાં આવી રહ્યો છે.

## ★ આરંભથી અંત સુધી ★

તમારી યાદદાસ્તને તાજી કરવાથી તમને જરૂર અનુભવ થશે કે તબ્લીગી જમાઅતવાળાઓના ખ્વાબ એક લતીફાથી ઓછા નથી. તબ્લીગી જમાઅતની પેદાઈશ પણ ખ્વાબ મારફતે જ થઈ હતી અને એની પેદાઈશની ઈજાઝત સાબિત કરવા માટે પણ ખ્વાબનો જ સહારો લેવામાં આવી રહ્યો છે. નવાઈની વાત એ છે કે જે કામને દીનનું મહત્વનું કામ ગણે છે તેની સાબિતી માટે એમની પાસે નથી કોઈ કુર્આનની આયત કે નથી સરકારની કોઈ હદીષ ! દલીલમાં રજૂ કરવા માટે એમની પાસે જે કંઈ છે તે ફક્ત થોડાક ગુમનામ લોકોના ખ્વાબ છે અને બસ ! એ સિવાય કંઈ નથી અથવા તો પછી એવી ધમકી આપી રહ્યા છે કે જો એને દીનનું કામ સમજવામાં નહીં આવે તો મૌલાના ઈલ્યાસની રૂહ નારાજ થઈ જશે.

એક બાજુ ઈલ્મો–ફઝલની જૂઠી શોહરતનો એ હાલ છે કે તે અજાયબ ફસાનાની જેમ સમગ્ર દુનિયામાં ફેલાઈ ગઈ છે. પરંતુ દિમાગ તથા વિચારોની મુફલીસીનો તમાશો તો જુઓ કે એમને એટલી પણ ખબર નથી કે શરીઅતની દલીલોનો અંદાઝ શું છે ? ખ્વાબ અને ધમકીઓથી જો દીનની કોઈ વાત સાબિત થઈ જાય તો દસ વર્ષ સુધી દીની દર્સગાહોમાં દુઃખ ભોગવવાની શી જરૂરત હતી ? બહરહાલ ! દિમાગની તખ્તી ઉપર નોંધવા લાયક વાત એ છે કે, મોલ્વી એહતેશામુલ હસન સાહેબે તબ્લીગી જમાઅત વિરૂદ્ધ જે બે વાતોનો પડદો ખોલ્યો છે તેમાં એક વાત તો એ છે કે મૌલાના ઈલ્યાસના જમાનામાં તે બિદઅતે હસ્ના હતી અને હાલ તેમાં બુરાઈઓ શામેલ થવાથી તે બિદઅતે ઝલાલત બની ગઈ. અને બીજી વાત એ કે હાલની તબ્લીગી જમાઅત કુર્આન અને હદીષ પ્રમાણે તો નથી, પણ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શાહ,



વલીયુલ્લાહ અને બીજા આલિમોના તરીકા પ્રમાણે પણ નથી. આ બે આક્ષેપોમાંના કોઈપણ એક આક્ષેપનો જવાબ નથી. મોલ્વી મેહમૂદ હસન ગંગોહીએ નથી આપ્યો કે નથી આપ્યો, મોલ્વી મહંમદ ઝકરિયા, શેખુલ હદીસે. એનાથી ચોખ્ખું જાહેર થાય છે કે તબ્લીગી જમાઅતની શરીઅતી હૈસિયતના સંબંધમાં ખૂદ એ સાહેબોના દિમાગ પણ કુર્આન અને હદીષ સાથે સુસંગત નથી. ફક્ત મઝહબી જઝબાઓના બળ ઉપર એ લોકો ભોળા મુસલમાનોને એક શરીઅત વિરૂદ્ધના કામથી બંધાયેલા રાખવા ઈચ્છે છે કે જેથી સંઘ બળ વિશાળ બનતુ રહે.

## ★ બીજી એક ચોટ ★

મોલ્વી અબ્દુર્રહીમ શાહ અને મોલ્વી એહતેશામુલ હસન સાહેબના તબ્લીગી જમાઅત વિરોધનાં લખાણોને વ્યક્તિગના અણ બનાવના રૂપમાં ગણી કાઢવામાં નહીં આવે કેમ કે મોલ્વી મુહમ્મદ ઝકરીઆ સાહેબે પોતે પોતાના પત્રમાં એ વાતનો સ્વીકાર કર્યો છે કે, મોલ્વી અશ્રફઅલી થાનવી સાહબના ખલીફાઓ તેમજ તેમના મુરીદો પણ હવે તબ્લીગી જમાઅતને પસંદ કરતા નથી. જો કે તબ્લીગી જમાઅત સાથે થાનવી સાહબનો જે સંબંધ હતો તે બતાવવાની જરૂર નથી કેમ કે એનાથી બધા વાકેફ છે, તેમ છતાં થાનવી સાહબના ખલીફા તથા એમના ખાસ મુરીદોનું તબ્લીગી જમાઅતથી અલગ થઈ જવું કંઈ વિના કારણે તો નહીં હોઈ શકતું. બધાને માટે એમ કહીને ખસી જવું સહેલું તો નથી જ કે એ બધા લોકોને તબ્લીગી જમાઅત સાથે જાતી અણબનાવ છે. પરિણામે માનવું પડશે કે તબ્લીગી જમાઅતની ગુમરાહી (ખોટો) માર્ગ હવે બધાંએ જાણી લીધો છે મોલ્વી મુહમ્મદ ઝકરીઆ સાહબના પત્રનો એક ફકરો વાંચો મૌસૂફ લખે છે કે :–

**અલબત્ત ! યે તો મૈં ભી સુન રહા હું કે હઝરત થાનવી કુદ્દેસસિર્રહુ કે બાઅઝ ખુલ્ફા ઔર ખાસ ઈસ (તબ્લીગી જમાઅત)કો પસંદ નહીં ફર્માતે.** *(ચશ્મએ આફતાબ, પેજ–૧૧)*

**તર્જુમો** : જો કે એ તો હું પણ સાંભળી રહ્યો છું કે થાનવી સાહબના

કેટલાક ખલીફાઓ તથા ખાસ (મુરીદો) પણ તબ્લીગી જમાઅતને પસંદ કરતા નથી.

આટલા બધા ડગલે ને પગલે આક્ષેપો હોવા છતાં પણ હજુ કોઈ માણસ તબ્લીગી જમાઅત માટે સારા અકીદાઓ રાખતો હોય તો એને માટે એ સિવાય બીજું કશું નહીં કહી શકાય કે એની ઈમાની ગૈરત મરી પરવારી છે. એને હવે અલ્લાહ અને અલ્લાહના રસૂલની રઝામંદી વહાલી નથી પણ તબ્લીગી જમાઅતના માર્ગથી ફક્ત પોતાની તાકાતનું પ્રદર્શન પસંદ છે.

આ એક નવી વાતોનો ઉલ્લેખ વચ્ચે હાથ ચડી ગયો હતો. હવે ફરી પાછા મોલ્વી અબ્દુર્રહીમ શાહની તકરીર તરફ જઈએ. હજુ એમની તકરીરના ઘણા મહત્વપૂર્ણ હિસ્સા બાકી રહી ગયા છે.

## ★ તાકાતની હવસનો શૈતાન ★

તબ્લીગી જમાઅતના લોકો જ્યારે શિકારની શોધમાં નીકળે છે ત્યારે ઈખ્લાસ અને આજીજીનો એવો દેખાવ કરે છે કે સામો માણસ શરમથી પાણી પાણી થઈ જાય છે, પરંતુ આહ ! કોને ખબર છે. કે ચહેરાઓના મેક અપ (બનાવટી શૃંગાર) ની પાછળ નફસાનિયત અને હવસના કેવા કેવા શૈતાનો કરવટો બદલી રહ્યા છે. મોલ્વી અબ્દુર્રહીમ શાહે જમાઅતના કેન્દ્રિય અમીર હઝરતજીના ચેહરા પરથી પડદો ઉઘાડીને એમના ધાર્મિક ઈખ્લાસનો બધો ભાંડો ફોડી દીધો છે. લખ્યું છે કે ફિરોઝપુર ઝરકા મેવાત ઈલાકામાં મદ્રસએ હાફિઝુલ ઈસ્લામના નામનો એક દીની મદ્રસો હતો. મૌસૂફ જબરજસ્તીથી પ્રમુખ બની ગયા. એ મદ્રસા પર પોતાની હુકૂમત કાયમ રાખવા માટે ઝઘડાને એટલું બધું મહત્વ આપ્યું કે મદ્રસો ઉજ્જડ થઈ ગયો. આ લંબાણપૂર્વકની હકીકત સંબંધી મૌલાના શાહ સાહબનું આ દિલચસ્પ બયાન વાંચો ! તે વાંચવા લાયક છે :–

**ઉધર મુન્તઝીમ કમિટિને મૌલાના (ઈન્આમુલ હસન અમીરે જમાઅત) પર ઈસ સરપરસ્તીકે ખિલાફ દાવા કર દિયા હૈ**



**જિસકી વજહ સે ઈલાકામેં ખૂબ રસાકસી હો રહી હૈ ઔર ઈખ્તિલાફ કી નઈ નઈ શાખેં રોનુમાં હો રહી હૈ. તકરીબન એક સાલસે ઝયાદા હો ગયા કે મદ્રસા બંધ પળા હૈ.** *(પેજ–૬૦)*

**ભાવાર્થ** : કારોબારી કમિટીએ મૌલાના ઈન્આમુલ હસન પર તેમની સરપરસ્તી વિરૂદ્ધ દાવો કર્યો છે જેને કારણે આખા ઈલાકામાં ખૂબ રસાકસી જામી છે અને મતભેદોની નવી નવી હકીકતો બહાર આવી રહી છે. લગભગ એક વર્ષથી વધારે મુદતથી મદ્રસો બંધ હાલતમાં છે.

આ શરમજનક પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યા પછી મોલ્વી અબ્દુર્રહીમ શાહ કહે છે કે :–

**અબ આપ હી હઝરાતસે દર્યાફ્ત કરતા હું કે એક તરફ તો આજીજી વ ઈન્કેસારી કી નુમાઈસ, દુસરી તરફ ઈસ્તિગનાઅ વ બરતરી કા યે આલમ ! આપ હી ફૈંસલા કરેં કે ઈસ આજીજીમેં કિતના ઈખ્લાસ હૈ ?**

**ભાવાર્થ** : હવે આપની પાસેથી જાણવા માંગું છું કે એક તરફ આજીજી અને ઈન્કેસારીનો દેખાવ કરવો અને બીજી બાજુ બેપરવાઈ અને મોટાઈની આ હાલત છે તો એમાં તમે જ ફેંસલો કરો કે આ આજીજીમાં કેટલો ઈખ્લાસ છે ?

ધ્યાન આપો ! આ કૃત્યો એ તબ્લીગી જમાઅતના સરબરાહો (માર્ગદર્શક) ના છે કે જે પોતાને આ પૃથ્વીનો ફરિશ્તો સમજી રહી છે. એક ધાર્મિક કેળવણીનું સ્થળ ઉજ્જડ થઈ શકે છે પણ પોતાની સરદારીની ગાદી ખાલી નથી કરી શકાતી. નફ્સના આ શૈતાનની બદમાશી પણ જોવા જેવી છે.

## ★ ધનુષનું છેલ્લું બાણ ★

તબ્લીગી જમાઅમાં આ ખુલ્લી શરીઅતી ખામીઓ અને ભટકાવી દેનાર ખરાબીઓ હોવા છતાં ઘણા લોકો એવું બતાવે છે કે માની લઈએ કે તબ્લીગી જમાઅત ખરાબ છે ખરી પણ કંઈક તો દીનનું કામ કરી રહી છે ! આમ તો બીજે ક્યાં ખરાબીઓ જોવા નથી મળતી ! પરંતુ સારાપણાનો

પણ કંઈક અધિકાર હોય છે ! મૌલવી અબ્દુર્રહીમ શાહ દેવબંદીએ આ સુંદર ધોકાબાજીનો જોરદાર જવાબ વાળ્યો છે તેઓ ફર્માવે છે કે :–

**એક ગલત ફેહમી કા ઈઝાલા ભી કર દૂં. ઉલમાએ કિરામ કે ઝહનમેં યે આતા હૈ કે ચલો દીનકા થોડા બહોત કામ હો રહા હૈ. હોતા રહે, ગલતિયાં કહીં નહીં હોતી ?!**

**મૈં સમઝતા હૂં કે કુછ ગૌરસે કામ નહીં લિયા. હકીકત યે હૈ કે બે નમાઝી હોના અમલી કુસૂર હૈ ઔર ઉલમા વ મદારિસકા ઈસ્તિખફાફ ઔર અફઝલકો ગૈર અફઝલ યા ગૈર સુન્નત (બિદઅત) કો સુન્નત સમઝના વગેરહ એતેકાદી કુસૂર હૈં. મૈં યે સમઝને સે કાસિર હૂં કે ચંદ આમાલકી ઈસ્લાહ કે પેશે નઝર અકાઈદ કે કુસૂર કો નઝર અંદાઝ કર દેના કહાં તક શરઈ નુકત એ નઝરસે દુરસ્ત હૈ ? સહીહ અકાઈદ મદારે નજાત હૈં, આમાલ મદારે નજાત નહીં.** *(પેજ–૬૦)*

**ભાવાર્થ** : એક ગેરસમજને પણ દૂર કરી દઉં કે, આલિમ લોકોના દિમાગમાં એવું હોય છે કે ચાલો ઓછાવત્તા અંશે પણ મઝહબનું કામ તો થઈ રહ્યું છે તે થવા દો. બાકી ભૂલો તો બીજે ક્યાં નથી થતી ? હું માનું છું કે લાંબી વિચારસરણીથી કામ લેવામાં નથી આવ્યું ! હકીકત એ છે કે બે નમાઝી હોવું એ તો અમલી કસૂર છે જ્યારે આલિમો અને મદ્રસાઓને તુચ્છ સમજવા, શ્રેષ્ઠ અને સારાપણાને હલકું સમજવું તેમજ બિદઅતને સુન્નતના દરજ્જા આપી દેવા એ સર્વે એતેકાદી કસૂર ગણાશે. અકાઈદમાં ખામીઓ ભરેલી હોય તેના તરફ આંખ આડા કાન કરવામાં આવે અને થોડા અમલો સુધારી લીધા હોય તો તેના તરફ દ્રષ્ટિપાત કરવામાં આવે તો એ કઈ રીતે શરીઅતી દ્રષ્ટિએ યોગ્ય ઠરી શકે છે ? એ મારી સમજમાં નથી આવતું. સાચા અકાઈદ જ છૂટકારો મેળવવાનો પાયો છે. છૂટકારો આમાલ પર આધારિત નથી.

વાંચક બિરાદરોને વિનંતી કરું છું કે, તકલીફ ન હોય તો બોલ્ડ ટાઈપ શબ્દોને એક વાર ફરીથી વાંચો અને બની શકે તો એને વારંવાર વાંચો.



તકરીરનો એ ભાગ વાંચ્યા પછીથી એમ લાગે છે કે જાણે મોલ્વી અબ્દુર્રહીમ શાહે આપણા મોઢાની વાત લઈ લીધી ! (કહી દીધી) વર્ષોથી અમો બુમો પાડી રહ્યા છીએ કે તબ્લીગી જમાઅતના બાહ્ય શૃંગાર તરફ ન જશો કારણ કે એ તો અમલની સુધારણાના નામે અકીદા ખરાબ કરવાની એક ખામોશ પ્રવૃત્તિ છે. દિલો જીતી લેવાની પુકાર પાછળ રૂહની કમ બખ્તીનું એક ભયાનક તોફાન છુપાયેલું છે. ઈમાન અને એતકાદમાં ખરાબી પેદા થઈ જવા પછીથી અમલોને સુધારવા એમાં કંઈ મહત્વ રહેતું નથી. એ તો એક તંદુરસ્ત શરીરમાંથી રૂહને કાઢી લેવામાં આવી હોય એમ થયું કહેવાશે.

હાલતની ખરાબીઓ ઉપર હવે છાતી કુટો ! અમારી પુકારને બેકાર બુમ બરાડાના શોરમાં વારંવાર દબાવી દેવામાં આવી પરંતુ જ્યારે ફિત્નો માથા પર સવાર થઈને બુમો પાડી રહ્યો છે ત્યારે મજબૂર થઈને અમારી જ પાછી ફરેલી આવાઝને માંગી લેવામાં આવે છે. જો કે હજુ પણ સમય વીતી ગયો નથી. સમજવા સુધરવા માટે ઉમરની એક ઘડી કાફી થઈ પડે છે. જો આજે પણ ઉમ્મતે મોહમ્મદીની સલામતીનો જઝબો જાગૃત થઈ જાય તો આજના યુગના એક ઘણા મોટા ફિત્નાને મોતની ઊંઘમાં સૂવડાવી શકાય છે.

## ★ ખુલ્લી હકીકત ★

અમે કયારનાયે કહેતા આવ્યા છીએ કે તબ્લીગી જમાઅત કોઈ સુધારક ચળવળનું નામ નથી પરંતુ તે એક નવો ધર્મ છે જે દીને મોહમ્મદીથી ટકરાવા માટે જ જાહેર થયો છે. પરંતુ એ વાત અમારા મોઢાની હતી એટલે એને બીજો રંગ આપવામાં આવ્યો, પણ હકીકતનો ઈન્કાર ક્યાં સુધી કરશો ? કેમ કે હવે તો મોલ્વી અબ્દુર્રહીમ શાહે પણ દેવબંદના ખ્યાતનામ આલિમોના જલ્સાઓમાં ખુલ્લે ખુલ્લી રીતે એ વાતનો સ્વીકાર કર્યો છે કે તબ્લીગી જમાઅત ફક્ત કોઈ સુધારણા માટેની ચળવળ નથી પરંતુ ધીમે ધીમે તે એક નવા ધર્મમાં ફેરવાતી જાય છે અને એ કારણે તબ્લીગી જમાઅતના લોકો પોતાના વિરોધીઓને મુસલમાન સમજતા નથી બલ્કે કાફિર અને મુર્તદ ગણે છે. કેમ કે તબ્લીગી

જમાઅતના મર્કઝ ઉપર ઈમાન લાવવું હવે ઈસ્લામનો છટ્ઠો રુકન બની ગયો છે ! લેખકના શબ્દોમાં જ એ ભયાનક ખબર સાંભળો.

ફર્માવે છે :–

**મૈં હેરાન હૂં, કયા કહૂં ? કુછ સમઝમેં નહીં આતા ! પતા નહીં કબસે તબ્લીગી જમાઅતકા મર્કઝ ભી ઈમાનિયાતમેં દાખિલ હો ગયા હૈ? ઔર ઈસકા મુખાલિફ કાફિર કરાર પાયા હૈ.** *(પેજ–૬૭)*

**ભાવાર્થ** : હું ખૂબ પરેશાન છું, શું કહું ? કંઈ સમજાતું નથી ! ખબર નથી કે તબ્લીગી જમાઅતનું મર્કઝ પણ ક્યારથી આવી ઈમાન પરસ્તીમાં દાખલ થઈ ગયું છે અને એના વિરોધીઓને કાફિર ગણવા લાગ્યું છે !

## ★ મેવાતમાં કાફિરગીરી ★

આ ચર્ચાના સંબંધમાં મોલ્વી અબ્દુર્રહીમ શાહ દેવબંદીએ પોતાની તકરીરમાં સ્પષ્ટ રીતે બતાવ્યું છે કે, મેવાત જે તબ્લીગી જમાઅતનો વિજયી પ્રદેશ છે ત્યાં કલ્મા અને નમાઝની તબ્લીગને બદલે હવે કાફિરગીરીની તબ્લીગ ખૂબ પુરજોશથી થઈ રહી છે. તબ્લીગી જમાઅતના વિરોધીઓને ત્યાં ખાસ કરીને કાફિર અને મુર્તદ ગણવામાં આવે છે. મેવાતના જૂના અને પીઢ મુબલ્લિગો દરેક જગ્યાએ આવા પ્રકારની સમજ આપી રહયા છે. મોલ્વી અબ્દુર્રહીમ શાહની એ ભયંકર ખબર એમના શબ્દોમાં વાંચો :–

**હમારે મેવાતવાલે માશા અલ્લાહ અરબો અજમમેં મુસલમાન બનાતે બનાતે ઉકતા ગએ જી ભર ગયા, ઈસ લિએ મેવાત કે બઅઝ મુબલ્લિગીન વ ઉલ્માને મુસલમાનોં કો કાફિર વ મુર્તદ બનાના શુરૂઅ કર દિયા હૈ.** –*(પેજ–૧)*

**ભાવાર્થ** : અમારા મેવાતવાળાઓ અરબ અજમમાં મુસલમાન બનાવતાં બનાવતાં થાકી ગયા અને પરેશાન થઈ ગયા, પરિણામે કેટલાક મુબલ્લિગો અને આલિમોએ મુસલમાનોને કાફિર તેમજ મુર્તદ બનાવવાનું



શરૂ કર્યું છે !

ધ્યાનથી વિચારો ! મોલ્વી અબ્દુર્રહીમ શાહ કેટલી ચોખ્ખી વાત કહી ગયા. તબ્લીગી જમાઅતવાળા જો અરબ અજમના મુસલમાનોને મુસલમાન જ સમજતા હોત તો તેઓને નવેસરથી કલ્મો પઢાવી પઢાવીને મુસલમાન શા માટે બનાવત ? કલ્મો તો તેઓ એટલા માટે પઢાવે છે કે તેમને મુસલમાન સમજવામાં આવતા નથી. મેવાતમાં પણ તેઓ આવા જ પ્રકારની કાર્યવાહી કરી રહ્યા છે. કિતાબને તરતીબ આપનાર મોલ્વી નૂરમંહમદ ચંદીનીએ પણ કિતાબના હાંશિયા પર મેવાતની તબ્લીગી જમાઅતના કારકુનોનો હાલ આ રીતે વર્ણવ્યો છે :–

**અગર ઝરા ભી તાકાત હાસિલ હો જાએ, ઔર જો મર્કઝ ન આએ તો ઉસે તો બિલકુલ મુર્તદ કે દરજેમેં સમઝતે હૈં.** –*(નૂરમહંમદ ચંદીની, પેજ–૬૦)*

**સારાંશ** : જો થોડો ઘણી પણ તાકાત મેળવે અને જે મર્કઝમાં ન આવે તેને તો બિલ્કુલ મુર્તદનો દરજ્જો આપવામાં આવે (ગણવામાં આવે) છે.

## ★ મોલ્વી અબ્દુર્રહીમ શાહના કેટલાક પત્રો ★

''ઉસૂલે દા'વતો તબ્લીગ'' કિતાબ ઉપરની ચર્ચા પૂરી થઈ. પરંતુ એક દિલચસ્પ હકીકત સંભળાવવા માટે હું તમારો થોડોક કિંમતી સમય લઈશ. ''ચશ્મએ આફતાબ'' નામના રિસાલાનો હવાલો જે આગળ આવી ગયો છે તેના સંબંધી ''ઉસુલે દાવતો તબ્લીગ'' ના આખરી ટાઈટલ પેજ ઉપર મોલ્વી નૂરમુહમ્મદ ચંદીનીએ એક એલાન પ્રગટ કર્યું છે કે એ રિસાલાનો જવાબ મોલ્વી અબ્દુર્રહીમ શાહ લખી રહ્યા છે એટલે મેં અબ્દુર્રહીમ શાહને એક પત્ર દિલ્હીના સરનામે લખ્યો કે, જવાબ પ્રગટ થઈ ગયો હોય તો એક પ્રત મોકલી આપો. મેં જે પત્ર લખ્યો હતો તેમાં તેમની પ્રગટ થયેલી તકરીર વિષે મેં પ્રશંસાના થોડાક શબ્દો લખ્યા હતા. લેખકે મારા પત્રનો જે જવાબ આપેલો તેની અક્ષરશ નોંધ નીચે રજૂ કરું છું :–

**''ચશ્મએ આફતાબ'' કા જવાબ અભી તક મુકમ્મલ નહીં હુવા હૈ, મુમ્કિન હૈ કે ઈસમેં એક માહ ઔર લગ જાએ. આપને બળી હોશ્યારી સે એક દો લફ્ઝ લિખ કર કિતાબ (ઉસૂલ દાવતો તબ્લીગ) કી તાઅરીફ ફર્માઈ હૈ ઈસકા શુક્ર ગુજાર હૂં. મગર ઈતના કાફી નહીં હૈ, ઝરૂરત હૈ કે ઈસ પર સૈર હાસિલ તબસેરા ફર્માએઁ ઔર માહનામામેં શાએઅ ભી કરેં.**

*–અહકર અબ્દુર્રહીમ શાહ ૭ ફરવરી–૬૮ બારાટોટી, સદર બાઝાર દિલ્હી–૬*

**ભાવાર્થ** : ''ચશ્મએ આફતાબ'' નો જવાબ હજુ સુધી પૂર્ણ થયો નથી કદાચ હજુ એકાદ મહિનો લાગશે. તમોએ ખૂબ જ હોશિયારીપૂર્વક થોડા શબ્દોમાં ઉસૂલે દાવતો તબ્લીગની પ્રશંસા કરી છે જેથી આપનો આભારી છું. પરંતુ એના પર વિસ્તારપૂર્વકનો અભિપ્રાય આપશો તેમજ એને માસિકમાં પ્રગટ કરશો.

આ પત્ર પછી અબ્દુર્રહીમ શાહની કિતાબ ''ઉસૂલે દા'વતો તબ્લીગ'' ઉપર મેં જામે નૂરના ફેબ્રુઆરી–૬૯ ના અંકમાં એક વિસ્તૃત અભિપ્રાય પ્રગટ કર્યો હતો. હવે એને ઘણો સુંદર મોકો કહેશો કે જેનો ઘણો ખરો ભાગ આ વિભાગમાં સામેલ કરી દેવામાં આવ્યો છે. અમદાવાદના કારી ઈસ્માઈલ સાહેબ ટંકારવી મારફત એમને મારા આ અભિપ્રાયની જાણ થઈ એટલે એમણે મને બીજો પત્ર લખ્યો જેની નકલ નીચે રજૂ કરું છું :–

**મુઝે મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ સાહબ ટંકારવી, અહમદાબાદ કે ખત સે માલૂમ હુવા કે ફરવરી–૬૯ કે આપકે પરચેમેં મેરી કિતાબ ઉસૂલે દા'વતો તબ્લીગ પર કોઈ તબશરા શાએઅ હુવા હૈ, મૈં ખ્વાહિશમંદ હૂં કે આપ બરાએ કરમ ફૌરન હી બઝરિયે પોસ્ટ પરચા રવાના ફર્માએઁ.** *–(અહકર અબ્દુર્રહીમ શાહ દહેલવી)*

**સારાંશ** : મૌલ્વી મુહમ્મદ ઈસ્માઈલ ટંકારીઆવાલાના પત્રથી મને જાણવા મળ્યું છે કે મારી કિતાબ ઉસૂલે દા'વતો તબ્લીગ ઉપર તમે કોઈ અભિપ્રાય આપના માસિકના ફેબ્રઆરી ૬૯ના અંકમાં પ્રગટ કર્યો છે તો મહેરબાની કરી તાત્કાલિક પોષ્ટ મારફતે એ અંક મોકલી આપશો.



લેખકનો પત્ર મળવાથી મેં જામે નૂરનો તે અંક તેમને મોકલી આપ્યો. લેખકને અભિપ્રાય એટલો બધો પસંદ પડી ગયો કે એમણે પોતાના ઘણાયે મિત્રો સમક્ષ રજુ કર્યો. એમના મિત્ર મોલ્વી મુહમ્મદ હારિષ સાહબ દહેલવીના પત્ર ઉપરથી તબ્લીગી જમાઅતના બાગી વિસ્તારોમાં જામે નૂરના અભિપ્રાયની પસંદગીનો અંદાજ સારી રીતે કાઢી શકાય છે. મોલ્વી મુહમ્મદ હારિષ દહેલવી લખે છે કે :–

**જનાબકા તબશેરા દા'વતો તબ્લીગ પર માશાઅલ્લાહ બહોત અચ્છા હૈ. મેરી નઝરોં સે ગુઝરા. પળ્હકર બહોત ખુશી હૂઈ. અલ્લાહ રબ્બુલ ઈઝઝત જઝાએ ખૈર નસીબ ફર્માએ. આમીન ષુમ્મ આમીન. જનાબ અબ્દુર્રહીમ શાહ સાહબને દિખાયા થા. વાપસ કર દિયા ગયા. અબ આપસે ગુઝારિશ હૈ કે માહે માર્ચ વ એપ્રિલ કે દોનોં રિસાલે રવાના ફર્માએઁ જો કીમત હોગી, બઝરિએ મનીઓર્ડર રવાના કર દી જાએગી.** *(અહકર મુહમ્મદ હારિષ દહેલવી, ૨૪, એપ્રિલ–૬૯ ખતીબે મસ્જિદ, ઈમલીવાલી દિલ્હી)*

**સારાંશ** : ઉસૂલે દાવતો તબ્લીગ પરનો તમારો અભિપ્રાય ખૂબ જ સુંદર છે. મેં વાંચ્યો છે, ઘણો જ ખુશ થયો. અલ્લાહ તઆલા આપને નેક બદલો આપે. જનાબ અબ્દુર્રહીમ શાહ સાહેબે મને બતાવ્યો હતો મેં તેમને પરત આપી દીધો છે. હવે આપને વિનંતી કરું છું કે માર્ચ અને એપ્રિલ બંને માસના અંકો મોકલી આપશો. જે કિંમત થશે તે મ.ઓ. થી મોકલી આપીશ.

તબ્લીગી જમાઅતના જૂના કારકુનોના પત્રોની નકલો મેં એટલા માટે રજુ કરી છે કે જેના ઉપરથી કોઈપણ પ્રકારની શંકા વગર તમે એ નિર્ણય કરી શકો કે તબ્લીગી જમાઅત વિષેનો અમારો આ અભ્યાસ તદ્દન સત્ય છે અને તબ્લીગી જમાઅતની વિરોધમાં તાઉલી નગરના ઈજતેમાઅની કાર્યવાહીઓનો રદિયો જે મારા દિમાગ ઉપર થયો છે તે હકીકત હૂબહૂ એજ પ્રમાણે છે. જેથી મારી ખુલૂસ નિય્યત તેમજ મારા દિલની દયાનતદારી ઉપર શંકા ઉપસ્થિત કરવા માટેની કોઈ શક્યતા બાકી રહેતી નથી.

## ★ આખરી નસીહત ★

વિષયના અતમાં ઈન્સાફ પસંદ વાંચકોને એક વાત કહેવા ઈચ્છું છું કે તબ્લીગી જમાઅતની ધાર્મિક સંગદિલીઓને ઉઘાડી પાડનાર જેટલા હવાલાઓ મેં આ પ્રકરણમાં આપ્યા છે તે અમારા પોતાના નથી પરંતુ દેવબંદી ફિર્કાના જવાબદાર આલિમો અને તબ્લીગી જમાઅતના જૂના કરકુનોના છે. પરિણામે માનવુ જ પડશે કે એ બધા આક્ષેપો બિલ્કુલ હકીકત પર આધારિત છે જેથી એના બયાન માટે હવે કોઈ શક્યતા બાકી રહેતી નથી કે અમે કોઈ ખોટી ભાવનાઓથી પ્રેરાઈને તબ્લીગી જમાઅતને બદનામ કરવા માટે એ આક્ષેપો ઉભા કર્યા છે.

છેવટે ખૂબ જ ભારપૂર્વક મને કહેવા દો કે કોઈપણ મઝહબી જમાઅત સાથે અમારો સંબંધ ફક્ત દીની ફાયદાઓ અને આગલા જમાનાની નેકીની ભાવનાઓ ઉપર આધારિત હોય છે. અજાણપણે હજુ સુધી જે મુસલમાનનો તબ્લીગી જમાઅત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રહ્યો હશે તેને અમે નેક નિય્યતી તરીકે ગણીશું પરંતુ દેવબંદના પ્રખ્યાત આલિમો અને તબ્લીગી જમાઅતના જૂના કારકુનોની ઝબાની સનસનાટી ભરી રીતે જાહેર થયા પછી કોઈ સાચો મુસલમાન એક ઘડી માટે પણ તબ્લીગી જમાઅતને સહન કરી શકશે ? જે જમાઅત ધોકાબાજીથી દીને હક્કના ચેહરાને બદસૂરત બનાવવા માટે ઉપસ્થિત થઈ હોય એમાં એક હક્કપરસ્ત મુસલમાનનું સામેલ થવું એ કઈ રીતે શક્ય છે ? એટલા માટે ભારત પાકિસ્તાનના વસતા સહીહ અકાઈદોવાળા મુસલમાનોને સલાહ આપું છું કે તેઓ મારા આ નોંધેલા વિષયની રોશનીમાં દરેક જગ્યાના તબ્લીગી જમાઅતના આલિમોથી સવાલ કરે કે દેવબંદના ખ્યાતનામ આલિમોની જીભે તબ્લીગી જીભે તબ્લીગી જમાઅતની જે શરમજનક હકીકતો ખુલ્લી પડવા પામી છે તેની સંતોષકારક ચોખવટ કરો અથવા તો કુફ્રો, તબાહીની એ દુકાનને બંધ કરી દો, એમને માટે એ સિવાય અખ્લાકી રીતે ત્રીજો કોઈ રસ્તો નથી.

આટલા ખુલાસા પછીથી પણ તબ્લીગી જમાઅતની ગુમરાહીઓનો અનુભવ કરવા માટે દિમાગનો કોઈ ખૂણો અંધારામાં રહી ગયો હોય તો આઠમા વિભાગનો અભ્યાસ કરો.



[પ્રકરણ : ૮]

# તબ્લીગી જમાઅત હદીષોની રોશનીમાં

**નોંધ** : આ વિભાગમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મૂળ અરબી હદીષોનો તર્જુમો જ નકલ કરવામાં આવ્યો છે. મૂળ અરબી હદીષો જોવી હોય તો જે ઉર્દૂ કિતાબ "**તબ્લીગી જમાઅત**"નું અમે ભાષાંતર કર્યું છે તેમાંથી મળી રહેશે.

અગાઉના પૃષ્ઠો ઉપર તબ્લીગી જમાઅત અંગે જેટલા ખુલાસાઓ લખવામાં આવ્યા છે તે બધું લખાણ આ વાતનો વિ□ાસ અપાવવા માટે બસ થઈ પડશે કે ભલાઈના નામે મઝહબમાં ફસાદ ફેલાવવો અને ભોળા મુસલમાનોના અકાઈદ ખરાબ કરવા એ તબ્લીગી જમાઅતની બધી પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ છે.

પરંતુ થોડીવાર માટે બનાવો અને અનુભવોની એ બધી સાક્ષીઓથી અલગ થઈને આપણે પરિસ્થિતિની અસલિયતનું બીજુ પાસુ તપાસીશું તો હેરાન થઈ જઈશું. આગળના પૃષ્ઠો ઉપર નજદના વહાબી ફિર્કા સાથે જમાઅતના રૂહાની અને મઝહબી સંબંધ તેમજ ફિક્રો એતેકાદના સરખાપણાનો હાલ આપ વાંચી ચૂક્યા છો અને એ વાત પણ જાણી લીધી કે જે કિતાબોથી નજદી મઝહબ સાથે તબ્લીગી જમાઅતનો દિમાગી તથા ખ્યાલી સંબંધ સાબિત કરવામાં આવ્યો છે તે ખૂદ તબ્લીગી જમાઅતની વિ□ાસપાત્ર કિતાબો છે એટલે સત્ય હકીકતને હવે ખોટો આક્ષેપ છે એમ કહી છુપાવી શકાય નહીં.

આટલી વાત યાદ રાખ્યા પછીથી આશ્ચર્યમાં ગરકાવ થઈને આ ખબર વાંચીએ કે હુઝૂરે અકરમ સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપના

સહાબાઓ સામે કયા મત સુધી પૈદા થવાવાળા જે મઝહબી ફિત્નાઓનો ઉલ્લેખ ફર્માવ્યો હતો એમાં નજદનો આ ''વહાબિયતનો'' ફિત્નો ખાસ કરીને સંબંધિત છે. ફિત્નાને ઉપસ્થિત કરનાર ઈમામના બારામાં હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ હદીષ બયાન ફર્માવી છે.

**મૂળ હદીષનો તર્જુમો** : આ હદીષ અબૂ દાઊદ શરીફમાંથી નકલ કરવામાં આવી છે.

ખુદાની કસમ ! એ કોઈપણ એવા માણસનો ઝિક્ર કરવાનું નથી છોડયું કે જે આજથી કયામત સુધી કોઈ ફિત્નાને ઉપસ્થિત કરનારો હોય, જેના સાથીઓની સંખ્યા ૩૦૦ કે તેથી વધારેની હશે એટલે સુધી કે હુઝૂરે તેમનાં નામ તેમજ તેમના કબીલાનાં નામ પણ અમોને બતાવી દીધાં છે. *–(અબૂ દાઊદ શરીફ)*

આ હકીકતને સ્પષ્ટ રીતે સમજવા માટે નજદી ટોળકી અને એની સાથે સંબંધ ધરાવતી તબ્લીગી જમાઅતની બાબતમાં હદીષોમાં જે ઈશારાઓ કરવામાં આવ્યા છે. એનો હૈરતઅંગેઝ ઉલ્લેખ મૂળ હદીષનો ગુજરાતી તર્જુમો રજુ કરી નીચે આપવામાં આવ્યો છે, તે વાંચો :–

## ★ હદીષ નં. : ૦૧ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી ઈમામ બુખારીએ આ હદીષ નકલ કરી છે કે એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ શામ અને યમન માટે દુઆ ફર્માવી તેના શબ્દો આ પ્રમાણે છે :–

**તર્જુમો** : ખુદાવંદા ! અમારા માટે, અમારા શામ અને યમનમાં બરકતો નાઝિલ ફર્માવ. (દુઆ કરતી વેળા નજદના કેટલાક લોકો પણ ત્યાં હાજર હતા.) તેમણે અરજ કરી કે '' અને અમારા નજદ માટે પણ યા રસૂલલ્લાહ !'' એ પછી હુઝૂરે ફર્માવ્યું, ખુદાવંદા ! અમારા માટે અમારા શામ અને યમનમાં તારી બરકતો નાઝિલ ફર્માવે. ફરી પાછા નજદના પેલા લોકોએ અરજ કરી કે '' અને અમારા નજદ માટે યા રસૂલલ્લાહ !''

રિવાયત કરનાર લખે છે કે ત્રીજી વેળાએ હુઝૂરે ફર્માવ્યું કે તે ફિત્ના



અને ઝલઝલાઓની જગ્યા છે અને ત્યાંથી તો શૈતાનનું શિંગડું ફુટવાનું છે. *(બુખારી શરીફ)*

પ્રચલિત રીતે જોતાં તો ''કરનુશ્શયતાન'' (હદીષનો શબ્દ) નો અર્થ ''શૈતાનનું શિંગડું'' થાય છે પણ દેવબંદની મિસ્બાહુલ્લુગાત (ડિક્ષનરી)માં એનો અર્થ ''શૈતાનના અભિપ્રાયોનો પાંબદ'' કરવામાં આવ્યો છે. *(પેજ–૬૬૩)*

આ હદીષથી જાણવા મળે છે કે એ ખૈર તથા બરકતની જગ્યા નથી પણ ફિત્ના, ફસાદ, બદમાશીનું સ્થળ છે. કેમ કે રહમતુલ્ લિલ્ આલમીનની દુઆએ ખૈરથી વંચિત રહી જવાનો અર્થ જ એવો છે કે હમેંશાને માટે એ સ્થળ ઉપર સંગદિલી અને બદનસીબીનો સિક્કો લાગી ગયો. પછી ત્યાંથી કોઈ ભલાઈની આશા રાખવી એ તકદીરે ઈલાહીથી યુદ્ધ કરવા સમાન છે.

બીજી વાત એ જાણવા મળી કે ત્યાંની માટીથી કોઈ એવો માણસ જરૂર પેદા થશે કે જે શૈતાનના અભિપ્રાયોનો પાંબદ હશે. અથવા તો સૂર્યના ફેલાતા પ્રથમ કિરણને ''કરન શશ્મ્સ'' કહેવામાં આવે છે. એવી રીતે શૈતાનનો ફિત્નો પણ આખા વિ□માં ફેલાઈ જશે.

## ★ સમજી શકાય તેવો ઈશારો ★

નજદ હિજાઝનો ભૌગોલિક નકશો સામે રાખીશું તો ચોખ્ખી રીતે દેખાઈ આવશે કે નજદનો પ્રદેશ મદીના મુનવ્વરાથી બિલ્કુલ પૂર્વ દિશાએ આવેલો છે. મદીનાથી સરકારે મદીનાએ જે શબ્દોમાં એ દિશા તરફ ઈશારો કર્યો છે તે એક વફાદાર મોમિનને ચોંકાવી દેવા માટે કાફી થઈ પડશે. આનાથી અંદાઝ મળી રહે છે કે રસૂલે ખુદા ની નજરે નજદનો ફિત્નો પોતાની ઉમ્મત માટે કેટલી હદ સુધી ભયંકર અને ઈમાન ખરાબ કરે તેવો હતો. હવે આ વિષય ઉપર નીચે હદીષોની કતાર લાગી છે તે ધ્યાનમાં લઈએ :

## ★ હદીષ નં. : ૦૨ ★

આ હદીષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર થી સહીહ મુસ્લિમ શરીફમાં નકલ કરાઈ છે.

**તર્જુમો** : બયાન કરવામાં આવે છે કે એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત હફ્સાના દરવાજા ઉપર ઉભા હતા. ત્યાંથી પૂર્વ દિશા તરફ આપના હાથ મુબારક વડે ઈશારો કર્યો અને ફર્માવ્યું કે ફિત્નાની જગ્યા આ છે. અહીંથી શૈતાનની શિંગડી નીકળવાની છે. રિવાયત કરનારને અહીં આગળ શક છે કે આ શબ્દો હુઝૂરે ક્યાંક તો બે વાર કહ્યા અથવા ત્રણ વાર *(સહીહ મુસ્લિમ શરીફ, જિ–૨, પેજ–૩૯૪)*

## ★ હદીષ નં. : ૦૩ ★

આ હદીષ પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર  થી મુસ્લિમ શરીફમાં છે.

**તર્જુમો** : બયાન કરે છે કે હુઝૂર એ પૂર્વ તરફ મોં ફેરવીને ફર્માવ્યું કે ફિત્નો અહીંથી ઉભો થશે. ફિત્નો અહીંથી ઊભો થશે જ્યાંથી શૈતાનનું શિંગડું નીકળશે ! *(મુસ્લિમ શરીફ)*

## ★ હદીષ નં. : ૦૪ ★

ફરી એ જ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી મુસ્લિમ શરીફમાં ત્રીજી રિવાયત નકલ કરવામાં આવી છે.

**તર્જુમો** : બયાન કરે છે કે એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સૈયેદહ્ આયશા સિદ્દીકા رضی اللہ عنہا ના શયનખંડમાંથી બહાર નીકળીને પૂર્વ તરફ ઈશારો કરીને ફમાવ્યું કે કુફ્રનુ કેન્દ્ર અહીં છે જ્યાંથી શૈતાનનું શિંગડું ફૂટે છે. *(મુસ્લિમ શરીફ)*

**વિચાર કરો !** આ ત્રણે હદીષોમાં ફકત પૂર્વ દિશાનો જ ઝિક્ર નથી કરવામાં આવ્યો કે એના ઉપરથી નજદનો પ્રદેશ માની લેવામાં કોઈ વહેમ ઊભો થઈ શકે બલ્કે એની સાથે સાથે દરેક જગ્યાએ ''જહાંસે શૈતાન કી સિંગ નિકલેગી'' ના શબ્દોનો વધારો ચોક્કસ રીતે બતાવી આપે છે કે પૂર્વની દિશાથી કોઈ બીજો પ્રદેશ નહીં પણ નજદનો પ્રદેશ છે. કેમ કે બુખારી શરીફની હદીષમાં નજદના નામ સાથે નજદના એ ગુણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલા માટે હદીષની ઝબાનમાં પૂર્વ દિશાનો



તે પ્રદેશ ''જ્યાંથી શૈતાનની શિંગ નીકળશે'' નજદના પ્રદેશ સિવાય બીજો કોઈ પ્રદેશ હોતો નથી.

## ★ હદીષ નં. : ૦૫ ★

સૈયદી અલ્લામા દહલાન  એ પોતાની કિતાબ ''અદ્દરરાસિનહ્'' માં કુત્બે સિહાહથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ ફર્માન નોટ કર્યું છે.

**તર્જુમો** : અમુક લોકો પૂર્વ દિશાએથી જાહેર થશે જેઓ કુર્આન તો પઢશે પણ કુર્આન એમના હલકથી નીચે નહીં ઉતરે. તે લોકો દીનમાંથી એવા નીકળી જશે જેવી રીતે ધનુષમાંથી તીર નીકળી જાય છે. પછી તે લોકો પાછા ફરીને દીનમાં આવશે નહીં. જેમ કે તીર પોતાની કમાન (ધનુષ) તરફ પાછુ ફરતું નથી. એ લોકોની ખાસ નિશાની ''માથુ મૂંડાવવાની'' હશે. *(અદ્દરરાનિસ, પાન ૪૯)*

## ★ હદીષ નં. : ૦૬ ★

એ જ દહલાન  પણ પોતાની (અદ્દરરાસિનહ) કિતાબમાં ફર્માવે છે. હુઝૂરે  એ ઈર્શાદ ફર્માવ્યો કે :–

**તર્જુમો** : અમુક (કેટલાક) લોકો પૂર્વ દિશાએથી નીકળશે જેઓ કુર્આન પઢશે પણ તે કુર્આન એમના હલક (ગળા) થી નીચે નહીં ઉતરે. જ્યારે એમની એક ટોળી ખત્મ થઈ જશે તો ત્યાંથી બીજી ટોળી જન્મ લેશે, એટલે સુધી કે એમની છેલ્લી ટોળકી દજ્જાલની સાથે નીકળશે. (પાન ૫૦)

## ★ બીજું એક નિશાન : (ઠેકાણું) ★

નજદમાં બનૂ હનીફાનો કબીલો એ જ બદનસીબ કબીલો છે કે જ્યાંથી શૈતાનની શિંગડી ફૂટી અને જેની ખાકથી ફિત્નાઓએ જન્મ લીધો.

જેમ કે મૌલ્વી મસ્ઊદ આલમ નદવી ''મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ'' નામની કિતાબના હાશિયા પર લખે છે :–

**નજ્દકા જુનૂબી હિસ્સા જો ''અલઆરિજ'' કહલાતા હૈ**

**ઉસકા મશહૂર શહર રિયાઝ હૈ. જો આજ સઉદી હુકૂમતકા પાયએ તખ્ત હૈ. આરિઝકો જબલે યમામા ભી કહતે હૈ. અસ્લમેં યે એક પહાળીકા નામ હૈ ઔર ઉસકે ગિર્દો નવાહકી ઝમીન વાદીએ હનીફા ઔર યમામા કહલાતી હૈ. શૈખુલ ઈસ્લામ (મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ) કી જાએ પેદાઈશ ''ઉનીયહ'' ઔર દાવતકા મર્કઝ ''દરઈય્યહ'' દોનોં ઈસી વાદીમેં વાકઈ હૈ.**

*–(હાશિયા કિતાબ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ, પેજ–૧૬)*

**સારાંશ** : નજદના પ્રદેશનો દક્ષિણ વિભાગ ''અલ્ આરિઝ'' ના નામે ઓળખાય છે. એનું મશહૂર શહેર રિયાઝ છે. રિયાઝ એ સઊદી સરકારની રાજધાની છે અલ્ આરિઝને જબલે યમામા પણ કહે છે. દર અસલ એ એક પહાડીનું નામ છે. શૈખુલ ઈસ્લામ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબનું જન્મ સ્થળ ''ઉનિયહ'' અને દા'વતનું કેન્દ્ર ''દરઈય્યહ્'' આ બન્ને સ્થળે આ જ વાદીમાં આવેલાં છે.

હવે ઈસ્લામી તવારીખની આ એક કરૂણતા તરફ લક્ષ આપો કે એ જાલિમ કબીલો પહેલેથી જ સરકારે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના આત્માને તકલીફ પહોંચાડવી તથા હુઝૂરની જાતે પાક તરફ તિરસ્કાર કરતો રહ્યો છે.

હદીષોમાં એ કબીલાનું વર્ણન આ શબ્દોથી કરવામાં આવ્યું છે.

## ★ હદીષ નં. : ૦૭ ★

અલ્લામા દહલાનએ પોતાની કિતાબ કુત્બે સિહાહથી સરકારે અકદસ  નો આ ઈર્શાદ નકલ કર્યો કે :–

રિસાલતના શરૂઆતના દિવસોમાં દરેક હજ્જના મોકા પર બહારથી આવનારા કબીલાઓ સમક્ષ હું મારી દાવત રજૂ કરતો હતો. (જેમાં બનૂ હનીફાના જવાબથી વધારે બુરો અને ખરાબ જવાબ બીજા કોઈ કબીલાએ મને આપ્યો નથી.) *(અદ્દર્રાસિનહ પેજ–૫૨)*

એની સાથે અલ્લામા મક્કીની ખારિજ કરેલી એક રિવાયત પણ વાંચી લઈએ કે જે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ તરફ સંબંધિત છે એમાં બનૂ હનીફાની વાદી વિશે ઉલ્લેખ છે કે :–



''એ કબીલાની વાદીમાંથી આખર ઝમાના સુધી ફિત્નાઓ પેદા થતા રહેશે અને તે વાદી પોતાના જૂઠા પેશ્વાઓના કારણે કયામત સુધી ફિત્નાઓથી ભરપુર રહેશે.'' અને એક રિવાયત છે કે ''હલાકત હો યમામાના માટે અને તે એવી હલાકત કે જે કદી પણ ખત્મ થઈ ન શકે.''

**નોંધ** : યાદ રાખો કે મસ્ઊદ આલમ નજ્દીની તશરીહ પ્રમાણે વાદીએ હનીફાનું બીજુ નામ યમામા છે.

## ★ હદીષ નં. : ૦૮ ★

આ હદીષ જામેઅ તિર્મિઝીમાં હઝરત ઈમરાન ઈબ્ને હસીન رضی اللہ عنہ થી નકલ કરવામાં આવી છે :–

એમણે કહ્યું કે હુઝૂરે અન્વર  ત્રણ કબીલાઓ ને પોતાની હયાતીમાં નાપસંદ ગણતા હતા :–

(૧) સકીફ (૨) હનીફા (૩) બની ઉમૈયા. *(તિર્મીઝી)*

પહેલી હદીષથી લઈને આઠમી હદીષ સુધીની તમામ હદીષો નજદના ફિત્નાને સારી પેઠે સમજવા તથા બારગાહે રિસાલતથી એ પ્રદેશને તરછોડવાનું કારણ સમજવા માટે ઘણી પૂરતી છે.

હવે એ ફિત્નાના ઝંડાધારીઓના હાલ નીચેની હદીષોમાં વાંચો :

## ★ હદીષ નં. : ૦૯ ★

મિશ્કાત શરીફમાં અબુસઈદ ખુદરી رضی اللہ عنہ થી મનકૂલ છે કે અમે લોકો હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર હતા અને હુઝૂર ગનીમતનો માલ વહેંચી રહ્યા હતા તેવામાં ત્યાં જાલખુવયસરહ નામનો એક માણસ (કબીલએ બની તમીમનો રહેવાસી) આવ્યો અને કેહવા લાગ્યો કે અય અલ્લાહના રસૂલ ! ઈન્સાફથી કામ લો. આ સાંભળી સરકારે દોજહાં  એ જવાબ આપ્યો કે અફસોસ છે તારી બેબાકી પર. હું ઈન્સાફ નહીં કરું તો પછી બીજો કોણ ઈન્સાફ કરનાર છે. જો હું ઈન્સાફ કરતો ન હોત તો હું નુકસાન વેઠવાવાળાઓમાંથી હોત.

આ સાંભળી હઝરત ઉમર رضی اللہ عنہ થી રહી ન શકાયું અને અર્ઝ

કરી કે યા રસૂલલ્લાહ  મને રજા આપો તો હું એની ગરદન ઉડાવી દઉં.

હુઝૂરે ફર્માવ્યું કે એને છોડી મૂકો એ એકલો નથી, એના ઘણા સાથીદારો છે. જેમની નમાઝો અને રોઝાઓ જોઈને તમે તમારી નમાઝો અને રોઝાઓને તુચ્છ સમજશો.  તેઓ કુર્આન પઢશે પણ ગળાની નીચે નહીં ઉતરે. આ બધી જાહેરી ખૂબીઓ હોવા છતાં તેઓ દીનમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે કમાનથી તીર નીકળી જાય છે. *(મિશ્કાત શરીફ, પેજ–૫૩૫)*

## ★ હદીષ નં. : ૧૦ ★

આજ હકીકત બીજી એક રિવાયતથી પણ નકલ કરાઈ છે જેના શબ્દો આ પ્રમાણે છે :–

અય મુહમ્મદ !  અલ્લાહથી ડરો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફમાવ્યું કે જો હું નાફરમાન બની જઈશ તો પછી અલ્લાહની ફર્માંબરદારી કોણ કરશે ? અલ્લાહ પાકે તો મને જમીનવાળાઓ ઉપર ''અમીન'' બનાવ્યો છે. પરંતુ તમે મને અમીન સમજતા નથી. આ દરમિયાન એક સહાબીએ પેલા માણસને કત્લ કરવા દેવાની રજા માંગી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબીને તેમ કરતાં રોકી રાખ્યા. અને જ્યારે તે માણસ જતો રહ્યો ત્યારે ફર્માવ્યું કે એના વંશમાંથી એક જમાઅત પેદા થશે. જે કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાથી નીચે નહીં ઉતરે તથા તેઓ દીનમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર કમાનમાંથી નીકળી જાય છે. તેઓ મુસલમાનોને કત્લ કરશે અને મૂર્તિપૂજકોને છોડી દેશે, જો હું તેઓના સમયમાં હોત તો કૌમે આદની જેમ તેમની સાથે લડાઈ કરત. *(મિશ્કાત શરીફ, ૫૩૫)*

## ★ હદીષ નં. : ૧૧ ★

આજ બનાવ હઝરત શરીક ઈબ્ને શહાબ થી પણ મનકૂલ છે એમાં એમણે એ ગુસ્તાખ આદમીના સંબંધમાં સરકારે રિસાલત મઆબ  નો આ ઈર્શાદ નકલ કર્યો છે :–



પછી હુઝૂરે ફર્માવ્યું કે આખર જમાનામાં એક જમાત પેદા થશે. સમજી લો કે આ માણસ તે જમાઅતનો એક આદમી છે. તેઓ કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાની નીચે નહીં ઉતરે. તેઓ દીનમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે કમાનમાંથી તીર નીકળી જાય છે. તેમની ખાસ ઓળખ ''માથું મુંડાવવું છે'' તેઓ  હમેશાં ટોળાબંધ નીકળશે અને એટલે સુધી કે આખરી ટોળુ મસીહ દજ્જાલ સાથે નીકળશે. જ્યારે તેમને તમે મળશો તો તેઓને તેમની તબિયત તથા સ્વભાવના કારણે બદ્તરીન જોશો *(મિશ્કાત પેજ–૩૦૯)*

## ★ હદીષ નં. : ૧૨ ★

હઝરત અબૂ સઈદ ખુદરી અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી મિશ્કાત શરીફમાં આ હદીષ નકલ કરવામાં આવી છે  :–

હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મતમાં મતભેદ અને ભેદભાવ થવાની વાત નક્કી થઈ ચૂકી છે. આ સિલસિલામાં એક જમાઅત પેદા થશે. જેમની વાતો જાહેરમાં આકર્ષક અને ખુશનુમા હશે પરંતુ કર્તવ્યો ગુમરાહ કરનાર અને ખરાબ હશે તેઓ કુર્આન પઢશે પણ કુર્આન તેમના ગળાની નીચે નહીં ઉતરે. તેઓ દીનથી એવી રીતે નીકળી જાય છે. દીનના તરફ પાછા ફરવાનું એમના નસીબમાં નહીં થાય. એટલા સુધી કે તીર પોતાની કમાન તરફ પાછું ફરે. તેઓ પોતાની તબિયત અને સ્વભાવના કારણે બદ્તરીન મખલૂક હશે. તેઓ લોકોને કુર્આન અને દીનની તરફ બોલાવશે. જો કે દીન સાથે એમને કોઈ સંબંધ નહીં હોય. જે એમની સાથે લડાઈ કરશે તે અલ્લાહનો શ્રેષ્ઠ બંદો હશે. સહાબાઓએ કહ્યું કે એમની ખાસ ઓળખ શું હશે ? યા રસૂલલ્લાહ ! તો ફર્માવ્યું કે, ''માથું મુંડાવવું.'' *(મિશ્કાત, પેજ–૩૦૮)*

## ★ હદીષ નં. : ૧૩ ★

આ હદીષની મહત્તા એ છે કે અસલ હદીષ બયાન કરતાં પહેલાં હદીષના રાવી હઝરત અલી  એ ફર્માવ્યું કે ખુદાની કસમ ! મારે માટે આસમાન ઉપરથી જમીન પર પડવું આસાન છે પણ હુઝૂરને માટેની

કોઈ જૂઠી વાત રજુ કરવી એ ખૂબ જ મુશ્કેલ છે. એના પછી અસલ હદીષનો સિલસિલો આ પ્રમાણે શરૂ થાય છે. ફર્માવે છે કે :–

મેં હુઝૂર ને એમ કહેતાં સાંભળ્યા છે કે આખર જમાનામાં ઓછી ઉંમરના તેમજ ઓછા સમજદાર લોકોની એક જમાઅત નીકળશે. જાહેરમાં તેઓ ઘણી સારી વાતો કરશે પરંતુ ઈમાન એમના ગળાની નીચે નહીં ઉતરે. તેઓ દીનમાંથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર કમાનમાંથી નીકળી જાય છે. તમે તેઓને જ્યાં જુઓ ત્યાં કત્લ કરી દેજો કેમ કે કયામતના દિવસે એમને કત્લ કરનારાઓ માટે મહાન સવાબ અને બદલો છે. *–(બુખારી, જિલ્દ–૨, પેજ–૧૦૨૪)*

## ★ હદીષ નં. : ૧૪ ★

હઝરત અબૂ નુઐમએ હુલ્યામાં હઝરત અબૂ ઈમામહ બાહોલી થી નકલ કરી છે કે હુઝૂરે એ ઈર્શાદ ફર્માવ્યો કે,

આખર જમાનામાં કીડા મકોડાની જેમ ચો તરફ મુલ્લાંઓ ફૂટી નીકળશે. (ઉભા થશે) જેથી તમારામાંના જે શખ્સ એ જમાનામાં હોય તો એને જોઈએ કે તે તેમનાથી ખુદાની પનાહ માંગે. *(હુલિયા)*

એની સાથે આ હદીષ પણ વાંચી લો જે મિશ્કાત શરીફમાં હઝરત હસન બસરી થી મરવી છે.

હુઝૂરે અનવર ફર્માવ્યું કે હે લોકો ! એક જમાનો એવો પણ આવશે કે જ્યારે લોકો પોતાની મસ્જિદોમાં દુનિયાની વાતો કરશે. જ્યારે એવો જમાનો આવી જાય તો તમો એમની સાથે બેસશો નહીં, અલ્લાહ એવા લોકોથી બેપરવાહ છે. *(મિશ્કાત)*

## ★ હદીષ નં. : ૧૫ ★

મોહદ્દિષે કબીર ઈમામ અબૂ યુઅલાએ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી આ હદીષને ખારિજ કરી અને સાહબે અબરેઝએ એને પોતાની કિતાબમાં નકલ કરી.

હઝરત અનસ બયાન કરે છે કે મદીનામાં એક મહાન આબિદ



અને પરહેઝગાર નવજવાન હતો. એક દિવસ હુઝૂર સાથે એની વાત કરી તો હુઝૂર એને જાણી શક્યા નહીં પછી એની હાલત અને આદતો બયાન કરી તો પણ હુઝૂર એને ઓળખી શક્યા નહીં એટલે સુધી કે એક દિવસ તે અચાનક સામે આવી ગયો. જેવી અમારી નજર તેના પર પડી કે તરત જ અમે હુઝૂરને ખબર આપી કે આ તેજ નવજવાન છે. હુઝૂરે તેના તરફ જોઈને ઈર્શાદ ફર્માવ્યો કે એના ચહેરામાં શૈતાની ખુજલીના ધબ્બા જોઉં છું. એટલામાં તે હુઝૂર પાસે આવ્યો અને સલામ કરી. હુઝૂરે તેને ફર્માવ્યું કે શું એ વાત સત્ય નથી કે તું હમણાં તારા દિલમાં એમ વિચારતો હતો કે તારાથી બેહતર અહીં કોઈ નથી ? તેણે જવાબ આપ્યો, હા ! (સત્ય છે) ત્યારબાદ જેવો તે મસ્જિદની અંદર દાખલ થયો કે હુઝૂરે ફર્માવ્યું આને કોણ કત્લ કરે છે ? હઝરત અબૂબક્રએ જવાબ આપ્યો, હું જ્યારે એને કત્લ કરવાના ઈરાદાથી અંદર ગયો તો તેને નમાઝ પઢતો જોઈ પાછા આવ્યો અને પોતાના દિલમાં વિચાર કર્યો કે એક નમાઝીને કઈ રીતે કત્લ કરું ? કેમ કે હુઝૂરે નમાઝીને કત્લ કરવાની મનાઈ ફર્માવી છે. ફરીથી હુઝૂરે કહ્યું કે કોણ એને કત્લ કરશે ? હઝરત ઉમરે જવાબ આપ્યો કે, હું જ્યારે મસ્જિદમાં ગયા તો તે વખતે નવજવાન સિજદાની હાલતમાં હતો. તેઓ પણ એને નમાઝ પઢતો જોઈ હઝરત અબૂબક્રની જેમ પાછા આવ્યા, ફરીથી હુઝૂરે કહ્યું કે તમો એને જરૂર કત્લ કરશો શરત એ કે તે તમને મળી જાય. પરંતુ જ્યારે હઝરત અલી મસ્જિદમાં દાખલ થયા તો તે બહાર જઈ ચૂક્યો હતો. હુઝૂરે ફર્માવ્યું કે જો તમે એને કત્લ કરી દેત તો મારી ઉમ્મતના ફિત્નાખોરોમાંનો આ પહેલો અને છેલ્લો શખ્સ સાબિત થાત. મારી ઉમ્મતના બે માણસો પણ આપસ આપસમાં કદી લડત નહીં. *(અબરેઝ શરીફ, પેજ–૨૭૭)*

## ★ અભ્યાસનાં પરિણામો ★

આ પંદર હદીષો આપની નજર સમક્ષ છે, હું વિનંતી કરું છું એકવાર ફરીથી એને ધ્યાનથી વાંચી જાવ. વાત એ પૈગંબરે ઝીશાનની છે કે તેઓ ગૈબના જાણકાર અને ભવિષ્યની છુપી હકીકતોથી પૂરેપૂરા વાકેફ છે. એટલા માટે પશ્ચિમમાં ડૂબતો સૂરજ પૂર્વમાં ડૂબી શકે છે પરંતુ નબીની

વાત કદી પણ જૂઠી હોય શકતી નથી. હું આપને સત્યની ગૈરતની કસમ આપું છું કે જો ઉપરોક્ત હદીષો ઉપર જરા પણ યકીન હોય તો હાથમાં ઈન્સાફ અને દયાનતદારીનો ચિરાગ લઈને શોધ કરો કે આખર જમાનમાં જે જમાઅતની જાહેર થવાની ખબર પૈગંબરે આપી છે આજે તે જમાઅત ક્યાં છે ? અલ્લાહનો શુક્ર છે કે ખબર આપનારે વિવિધ નિશાનીઓ મારફત તો જમાઅતની એટલી બધી સ્પષ્ટતા કરી દીધી છે કે હવે તે સાફ દેખાય આવે છે. નિશાનીઓ એટલા માટે બતાવવામાં આવી છે કે એની રોશનીમાં દીન અને ઈમાનના ગારત કરનારાઓનું ઠેકાણું મેળવી શકાય (ઓળખી શકાય). હું વિ□ાસપૂર્વક કહું છું કે જો કોઈ માણસ નબીની ખુશનુદીના મુકાબલામાં પોતાની ખ્વાહિશોનો ગુલામ નથી તો એને માટે આ ફિત્નાથી દૂર રહેવું ઘણું જ મુશ્કેલ બની રહેશે. હું છાતી ઠોકીને કહી શકું છું કે આ પંદર હદીષોમાંની છૂટી છવાઈ બધી નિશાનીઓને જો ક્રમિક રીતે એકત્ર કરી અભ્યાસ કરી જોઈશું તો વાકેઆઓ અને દાખલાઓની સપાટી ઉપર નજદી ટોળું અથવા તબ્લીગી જમાઅતની તસ્વીર આપણને જણાઈ આવશે.

અને આપને કાંઈ વાંધો ન હોય તો થોડીવાર માટે આપની દ્રષ્ટિનો સંબંધ મારા લખાણ સાથે જોડી દો. હું હદીષોના ઢગલામાંથી નિશાનીઓ પસંદ કરતો ચાલુ અને તમો (વાંચક બિરદાર) એને જોડતા જાઓ. થોડી જ વારમાં તબ્લીગી જમાઅતનું ચિત્ર ખડુ ન થઈ જાય તો મારી કલમ ઉપરથી વિ□ાસ ઉઠાવી લેજો !

## ★ નિશાનીઓની શોધખોળ ★

**(૧)** હદીષ નં. ૧ થી ૮ સુધીમાં જણાવી દેવામાં આવ્યું છે કે કુફ્ર અને શૈતાનના ફિત્નાનું કેન્દ્ર મદીનાથી ચોક્કસ પૂર્વ દિશા તરફ હોવાવાળો નજદનો પ્રદેશ છે. એ જ પૂર્વિય દિશામાંથી (પ્રદેશમાંથી) મુસ્લિમ નામ ધારણ કરેલી એક ટોળી નીકળશે. જે કુર્આન પઢશે પણ કુર્આન એમના ગળાથી નીચે નહીં ઉતરે. તેમજ તે લોકો બીજાઓને કુર્આન અને મઝહબ તરફ બોલાવશે પણ ખરા. તેમ છતાં દીન સાથે એમને કોઈ લેવા દેવા નહીં હોય. તો હવે અનુભવના અજવાળે ઓળખી લો કે તબ્લીગી જમાઅત



સિવાય એવી બીજી કોઈ જમાઅત આજના યુગમાં છે ખરી જેનો એક કિનારો દિલ્હીમાં હોય અને બીજો કિનારો નજદના પ્રદેશના રિયાઝમાં જઈને મળતો હોય.

**(૨)** હદીષ નં. ૯–૧૦–૧૧ માં ઝુલ્ખવૈસરા નામના જે ગુસ્તાખે રસૂલની હકીકત દર્શાવવામાં આવી છે ત્યાં એમ પણ જણાવાયું છે કે તે બની તમીમ કબીલાનો આદમી હતો. અને આખરી જમાનામાં અસ્તિત્વ પામનાર જમાઅત એના જ વંશથી પૈદા થશે. જયારે પ્રખ્યાત ઈતિહાસકારોની એક તાજી ચોખવટ પણ ધ્યાનમાં લઈએ કે મશહૂર ઈતિહાસકાર અલ્લામા ઝયની દહલાન رحمۃ اللہ علیہ પોતાની કિતાબમાં લખે છે કે :–

અને સૌથી વધારે સ્પષ્ટ વાત એ છે કે ઈબ્ને અબ્દુલ વહાબ નજદીનો નસબી સિલસિલો બની તમીમથી છે. એટલા માટે એમ કહેવું ખોટું નથી કે તે ઝુલ્ખવૈસરા તમીમીની નસલથી છે જેના સંબંધે બુખારી શરીફમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી હદીષ મનકૂલ છે. *(અદુરર, પેજ–૫૧)*

આ સિવાય ખારિજના બારામાં કિતાબના લેખકે નોટ કર્યું છે કે, એમાંથી કોઈ પણ ઝુલ્ખવૈસરા તમીમીની નસલમાંથી ન હતા. ઈબારત આ પ્રમાણે છે :–

لم يكن في الخوارج قوم من نسل ذی الخويصرة۔ *(મિશ્કાત, પેજ–૫૩૫)*–

એટલા માટે માનવું જ પડશે કે હદીષ નં. ૯,૧૦,૧૧ માં જણાવ્યા પ્રમાણે અસ્તિત્વમાં આવનાર જમાઅતને નજદી જમાઅત સમજવી જે હકીકત મુજબ યોગ્ય છે.

**(૩)** હદીષ નં. ૧૦ માં આ જમાઅતની ઓળખ એ રીતે પણ બતાવવામાં આવી છે કે, તેઓ બીજા લોકોને દીન તરફ બોલાવશે જો કે દીન સાથે એમને કોઈ સંબંધ નહીં હોય. આ વાતની સાબિતી જોઈતી હોય તો તબ્લીગી જમાઅતના કુર્આનના સબક આપતા કેન્દ્રો અને એમના ઈજતેમાઅ જોઈ લો કે લોકોને કુર્આન–દીનની દાવતો આપતાં આપતાં

એમની જીભો સુકાઈ ગઈ પરંતુ જો બારિકાઈથી જોવામાં આવે તો એ બધો દેખાવ માત્ર દીનમાં ફિત્ના–ફસાદ પેદા કરવા સિવાય બીજું કંઈ નથી એમ જણાયા વિના નહીં રહે.

**(૪)** હદીષ નં. ૧૨–૧૩ માં આ જમાઅતને ઓળખવાની નિશાની એ પણ છે કે બહારથી વાતો સારી કરશે પણ અંદરખાનેથી એમના અમલ એથી વિરૂદ્ધ હશે. કહેવા અને કરવા વચ્ચેનો વિરોધભાસ જોવા ઈચ્છતા હોઉ તો તબ્લીગી જમાઅતને જોઈએ. વાતોની હદ સુધી તો તેઓ કેટલા નિખાલસ, ખુશ્નુમા તથા ઈસ્લામ દોસ્ત નજર આવી રહ્યા છે. પણ કર્તવ્યો તરફ દૃષ્ટિ ફેંકવામાં આવે તો જણાશે કે આજ સુધીમાં સહીહ અકાઈદવાળા લાખો મુસલમાનોનાં ઈમાન ગારત (બર્બાદ) કરી ચૂક્યા છે. તૌહીદનું નામ લઈને રિસલાતે નબવીમાં ખોડ ખાપણ શોધવી એ જ જમાઅતનું કાર્ય બની ચૂક્યું છે.

**(૫)** હદીષ નં. ૧૦ માં એ જમાઅતની ઓળખ એ રીતે દર્શાવી છે કે તેઓ ફક્ત મુસલમાનોનું ખૂન વહેવડાવશે. મુશ્રિકો સાથે જરા પણ છેડછાડ કરશે નહીં. નજદી જમાઅત માટે આ વાતની સાબિતી ઈચ્છતા હોઉ તો મૌલાના મુહમ્મદ અલી જૌહરનું આ વર્ણન વાંચો, જો કે આગળ ના પૃષ્ઠો ઉપર મૌલાના હુસૈન અહમદ સાહેબનું આ પ્રકારનું બયાન આવી ચૂક્યું છે.

**નજદ ઔર નજદીયોંકા યેહી કારનામા હૈ કે મુસલમાનોં ઔર સિર્ફ મુસલમાનોંકે ખૂનમેં ઉનકે હાથ રંગે હૈં. ઔર ગાલીબન ઈસ વકત ભી યમનકે મુસલમાનોં પર જંગકી તૈયારી હૈ. હાલાંકે સરગિલબર્ટ (ઈસાઈ ડિપ્લોમેટ) સે હુદૈદે હરમ સામને હી મુલાકાત કરકે ઉન્હોંને (નજ્દિયોંને) બર્તાનિયાસે મુઆહેદા કિયા હૈ કે બરતાનવી ઈન્કિલાબકે હુદૂદકે ખિલાફ કદમ નહીં ઉઠાએગેં.** –*(મકાલાતે મુહમ્મદ અલી, હિસ્સા ૧, સફા ૩૭)*

ઉપરનું બયાન એમ દર્શાવે છે કે નજદી લોકોના હાથ ફક્ત મુસલમાનોના ખૂનથી જ રંગાએલા છે. યમનના મુસલમાનો સાથે યુધ્ધની તૈયારી કરી નજદી ટોળાએ બ્રિટનના ઈસાઈ એલચી સાથે



મુલાકાત કરીને કરાર કરી લીધા અને જણાવ્યું કે બ્રિટનની ક્રાંતિના કરાર વિરૂદ્ધ અમે કદી કદમ નહીં ભરીએ.

નજદી ટોળકી અને તબ્લીગી જમાઅત વચ્ચે કોઈ ખાસ તફાવત નથી એટલા માટે આ લાલ ઝંડી પણ તબ્લીગી જમાઅતનો અંજામ જાણવા પૂરતી છે.

**(૬)** હદીષ નં. ૧૧–૧૨ માં જણાવાયું છે કે ''તે લોકો ફરજિયાત પણે માથાં મુંડાવશે અને એ કામ લગભગ એમનું જમાઅતી કાર્ય બની જશે.'' હવે આ ઉલ્લેખ પણ આ તબ્લીગી જમાઅતને બરાબર લાગુ પડતો છે એ માટે અરબની મશ્હૂર ''તવારીખે અલફુતૂહાતે ઈસ્લામિયા'' ના લેખકનું લખાણ વાંચી જુઓ :–

**હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **કા યે ફર્માન હૈ કે ઉસકી ખાસ નિશાની સર મુંડાના હૈ યેહ નજ્દી ગિરોહકે હકમેં બિલ્કુલ સરાહત હૈ ક્યૂં કે યેહી લોગ અપને મુત્તબઈનકો સર મુંડાનેકી હિદાયત કરતે હૈં. સરકારકી બતાઈ હૂઈ યેહ નિશાની ખારિજ ઔર ગુઝિશ્તા બદ્દીન ફિર્કોમેંસે કિસી ફિર્ક કે અંદર મૌજૂદ નહીં થી. યે શિઆર સિર્ફ ફિર્કએ વહાબિયા નજદિયાકા હૈ.** *(અલફુતૂહાતે ઈસ્લામિયા, જી–૨, પેજ–૨૬૮)*

**અનુવાદ :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે તે લોકોની ખાસ નિશાની માથાં મૂંડાવવાની હશે. સાચે જ અત્યારે આ ફર્માન નજદીઓ માટે લાગુ પડતું છે. કેમ કે એ લોકો પોતાના દરેક અનુયાયીને માથાં મુંડાવવાની ભલામણ (સબક) આપતા હોય છે. બાકી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બતાવેલી આ નિશાની ભૂતકાળમાં થઈ ગએલ કોઈ પણ બદ્દીન ફિર્કામાં જોવામાં આવી નથી, ફક્ત આ કામ નજદી વહાબી લોકોમાં મૌજૂદ છે.

## ★ એક અજબ નુક્તો ★

''તહલીક'' શબ્દનો શાબ્દિક અર્થ કરવાના વિષયમાં ચર્ચાસ્પદ દૃષ્ટિનો એ ખૂણો પણ ધ્યાન આપવા લાયક છે કે આમ રીતે તો ''તહલીક'' નો અર્થ માથું મુંડાવવું'' એવો કરવામાં આવે છે પણ દેવબંદી જમાઅતની

ખાસ વિ□ાસપાત્ર કિતાબ મિસ્બાહુલ્લુગાત, પાન–૧૪૮ માં એ શબ્દોનો અર્થ ''ચક્કર લગાના'' અને ''હલકેમેં બૈઠના'' એવા અર્થ કરવામાં આવ્યો છે.

સારી રીતે વિચારવામાં આવે તો જણાય આવે છે કે આ બંને અર્થ પૂરી રીતે તબ્લીગી જમાઅતને બંધ બેસતા છે, બેમાંથી એક અર્થ એ લોકો ચલત ફિરત (ચાલવું ફરવું) એમ બતાવે છે જ્યારે બીજો અર્થ એમની જમાઅતો તરફ ઈશારો કરે છે.

**(૭)** આ ટોળકીની ઓળખાણ માટે હદીષ નં.૯ માં એમની નમાઝોનો ઉલ્લેખ કરી દેવાયો છે. જેમ કે ફર્માવ્યું છે કે તેઓ નમાઝ એટલા ઠાઠમાઠની સાથે જાણે દિલ લગાવીને પઢશે તથા બાહ્ય દેખાવની સાથે પણ ખૂબ પાંબદીની સાથે પડશે કે જે જોઈને બીજા નમાઝીઓ પોતાની નમાઝોને તુચ્છ ગણવા માંડશે. તબ્લીગી જમાઅતની આ ફિતરત એટલી બધી ખુલ્લી છે કે જેના વિશે કંઈ કહેવાની જરૂર નથી !

દા.ત. : આપણને એવા અસંખ્ય નમાઝીઓ મળશે જેઓ ૪૦–૫૦ વર્ષથી નમાઝી હશે. તેમ છતાં પણ સિજદાના જાહેરી દેખાવથી એમની પેશાનીઓ બેડાઘ હશે જ્યારે આ તબ્લીગીના નમાઝીઓને જુમ્આથી જુમ્આના પૂરા આઠ દિવસ પણ થવા નથી પામતા, ત્યાં તો એમની પેશાનીઓ સિજદાના આ નિશાનથી ડાઘદાર બની જાય છે. તો એ માટે કહેવું પડશે કે એ લોકો નમાઝ નથી પઢતા પણ પેશાનીઓ ડાઘદાર બનાવી રહ્યા છે ! જેથી એ લોકો મુસલમાનોમાં પોતાના નમાઝીપણાનો સિક્કો જમાવી શકે.

**(૮)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન મુજબ હદીષ નં. ૯–૧૦–૧૧ માં આ જમાઅતની ઓળખ આપી છે કે પોતાની નમાઝ અને ઈબાદતના ઘમંડમાં પોતાના સિવાય બીજા બધાઓને તુચ્છ નજરથી જોશે, પોતાના કરતાં મોટા હોય તેવાઓને ખુલ્લી રીતે ટોકતા રહેવું, અહીં સુધી કે અંબિયા તથા ઔલિયાને પણ હલકા પાડવા આ ટોળકીનું અહમ કાર્ય બની રહેશે.

તબ્લીગી જમાઅતના હક્કમાં આ લાલબત્તીની ખાતરી કરવા



ચાહતા હોઉ તો મૌલ્વી અબ્દુર્રહીમ શાહ દેવંબદીની તકરીરનો દર્શાવેલો ફકરો વાંચો :–

**મૈં હર જુમ્આકો હઝરત મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબ મર્હૂમકી ખિદમતમેં બરાબર હાઝિર હોતા થા ઔર જમાઅતકે બેઝાબતા મુકર્રિરીનકી શિકાયત અર્ઝ કરતા રહા કે મૈં બહોતસે મોકોં પર ખૂદ સુન ચૂકા હૂં કે યે લોગ ઉલમાએ કિરામ ઔર મદારિસકા મુખ્તલિફ અંદાઝસે ઈસ્તિખફાફ (તહકીર) કરતે હૈં. આપ હઝરાતકો જલ્દ અઝ જલ્દ ઉસકી શિદ્દતસે રોક થામ કરના ચાહીએ. ઉલમાએ કિરામકો સખ્ત શિકાયત હૈ.**

*–(ઉસૂલે દાવતો તબ્લીગ, પાન–૪૩)*

ઉપરના ફકરામાં મૌલાના અબ્દુર્રહીમ શાહ સાહેબ પોતાનો જાત અનુભવ દર્શાવી રહ્યા છે. એમાં તેઓ જણાવે છે કે જમાઅતના નિરંકુશપણે તકરીરો કરનારાઓની તકરીરો ઘણીવાર જાતે સાંભળી ચૂક્યો છું. પોતાની તકરીરોમાં તે લોકો ઉલમાએ કિરામને તથા દીની દર્સગાહોને વિવિધ રૂપે બયાન કરીને હલકા પાડી રહ્યા છે. આ વાતોથી મૌલાના શાહ સાહેબ દર જુમ્આના દિવસે મૌલાના મુહમ્મદ યૂસુફ સાહબની ખિદમતમાં હાજર થઈને તેમને આગાહ કરતા રહ્યા અને એવી તકરીર કરનારાઓ ઉપર શક્ય તેટલો જલ્દીથી અંકુશ મૂકવા વિશેની ભલામણ પણ કરી ચૂક્યા હતા.

એક બીજી જગ્યાએ મૌલાના મૌસૂફ સાહેબ આ જમાઅતના ઘમંડમાં માતમ કરતાં લખે છે કે :–

**કુછ અજીબ સી બાત હૈ જો તબ્લીગી જમાઅતસે જિતના કરીબ તર હોતા હૈ ઉતના હી દૂસરે ઉલમાસે બઇં કદર દૂર હોતા ચલા જાતા હૈ. આખિર ઐસા ક્યૂં ? ઔર જિસને દો ચાર ચિલ્લે દે દિએ ફિર તો ઉસકી તરક્કીએ દરજાતકા ક્યા કહીએ ! ફિર તો વો ઉલમાકી ભી કુછ હકીકત અપને સામને નહીં સમઝતા.** *(ઉસૂલે દાવતો તબ્લીગ, પાન–૫૦)*

આ ફકરામાં મૌલાના સાહેબ આશ્ચર્ય પામીને જણાવે છે કે એમ કેમ હશે ? કે જે માણસ જેટલો તબ્લીગી જમાઅતથી વધુને વધુ નજીક થતો જાય છે તે તેટલો જ વધુને વધુ બીજા આલિમોથી દૂર થતો જાય છે. એથી આગળ ચાલીને મૌસૂફ લખે છે કે જેણે બેચાર ચિલ્લા (અમુક દિવસ સુધી જમાઅતમાં નીકળી પડવું) કરી લીધા તેના દરજ્જા અને પ્રગતિનું પૂછવું જ શું ! બલ્કે પોતે એ પછી તો બીજા આલિમોને કંઈ વિસાતમાં નથી ગણતો.

હવે આગળ એ પણ જોઈ લઈએ કે તબ્લીગી જમાઅત અંબિયાની શાનને કેવી ગણે છે તથા અંબિયાના દરજ્જાને હલકા પાડવાના જઝબાને જાગૃત કરવાની એમની કોશિષો પણ સમજી લઈએ, અને તે માટે જમાઅતના સ્થાપક મૌલ્વી ઈલ્યાસના એક પત્રનો એક ફકરો કે જે એમણે જમાઅતના કારકુનોના નામે લખ્યો છે તે જાઈએ :–

મૌલાના ઈલ્યાસ લખે છે કે :–

**અગર હક તઆલા કિસીસે કામ લેના નહીં ચાહતે તો ચાહે અંબિયા ભી કિતની કોશિષ કરેં તબ ભી ઝર્રા નહીં હિલ શક્તા. ઔર અગર કરના ચાહેં તો તુમ જૈસે ઝઈફસે ભી વો કામ લે લેં જો અંબિયાસે ભી નહો શકે.** *–(મકાતિબે ઈલ્યાસ, પાન–૧૦૭)*

આ ફકરામાં મૌલાના ઈલ્યાસ સાહેબ જણાવી રહ્યા છે કે જો અલ્લાહ પાક કોઈ કામ ન કરવા ધારે તો પછી અંબિયા હઝરાત લાખ કોશિશ કરે તો પણ કંઈ વળશે નહીં અને જે કોઈ કામ અલ્લાહ તઆલા કરવા ચાહે તો તે તમારા જેવા (જમાઅતના કાર્યકરોને સંબોધન કરે છે) કમજોર માણસ મારફત પણ કરાવી શકે છે. અને તે એવી રીતે કે જે અંબિયા હઝરાતથી પણ ન બની શકે ! આ ફકરામાં મૌલાના મૌસૂફ શું કહેવા માંગે છે તે સમજી શકાય તેમ છે.

**(૯)** હદીષ નં. ૧૩ માં એ લોકોની એક નિશાની એ પણ દર્શાવવામાં આવી છે કે, તેઓ ભોળાદિલ, નાસમજ અને કાચી ઉંમરના લોકો હશે. તબ્લીગી જમાઅતમાં આ નિશાનીની ખાત્રી કરવા ચાહતા હોઉ તો એમના કોઈ ઈજતેમાઅમાં પહોંચી જાઓ. ત્યાં બંને પ્રકારના



લોકો તમને જોવા મળશે. ઘણુ ઓછુ ભણેલા પઢેલા તથા ભોળાભાળા લોકો ઘણી મોટી સંખ્યામાં તમને નજરે પડશે જેઓ પોતાની સીધી સમજમાં દીનનું કામ છે એવું સમજીને તબ્લીગી જમાઅત સાથે થઈ ગયા હશે અને સ્કૂલો, કોલેજો, મદ્રસાઓ તેમજ મુસ્લિમ વસતીના પુરજોશ નવજવાનોનું બીજુ ટોળુ જોવા મળશે જેઓ પોતાના ધાર્મિક જઝબાના સંતોષનું સાધન સમજીને તબ્લીગી જમાઅત સાથે સંબંધ ધરાવતા હશે. કોઈ પોતાના ભોળાપણની મૂર્ખાઈના કારણે આ ફરેબનો શિકાર થઈ ગયા છે તો કોઈ પોતાની કાચી ઉંમર અને બિન અનુભવને લઈને ધોકાબાજીમાં ફસાઈ ગયા છે. ચહેરાનો પડદો હટાવીને કોઈએ પણ અસલ (મૂળ) હકીકતથી જાણકાર થવા કરવાની કોશિશ કરી નથી.

**(૧૦)** હદીષ ૧૪ માં છે કે છેલ્લા જમાનામાં કીડા, મકોડાની જેમ ચોતરફ બધે મુલ્લા જ મુલ્લા જોવાના મળશે અને મસ્જિદોને ઘરની ચોપાળ બનાવી દેવામાં આવશે. અનુભવના અરીસામાં ડોકિયું કરીશું તો સાફ જણાય આવશે કે તબ્લીગી જમાઅત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ સર્વે આગાહીઓનું જીવતું–જાગતું સચોટ ચિત્ર છે. કહ્યા પ્રમાણે આજે આપણને એવા અસંખ્ય માણસો જોવા મળશે કે જેમણે તબ્લીગી જમાઅતના કોર્ષની થોડી કિતાબોનો અભ્યાસ કરી ''મૌલાના'' બની જમાઅતમાં કામે લાગી ગયા છે. અને એ જ ''મૌલાનાઓ'' બીજા મહાન આલિમોને તો કંઈ વિસાતમાં જ ગણતા નથી. આ અંગે હું કહું એ તો બની શકે પણ હવે ખૂદ જાતે એમના જ ઉલમા પણ એ વિશે શિકવા–શિકાયત કરવા મંડી ગયા છે. ખાત્રી માટે મૌલાના અબ્દુર્રહીમ શાહ દેવંબદીના આ શબ્દો સાંભળીએ :–

**ગૌરકા મકામ હૈ કે કોઈ શખ્સ બગૈર સનદ કંપાઉન્ડર નહીં હો સકતા મગર ઈન લોગોંને દીનકો આસાન સમઝ લિયા હૈ કે જિસકા જી ચાહે વાઅઝ તકરીર કરને ખળા હો જાએ. કિસી સનદકી જરૂરત નહીં ઐસે હી મૌકા પર યે મિષાલ ખૂબ સાદિક આતી હૈ. ''નીમ હકીમ ખતરએ જાં, નીમ મુલ્લા ખતરએ ઈમાં.** *–(ઉસૂલે દાવતો તબ્લીગ, પાન ૫૪)*

આ ફકરામાં તબ્લીગી ઉલમાની જહાલિયતના આપણને દર્શન થઈ રહ્યાં છે. મૌલાના શાહ સાહેબ જમાઅતના જાહિલોને સીધું તીર મારી રહ્યા છે. જેમ કે એ ઓ ફર્માવે છે કે કોઈ પણ વ્યક્તિએ ઓછામાં ઓછું કંપાઉન્ડર પણ થવું હોય તો તે માટે પોતાની લાયકાતનું સર્ટિફિકેટ હોવું જરૂરી છે. જ્યારે આ લોકોએ (જમાઅતવાળાઓ) તો મઝહબને એનાથી પણ સહેલો બનાવી દીધો છે અને જેની ઈચ્છા થાય તે પોતે ઉપદેશકની જેમ વાઅઝ–તકરીરો કરવા મંડી જાય છે. અને તેને માટે જાણે કોઈ પ્રમાણપત્રની આવશ્યક્તા જ નથી હોતી. આગળ મૌલાના ફર્માવે છે કે ખરેખર આવા લોકો માટે ''નીમ હકીમ ખતરે જાં નીમ મુલ્લાં ખતરે ઈમાં'' કહેવું બિલ્કુલ સત્ય જ છે.

પોતાની તકરીરને આગળ વધારતા જઈ મૌલાના જણાવે છે કે :–

**મેરે બુઝુર્ગો ! જબ નાવાકિફ–વ–નાઅહલ લોગ જબ મનસબે ખિતાબત પર ફાઈઝ હોંગે તો વો અપને મુબલ્લિગે ઈલ્મકે મુતાબિક હી નહીં બોલેંગે બલ્કે અપને ઈલ્મસે આગે નુક્તે પેદા કરેંગે ઉનકો ઈતની જુરઅત હો ગઈ કે વો લોગ અપને ખુતાબતમેં ઉલમાસે તમ્બિહાત ફર્માતે હૈં.**

**સારાંશ** : જ્યારે અજ્ઞાન માણસો કોઈ હોદ્દા ઉપર બેસી જાય છે ત્યારે તેઓ પોતાના ઈલ્મ કે લાયકાત મુજબ વાતો નથી કરતા પણ એમની લાયકાત કરતાં કંઈક વિશેષ પ્રમાણે બોલતા થઈ જાય છે. એમની હિંમત પણ એટલી બધી વધી પડે છે કે અંતે તેઓ મોટા મોટા આલિમોને પણ રોકટોક તથા સૂચનાઓ આપતા થઈ જાય છે.

મસ્જિદોની હાલતનું તો શું વર્ણન કરું ? તબ્લીગી જમાઅતના આ ખાનાબદોશ માણસો (જેનું કોઈ ઘર ન હોય, ચોતરફ રખડતા ફરતા હોય)ના પ્રતાપે મસ્જિદ હવે મસ્જિદ સિવાય બાકીનું બધુ જ છે. મસ્જિદ હવે મસ્જિદ નથી રહી. ખાણું પકાવવું અને ખાણું ખાવું તથા સૂવા–આળોટવાથી લઈને તે જિંદગીના બધાં કામો હવે મસ્જિદમાં જ પાર પાડવામાં આવે છે. મસ્જિદોની બેઅદબીની એવી એવી વાતો સાંભળવામાં આવે છે કે સાંભળતાં કલેજુ ફાટી જાય છે.



**(૧૧)** હદીષ નંબર ૭ અને ૧૨ માં ફર્માવ્યું છે કે એ જમાઅત જાુદા જાુદા નામો ધારણ કરી જાુદ જાુદા સ્વરૂપમાં અને વિવિધ રંગમાં દરેક ઝમાનામાં મૌજૂદ રહેશે અને એનું છેલ્લું ટોળુ મસીહ દજ્જાલની સાથે હશે. આ બંને હદીષેપાક તબ્લીગી જમાઅત માટે પૂરેપૂરી અક્ષરસઃ બંધ બેસતી છે, કેમ કે તબ્લીગી જમાઅત જ અકીદાઓની અલમબરદાર છે તે અકીદાઓ બિલકુલ તે જ છે, જેને ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી ઈબ્ને તૈમિયહ્ અને ઈબ્ને કૈય્યિમથી લઈને મોઅતઝલા અને ખારિજ લોકો સુધી દરેક યુગના બાતિલ પરસ્તો એ જુદા જુદા નામો, જુદી જુદી જમાઅતો અને વિવિધ રૂપ, રંગ સાથે ઓપ આપી ચૂક્યા છે. ફક્ત નામ નવું છે બાકી બધી જ ગુમરાહીઓ જૂની પૂરાની છે.

અહીં આગળ હવે આ બયાનનો દરવાજો પણ બંધ થઈ જાય છે કે, હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે જમાઅતની આગાહી આપી હતી તે હઝરત અલી رضی اللہ عنہ ના જમાનામાં નાબૂદ થઈ ગઈ કેમ કે અહીં કોઈ નિશ્ચિત જમાઅતનો સવાલ નથી બલ્કે તે કાફિરાના માનસનો સવાલ છે કે જે તે જમાનામાં પણ હયાત હતું અને બદલાતા જતા નામોની સાથે આજે પણ મૌજૂદ છે અને બદલાતા હાલાત તથા વાકેઆતના આધારે દજ્જાલના ફિત્ના સુધી મૌજૂદ રહેશે.

**(૧૨)** હદીષ નંબર ૧૧–૧૨ માં એક નિશાની આ પણ છે કે પોતાના સ્વભાવ અને મિજાઝના લેહાઝથી એકદમ ખરાબ લોકો હશે. **તબ્લીગી જમાઅતના બારામાં અગર આપ એ નિશાનીની ખાત્રી કરવા ઈચ્છતા હોઉ તો સંપૂર્ણપણે તબ્લીગી કાર્યકર્તા હોય તેવા કોઈને ઢંઢોળી જો જો. તદ્દન લુખો મિજાઝ, ખરાબ આદતવાળો અને ઘમંડી જણાઈ આવશે. રૂહાની ખુશમિજાઝી, નમ્ર સ્વભાવ, દર્દમય દિલ તથા ઈશ્કના નશાથી એ બિલકુલ કોરો રહેલો નજર આવશે**, બલ્કે નજ્દીઓ માટે તો બદબખ્તીની સાફ સ્પષ્ટ હદીષ ફર્માવવામાં આવી છે. તબ્લીગી જમાઅતનું પણ એ અંગે અનુમાન કરી લે જો.

**(૧૩)** હદીષ નંબર ૧૨માં આ ટોળીની એક નિશાની એ પણ બતાવવામાં આવી છે કે એક વખત હક્ક રસ્તેથી નીકળી ગયા પછી ફરીથી સત્ય રાહ તરફ પાછા ફરવું એમને માટે અશક્ય છે. તબ્લીગી જમાઅત સંબંધી આ નિશાનીની સાચી ખાત્રી કરવા ઈચ્છતા હોઉ તો કોઈ તબ્લીગી જમાઅતની લાગણી ધરાવતા તબ્લીગીને તપાસી જો જો તમે લાખ પ્રયત્ન કરશો કે ફિસાદી અકીદાઓથી હટી જાય અને રસૂલે અરબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુસ્તાખોનો સાથ ન આપે, હક્કની બારગાહેથી અકીદત રાખે પરંતુ તે ઈશ્ક–ઈમાનની સચ્ચાઈ તરફ પાછો ફરીને કદી પણ આવશે નહીં.

## ★ દિમાગમાં ખટકતો છેલ્લો કાંટો ★

ઉપરોક્ત હદીષોના પ્રકાશમાં તબ્લીગી જમાઅત સંબંધી તમે કોઈ ફેંસલો કરી બેસો એ પહેલાં થોડીક ક્ષણો માટે મને ઈજાઝત આપો કે હું આપના એહસાસની નબ્ઝ (નસ) પર હાથ રાખીને તમને એક વાત કહું.

હું સમજી શકું છું કે તબ્લીગી જમાઅતની વિરૂદ્ધમાં કોઈ ફેંસલો કરતી વેળા તમોને જે મોટામાં મોટી ઉલઝન ઉભી થશે તે એ છે કે, એક એવી જમાઅત જે કુર્આન તથા દીન તરફ લોકોને બોલાવે છે, નમાઝ રોઝાની પોતે પાંબદ છે અને બીજાઓને પણ એ તરફ બોલાવે છે, લોકોને સારી વાતોની શિખામણ આપવી જેણે પોતાનો અસલ મકસદ બનાવી લીધો છે એને કેવી રીતે ગુમરાહ અને બેદીન કહેવામાં આવે ? અને જો આવી ધર્મપરસ્ત જમાઅત ગુમરાહ અને બેદીન છે તો પછી દુનિયામાં દીનદાર અને હક્ક પરસ્ત કોણ છે ?

હું વિનંતી કરીશ કે લગભગ આવા જ પ્રકારની મુંઝવણ હઝરત સૈયેદના અબૂબક્ર સિદ્દીક અને હઝરત સૈયેદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ تعالیٰ عنہما પણ તે નવ જવાન નમાઝીને માટે ઉપસ્થિત થઈ હતી જેને કત્લ કરવાનો હુકમ હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાદિર ફર્માવ્યો હતો, તેઓ પણ આ જ પ્રમાણે વિચારીને પાછા ફર્યા હતા કે એક નમાઝીને શા માટે કત્લ કરવામાં આવે !



જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબાઓને ખબર આપી કે આખર જમાનામાં એક જમાઅત એવી નીકળશે કે જે કુર્આન પઢશે, સારી વાતોની નસીહત આપશે, નમાઝ અને રોઝાની પાંબદી તેમની પાસે ખૂબ હશે અને આમ હોવા છતાં પણ દીનની સાથે તેમને કોઈ સંબંધ નહીં હોય તો એ સમયે પણ સહાબાએ કિરામના દિમાગમાં એવો સવાલ પેદા થતો હતો કે કોઈપણ માણસને દીનદાર અને લાયક ગણવા માટે તો આવી જ જાહેર નિશાનીઓને લક્ષમાં લેવામાં આવે છે, દિલની અંદર કોણ ઉતરે છે ? અને જયારે બેદીન અને ગદ્દાર લોકો માટે પણ આ જ નિશાનીઓ હુઝૂર બતાવી રહ્યા છે તો પછી દીનદાર નમાઝી અને બેદીન નમાઝી વચ્ચેનો તફાવત કઈ રીતે સમજી શકાય ?

કદાચ ! આવી જ મુંઝવણને લીધે એમણે બધી વાત સાંભળ્યા પછી એવો સવાલ કર્યો, કે **વમા સીમાહુમ ?** યા રસૂલુલ્લાહ ! એમનો ખાસ નિશાની શું છે ? એમને પૂછવાનો અર્થ એ હતો હતો કે આ નિશાનીઓ તો ખુદાપરસ્ત અને દીનદાર મુસલમાનોની પણ છે, એટલે કોઈ એવી ખાસ પ્રકારની નિશાની બતાવો જે એ બેદીન અને ગુમરાહ કરનાર જમાઅત સાથે સંકળાએલી હોય. તો એના જવાબામાં હુઝૂરે ફર્માવ્યું કે, **સીમાહોમુત્તહલીક.** એમની ખાસ નિશાની માથું મુંડાવવાની હશે.

કહેવાનો હેતુ એ છે કે, નિશાનીઓને કારણે તમે તબ્લીગી જમાઅતને પસંદ કરો છો એ ખૂબીઓ આપણને એક એવી જમાઅતની ઓળખ આપે છે કે જે આખર જમાનામાં પૈદા થશે અને તેનાથી દૂર રહેવાની તાકીદ રસૂલે અરબીએ પોતાની ઉમ્મતને આપી છે. જો તબ્લીગી જમાઅત આ ખૂબીઓ ધરાવતી ન હોય તો એના તરફ બદગુમાની કરવાનો કોઈ સવાલ જ પેદા ન થાત. ભય અનુભવવાનું કારણ તો હકીકતમાં એની આ ખૂબીઓને લીધેજ છે.

## ★ શિફાનો નુસ્ખો ★

હવે સઘળી ચર્ચા જવા દો ! હદીષો પરના યકીનના પરિણામે ઓછામાં ઓછી એટલી વાત તો તમે પણ કબૂલ કરશો કે આખરી

જમાનામાં એક જમાઅત પેદા થશે જે ઉપરોકત જણાવેલ ખૂબીઓ ધરાવતી હશે. જો તબ્લીગી જમાઅતની નથી તો પછી તમે જ બતાવો કે બીજી એવી કઈ જમાઅત છે કે જેમાં હદીષોમાં જણાવેલી નિશાનીઓ જોવા મળે છે ?

પરિણામે દિમાગની મુંઝવણનો ઈલાજ એ છે કે તબ્લીગી જમાઅતને ફક્ત રોઝા નમાઝ અને થોડીક જાહેરી ખૂબીઓની દષ્ટિથી ન જુઓ બલ્કે હદીષોમાં તે બેદીન જમાઅત માટેની જેટલી નિશાનીઓ બયાન કરવામાં આવી છે તે બધી જ નિશાનીઓના અરીસામાં તબ્લીગી જમાઅતની ઓળખ કરો. રોઝા, નમાઝ અને દીની દા'વત તો એ નિશાનીઓમાંનો ફક્ત એક ભાગ છે, તસ્વીરનું ફક્ત એક પાસુ જોઈને ઈન્સાનિયતની નખશીખ જાણકારી મેળવવી ખૂબ જ મુશ્કેલ છે.

## ★ અંતરનો અવાજ ★

આ સંજોગોમાં હવે મોમિનનું દિલજ એનો ફેંસલો કરશે કે રસૂલેપાક ﷺ ની ખુશ્નુદી તબ્લીગી જમાઅત સાથે સામેલ થવામાં છે કે એનાથી દૂર રહેવામાં છે ? આ પ્રશ્ન તો ફક્ત તે લોકો માટે જ છે કે જેઓને ખુદા અને રસૂલની ખુશ્નુદીનો જઝબો તબ્લીગી જમાઅત તરફ ખેંચી જતો હોય. બાકીના તે લોકો જેઓ કોઈ જાતની ફાયદાની લાલચમાં અથવા તો મઝહબી કમનસીબીના જઝબાને કારણે તબ્લીગી જમાઅત સાથે થઈ ગયા છે તેઓ માટે તો ફક્ત એટલું કહીશ કે તેઓ પોતાના નફસની ખ્વાહિશની પૈરવીમાં જેટલે દૂર જવા માંગતા હોય તેટલે સુધી ચાલ્યા જાય, નબુવ્વતના એહતેરામના કાનૂનની કોઈ પણ સાંકળ એમના ઉપાડેલા કદમોને રોકી શકશે નહીં, ફક્ત એટલી સત્યતા અપનાવજો કે પોતાના નફસના શૈતાનની ફર્માંબરદારી કરતી વેળા ખુદા અને રસૂલની ખુશ્નુદીનું નામ ન લે.

આમ તો આદમી ગુનોહ પણ કરે છે, પરંતુ તે ગુનાહને ગુનોહ સમજે છે, સવાબ નથી ગણતો. આવા પ્રકારના ગુનેહગારો પાસે તેઓ કોઈ પણ દિવસે પાછા ફરશે એવો વિ□ાસ રાખી શકાય છે. પરંતુ **જે**



**લોકો પોતે ગુનાહને સવાબ, સંગદિલીને તૌહીદ, ગદ્દારીને ઈમાન સમજે છે તેમનું પાછા ફરવું મુશ્કેલ નહીં બલ્કે અશક્ય છે.** સંભવિત છે કે હુઝૂરે અનવર ﷺ એ પોતાના ઈર્શાદે પાકમાં આ જ મુદ્દાઓ તરફ ઈશારો કર્યો છે કે તેઓ દીનમાંથી નીકળી ગયા પછી ફરીથી દીન તરફ પાછા ફરશે નહીં.

સારાંશ ! હવે હું આ ચર્ચાને પૂરી કરતાં કહું છું કે જે ખૂબીઓને કારણે લોકો તબ્લીગી જમાઅતને પસંદ કરે છે, અફસોસ ! એ જ ખૂબીઓ એમને એ જમાઅતની ઓળખ કરાવે છે કે જેનો ઈશારો આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં ખુદાના આખરી પૈગમ્બરે ફર્માવ્યો હતો અને પોતાની વફાદાર ઉમ્મતને તાકીદ કરી હતી કે જયારે તેમને આ પ્રકારની નિશાનીઓવાળી કોઈ જમાઅત મળે તો તમે એનાથી દૂર રહેજો.

હવે જે ઉમ્મતીને પોતાના રસૂલની ખુશ્નુદી વહાલી હોય તે તબ્લીગી જમાઅતથી દૂર રહે અને જે પોતાના નફસની ખ્વાહિશોનો ગુલામ હોય તેને એક વફાદાર મોમિનનો તરીકો અખત્યાર કરવા માટે કોઈ મજબૂર કરી શક્તું નથી.

## ★ છેવટના શબ્દો ★

આ કિતાબને પૂર્ણ કરતાં હું તમને છેવટના થોડાક શબ્દો કહીને છૂટો પડી રહ્યો છું મારી જાણ પ્રમાણે તબ્લીગી જમાઅત સંબંધી જેટલી સત્ય ઘટનાઓ મેં તમારી સમક્ષ રજૂ કરી છે એના પર નિખાલસભાવે વિચાર કરજો. જો તમે તબ્લીગી જમાઅત સાથે સામેલ છો તો હું તમારી નિય્યત ઉપર હુમલો કરવાનો નથી. બનવાજોગ છે કે આખેરતનો શોખ જ તમને એના તરફ ખેંચીને લઈ ગયો હોય પરંતુ એક ઘડી માટે તમે એવું વિચારવાની તકલીફ પસંદ કરશો કે મેં આ કિતાબમાં તબ્લીગી જમાઅત વિરૂદ્ધ જેટલી સત્ય હકીકતો રજૂ કરી છે તે બધી જ તદ્દન ખોટી અને બિનપાયાદાર છે ? માની લો કે તમારી માન્યતા પ્રમાણે સઘળા આક્ષેપો જૂઠા છે તો શું તે હદીષોને પણ તમે જૂઠી કહેશો કે જેની મારફત તબ્લીગી જમાઅતથી અલગ રહેવામાં રસૂલે પાકની ખુશ્નુદી હાંસલ

થવાનો પત્તો મળે છે ? બહરહાલ ! તમારે માટે તબ્લીગી જમાઅતમાં જો થોડીક ભલાઈઓનો ભાગ હોય તો ઈન્સાફની રીતે ''ફસાદ''નો (ખરાબીનો) ભાગ એનાથી કેટલાયે ઘણો વધારે છે ! પરિણામે થોડીક ભલાઈને માટે પોતાની જાતને મહાન ફસાદમાં સામેલ કરી દેવી એ નથી ઈસ્લામની તાકીદ કે નથી અક્કલનો તકાઝો. તબ્લીગી જમાઅતને સાથ દેવામાં છેવટે નુકસાનનો સવાલ ભલે ન હોય પણ રસૂલના ઈશારા કરવા છતાં પણ તમે એવી જમાઅતનો સાથ કેમ આપ્યો ? એ સવાલનો ભય તો નિઃશંક ! રહેલો છે. જ્યારે તબ્લીગી જમાઅતથી અલગ રહેવામાં કોઈ ભય નથી, ન દુનિયાનો ભય કે ન આખેરતનો.

આ કિતાબની છેલ્લી લીટીઓ લખતાં હું રૂહાની સંતોષ અનુભવું છું કે ઉમ્મતને એક મહાન ભયની આગાહી કરવાનો ફર્ઝ મેં અદા કર્યો છે. પરિણામનો ફેંસલો કરવાની જવાબદારી તે લોકો ઉપર છે જેઓના હાથોમાં આ કિતાબ છે.

દુઆ કરું છું કે ખુદાએ કદીર આ કિતાબ મારફતે ભોળા બંદાઓને સલામતીની મંઝિલ તરફ પાછા ફરવાની તૌફીક અતા ફર્માવે.

وصلی اللہ تعالیٰ علیٰ سیّدنا محمدٍ واٰلہٖ وصحبہٖ اجمعین۔

**–અર્શદુલ કાદરી, જમશેદપુર**

*૧ લી ઝિલ હજ્જ, હીજરી–૧૩૮૯*





**વહાબી–સુન્ની વચ્ચે થયેલા મલકપૂર, કટીહાર બિહારના**

# મુનાઝરાનો આંખે દેખ્યો હાલ

**અઝ** : મૌલાના મુહમ્મદ સાબિર રઝા મિસ્બાહી

**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી

**સુન્ની-દેવબંદી** ઓલમા વચ્ચે તા. ૮, ૯, ૧૦ મે ૨૦૦૫ રવિવાર, સોમવાર અને મંગળવારના ત્રણ દિવસીય મુનાઝરો નક્કી થયો જેમાં રવિ અને સોમ આમ શરૂઆતના બે જ દિવસોમાં મુનાઝરો થયો. હું (લેખક) પોતે પણ તેમાં સામેલ હતો. આ મુનાઝરામાં એહલે સુન્નત વ જમાઅત (સુન્ની બરેલ્વી)ને ભવ્ય વિજય મળ્યો જેને પચાસ હજાર (૫૦,૦૦૦) લોકો જેમાં સુન્ની દેવબંદી સમર્થકો, પોલીસના જવાનો તથા અન્ય મોટા અફસરોએ પોતાની નજરોથી જોયો. સુન્ની મુનાઝિર (મુનાઝરો કરનાર) હઝરત અલ્લામા મુફતી મતીઉર્રહમાન સાહબની અતૂટ દલીલોથી દેવબંદી મુનાઝિર મોલ્વી તાહિર હુસૈન ગયાવી સંપૂર્ણપણે સ્તબ્ધ તથા ચુપચાપ થઈ ગયા અને રફુચક્કર થવાની ભરપૂર કોશિશ કરી પરંતુ ખૂદ તેમના દેવબંદી સમર્થકોએ જ ફરી સ્ટેજ પર આવવા તેમને મજબૂર કર્યા. વળી તે મન્ઝર પણ જોવા લાયક હતો જ્યારે પોતે દેવબંદી સમર્થકો પોતાના મોલ્વીઓને સુન્ની મુનાઝિરે કરેલા સવાલોના જવાબો માંગી રહ્યા હતા કે, "જવાબ આપો ! નહીં તો અમે પણ સુન્ની થઈ જઈશું !"

પ્રથમ દિવસે (૮ મે) બંને ગ્રૃપો સમયસર પહોંચી ગયાં હતાં. લગભગ પચાસ હજાર (૫૦,૦૦૦) મુસ્લિમ પબ્લિક હક્કની ફતહને નિહાળવા ઉમટી પડી હતી. ખૂબ જ રસપ્રદ તથા મનમોહક નઝારો હતો. પરંતુ તે સમયે એક ખૂબ જ દુઃખદ વસ્તુ એ પણ જોવામાં આવી કે દેવબંદી મુનાઝિર ઘણી કિતાબો પોતાની સાથે લાવ્યા હતા જેમાં કેટલીયે સંખ્યામાં કુર્આન મજીદ હતાં. વળી હદીષ, ફિકહ, તફસીર વગેરે બધી જ કિતાબોને દેવબંદી ગયાવી સાહબે નીચે રાખી હતી અને પોતે ઊંચી ખુરસી પર

બિરાજમાન હતા. જેના પર સુન્ની મુનાઝિરે વાંધો ઉઠાવ્યો, જેનો દેવબંદી આલિમો પાસે કોઈ જ જવાબ ન હતો, છતાં ન તો તે પોતે નીચે આવ્યા અને ન કિતાબોને ઉપર કરી, પણ કોણ જાણે કયા કારણે બીજા દિવસે કિતાબો ઉપર જોવામાં આવી !

યાદ રહે કે આ મુનાઝરો વિવિધ વિષયો પર કરવાનું નક્કી થયું હતું પણ માત્ર એક જ વિષય ''ખત્મે નબુવ્વત'' પર જ બહસ થઈ શકી. મુનાઝરાનો સમય સવારના ૧૦.૦૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધી નક્કી થયેલ હતો. જેમાં દરેક મુનાઝિરને ૩૦ મિનિટનો સમય આપવામાં આવ્યો.

પ્રથમ દૌર શરૂ થયો, દેવબંદી મુનાઝિર ગયાવી સાહબ ઊભા થયા અને પોતાની વાતો સંભળાવવા લાગ્યા કે અમારો તથા અમારા બુઝુર્ગોનો અકીદો છે કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે. આ વાતોમાં જ તેમણે પોતાનો સમય પૂરો કર્યો.

સુન્ની મુનાઝિર મુફતી મતીઉર્રહમાન ઉભા થયા અને પોતાનો અકીદો બયાન કર્યો કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે, આપના પછી કોઈ બીજો નબી નથી થઈ શક્તો, અમારા અકીદા પર કુર્આન પાકની આ સ્પષ્ટ આયત દલીલ રૂપ છે :–

وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔

**અર્થાત** : ''આપ અલ્લાહના રસૂલ અને ખાતિમુન્નબીય્યીન છો.''

મુફતી સાહબે પોતાના ઉપરોક્ત અકીદાના અનુસંધાનમાં તફસીરો, સિહાહે સિત્તાને હદીષો પણ બયાન કરી. ઈમામોના કથનો થકી પણ દલીલ આપી કે આખી ઉમ્મતની સહમતિ છે કે હુઝૂરે પાક ﷺ આખરી નબી છે અને આપના પછી કોઈ નબી નથી થઈ શક્તો અને દીનના ઈમામોએ સ્પષ્ટ કરી દીધું કે **ઉપરોક્ત અકીદો જરૂરિયાતે દીનમાંથી છે,** જે માણસ હુઝૂરે પાક ﷺ પછી કોઈ નબીનું પેદા હોવું જાઈઝ માને તો તે ઈસ્લામથી નીકળી જશે, ત્યાર પછી મુફતી મતીઉર્રહમાન સાહબે બતાવ્યું કે દેવબંદી આલિમોનો અકીદો એથી વિરૂધ્ધ છે. તેઓ આપણા



નબી ખાતિમુન્નબીય્યીન ﷺ પછી પણ બીજા નબીનું પેદા થવું જાઈઝ અને શક્ય માને છે ! જેના સબૂતમાં તેમણે દેવબંદ મદ્રસાના બાની મોલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વીની કિતાબ ''તહઝીરુન્નાસ''નાં લખાણો પેશ કર્યા.

**અર્થ** : ''તો અવામ (સામાન્ય લોકો)ના ખયાલમાં રસૂલ (સલઅમ) ﷺ નું ખાતિમ હોવાનો અર્થ એ કે આપનો જમાનો પહેલાંના નબીઓના જમાના પછી અને આપ બધામાં છેલ્લા નબી છે. પરંતુ સમજદારો પર જાહેર હશે કે જમાનાના આધારે પ્રથમ કે છેલ્લા હોવામાં પોતે કોઈ ફઝીલત નથી તો પછી પ્રશંસાના મકામમાં وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ۔ ફર્માવવું આ સંજોગોમાં કઈ રીતે બરાબર થઈ શકે છે.''

મુફતી સાહબે સ્પષ્ટ કર્યું કે (દેવબંદી મોલ્વી) નાનોત્વી સાહબે (ઉપરોક્ત લખાણમાં) બતાવ્યું છે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી હોવું એ અવામ (સામાન્ય માણસ)નો ખયાલ છે, અને સમજદાર માણસના મુજબ જમાનાના આધારે પ્રથમ કે છેલ્લા હોવામાં કોઈ જ ફઝીલત નથી. આ લખાણમાં નાનોત્વી સાહબે સમજદાર લોકોના મુકાબલે નાસમજ લોકોનો અકીદો એ બતાવ્યો કે તેઓ ખાતમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી સમજે છે જ્યારે કે સમજદાર લોકોના આધારે ઉપરોક્ત અર્થ લેવામાં કોઈ જ ખૂબી નથી.

આ લખાણમાં બે રીતે કુફ્ર છે : **એક** તો એ કે ખાતુમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી હોવાનો ઈન્કાર છે જ્યારે કે આ અર્થ રસૂલુલ્લાહ ﷺ સહાબાએ કિરામ, અઈમ્મએ દીન અને સર્વે ઉમ્મતથી અતૂટ રીતે સાબિત છે અને જરૂરિયાતે દીનમાંથી છે જેનો ઈન્કાર ખરેખર કુફ્ર છે. **બીજુ** (કુફ્ર) એ કે આખી ઉમ્મત સર્વે સહાબા બલ્કે ખૂદ રસૂલુલ્લાહ ﷺ ને અવામ અર્થાત નાસમજ કહ્યા જેમાં સરકાર ﷺ ની ખુલ્લી ગુસ્તાખી છે અને આ સ્પષ્ટપણે કુફ્ર છે. ત્યાર પછી ''તહઝીરુન્નાસ''માં નાનોત્વી સાહબે ખાતિમુન્નબીય્યીનનો અર્થ નબી બિઝ્ઝાત બતાવ્યો છે અને સ્પષ્ટ રીતે સ્વીકાર કર્યો છે કે આ અર્થ તેમનો પોતાનો (નવો) કાઢેલ છે, મહાન

ઈમામમાંથી કોઈએ આ અર્થ નથી બતાવ્યો અને "તહઝીરુન્નાસ"માં આગળ એ પણ લખ્યું છે. "જો નબી કરીમના સમયગાળા પછી માનો કે કોઈ નબી પૈદા થઈ જાય તો પણ આપની ખાતિમિય્યત (છેલ્લા હોવા)માં કોઈ જ ફરક નહીં પડે." આથી સ્પષ્ટ છે કે નાનોત્વી સાહબ જમાનાએ નબવી પછી પણ બીજા નબીનું હોવું શક્ય માને છે અને એને ખત્મે નબુવ્વતના વિરૂધ્ધ નથી માનતા ! જ્યારે કે આ અકીદો રાખનારને અઈમ્માએ દીને (દીનના ઈમામોએ) **કાફિર** ઠરાવ્યો છે. **મૌલાના અનવર શાહ કશ્મીરી ભૂતપૂર્વ શૈખુલ હદીષ દારુલ ઉલૂમ દેવબંદે** પણ પોતાની કિતાબ "ઈકફારુલ મુલ્હિદીન"માં આવા માણસના કાફિર હોવા વિશે અઈમ્મએ દીનના કથનો તથા લખાણોનો ઉલ્લેખ કરી તેને બાકી રાખ્યાં છે અને વળી ખુલાસો કર્યો કે **આવો ખોટો અકીદો જાહેર કર્યા પછી તેમાં ખેંચતાણ તથા કાટછાટ કરવી એ વધુ સખત કુફ્ર છે.** આ જ ખુલાસાના અનુંસંધાનમાં અમે કહીએ છીએ કે મૌલ્વી નાનોત્વી **કાફિર** છે અને તેમનું સમર્થન તથા વકાલત કરી મૌલ્વી તાહિર હુસૈન ગયાવી અને તેમના સાથી દેવબંદી ઉલમા પણ ઈસ્લામના વર્તુળથી નીકળી ગયા.

હવે લોકોએ બંને ગ્રુપોના મતલબ તથા અકીદા સારી રીતે જાણી લીધા કે **એહલે સુન્નત (સુન્ની)નો અકીદો** સ્પષ્ટપણે કુર્આન મુજબ છે કે આપણા નબી આખરી નબી છે એમના પછી કોઈ નબી પૈદા નથી થઈ શક્તો. અને **દેવબંદીઓનો અકીદો** એ છે કે હુઝૂર ﷺ પછી બીજો નબી થઈ શકે છે અને એ કે નબી પાકના જમાના પછી પણ કોઈ નબી થાય તો હુઝૂર ﷺની ખાતિમિયતમાં કોઈ જ ફરક નહીં પડે.

હવે દેવબંદી મુનાઝિર ગયાવી સાહેબ ખુરશી પર આવ્યા પણ તેમણે સુન્ની મુનાઝિરના કોઈ પણ સવાલનો જવાબ ન આપ્યો અને માત્ર બકવાસ તથા બેમતલબ વાતો શરૂ કરી અને એ જ ફાલતુ વાતોમાં પોતાનો સમય ખપાવી દીધો.

ત્યાર પછી સુન્ની મુનાઝિરે પોતાની વાત કિતાબોની રોશનીમાં વધુ સ્પષ્ટ રીતે બયાન કરી અને તાહિર ગયાવીએ પોતાની બેમતલબ તથા



ફાલતુ વાતોથી લોકોને ધોકો આપવાની કોશિશ કરી હતી તેની પોલ ખોલી, જેના કારણે સાંભળનારાઓ દેવબંદી મુનાઝિરની પોલ તથા ફાલતુ બકવાસ સમજી ગયા અને સુન્ની મુનાઝિરની હક્ક બયાની વધુ ઉજ્જવળ થઈ. હવે ત્રણ(૩) વાગી ગયા હતા માટે મુફ્તી મતીઉર્રહમાન સાહબની તકરીર પર પ્રથમ દિવસનો મુનાઝરો સમાપ્ત થયો.

બીજા દિવસે સવારે દસ (૧૦) વાગ્યે દેવબંદી મુનાઝિરની વારી હતી. તેમણે મુફતી મતીઉર્રહમાન સાહબના વાંધાઓના જવાબ આપવાના હતા પરંતુ દેવબંદી મુનાઝિરે ફરી વાર ધોકો આપવાની કોશિશ કરી જેની પોલ પહેલા દિવસે જ ખુલી ગઈ હતી માટે મુનાઝરા કમિટીએ જાણી લીધું કે ગયાવી સાહબ માત્ર ટાઈમ પાસ કરે છે માટે મુનાઝરા કમિટીએ ગયાવી સાહબને રોકી કહ્યું કે (આપની) કિતાબમાં ખાતિમુન્નબીય્યીનનો અર્થ આખરી નબી સમજવાને અવામનો ખયાલ દર્શાવવામાં આવ્યો છે તો અવામથી અહીં કયા લોકો ગણાશે ? આનો ખુલાસો કરો ! આ સવાલ પછી પણ ગયાવી સાહેબ આમ તેમની વાતો કરવા લાગ્યા, તો પછી મુનાઝરા કમિટીએ કહ્યું કે બંને મુનાઝિર અવામનો સ્પષ્ટ અર્થ જણાવે અને ફાલતુ વાતોથી દૂર રહે. ત્યારે ગયાવી સાહબે ખુલાસો શરૂ કર્યો કે અવામથી અહીં અવામ (સામાન્ય માણસો) તથા ખવાસ (ખાસ વ્યક્તિઓ) બંને ગણાશે ! લોકો ગયાવી સાહબની આ વાત સમજી ન શક્યા. તેમની તકરીર પૂરી થઈ અને તેમનો સમય પણ પૂરો થયો.

હવે સુન્ની મુનાઝિર મુફતી સાહબ ઉભા થયા. ગયાવી સાહબની તકરીરનો જવાબ આપ્યો અને કમિટીના સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો કે અહીં (નાનોત્વીની કિતાબમાં) અવામથી મુરાદ નામસજ અને કમઅક્કલ લોકો છે, કારણ કે અર્થ વિરોધાર્થી શબ્દથી સમજી શકાય છે. નાનોત્વી સાહબે અવામના મુકાબલે સમજદાર લોકોનો ઉલ્લેખ કર્યો છે અને એ સ્પષ્ટ છે કે જ્યારે આપણે કહીએ ઉલમા હઝરાત અને અવામ તો અવામથી મુરાદ તે જ લોકો હશે જેઓ આલિમ નહીં હોય, એ જ પ્રમાણે વૈદ (ડોકટર)ના મુકાબલે અવામનો ઉલ્લેખ કરવામાં આવે તો

જે ડોકટર નથી તે મુરાદ લેવાશે, હાકેમોના મુકાબલે અવામ કહેવામાં આવે તો તે લોકો મુરાદ લેવાશે જે હાકેમ ન હોય અને અક્લવાળા તથા સમજદારના મુકાબલે અવામ કહેવામાં આવે તો અવામથી મુરાદ બેવકૂફ અને નાસમજ લોકો લેવાશે. અને મુફતી સાહબે સાબિત કરી આપ્યું કે અવામનો અર્થ અવામ (સામાન્ય પબ્લિક) તથા ખવાસ (ખાસ વ્યક્તિઓ) બંને નથી, બલ્કે ''સમજદાર''ના વિરુધ્ધાર્થમાં ''અવામ'' શબ્દનો ઉપયોગ એ વાતની ખુલ્લી દલીલ છે કે અહીં અવામનો માયનો ''નાસમજ લોકો'' છે.

પછી મુફતી સાહબે તહઝીરુન્નાસના ત્રણેય લખાણો બયાન કર્યાં. પ્રથમ અવામના ખયાલ વિશે, બીજું ''જો માની લો કે આપના જમાનામાં પણ આ જમીનમાં કે આસ્માનમાં કોઈ નબી હોઈ તો તે પણ આ નુબવ્વતની ખૂબીમાં આપનો મોહતાજ હશે બલ્કે જો સંજોગોવસાત આપના જમાનામાં પણ કોઈ નબી માની લેવામાં આવે તો પણ આપનું ખાતિમ હોવું એ જ રીતે બાકી રહેશે.'' ત્રીજુ લખાણ ''જો માની લો કે નબીના જમાના પછી પણ કોઈ નબી પૈદા થઈ જાય તો પણ હુઝૂરની ખાતિમિયત (છેલ્લા નબી હોવા)માં કોઈ જ ફરક નહીં પડે.'' (છેલ્લે સુધી) આ લખાણોના કુફ્રને સ્પષ્ટ કરતાં મુફતી સાહબે માંગ કરી કે હવે ગયાવી સાહબ આ સવાલોના જવાબો આપે.

હવે ગયાવી સાહબે નાનોત્વી સાહબને પાક સાફ સાબિત કરવા લોકોને ધોકો આપવાની કોશિશ કરી અને એ બયાન કર્યું કે પૈદા થવાનો અર્થ જાહેર થવું છે, માટે હુઝૂર પાક (ﷺ) પછી નબી થઈ શકે છે. દલીલમાં કહ્યું કે જુઓ હઝરત ઈસા عليه السلام કયામત નજીક જાહેર થશે અને તેઓ નબી જ હશે. તો હુઝૂર પાક (ﷺ)ના આખરી હોવામાં ક્યાં ફરક આવ્યો ? આ પ્રકારની વાતોમાં ગયાવી સાહબે પોતાનો બધો સમય ખતમ કરી નાખ્યો.

સુન્ની મુનાઝિર ઉભા થયા અને જણાવ્યું કે ''તહઝીરુન્નાસ''ના લખાણ **''જો નબીના જમાના પછી કોઈ નબી પૈદા થઈ જાય''**માં **પૈદા થવાનો અર્થ જાહેર થવું નથી થઈ શક્તો** કારણ કે કાલથી



આજ સુધી તમે પૈદા થવાનો અર્થ જાહેર થવું નથી બતાવ્યો અને આ લખાણ પર લગભગ સો (૧૦૦) વરસોથી બહસ ચાલી રહી છે, આપના આલિમોમાંથી કોઈએ પણ આનો અર્થ જાહેર થવું નથી જણાવ્યું અને સામાન્ય બોલચાલમાં પણ આવા લખાણમાં પૈદા શબ્દનો અર્થ જાહેર થવું નથી થતું અને હઝરત ઈસા عليه السلام પૈદા નહીં થાય બલ્કે તેઓ મૌજૂદ છે અને અલ્લાહ તઆલાએ તેમને આસ્માન પર ઉઠાવી લીધા છે, કયામત નજીક તેઓ આસમાનથી ઉતરશે આથી જ કયામત નજીક તેમના જાહેર થવાને ઉલમાએ નુઝૂલ આગમન, આસ્માનથી ઉતરવું અને નાઝિલ થવું વગેરે શબ્દો થકી બયાન કર્યું છે. કોઈ પણ આલિમે એવું નથી કહ્યું કે કયામત નજીક આપ પૈદા થશે. આ સિવાય ઈમામ નવવીએ મુસ્લિમ શરીફની હદીષ કે ''(કયામત નજીક) હઝરત ઈસા તમારામાં ન્યાયી હાકેમ બની ઉતરશે''ના ખુલાસામાં લખ્યું છે કે, ''આપ શરીઅતે મુહમ્મદી મુજબ હાકેમ હશે, રસૂલ કે નબી બની નહીં ઉતરે અને ન તો નવી શરીઅત લઈ ઉતરશે, પરંતુ તે આ ઉમ્મતના હાકિમોમાંના એક હાકેમ હશે.'' આ લખાણથી સ્પષ્ટ છે કે તેઓ રિસાલત તથા નવી શરીઅત લઈ નબી હોવાના આધારે કયામત નજીક નાઝિલ નહીં થાય બલ્કે તેઓ આપણા નબીના એક ઉમ્મતી બની તશરીફ લાવશે અને આ ઉમ્મતના હાકેમોમાંના એક હાકેમ હશે. માટે ગયાવી સાહબનું કહેવું ખોટું છે.

ત્યાર પછી ગયાવી સાહબ ખુરશી પર બિરાજમાન થયા અને કહ્યું કે અલ્લાહ તઆલાએ જેને પણ નબી બનાવ્યા તે હમેશાં નબી રહેશે તેમની નબુવ્વત છીનવામાં નહીં આવે. અને મુફતી મતીઉર્રહમાન સાહબે હઝરત ઈસા عليه السلام ની નબુવ્વતનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે કયામત નજીક જ્યારે તેઓ આવશે તો નબી નહીં હોય એટલે કે તેમની નબુવ્વત છીનવી લેવામાં આવશે, આ અકીદો કુફ્ર છે માટે મુફતી મતીઉર્રહમાન સાહબ કાફિર થઈ ગયા ! પ્રથમ તેઓ તૌબા કરે પછી મુનાઝરો આગળ ચાલશે.

આના જવાબમાં મુફતી સાહબે કહ્યું કે ગયાવી સાહબ જૂઠનો સહારો

લઈ રહ્યા છે, મેં માત્ર એટલું જ કહ્યું છે કે હઝરત ઈસા عليه الصلوٰة والتسليم અલ્લાહના ઝિંદા નબી હોવા છતાં દુનિયામાં આવશે તો તે આપણા નબીના ઉમ્મતી અને ઉમ્મતના હાકિમ બની તશરીફ લાવશે, તેઓ કોઈ નવી શરીઅત નહીં લાવે પણ શરીઅતે મુહમ્મદીનું પાલન કરશે. છતાં ગયાવી સાહબે મુફતી સાહબની વાત ન માની અને વારંવાર મુફતી સાહબના બતાવવા છતાં પોતાની જીદે અડી રહ્યા જેથી સુન્ની મુનાઝિરે મુનાઝરા કમિટીથી માંગ કરી કે મારી ટેપ કરેલ તકરીર ફરી વાર સંભળાવવામાં આવે. માટે કેસેટ રિવર્સ કરી મુફતી સાહબની તકરીર સંભળાવવામાં આવી તો મુનાઝરા ગાહમાં હાજર લગભગ પચાસ હજાર (૫૦૦૦૦) લોકોએ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી. જેનું પરિણામ એ નીકળ્યું કે મુફતી સાહબની વાત સાચી નીકળી અને ગયાવી સાહબનો આરોપ બિલકુલ ખોટો તથા બેબુનિયાદ સાબિત થયો. હવે આખા મજમામાં હલચલ મચી ગઈ, ચો તરફથી ગયાવી સાહબથી તૌબાની માંગ થવા લાગી ! કે સુન્ની મુફતી સાહબ પર પાયા વિનાનો કુફ્રનો હુકમ લગાડવાના કારણે તે પોતે કાફિર થઈ ગયા ! જેથી ખૂદ તૌબા કરે ! આ સાંભળીને તાહિર સાહબ હચમચી ઉઠયા, તેમની બોલતી બંધ થઈ ગઈ અને મૌન ધારણ કરીને બેસી રહ્યા અને પબ્લિક પૂરા જોર શોરની સાથે તૌબાની માંગણી કરતી રહી. તૌબા ! તૌબા ! નો શોર મચી ગયો હતો. સુન્ની આલિમોએ જેમ તેમ કરીને પબ્લિકને કન્ટ્રોલમાં લીધી. પછી મુનાઝરાના સુન્ની સદર મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરીએ ઉભા થઈને ફર્માવ્યું કે ગયાવી સાહબ અમારા મુનાઝિર પાસે માફી માંગે કે તેમણે તેમના ઉપર અયોગ્ય આક્ષેપ મૂક્યો, મુનાઝરા કમિટી તથા પબ્લિક પાસે માફી માંગે કે તેમની સમક્ષ તેમણે સ્પષ્ટ જૂઠ બોલ્યું અને ખુદાની બારગાહમાં તૌબા કરે કે એક મુસલમાનને તેમણે કાફિર કહીને ખૂદ કુફ્ર કર્યું. એના સમર્થનમાં મુહદ્દિષે કબીરે બુખારી શરીફની હદીષનો હવાલો પણ આપ્યો. હવે પૂરા મજમા પર સન્નાટો છવાયેલો હતો કે ગયાવી સાહબ તૌબા કરશે, પરંતુ લગભગ છ મિનિટ સુધી ખુરશી પર પૂતળા જેમ બેસી રહ્યા. જ્યારે ફરીવાર તૌબાની માંગણી થઈ તો પણ કોઈ જવાબ ન મળ્યો. એ સમય દરમ્યાન મૌન ધારણ કરેલ સ્થિતિમાં રહ્યા, અને ગયાવી સાહબને ધ્રુજારી



શરૂ થઈ ગઈ હતી. મુનાઝરા કમિટીએ એલાન કર્યું કે, ઠીક છે ! અમે આજે રાત્રે તેમની પાસે તૌબાનામુ લખાવી લઈશું.

હવે સુન્ની પબ્લિકમાં ખુશીઓની હદ ન હતી. તેઓ જ ખુશીની કૈફિયતની સ્થિતિમાં હતા કે જોવામાં આવ્યું કે **અચાનક ગયાવી સાહબ ખુરશી પરથી ઝડપથી નીચે ઉતરીને બેઠા પછી ખસતા ખસતા સ્ટેજનાં દાદર સુધી પહોંચીને નાસી છૂટવાની કોશિશ કરી ! પરંતુ હજી પોતાની ગાડીમાં બેસવા પામ્યા ન હતા એટલામાં લોકોએ જોઈ લીધા અને ઘેરી લઈને તેમને પકડયા અને ફરીથી બોલાવીને સ્ટેજ ઉપર બેસાડી દીધા, પરંતુ તેમના મુનાઝિર મોલ્વી મંઝૂર માધવપૂરી ભાગવામાં સફળ ગઈ ગયા. મુનાઝરા કમિટીએ એલાન કર્યું કે તમે લોકો ઈત્મિનાનપૂર્વક બેસો, ગયાવી સાહબને અમે ભાગવા દઈશું નહીં !**

ગયાવી સાહબ જેમ તેમ કરીને માઈક પર આવ્યા પણ તે જ ધ્રુજારી તથા પરસેવાથી રેબઝેબ હતા. સતત પાંચ શખ્સો પંખો હલાવી રહ્યા હતા. ગમે તેમ કરીને નિરર્થક વિષય બહારની વાતો કરીને પોતાનો સમય દસ મિનિટમાં પૂરો કર્યો.

હવે મુફતી (મતીઉર્રહમાન) સાહબ ઉભા થયા અને ફર્માવ્યું કે આ કિતાબ ''તહઝીરુન્નાસ'' છે તેના પેજ નં. ૨૫ ઉપર મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે : ''ધારો કે નબી صلى الله عليه وسلم ના જમાના પછી કોઈ નબી પેદા થાય તેમ છતાં પણ મુહમ્મદના અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં.'' અને એના પર બે દિવસથી સતત તમારી તથા અમારી વચ્ચે ચર્ચા ચાલે છે પણ તમે જવાબ ન આપીને નિરર્થક વાતો કરો છો. જેથી તમો કેવળ એટલું કહી આપો કે કાસિમ નાનોત્વીના કહ્યાનુસાર બીજો નબી પેદા થઈ જાય તો હુઝૂર صلى الله عليه وسلم ના અંતિમ નબી હોવામાં (ખાતમિયતમાં) ફરક આવશે કે નહીં ? ''હા'' કે ''ના''માં જવાબ આપો ! ઉઠો ! જવાબ આપો ! તો ગયાવી સાહબ ઉઠયા જ નહીં. સુન્ની મુનાઝિરે લલકારતાં કહ્યું, ઉઠો ! ''હા'' કે ''ના''માં કેવળ એટલો જ જવાબ આપો કે તમારો અકીદો આ છે કે નથી ? ફરક આવશે કે નહીં ? અમે તમને બે

મિનિટનો સમય આપીએ છીએ. પણ છતાંય ન ઉઠયા ! ત્રીજીવાર મુનાઝરા કમિટીએ તેમને ઉઠવા માટે મજબૂર કરી દીધા. અમુક માણસોએ પકડીને ખુરશી પર બેસાડયા. હવે ખુરશી પર આવીને એવા થઈ ગયા જાણે તેમના કાનોમાં સળીયા નાખી દેવામાં આવ્યા હોય ! અને હવે જ્યારે જ્યારે જવાબની માંગણી થઈ રહી છે તો કહી રહ્યા છે, "હા ! શું કહી રહ્યા છો ? હા ! શું કરી રહ્યા છો ?!" મુફતી સાહબે કહ્યું કે બે દિવસથી અમારા સર્વ અવાજો સંભળાઈ રહ્યા હતા અને હવે આ બે લીટીનું લખાણ આટલા મોટા અવાજે બતાવી રહ્યો છું પણ નથી સંભળાતું ! ગયાવી સાહબની આવી અયોગ્ય હરકતથી તંગ આવીને મુનાઝરા કમિટીએ ધમકાવીને કહ્યું, તમને મુફતી સાહબે બે મિનિટનો ઈખ્તિયાર આપ્યો છે તો તેમના સવાલનો જવાબ કેવળ બે શબ્દોમાં આપો કે ફરક આવશે કે નહીં ?! "હા" અથવા "ના"માં જવાબ આપો ! આ સવાલ પછી ગયાવી સાહબ હક્કા બક્કા (અવાચક) બનીને રહી ગયા અને મુંગા બનીને પોતાની ખુરશી પર બેસી રહ્યા. આખો મજમો, મુનાઝરા કમિટી તથા બંને પક્ષના ઉલમા પર સન્નાટો છવાયેલો હતો, અને તમામે તમામ ગયાવી સાહબના જવાબની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ ગયાવી સાહબના મોઢા પર હવાઈઓ ઉડી રહી હતી, એવું લાગી રહ્યું હતું કે જાણે તેમણે ન બોલવાની કસમ ખાધી છે. સાત મિનિટ સુધી મૌનની એ જ હાલત છવાયેલી રહી. પછી સુન્ની મુનાઝિર મુફતી સાહબે "તહઝીરુન્નાસ" લઈને સર્વ હકીકત ખોલી નાખી અને છેવટ સુધી જવાબની માંગણી કરતા રહ્યા પરંતુ કોઈ જવાબ ન મળ્યો. હવે મુનાઝરાનો સમય પૂરો થઈ ચૂક્યો હતો. કમિટીએ એલાન કરી આપ્યું કે હવે મુનાઝરો ઈન્શાઅલ્લાહ ! કાલે થશે. સુન્ની આલિમો પોતાના ઉતારે જતા રહ્યા અને સુન્ની અવામ પોતાની જીતની ખુશીઓ મનાવવા લાગી.

એ સમયે મુનાઝરાના સ્થળે એ દશ્ય પણ ઘણુ જ દિલકશ તથા જોવા લાયક હતું કે ખૂદ દેવબંદી પબ્લિક જોશમાં આવી ગઈ અને સ્ટેજ પર હાજર દેવબંદી આલિમોને ઘેરી લીધા અને બુમો પાડી પાડીને તેમને કહેવા લાગ્યા કે **બરેલ્વી મુનાઝિરના સવાલોના જવાબ આપો, નહીં**



**તો અમે પણ તેમના ગિરોહમાં જતા રહીશું એટલે સુન્ની થઈ જાશું !** અને તૌબા કરવાની નોબત કેમ આવી ? લગભગ પોણો કલાક દેવબંદી પબ્લિકે પોતાના આલિમોને સ્ટેજ પરથી ઉતરવા ન દીધા. ગયાવી સાહબ સિક્યુરીટી દળની મદદથી જેમ તેમ કરીને ગાડીમાં સવાર થઈને ભાગવામાં સફળ થઈ ગયા. તેમ છતાં કેટલીક દેવબંદી વ્યક્તિઓ ગાડી પાછળ પણ દોડી રહી હતી કે ભાગવા ન દો ! આ સર્વ હકીકતો ઓડીયા તથા વીડીઓ કેસેટમાં સમાવી લીધેલ છે. હજારો લોકોએ અહલે સુન્નતની ઉઘાડી જીત અને દેવબંદીઓની સખત હારનો નઝારો કર્યો અને હક્ક તથા બાતિલને સારી પેઠે જાણી લીધું. દેવબંદી આલિમોએ સતત પોતાની નિષ્ફળતા તથા બેઈજ્જતી જોઈને **"અલમદદ ! યા પુલીસ !"**નો સહારો લીધો અને એસ.પી. થકી ત્રીજા દિવસના મુનાઝરાને રદ કરવાનું એલાન કરાવી દીધું. ત્રીજા દિવસે સુન્નીઓની મહાન ભીડ એકત્ર થઈ ગઈ અને ઉઘાડી જીત (ફતહે મુબીન)નો નારો લગાડતા લગાડતા મુનાઝરાગાહથી નજીકના બજાર વચ્ચે થઈને રઝા મસ્જિદ દલકોલા પહોંચી અને શાનદાર અંદાજમાં "જશ્ને ફતહ" મનાવ્યો. પછી ત્યારબાદ બાઈસીના ઈલાકા, કિશનગંજ, કટીહાર અને મલકપુર મદ્રસામાં અને વિવિધ સ્થળોએ પણ "જશ્ને ફતહ" મનાવવામાં આવ્યો. આ મુનાઝરામાં અહલે સુન્નતના ટોચના આલિમોએ હાજરી આપી.

અમુક હઝરાતનાં નામો આ પ્રમાણે છે :–

**(૧)** મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરી (સદર) **(૨)** મુફતી મુહમ્મદ મતીઉર્રહ્‌માન (મુનાઝિર) **(૩)** અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી **(૪)** મુફતી મુહમ્મદ મુજીબ અશ્રફ સાહબ **(૫)** મૌલાના સગીર અહમદ જોખનપૂરી **(૬)** મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી (ગુજરાત) **(૭)** મૌલાના મુહમ્મદ અબ્દુલ મુબીન નોઅમાની **(૮)** મૌલાના મુફતી આલે મુસ્તફા સાહબ મિસ્બાહી **(૯)** મૌલાના મુફતી હસન મુન્ઝર કદીરી **(૧૦)** મૌલાના મુફતી ઝુબેર આલમ **(૧૧)** મૌલાના કાઝી ફઝલ અહમદ મિસ્બાહી **(૧૨)** મૌલાના ખ્વાજા મુહમ્મદ આસિફરઝા મિસ્બાહી.

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની

C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ

પિન : ૩૯૨૦૨૦ ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Email ID : islamic@sancharnet.in


## હાજર સ્ટોક કિતાબોની યાદી

| | | |
|---|---|---|
| તોહફાએ નજાત | (ભાગ–૨) | ૨૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૫) | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૬) | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૮) | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૯) | ૬૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૧૦) | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૧૧) | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | (ભાગ–૧૨) | ૫૦.૦૦ |
| રહનુમાએ હક્ક | (વહાબીની રદમાં) | ૫૦.૦૦ |
| જા અલ્ હક્ક | (ભાગ–૨) | ૧૫.૦૦ |
| જા અલ્ હક્ક | (ભાગ–૩) | ૨૦.૦૦ |
| જા અલ હક્ક | (એહલે હદીષની રદમાં, ભાગ–૪) | ૨૦.૦૦ |
| જા અલ હક્ક | (ભાગ–૫) | ૨૦.૦૦ |
| ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان | | ૨૫.૦૦ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | | ૨૦.૦૦ |
| ઈલ્મેદીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા | | ૨૦.૦૦ |
| પર્દો શા માટે ? | | ૨૦.૦૦ |
| શીશ મહેલ | (મૌદૂદીની રદમાં) | ૨૦.૦૦ |
| બદ્ અકીદગીથી બચો | | ૦૦.૦૦ |
| અકાઈદે ઉલ્માએ દેવબંદ | | ૦૫.૦૦ |
| મસ્લકે મુજદ્દિદ | | ૦૦.૦૦ |
| ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર | | ૦૦.૦૦ |
| રૂહાની હિકાયતો | (ભાગ–૨) | ૩૦.૦૦ |
| ફિલ્મી ગીતોની ભયાનક્તા | | ૦૦.૦૦ |
| કાદયાનીને ઓળખો | | ૦૫.૦૦ |
| ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | | ૦૦.૦૦ |
| કાફિર ઠરાવવા વિશે મસ્અલો અને ઈમામ અહમદ રઝા | | ૦૦.૦૦ |
| તમ્હીદે ઈમાન | | ૦૦.૦૦ |
| ઝલ્ઝલા | | ૩૦.૦૦ |
| એક ક્રાંતિકારી શખ્સિયત અલ્લામા અર્શદુલ કાદરી | | ૨૦.૦૦ |
| અન્વારુલ્ કુર્આન | | ૧૫.૦૦ |
| અન્વારુલ્ હદીષ | | ૫૦.૦૦ |
| તબ્લીગી જમાઅત | | ૫૦.૦૦ |

## ★ અન્ય સંસ્થાની કિતાબો ★

| | | |
|---|---|---|
| ફયૂઝાને શરીઅત | (તમામ મસાઈલનો સમુહ) | ૧૫૦.૦૦ |
| સીરતે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم | | ૧૨૫.૦૦ |
| કાનૂને શરીઅત | (ભાગ–૧) | ૫૦.૦૦ |
| કાનૂને શરીઅત | (ભાગ–૨) | ૬૦.૦૦ |
| જિન્નાતની દુન્યા | | ૫૦.૦૦ |
| અલ્લાહના પયગંબરો | (ભા. ૧ થી ૪ સેટના) | ૨૦૦.૦૦ |
| મુકાશિફતુલ કુલૂબ | | ૮૦.૦૦ |
| ભારતના દોસ્ત અને દુશ્મન | | ૩૦.૦૦ |
| રહમતે ખુદા બ વસીલએ ઔલિયા | | ૧૫.૦૦ |
| સલ્તને મુસ્તફા | | ૧૫.૦૦ |
| મિન્હાજુલ આબેદીન | | ૧૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ખુત્બાતે નૂરી | (ભાગ–૧) | ૨૦.૦૦ |
| શેરે રઝા | | ૨૦.૦૦ |
| મારેહરા અને બરૈલીનો અતૂટ રૂહાની રિશ્તો | | ૧૫.૦૦ |
| ઝિના ગુનાહે કબીરા | | ૦૫.૦૦ |
| ઈસ્લામી પ્યારાં નામ | | ૧૫.૦૦ |
| કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન (કુર્આન શરીફનો તર્જુમો તથા તફસીર) | | ૩૦૦.૦૦ |
| નિકાહ રજીસ્ટર (૩ કોપીમાં) | | ૧૬૦.૦૦ |
| બિદઅત અને બરૈલી ? | | ૧૦૦.૦૦ |
| મો'મિનકી નમાઝ | | ૬૫.૦૦ |
| સફરનામાએ દયારે ઈશ્ક | | ૩૦.૦૦ |
| સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ | | ૧૫.૦૦ |
| જન્નતી ઝેવર | (તમામ મસાઈલનો સમુહ) | ૧૨૦.૦૦ |
| નૂરાની તા'લીમાત | (દુઆ, સૂરતો પોકેટ સાઈઝ) | ૦૫.૦૦ |
| અત્યબુલ બયાન | (તકવિયતુલ ઈમાનની રદમાં) | ૧૨૫.૦૦ |
| તા'લીમાતે જાને ઈમાન | (ખાસ મદ્રસા માટે) | ૧૦.૦૦ |
| ગૌષિયહ્ તકવીમ | (નમાઝનું ટાઈમ ટેબલ) | ૦૫.૦૦ |
| Noorani Talim (Set) | ( 2 to 5 Part) | 100.00 |
| Wahabi & Deobandl Beliefs | 30.00 | |
| Qanoon-E-Shariat | (1-Part) | 70.00 |
| Conspiracy Against Islam | 15.00 | |
| A Call for Justice | | 10.00 |
| The Respect of Madina | 5.00 | |
| Hajj and Umrah | | 10.00 |

**ઉપરાંત નૂરાની તા'લીમ, તા'મીરે અદબ વગેરે દર્સી કિતાબો મળશે.**

# શું તમે સુન્ની છો અને તમારે ત્યાં "કન્ઝુલ ઈમાન" નથી !!

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરુલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે...

## કન્ઝુલ ઈમાન

## વ ખઝાઈનુલ ઈરફાન

(ગુજરાતીમાં)

હદીયો : ૩૦૦/– રૂા. (ટપાલ ખર્ચ : ૭૫/–)

**ગુજરાતી અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી સાહબ**
(ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારી પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**✪ પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ✪**

**દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ** ઠે. રઝાનગર, મુ. થામ, તા. જિ. ભરૂચ. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૧૨૪, ૨૪૨૦૨૬

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા** મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન. ૦૨૬૪૨–૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં દીને ઈસ્લામની વિરૂધ્ધ તથા સુન્નિયતની વિરૂધ્ધ દિન પ્રતિ દિન અવનવા ફિત્ના, નીત નવા સ્વરૂપે માથુ ઊંચકી રહ્યા છે. ગુમરાહીનું પુર આંધીની જેમ ઉમટીને આપણા ઉંબરાઓમાં અથડાઈ રહ્યું છે, ગુનાહોના પ્રદૂષણે સમગ્ર વાતાવરણને ભરી દીધું છે, એવા નાઝુક સમયે "બરકાતે ખ્વાજા" (માસિક) એ આંધીઓ સામે દીન ઈમાનને ટકાવી રાખવા એક મજબૂત કિલ્લા સમાન છે તથા ગુનાહોના પ્રદૂષણને ફેંદીને નેક અમલોની સુવાસ ફેલાવવા તનતોડ કોશિશમાં લાગેલ છે.

### ★ સુન્ની મુજાહિદોને વિનંતિ ! ★

દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે નવા ગ્રાહકો બનાવીને તેમનાં લવાજમો અમને રવાના કરતા રહો. આ રીતે દીને હક્કની કલમી જંગને મજબૂત કરવામાં સહભાગી બની દીનના સિપાહીની હરોળમાં નામ નોંધાવી દો ! જેનો મહાન બદલો અલ્લાહ તઆલા તરફથી તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મળશે.

### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે $ 30-00 | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

-લિ. **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*
મો. ૯૪૨૭૪ ૬૪૬૧૧, ફોન. ૦૨૬૪૨-૨૮૨૯૭૨





## તમે આશિકે રસૂલ છો અને તમારે ત્યાં સીરતે મુસ્તફા ﷺ કિતાબ નથી ?! તઅજ્જુબ છે !!

દુનિયામાં જેને જે ચીજથી લગાવ હોય, ઈશ્ક હોય છે તેને તેના વિશેની વાતો, વિગતો, ચર્ચાઓને વાંચવા, સાંભળવા, ચર્ચાઓ કરવાનો સ્વભાવિક જ શોખ હોય છે.

તો આપણે જ્યારે આશિકે રસૂલ હોવાનો દાવો કરીએ છીએ તો આપણા ઘરમાં આપણી જાનથી પણ આપણે જેમને પ્યારા ગણીએ છીએ તે નબી કરીમ ﷺ ની વાતો, ચર્ચાઓ, વિગતો વંચાતી તથા સંભળાતી રહેવી જોઈએ.

આજે અજબનો માહોલ છે કે દાવો 'આશિકે રસૂલ' હોવાનો અને ઘરમાં ૨૪ કલાક ટી.વી. પર નબી પાક ﷺ ની વિરૂધ્ધ વર્તનારાઓની ચર્ચાઓ, કાફિર કે ફાસિક બેહયા બદ્ચલન સ્ત્રી પુરૂષોના ખેલો ડ્રામાઓની ચર્ચાઓ નાના બાળકથી લઈને યુવાન યુવતીઓ વૃદ્ધો સૌ એમાં જ ખોવાયેલાં છે ! આવો જો હાલ હોય તો એ દાવો જાતે જ વિચારો કે કેટલે અંશે યોગ્ય ગણાશે ?!

પ્યારા સુન્ની ભાઈ બહેનો ! આવો ! લો ! તમારા ઘરમાં આ પ્યારી કિતાબ વસાવો ! જેમાં નબી પાક ﷺ ની પવિત્ર જીવન ઝરમર ગુજરાતી ભાષામાં જોવા મળશે.

**કિતાબ** : **"સીરતે મુસ્તફા"** ﷺ (પેજીસ-૬૯૬)
**લેખક** : હઝરત અલ્લામા અબ્દુલમુસ્તફા આઝમી સાહબ رحمۃ اللہ علیہ
**અનુવાદક** : શેખ ગુલામ રાઝિક (અમદાવાદ)
**હદિયો** : રૂા. ૧૨૦/- (ટપાલ ખર્ચ સહિત)
**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન-૩૯૨૦૨૦,મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
ફોન : ૦૨૬૪૨-૨૮૨૯૧૧,૨૮૨૭૯૨,